View metadata, citation and similar papers at core.ac.uk

brought to you by CORE

provided by Etheses - A Saurashtra University Library Service

# Saurashtra University

Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Adhvaryu, Tejal M., 2009, *"કોળી પટેલ સ્ત્રીઓમાં સામાજિક-કાયદાકીય અને રાજકીય જાગૃતિ - એક અભ્યાસ (અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના સંદર્ભમાં)"*, thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/398

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

# કોળી પટેલ સ્ત્રીઓમાં સામાજિક-કાયદાકીય અને રાજકીય જાગૃતિ - એક અભ્યાસ
## (અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના સંદર્ભમાં)

**A study of Socio-Legal & Political Awareness among the koli patel women**
**(With Special reference to Sanand Talukas of Ahmedabad District)**

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સમાજકાર્ય વિષયમાં વિદ્યાવાચસ્પતિ (Ph.D.)ની પદવી માટે**
**રજૂ કરેલ શોધનિબંધ**


**માર્ગદર્શક**
**ડૉ.રમેશભાઈ વાઘાણી**
અધ્યક્ષ,
સમાજકાર્ય ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ

**સંશોધક**
**તેજલ અધ્વર્યુ**
M.A.,M.S.W.,M.Phil
સમાજકાર્ય ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ



સમાજકાર્ય ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
વર્ષ-૨૦૦૯-૧૦

# પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે તેજલ એમ. અધ્વર્યુએ મારા માર્ગદર્શન અને સલાહ સૂચનો મુજબ કોળી પટેલ સ્ત્રીઓમાં સામાજિક-કાયદાકીય અને રાજકીય જાગૃતિ : એક અભ્યાસ વિષય પર શોધનિબંધ વિદ્યાવાચસ્પતિ(સમાજકાર્ય)ની ઉપાધિ માટે તૈયાર કર્યો છે.

વિશેષમાં આ શોધનિબંધ કે તેના લખાણનો કોઈ ભાગ પ્રકાશિત થયેલ નથી. આ શીર્ષક હેઠળ કોઈ ઉપાધિ લેવા માટે કોઈ યુનિવર્સિટીમાં રજૂ થયેલ નથી.

ક્ષેત્રિય માહિતી તેમજ અનુભવજન્ય માહિતી ઉપર આધારિત આ મૌલિક સંશોધન પહેલીવાર આ યુનિવર્સિટીને પીએચ.ડી.(સમાજકાર્ય)ની ઉપાધિ માટે રજૂ કરવામાં આવે છે.

રાજકોટ

તા. / /૨૦૦૯

ડૉ.રમેશભાઈ ડી. વાઘાણી
પીએચ.ડી. માર્ગદર્શકશ્રી,
અધ્યક્ષ, સમાજકાર્ય ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી-રાજકોટ

# આભારદર્શન

અત્યંત મુશ્કેલી છતાં અતિ મહત્ત્વનું કાર્ય આભારદર્શન કરીને મારા કાર્યમાં મદદ કરનાર સર્વનું ઋણ માથે ચઢાવી હું શાબ્દિક આભારદર્શન કરું છું. મને પ્રાપ્ત થયેલ સર્વ મિત્રો, કુટુંબીજનો વગેરેએ કરેલ મદદ માટે અંતઃકરણપૂર્વક હૃદયથી નમન કરું છું.

મારા વિદ્યાવાચસ્પતિની ઉપાધિ માટેના આ શોધનિબંધના વિષયવસ્તુની પસંદગી, આયોજન વગેરે માટે ઘડિયાળના કાંટે ચાલતી દુનિયાના ધોરણોને ધ્યાનમાં લીધા વિના સતત પ્રેરણાદાયી માર્ગદર્શન આપવા બદલ સમાજકાર્ય ભવનના અધ્યક્ષ અને મારા માર્ગદર્શક પ્રાધ્યાપકશ્રી ડૉ.રમેશભાઈ વાઘાણીનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

મારા કાર્યને પૂર્ણ કરવામાં મને સતત પ્રોત્સાહિત કરી સતત સહારો અને ટેકો આપ્યો છે એવા મારા પતિશ્રી રવીન્દ્ર પંચોલીની હું ઋણી અને આભારી છું. એમના વિના હું કાર્ય પૂર્ણ ન જ કરી શકી હોત.

આ ક્ષણે મારા કુટુંબીજનોનો જેમાં મારા સ્વર્ગીય પિતા કે જેમણે આ અભ્યાસ કરવા માટે મને પ્રેરીત કરી ત્યારબાદ મારી માતા, બેન-બનેવી, સાસુ-સસરા, જેઠ-જેઠાણી દરેકે પ્રોત્સાહિત કરી છે. પરિણીત સ્ત્રી તરીકેની મારી ભૂમિકાઓ આ કાર્યને કારણે ન કરી શકી હોંઉ ત્યાં-ત્યાં એમણે મને સાચવી છે. તેમજ મારા અભ્યાસમાં સતત પ્રેરણા પુરી પાડી છે.

મારા સંશોધનકાર્યને પૂર્ણ કરવામાં મને સતત મદદ કરનાર ડૉ.રાજીવ પટેલ, ડૉ.મનોજભાઈ પરમાર, ડૉ.હસીના મન્સુરી, ડૉ.હિતેષ જાગાણીનો પણ આભાર માનુ છું.

અંતે મારી નાનકડી વ્હાલસોયી દીકરીની હું હૃદયપૂર્વકની આભારી અને ઋણી છું. મારે એની સાથે ગાળવાનો સમય મેં મારા અભ્યાસમાં આપ્યો છે. જે હું ક્યારેય નહી ભૂલી શકું. જ્યારે આ સંશોધન પ્રસ્તુત કરવા જઈ રહી છું ત્યારે મારી મા સમાન મારા પુ.મામા-મામીનો શાબ્દિક આભાર માનવાનું કેમ ભૂલી શકું? તેઓનો મારા જીવન ઘડતર અને શિક્ષણમાં અતુલ્ય ફાળો રહ્યો છે.

આ સંશોધનકાર્ય જાણતાં-અજાણતાં રહી ગયેલ સાધન-સાધ્યની ત્રુટીઓ અંગે હું મારી સંપૂર્ણ જવાબદારી છે એનો હું સ્વીકાર કરું છું.

મારા લેખનકાર્યનું સુંદર રીતે ટાઈપકામ કરનાર ભાઈશ્રી સમીર અને ઘનશ્યામભાઈ તેમજ બાઈડિંગ કરી આપનારનો પણ અત્રે આભાર માનું છું.

તેજલ અધ્વર્યુ

## અનુક્રમણિકા


| પ્રકરણ નંબર | વિગત | પાન નંબર |
| --- | --- | --- |
| ૧. | સંશોધન અભ્યાસની કાર્યપદ્ધતિ | **૧** |
| ૨. | સ્ત્રી અભ્યાસોનું વિહંગાવલોકન અને અભ્યાસની સૈદ્ધાંતિક ભૂમિકા | **૨૫** |
| ૩. | કોળી જ્ઞાતિ અને વિસ્તાર પરિચય | **૪૨** |
| ૪. | ઉત્તરદાતાની વૈયક્તિક અને કૌટુંબિક વિગતો | **૮૨** |
| ૫. | કોળી પટેલ મહિલાઓની સામાજિક અને આર્થિક જાગૃતિ/સભાનતા | **૧૦૬** |
| ૬. | કોળી પટેલ મહિલાઓની કાયદાકીય - રાજકીય જાગૃતિ/સભાનતા | **૧૫૪** |
| ૭. | તારણ - નિષ્કર્ષ અને ક્રિયાત્મક આયોજન | **૧૭૯** |
| | સંદર્ભ સૂચિ | **૧૯૩** |
| | પરિશિષ્ઠ | **૨૦૨** |

# કોષ્ટક સૂચિ


| કોષ્ટક નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|
| ૪.૧ | ઉત્તરદાતાની ઉંમર દર્શાવતું કોષ્ટક | ૮૮ |
| ૪.૨ | ઉત્તરદાતાઓના વૈવાહિક દરજ્જાની માહિતી દર્શાવતું કોષ્ટક | ૮૮ |
| ૪.૩ | ઉત્તરદાતાનું શૈક્ષણિક સ્તર દર્શાવતું કોષ્ટક | ૯૦ |
| ૪.૪ | ઉત્તરદાતાનું વ્યવસાયીક જોડાણ દર્શાવતું કોષ્ટક | ૯૦ |
| ૪.૫ | ઉત્તરદાતાનો વ્યવસાય દર્શાવતું કોષ્ટક | ૯૧ |
| ૪.૬ | ઉત્તરદાતાની માસિક આવક(રૂપિયા) દર્શાવતું કોષ્ટક | ૯૨ |
| ૪.૭ | ગામવાર અભ્યાસમાં આવરી લીધેલ કુટુંબો અને કુટુંબકદ દર્શાવતું કોષ્ટક | ૯૩ |
| ૪.૮ | ઉત્તરદાતાનાં કુટુંબના સભ્યોની ઉંમર દર્શાવતું કોષ્ટક | ૯૪ |
| ૪.૯ | ઉત્તરદાતાના કુટુંબના સભ્યોનો વૈવાહિક દરજ્જો દર્શાવતું કોષ્ટક | ૯૫ |
| ૪.૧૦ | ઉત્તરદાતાનાં કુટુંબના સભ્યોનું શિક્ષણ દર્શાવતું કોષ્ટક | ૯૬ |
| ૪.૧૧ | ઉત્તરદાતાનાં કુટુંબના હાલમાં અભ્યાસ કરતાં સભ્યોનું શિક્ષણ દર્શાવતું કોષ્ટક | ૯૭ |
| ૪.૧૨ | ઉત્તરદાતાનાં કુટુંબની વાર્ષિક આવક(રૂપિયામાં) દર્શાવતું કોષ્ટક | ૯૮, ૯૯ |
| ૪.૧૩ | ઉત્તરદાતાનાં કુટુંબનો વાર્ષિક ખર્ચ દર્શાવતું કોષ્ટક | ૧૦૧, ૧૦૨ |
| ૪.૧૪ | ઉત્તરદાતાનું શિક્ષણ અને સંગઠનમાં જોડાણ દર્શાવતું કોષ્ટક | ૧૦૪ |
| ૪.૧૫ | ઉત્તરદાતાની ઉંમર અને સંગઠનમાં જોડાણ દર્શાવતું કોષ્ટક | ૧૦૪ |
| ૫.૧ | ઉત્તરદાતાનાં મિલ્કતની વિગત દર્શાવતું કોષ્ટક | ૧૦૮ |
| ૫.૨ | ઉત્તરદાતાની મિલ્કતનો પ્રકાર દર્શાવતું કોષ્ટક | ૧૦૮ |
| ૫.૩ | ઉત્તરદાતાની કમાણી આવક-ખર્ચની સત્તા દર્શાવતું કોષ્ટક | ૧૦૯ |
| ૫.૪ | ઈચ્છા મુજબ ખર્ચ કરવાની સત્તા દર્શાવતું કોષ્ટક | ૧૧૦ |
| ૫.૫ | ઉત્તરદાતા કામની ગણતરી કયા સ્વરૂપે સ્વીકારાય તેમ ઈચ્છે છે. | ૧૧૧ |
| ૫.૬ | વસ્તુ ખરીદવા માટેનાં આધારિતપણાંની વિગતો દર્શાવતું કોષ્ટક | ૧૧૧ |

| કોષ્ટક નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|
| ૫.૭ | ઘરકામમાં પુરૂષોની મળતી મદદની વિગત દર્શાવતું કોષ્ટક | ૧૧૨ |
| ૫.૮ | મદદનો પ્રકાર દર્શાવતું કોષ્ટક | ૧૧૨ |
| ૫.૯ | બાળકોનાં અભ્યાસમાં અભિરૂચિ દર્શાવતું કોષ્ટક | ૧૧૩ |
| ૫.૧૦ | બાળકોને શિક્ષણ ન આપવાના કારણો દર્શાવતું કોષ્ટક | ૧૧૩ |
| ૫.૧૧ | ઉત્તરદાતાઓ છોકરીઓને ભણાવે છે  કે નહિ તે દર્શાવતું કોષ્ટક | ૧૧૫ |
| ૫.૧૨ | છોકરીઓને શા માટે ભણાવવી જોઈએ તે વિષેના ઉત્તરદાતાના અભિપ્રાયો | ૧૧૫ |
| ૫.૧૩ | છોકરીઓને ન ભણાવવાનાં ઉત્તરદાતાનાં અભિપ્રાયો દર્શાવતું કોષ્ટક | ૧૧૬ |
| ૫.૧૪ | ઉત્તરદાતાની ભણવાની ઈચ્છા દર્શાવતું કોષ્ટક | ૧૧૭ |
| ૫.૧૫ | ભણવાથી શું ફાયદો થાય છે તે વિશેના ઉત્તરદાતાનાં અભિપ્રાય દર્શાવતું કોષ્ટક | ૧૧૭ |
| ૫.૧૬ | વર્તમાનપત્ર આવે છે કે નહિ તે દર્શાવતું કોષ્ટક | ૧૧૮ |
| ૫.૧૭ | વર્તમાનપત્ર વાંચે છે કે નહિ તે દર્શાવતું કોષ્ટક | ૧૧૮ |
| ૫.૧૮ | ઉત્તરદાતાનાં મનપસંદ  ટેલિવિઝન કાર્યક્રમો દર્શાવતું કોષ્ટક | ૧૧૯ |
| ૫.૧૯ | બહારગામ જવાના મુખ્ય કારણો  દર્શાવતું કોષ્ટક | ૧૨૦ |
| ૫.૨૦ | ફુરસદનાં સમયે કરવામાં આવતી પ્રવૃત્તિ દર્શાવતું કોષ્ટક | ૧૨૦ |
| ૫.૨૧ | સામાયિક વાંચનની વિગત દર્શાવતું કોષ્ટક | ૧૨૧ |
| ૫.૨૨ | કઈ પ્રવૃત્તિમાં જોડાવવાનું ગમે  તે દર્શાવતું કોષ્ટક | ૧૨૨ |
| ૫.૨૩ | સ્ત્રીઓના પ્રશ્નોને વાચા આપતા સંચારમાધ્યમોની વિગત દર્શાવતું કોષ્ટક | ૧૨૩ |
| ૫.૨૪ | દેવ-દેવીની પૂજાની વિગત દર્શાવતું કોષ્ટક | ૧૨૪ |
| ૫.૨૫ | ભૂવાઓ પાસે કરાવવામાં આવતા કાર્યોની વિગત દર્શાવતુ કોષ્ટક | ૧૨૫ |
| ૫.૨૬ | ભોગ ધરાવવાના કારણોની વિગત દર્શાવતું કોષ્ટક | ૧૨૬ |
| ૫.૨૭ | ભૂતપ્રેતની માન્યતા દર્શાવતું કોષ્ટક | ૧૨૭ |
| ૫.૨૮ | ઋતુ સ્રાવ દરમિયાનના પ્રતિબંધ દર્શાવતુ કોષ્ટક | ૧૨૭ |
| ૫.૨૯ | ગર્ભ અને પ્રસુતિ દરમ્યાનની ધાર્મિક ક્રિયાઓ  દર્શાવતુ કોષ્ટક | ૧૨૯ |
| ૫.૩૦ | સીમંતની વિધી કરવા પાછળના કારણો દર્શાવતુ કોષ્ટક | ૧૨૯ |

| કોષ્ટક નંબર | વિગત | પાન નંબર |
| --- | --- | --- |
| ૫.૩૧ | ગર્ભવતી સ્ત્રીઓનો ખોરાકમાં ફેરફાર દર્શાવતુ કોષ્ટક | **૧૩૦** |
| ૫.૩૨ | પ્રસુતિની વિગત દર્શાવતુ કોષ્ટક | **૧૩૦** |
| ૫.૩૩ | પ્રસુતિ બાદ સુતક પાળવાની વિગત દર્શાવતુ કોષ્ટક | **૧૩૧** |
| ૫.૩૪ | બાળકના જન્મ પછીની ધાર્મિક ક્રિયાઓ દર્શાવતુ કોષ્ટક | **૧૩૧** |
| ૫.૩૫ | નામકરણ વિધીમાં હાજરી દર્શાવતુ કોષ્ટક | **૧૩૨** |
| ૫.૩૬ | લગ્ન માટેની પસંદગી કરનારની વિગત દર્શાવતું કોષ્ટક | **૧૩૩** |
| ૫.૩૭ | વર કન્યાની ઉંમરમાં તફાવતની વિગત દર્શાવતુ કોષ્ટક | **૧૩૩** |
| ૫.૩૮ | લગ્ન પ્રસંગે કપડાંની વિગત દર્શાવતુ કોષ્ટક | **૧૩૪** |
| ૫.૩૯ | છોકરીઓને લગ્ન બાદ સાસરે વળાવવાનો સમય દર્શાવતુ કોષ્ટક | **૧૩૫** |
| ૫.૪૦ | દીકરીને લગ્ન વખતે આપવામાં આવતા સોનાં-ચાંદીની વિગત દર્શાવતુ કોષ્ટક | **૧૩૬** |
| ૫.૪૧ | દીકરાની વહુને કરવામાં આવતી પહેરામણીની વિગત દર્શાવતુ કોષ્ટક | **૧૩૭** |
| ૫.૪૨ | મોસાળપક્ષ કે સાસરીયા પક્ષ દ્વારા પહેરામણીની વિગત દર્શાવતુ કોષ્ટક | **૧૩૭** |
| ૫.૪૩ | પહેરામણીની વિગત આપતું કોષ્ટક | **૧૩૮** |
| ૫.૪૪ | સ્ત્રી છૂટાછેડા લઈ શકે કે નહિ તેની વિગત દર્શાવતુ કોષ્ટક | **૧૩૯** |
| ૫.૪૫ | વડીલો દ્વારા લગ્નપાત્ર પસંદગીના કારણો દર્શાવતું કોષ્ટક | **૧૩૯** |
| ૫.૪૬ | લગ્નમાં છોકરાની પસંદગીનાં માપદંડો દર્શાવતુ કોષ્ટક | **૧૪૦** |
| ૫.૪૭ | લગ્નમાં છોકરીની પસંદગીનાં માપદંડો દર્શાવતુ કોષ્ટક | **૧૪૦** |
| ૫.૪૮ | કૌટુંબિક સમસ્યાનો ઉકેલ દર્શાવતુ કોષ્ટક | **૧૪૧** |
| ૫.૪૯ | વિધવા સ્ત્રીની પ્રસંગોમાં હાજરીને કેવી માનવામાં આવે છે તે દર્શાવતુ કોષ્ટક | **૧૪૨** |
| ૫.૫૦ | પુરૂષ કેટલી વખત લગ્ન કરી શકે છે તે દર્શાવતુ કોષ્ટક | **૧૪૩** |
| ૫.૫૧ | છોકરી-છોકરો અન્ય જ્ઞાતિમાં લગ્ન કરે તેના પ્રત્યાઘાત દર્શાવતુ કોષ્ટક | **૧૪૩** |
| ૫.૫૨ | જ્ઞાતિપંચનાં કાર્યો જણાવતું કોષ્ટક | **૧૪૫** |
| ૫.૫૩ | સમાજમાં થતાં લગ્નની વિગત દર્શાવતુ કોષ્ટક | **૧૪૬** |

| કોષ્ટક નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|
| ૫.૫૪ | છોકરાના લગ્નમાં ખર્ચવામાં આવતા નાણાંની વિગત દર્શાવતુ કોષ્ટક | **૧૪૬** |
| ૫.૫૫ | કન્યાવિક્રય પ્રથાની યોગ્યતા દર્શાવતુ કોષ્ટક | **૧૪૭** |
| ૫.૫૬ | લગ્નજીવનમાં પતિ-પત્નીનો મોભો/સ્થાન દર્શાવતુ કોષ્ટક | **૧૪૮** |
| ૫.૫૭ | કુટુંબ જીવનના મુખ્ય હેતુઓ દર્શાવતુ કોષ્ટક | **૧૪૯** |
| ૫.૫૮ | વિધવા વિવાહ અંગેની માન્યતા દર્શાવતુ કોષ્ટક | **૧૫૦** |
| ૫.૫૯ | પંચે બનાવેલ નિયમોન ભંગ અંગેના પગલા દર્શાવતુ કોષ્ટક | **૧૫૧** |
| ૫.૬૦ | જ્ઞાતિપંચ દ્વારા ઉકેલ ન આવેલ ઝઘડાની વિગત દર્શાવતુ કોષ્ટક | **૧૫૨** |
| ૫.૬૧ | કુટુંબના મહત્વના નિર્ણયોમાં અભિપ્રાય દર્શાવતુ કોષ્ટક | **૧૫૩** |
| ૬.૧ | કરિયાવર ન લાવનાર સ્ત્રી પ્રત્યેનો વ્યવહાર દર્શાવતુ કોષ્ટક | **૧૫૭** |
| ૬.૨ | બહુપત્નિત્વની વિગત દર્શાવતુ કોષ્ટક | **૧૫૮** |
| ૬.૩ | લગ્ન સમયે નાણાંની લેવડ દેવડ દર્શાવતુ કોષ્ટક | **૧૫૮** |
| ૬.૪ | કાયદા મુજબ લગ્નવય મર્યાદાનો સ્વિકાર દર્શાવતુ કોષ્ટક | **૧૬૦** |
| ૬.૫ | લગ્નવય મર્યાદાના કાયદાના ઉલ્લંઘનનુ પરિણામ દર્શાવતું કોષ્ટક | **૧૬૧** |
| ૬.૬ | સ્ત્રી પુનઃ લગ્નની શક્યતા દર્શાવતું કોષ્ટક | **૧૬૨** |
| ૬.૭ | પોલીસ સ્ટેશનમાં જવાના કારણો જણાવતું કોષ્ટક | **૧૬૩** |
| ૬.૮ | કોર્ટની કામગીરી દર્શાવતું કોષ્ટક | **૧૬૪** |
| ૬.૯ | છૂટાછેડા લીધેલ સ્ત્રીઓને કોર્ટ ભરણ-પોષણ કોની પાસેથી અપાવે છે તે દર્શાવતું કોષ્ટક | **૧૬૫** |
| ૬.૧૦ | કોર્ટના મફત કાનુની સહાયકેન્દ્રની જાણકારી દર્શાવતું કોષ્ટક | **૧૬૬** |
| ૬.૧૧ | મફત કાનૂની સહાય કોને મળે છે તે દર્શાવતુ કોષ્ટક | **૧૬૭** |
| ૬.૧૨ | સ્ત્રી ગુનેગારને પુરૂષ પોલીસ પકડીને લઈ જઈ શકે કે નહીં તે દર્શાવતું કોષ્ટક | **૧૬૭** |
| ૬.૧૩ | જ્ઞાતિપંચ વિરુદ્ધ સ્ત્રી પુરુષને પુખ્ત ઉંમરે લગ્ન કરવા હોય તો તે કોર્ટનો આશરો લઈ શકે તેની વિગત દર્શાવતું કોષ્ટક | **૧૬૮** |

| કોષ્ટક નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|
| ૬.૧૪ | પતિના મૃત્યુબાદ પતિની મિલ્કતમાંથી વારસાઈ હક્ક મળી શકે છે તેની જાણકારી દર્શાવતું કોષ્ટક | **૧૬૯** |
| ૬.૧૫ | પિતાની મિલ્કતમાંથી પરિણીત સ્ત્રીને કાયદાકીય રીતે ભાગ મળી શકે કે નહિ તે દર્શાવતું કોષ્ટક | **૧૭૦** |
| ૬.૧૬ | પરિણીત સ્ત્રી પોતાની ઈચ્છા મુજબ ગર્ભ રાખી શકે કે નહીં તે જાણકારી દર્શાવતુ કોષ્ટક | **૧૭૦** |
| ૬.૧૭ | ગર્ભપાત અંગેના પરિણીત સ્ત્રીના અધિકાર વિષયક જાણકારી દર્શાવતુ કોષ્ટક | **૧૭૧** |
| ૬.૧૮ | મરજી વિરૂદ્ધ પતિ જાતિય સંબંધ બાંધે તો તે ગુનો બને છે તે દર્શાવતુ કોષ્ટક | **૧૭૨** |
| ૬.૧૯ | રાજકરણમાં (પંચાયતમાં) ક્ષેત્રમાં સ્ત્રીઓની ભાગીદારી પુરૂષોની તુલનામા બહુ ઓછી છે એવુ કેમ બને છે ? તે દર્શાવતો કોઠો | **૧૭૨** |
| ૬.૨૦ | તમે પંચાયતની ચૂંટણીમાં ભાગ લીધો છે તે દર્શાવતો કોઠો | **૧૭૩** |
| ૬.૨૧ | ઉત્તરદાતાની ચુંટણીમાં ભાગીદારી દર્શાવતું કોષ્ટક | **૧૭૪** |
| ૬.૨૨ | સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અનામત વિષયક જાણકારી દર્શાવતું કોષ્ટક | **૧૭૫** |
| ૬.૨૩ | ઉત્તરદાતા રાજકારણ વિષે ચર્ચા કરે છે તે દર્શાવતો કોઠો | **૧૭૬** |
| ૬.૨૪ | ઉત્તરદાતા(પંચાયત) રાજકારણ વિશે સૌથી વધુ ચર્ચા કોની સાથે કરે છે તે દર્શાવતું કોષ્ટક | **૧૭૭** |
| ૬.૨૫ | પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારી નોંધવાની તક મળે તો તમે કોનો ટેકો લેશો તે દર્શાવતું કોષ્ટક | **૧૭૭** |
| ૬.૨૬ | આપણા દેશમાં કોઈ સ્ત્રી વડાપ્રધાન થયા હોય તેની જાણકારી દર્શાવતું કોષ્ટક | **૧૭૮** |

# પ્રકરણ : ૧
# સંશોધન અભ્યાસની કાર્યપદ્ધતિ

★ પ્રસ્તાવના
★ વિષયપ્રવેશ
★ સંશોધનની જરૂરિયાત
★ સંશોધનના હેતુ
★ સંશોધનની ઉપકલ્પનાઓ
★ અભ્યાસનું મહત્વ
★ સંશોધન પદ્ધતિ અને પ્રવિધિઓ

## પ્રસ્તાવના અને વિષય પ્રવેશ :

વિશ્વની વસતી આજે ૬ અબજનો આંક વટાવીને ૭ માં અબજમાં પ્રવેશી ચૂકી છે. આ વસતીમાં સ્ત્રી અને પુરૂષ બન્નેનો સમાવેશ થાય છે. વિશ્વની કે દેશની કુલ વસતીની અડધોઅડધ વસતી સ્ત્રીઓની છે. શારીરિક રીતે ભિન્નતા ધરાવતાં સ્ત્રી અને પુરૂષ એ માનવજાતનાં સર્જન માટે જરૂરી છે. એમાંયે વળી સ્ત્રીઓ તો કોઈપણ રાજ્ય, સમાજ કે કુટુંબના વિકાસ માટેનું અવિભાજ્ય અંગ છે. સમગ્ર સૃષ્ટિના વિકાસની વાતો કરીએ તો પિતૃસત્તાક સમાજવ્યવસ્થાને આધારે પુરૂષોના આધિપત્ય કે સત્તાથી વિકાસ થઈ શકે નહી. બન્નેના વિકાસની વાતો કરવી પડે, માત્ર ભૌતિક વિકાસ નહી. માનવીય વિકાસની વાતો કરીએ તો સ્ત્રી-પુરૂષના સરખા વિકાસની વાતો ઉપર આપણે ભાર મૂકવો જ જોઈએ.

વિશ્વમાં અને દેશમાં લભભગ ૫૦ ટકા વસતિ મહિલાઓની છે. વિજ્ઞાન અને વ્યક્તિત્વની દૃષ્ટિએ સ્ત્રી પુરૂષ વચ્ચે સાર્વત્રિક તફાવત પ્રત્યેક સમાજમાં જોવા મળે છે. સ્ત્રીઓ એટલે માત્ર પ્રજોત્પતિ કરે, ઘરના કાર્યો કરે, ખોરાકની વ્યવસ્થા અને કુટુંબના સભ્યોનું લાલન-પાલન કરે વગેરે બાબતોને પહેલાં પ્રાધાન્ય અપાતું. શ્રમ વિભાજનનો આધાર જાતિ, સંબંધ અને સત્તા પર રાખવામાં આવતો. આ બાબતોની અસર વિકાસની પ્રક્રિયા પર પડી છે. આ પરત્ત્વે વિશદ ચર્ચાઓ અને પૃથક્કરણ કરવામાં આવતા અન્ય સામાજિક વિજ્ઞાનોની જેમ સમાજકાર્યમાં પણ સ્ત્રીઓને અદૃશ્ય નથી રખાય પરંતુ સ્ત્રીની ભૂમિકા અને દરજ્જાને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે.

સામાજિક સ્તરીકરણને આધારે સ્ત્રી-પુરૂષ વચ્ચે ભૂમિકા નિયત થયેલી છે. પુરૂષનું વર્ચસ્વ અને સત્તા સાર્વત્રિક રીતે જોવા મળે છે. આને કારણે અનેકવિધ સમસ્યાઓ સર્જાય છે. ઉચ્ચ સ્તરની આર્થિક સ્થિતિ ધરાવતાં કુટુંબોની સ્ત્રીઓ ઘરના દૈનિક કાર્ય કરતી જ્યારે નિમ્નસ્તરની આર્થિક સ્થિતિ ધરાવતાં કુટુંબોની સ્ત્રીઓ પુરૂષો સાથે આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિમાં જોડાઈને સહકાર આપતી. પાશ્ચાત્ય દેશોનું અનુકરણ તથા આધુનિકરણને કારણે સ્ત્રીઓમાં આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિમાં ભાગીદારીનું વલણ વિકાસ પામ્યું છે. કુટુંબના સામાજિક તેમજ આર્થિક સ્તરને સુધારવા માટે સ્ત્રી ઘર બહાર નીકળીને આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિઓ કરી શકે તેવો વિચાર ઉદ્‌ભવ્યો અને તેનો અમલ થયો. વિવિધ વિસ્તારોમાંથી અનેક પ્રતિભાવો સાંપડ્યા. પરિણામ સ્વરૂપે સ્ત્રીઓના કાર્યને પ્રાધાન્ય મળ્યું તે અને સ્ત્રીઓ ઘર બહાર જઈ આર્થિક ઉપાર્જન પ્રવૃત્તિઓ કરતી થઈ.

પિતૃસત્તાક સમાજવ્યવસ્થામાં પ્રત્યેક બાબતમાં પુરૂષોને પ્રાધાન્ય આપવામાં આવે છે. વારસાઈ હક્ક, સફળતા, નિષ્ફળતા, અવરોધ, બાળકોની કારકિર્દી જેવી બાબતોમાં પુરૂષોને પુછવામાં આવે છે

જ્યારે સ્ત્રીઓની અવગણના કરવામાં આવે છે. સ્ત્રી જાતિદર સમાજનું વિરોધાભાસી વલણ દર્શાવે છે, આની પાછળનું કારણ પુત્રજન્મની મહત્તા અને પુત્રી જન્મની અવગણના છે. માતૃસત્તાક સમાજ વ્યવસ્થામાં પુત્રીના જન્મની મહત્તા સ્વીકારાય છે. પ્રત્યેક બાબતમાં સ્ત્રીનો અભિપ્રાય લેવામાં આવે છે. આમ છતાં કેટલીક સામાજિક, સાંસ્કૃતિક માન્યતાઓને કારણે સ્ત્રીઓનો દરજ્જો ઉતરતી કક્ષાનો છે. કેટલાક હક્કો દ્વારા સ્ત્રીઓનો ખ્યાલ રાખવામાં આવ્યો છતાં સ્ત્રી શોષણનો ભોગ બને છે. ક્યારેક સ્ત્રીઓ અમાનુષી અત્યાચારનો ભોગ બને છે, જે સમાજની મોટી કમનસીબી છે.

અઢારમી અને ઓગણીસમી સદીમાં યુરોપમાં ઔદ્યોગિક ક્રાંતિનું મોજુ ફરી વળ્યું હતું. મૂડીવાદી અર્થતંત્રનો વિકાસ થયો અને સામંતશાહીના વળતા પાણી થયા. અર્થતંત્રની નવી તરાહ સાથે સામાજિક સંબંધો અને આંતરક્રિયાઓમાં પરિવર્તન આવ્યું. સમૂહ કે જૂથને સ્થાને વ્યક્તિની મહત્તા વધવા લાગી. સમાજના નિયમો વ્યક્તિગત સિદ્ધાંતો પર રચાવાની શરૂઆત થવા લાગી. વ્યક્તિ સ્વાતંત્રને કારણે વાણી વિચારની અભિવ્યક્તિ, સંગઠનો રચવાની સ્વતંત્રતા વગેરે મૂલ્યોને પ્રાધાન્ય અપાવા લાગ્યું.

પશ્ચિમની દુનિયા એક નવી વિચારસરણીના પ્રભાવ નીચે આવી જેમાં વ્યક્તિ માટે માનવીય આદર, બુદ્ધિ ગ્રાહ્યતા, લોકતંત્ર જેવા મૂલ્યો પર વધુને વધુ ભાર મુકવામાં આવ્યો. હેરાલ્ડ લાસ્કી કહે છે તેમ ઉદારમતના સિદ્ધાંતોનું સારત્વ ‘વ્યક્તિની મુક્તિ’ છે. આ વૈચારિક પાર્શ્વભૂમિકામાં જહોન સ્ટુઅર્ટ મિલ તે સમયમાં સ્ત્રીઓના સમાન અધિકાર માટે ઝુંબેશ ઊઠાવી અને જાહેર કર્યું કે ‘‘કામદારોને પોતાના માલિક ઉપરાંત બીજા રક્ષણની જરૂર છે, અને સ્ત્રીઓને પોતાના પુરૂષો સિવાય બીજી સુરક્ષાની આવશ્યકતા છે.’’ આ વિચારક્રાંતિની સામાજિક અસર ઘણી ઉંડી સાબિત થઈ. ચુસ્ત સામાજિક પરંપરાઓ, રૂઢિઓ, માન્યતાઓ અને મૂલ્યો સામે પડકારો થવા લાગ્યા. ટૂંકમાં સામાજિક બાબતો પરત્વે સમાજની વ્યક્તિ પરની અંકુશાત્મક પકડ ઢીલી પડી. વિજ્ઞાન અને ટેકનોલોજીની શોધોને પરિણામે વૈચારિક આદાનપ્રદાન ઘણુ વધ્યુ અને તે દ્વારા વૈચારિક જાગૃતિ વિશ્વભરમાં ફેલાઈ. શોષણ, સમાનતા, ન્યાય, ભેદભાવ, સ્વતંત્રતા જેવી બાબતોને ચર્ચા અને લખાણોમાં સ્થાન મળતાં, સંગઠિત થવાના પ્રયત્નોને અનુકુળ વાતાવરણ પ્રાપ્ત થયું. જેને પરિણામે સામાજિક, આર્થિક અને રાજકીય શોષણ સામે લડતો અને ચળવળોની શરૂઆત થઈ. સમાનતા અને મૂળભૂત હક્કો મેળવવા રંગભેદ વિરોધી અને શોષણ સામે યુરોપ, અમેરિકામાં ચળવળો શરૂ થઈ. આ ચળવળમાંથી જ સ્ત્રી મુક્તિની ચળવળનો જન્મ થયો છે.

સ્ત્રીઓને આ અનુભવોના આધારે ખ્યાલ આવ્યો કે તેમણે બેવડી લડત આપવાની છે. ન્યાય-સમાનતાની વિશાળ લડત સાથે સ્ત્રીઓનું અલાયદું જુથ બનાવી પુરૂષો સામે પોતાના ન્યાય અને સમાનતા હક્કો માંગવાના છે. આ પ્રતિકાર આગળ જતાં સ્ત્રીમતાધિકારની ચળવળમાં ફેરવાઈ ગયો ૧૮૮૪ માં સ્ત્રીમતાધિકાર કેન્દ્રીય સમિતિની સ્થાપના કરવામાં આવી આ સમિતિ દ્વારા મતાધિકાર માટે જોરશોરથી પ્રચાર થયો. ૧૯૦૬ પછી ઈંગ્લેન્ડમાં સ્ત્રી મતાધિકારની વાત લોકચર્ચાના કેન્દ્ર સ્થાને રહેવા પામી, પરિણામે ૧૯૧૭માં હાઉસ ઑફ કોમન્સે રીપ્રેઝન્ટેશન ઑફ પીપલ્સે ખાસ કાયદો પસાર કરી બધીજ ઘર ધરાવતી મહિલાઓ અને ઘર ધરાવનારાઓની પત્નીઓને મત આપવાનો હક્ક આપ્યો.

ઈતિહાસમાં એક નવો તબક્કો ઔદ્યોગિક ક્રાંતિ પછી શરૂ થયો હતો. આ તબક્કામાં ગુલામો, શ્રમજીવીઓ, વેપારીઓ અને ઉત્પાદન કર્તાઓએ ભૂતકાળથી ચાલ્યા આવતાં તેમના પરના નિયંત્રણો અને અસમર્થતાઓની સામે લડત આપવા સંગઠનોની રચના કરવા માંડી. સંગઠીત થઈને પોતાની માંગણી રજુ કરવાની તેમની રીતથી સ્ત્રીઓ પ્રભાવિત થઈ ઈંગ્લેન્ડની મેરી વુલસ્ટોનક્રાફ્ટ પ્રથમ મહિલા હતા, જેમણે ૧૮૭૨ માં સ્ત્રીઓને થતા અન્યાય અને તેમની તરફના અસમાન વલણની સામે અવાજ ઉઠાવ્યો. સમાન સામાજિક દરજ્જો, સમાન આર્થિક હક્કો, જેવાં કે સમાન કામ માટે સમાન વેતન અને રાજકીય ક્ષેત્રે સમાન ભાગીદારીની માંગણીઓ તેમના સંઘર્ષમાં કેન્દ્રસ્થાને હતી. નારી મુક્તિ આંદોલન ધીરે ધીરે ઈંગ્લેન્ડ - અમેરીકાની બહાર અન્ય દેશોમાં વિસ્તાર પામવા લાગ્યું. ૧૯૫૦ પછી તો આ આંદોલન વિશ્વવ્યાપી બનતું આવ્યું છે. આજે લગભગ દરેક દેશ નારી સમાનતાની ચળવળની અસર હેઠળ છે. મોટાભાગના દેશોમાં એક કે તેથી વધારે સંખ્યામાં નારી-મુક્તિ સંગઠનો કામ કરી રહ્યા છે. સંઘર્ષ સામે લડત આપનાર સંગઠનને વિશાળ બનાવી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સતત જોડાણ રાખી કાર્ય કરે છે. આ સંગઠનોએ ૧૯૭૦ ના દાયકા પછી તો સ્ત્રી સ્વાતંત્ર્યની હવાને જોર આપ્યું છે.

વેપાર અર્થે આવેલા અંગ્રેજોએ ભારતમાં સ્થિર થઈ રાજકીય સત્તા હાંસલ કરી લીધી. અંગ્રેજી શાસનને લીધે ભારતીયો અંગ્રેજી પ્રજાના સંપર્કમાં આવ્યા. અંગ્રેજોની મૂડીવાદી અર્થરચનામાંથી જ ઉદ્ભવેલી ઉદાર વિચારસરણીએ ભારતમાં સામાજિક પરિવર્તન માટે મહત્ત્વની પુરવાર થઈ. અંગ્રેજોના શાસનકાળ દરમિયાન જ સ્ત્રી ઉત્થાન માટે ઘણા સમાજસુધારકોએ દેશવાસીઓને સામાજિક દૂષણો દૂર કરવા હાકલ કરી.

જેમાં રાજા રામમોહનરાય એ પ્રથમ ભારતીય સુધારક હતા, જેમણે સ્ત્રીઓની સ્થિતિને સુધારવા ધાર્મિક તેમજ સામાજિક કુરિવાજો સામે અવાજ ઉઠાવ્યો હતો. સ્ત્રીઓની સ્થિતિ સુધારવા તેમણે હિંદુ ધર્મનાં સાહિત્યનો આશરો લીધો હતો. તેમણે ગહન વાંચન અને ચિંતન કરી શોધી કાઢ્યું કે, "પ્રાચીન હિંદુ ગ્રંથો સતીના રિવાજને બહાલી આપતા નથી. તેથી આ રિવાજને સમાજે જાકારો આપવો જોઈએ. રાજા રામમોહનરાયની આ શોધથી ભારતના ગર્વનર જનરલ લોર્ડ વિલિયમ બેન્ટીકના હાથ મજબુત બન્યા. ૧૮૨૯ માં બ્રિટીશ સરકારે સતી પ્રથાને નાબુદ કરતો કાયદો પસાર થયો. તે પછી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરના અથાગ પ્રયત્નોને પરિણામે ૧૮૫૬ માં વિધવા પુનઃલગ્નનો કાયદો પસાર કરવામાં આવ્યો. ઈશ્વરચંદ્ર વિધવાઓના પ્રશ્નની ચર્ચામાં પ્રાચીન હિંદુ પ્રણાલિઓ અને પાશ્ચાત્ય સંસ્કૃતિ બન્નેનો સમન્વય કર્યો, એમનું અધૂરૂ કાર્ય મહારાષ્ટ્રમાં મહાદેવગોવિંદ રાનડે અને કર્વેએ તેમજ ગુજરાતમાં નર્મદાશંકર, કરશનદાસ મુળજી, મહિપતરામ વગેરે આગળ ધપાવ્યું.

મહાદેવ ગોવિંદ રાનડે પાશ્ચાત્ય શિક્ષણ લઈ સમાજ સુધારાક્ષેત્રે બહાર આવ્યા હતા. તેમના સમકાલીનોની જેમ તેઓ પણ બાળલગ્નની વિરૂદ્ધ, વિધવા વિવાહ અને સ્ત્રીશિક્ષણની તરફેણમાં હતા. આથી રાનડેને એક રાષ્ટ્રીય કક્ષાની સંસ્થા સ્થાપવાની જરૂર જણાઈ. પોતાના વિચારોને અને પ્રયત્નોને સંગઠીતરૂપ આપવા રાનડેજીએ ૧૮૮૭ માં 'ઈન્ડીયન નેશનલ સોશ્યલ કોન્ફરન્સ'ની સ્થાપના કરી. બે વર્ષના ટૂંકા ગાળામાં આ સંસ્થાએ બાળલગ્ન, ફરજીયાત વિધવા જીવન વગેરે દૂષણોને દૂર કરવા માટે લડત આપી. આથી જ અનેક સુધારકો એ તરફ આકર્ષાયા.

મુંબઈના બેરામજી મલબારી ખ્રિસ્તી મિશનરી પ્રવૃત્તિઓથી આકર્ષાઈને પ્રથમ પ્રહાર બાળલગ્ન પર કર્યો. મલબારીએ મુંબઈમાં સ્ત્રીઓના પ્રશ્નોના નિરાકરણ માટે 'સેવા સદન' નામની સંસ્થાની સ્થાપના કરી હતી.

ઓગણીસમી અને વીસમી સદીના સમાજસુધારાની પ્રવૃત્તિઓમાં સ્ત્રીઓની બાળલગ્ન, સતીપ્રથા વગેરે સમસ્યાઓનું વર્ચસ્વ રહેવા પામ્યું હતું. બાળલગ્ન જેવી સમસ્યાઓ પરત્વે સુધારકો વચ્ચે સમજૂતી અને સંમતી પ્રવર્તતા હતા, પરંતુ વિધવા વિવાહના પ્રશ્ન પર તેઓમાં એકમત ન હતો. દયાનંદ સરસ્વતી આર્યસમાજના આદ્ય સ્થાપક, કુંવારી વિધવાઓને બાદ કરતાં વિધવા વિવાહની તરફેણ કરતા ન હતા. મહાત્મા ગાંધીજીએ પણ વિધવા વિવાહની વાતને ગોળ ગોળ રાખી તે અંગે સ્પષ્ટ સંમતિ આપી ન હતી.

સુધારા યુગમાં શિક્ષિત પુરૂષ સુધારકોએ આમ સ્ત્રીના દરજ્જાને ઉંચે આણવાના પ્રયત્નો જરૂર કર્યા. પરંતુ મોટાભાગના તેમના સુધારાઓ હિંદુ ધર્મ પૂરતા મર્યાદિત અને હિંદુ ધર્મની રૂપરેખા વડે બંધાયેલા રહ્યા.

૧૮૨૪ માં ખ્રિસ્તી મિશનરીઓએ મુંબઈમાં પ્રથમ કન્યાશાળાની સ્થાપના કરી. ૧૮૪૯ માં લોર્ડ બેન્ટીકના સહકારથી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે કલકત્તામાં કન્યા શાળાની સ્થાપના કરી. જે આગળ જતાં બેન્ટીક  કોલેજ તરીકે પ્રસિધ્ધી પામી. મહારાષ્ટ્રમાં મહાદેવ ગોવિંદ રાનડેએ સ્ત્રીશિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર કામ કર્યુ જો કે કન્યા શિક્ષણ પરત્વે આગવું કામ કરનાર ધોંડો કેશવ કર્વે હતા. ૧૯૦૮ માં તેમણે કન્યાશાળા શરૂ કરાવી. ૧૯૬૧ માં મુંબઈમાં તેમણે એસ.એન.ડી.ટી., તરીકે ખ્યાતી પામેલી મહિલા વિદ્યાપીઠની સ્થાપના કરી.

કન્યા શિક્ષણના પ્રયત્નોને સરકારનો સાથ અને ટેકો ૧૮૫૦ પછી મળ્યા. ૧૮૫૪નો 'ધ વુડ ડીસ્પેચ' ભારતીય શિક્ષણના ઈતિહાસમાં એક મહત્ત્વનું સોપાન ગણાય છે. કારણકે ડીસ્પેચની જોગવાઈ અનુસાર શિક્ષણને તેમાંય સ્ત્રી શિક્ષણને આગળ ધપાવવાની જવાબદારી સરકારની બને છે. આ સઘળા પ્રયત્નોને પરિણામે ઓગણીસમી  સદીના અંત ભાગમાં કન્યા શિક્ષણમાં વધારો થયેલો જોવા મળે છે. મહારાજા સયાજીરાવ ગાયકવાડજીએ સ્ત્રીશિક્ષણને પ્રોત્સાહન આપ્યું હતું.

સ્ત્રી શિક્ષણને વિસ્તારવાનો અને વિકસાવવાનો યશ આમ સમાજ સુધારકોને ફાળે જાય છે. જોકે કયા હેતુસર સ્ત્રીઓને શિક્ષણ આપવું જોઈએ એ વિષે સુધારકોમાં સ્પષ્ટતા અને એકરૂપતા ન હોવાને લીધે સ્ત્રી શિક્ષણનો હેતુ જુદા જુદા સુધારકોના મતે જુદો જુદો રહેવા પામ્યો.

ગાંધીજીના સ્ત્રીશિક્ષણ અંગેના વિચારો ખાસ જુદા ન હતા તેઓ કહેતા કે પરિણીત યુગલમાં પુરૂષ બહારની પ્રવૃત્તિઓ માં વર્ચસ્વ ધરાવતો હોવાથી તેને તેવા શિક્ષણની જરૂરિયાત રહે છે. જ્યારે બીજી બાજુ ઘર ફક્ત સ્ત્રીઓનું ક્ષેત્ર હોવાથી ઘર, બાળ ઉછેર વગેરે વિષયો પર સ્ત્રીઓની જાણકારી જરૂરી છે. આથી સ્ત્રી શિક્ષણની જરૂરિયાત ગાંધીજીને સફળ ગૃહિણી અને આદર્શ માતાની કેળવણી આપવા માટે લાગી હતી.

આજે સમય બદલાયો છે, નવા સંદર્ભો ઉભા થયા છે. સમગ્ર સામાજિક ચિત્ર પરિવર્તન પામી રહ્યું છે. લોકશાહીની જડ મજબુત થતી જાય છે. સમાનતા જે ફક્ત સૈદ્ધાંતિક વિભાવના હતી તે આજે સામાજિક હકીકત બની રહી છે. વર્તમાન સમય આપણા જ્ઞાન, વલણ અને વર્તણુંકને સમાનતાના દૃષ્ટિકોણથી જોવાનું સુચવે છે. સ્ત્રી અભ્યાસોનો અંતિમ હેતુ શોષણ અને અત્યાચાર રહીત સમાજ રચનાને પુરસ્કારિત કરવાનો છે. સ્ત્રીઓ સહીત સૌ શોષિત જુથોનો અવાજ સંભળાય, તેમની દૃષ્ટિને ધ્યાનમાં લેવાય તેમજ સ્ત્રીઓને પુરૂષો સમાન અગત્યતા મળે તે માટે પ્રયત્નો કરવાના છે. સ્ત્રી અભ્યાસો દ્વારા સ્ત્રીના ઉતરતા દરજ્જાના ખોટા ખ્યાલોને પડકારવાનો છે. સમાજમાં સ્ત્રીના અસમાન દરજ્જાથી ઉદ્ભવતા પ્રશ્નો પ્રત્યે સ્ત્રી પુરૂષ બન્નેને સભાન કરવાનો પ્રયત્ન છે.

આજે વિશ્વના તમામ દેશોમાં સ્ત્રી અભ્યાસોનું મહત્ત્વ વધી રહ્યુ છે. સ્ત્રી અભ્યાસોમાં પરંપરાગત જ્ઞાનને સંશોધન અને તપાસની પદ્ધતિ દ્વારા પડકારવામાં આવે છે. કારણકે આ અભ્યાસો પુરૂષ વર્ચસ્વ અને પૂર્વગ્રહવાળા છે. નવા સામાજિક સંશોધનો વડે સ્ત્રીઓનો સાચો ઈતિહાસ સમજી સમાજમાં સાચું અને યોગ્ય સ્થાન દર્શાવવાનો હેતુ છે. પરંતુ જુદી જુદી રીતોથી સ્ત્રી સ્વાતંત્ર્યની વાત સમાજને સમજાવવી. તે ફાંટો નારીવાદ તરીકે પ્રચલિત થયો છે. તે માટે કાર્ય કરનાર સૌ નારીવાદ કે ફેમીનીસ્ટ તરીકે ઓળખાય છે. આ નારીવાદ માત્ર સ્ત્રી નહીં સર્વે શોષિતોની સ્વતંત્રતાની વાત પર ભાર મૂક્યો. ફેમીનીઝમ અર્થાત્ નારીવાદ શું છે ? આપણા સમાજમાં નારીવાદ વિષે ખોટા ખ્યાલો પ્રવર્તે છે. જે નારીવાદી હોય તે પુરૂષને ધિક્કારે, કુટુંબનો નાશ કરે વગેરે માન્યતાઓ લોકોમાં જોવા મળે છે પરંતુ આ સર્વ ખ્યાલો અને માન્યતાઓ ભૂલ ભરેલાં છે.

નારીવાદની સ્પષ્ટ સમજણ અને નારીવાદી વિચારસરણીના વિકાસના તબક્કાઓની સમજ મેળવવાથી વિષયની વધારે સ્પષ્ટતા થશે તેવા હેતુથી અત્રે સ્ત્રી સ્વાતંત્રની ચળવળના અભિગમો દર્શાવ્યા છે.

**સ્ત્રી સ્વાતંત્ર્યની ચળવળના અભિગમો :**

સ્ત્રીઓના પ્રશ્નોમાં અભ્યાસ હાથ ધરનાર ક્રિયાવાદીઓ તથા અભ્યાસુઓ સમગ્ર વિશ્વમાં છે. તેઓ એવું માને છે કે સ્ત્રીઓનું સ્થાન સમાજમાં પુરુષોની સરખામણીમાં ગૌણ છે. સામાજિક, આર્થિક અને રાજકીય ક્ષેત્રોમાં સ્ત્રીઓ પ્રત્યે અસમાનતા અને ભેદભાવવાળું વર્તન થાય છે તે અયોગ્ય છે. તેથી આ પરિસ્થિતિમાં સુધારો કરવો જરૂરી છે. જોકે સ્ત્રીઓનું સમાજમાં ગૌણ સ્થાન હોવું અને તે સ્થિતિ ચાલુ રહેવાના કારણો તેમજ તે પરિસ્થિતિનો અંત લાવવા શું પગલા લેવા જોઈએ તે અંગે મતમતાંતર પ્રવર્તે છે. સ્ત્રી સ્વાતંત્ર્યની ચળવળમાં ત્રણ મુખ્ય વિચારધારાઓ છે.

(૧) Liberal Feminism ઉદારમતવાદી સ્ત્રી સ્વાતંત્ર્ય

(૨) Radical Feminism ઉદ્દામમતવાદી સ્ત્રી સ્વાતંત્ર્ય

(૩) Socialist Feminism સમાજવાદી સ્ત્રી સ્વાતંત્ર્ય

આ બધી જુદી જુદી વિચારધારાઓવાળા તેમના સ્ત્રીઓના ગૌણ સ્થાન વિષયક વિશ્લેષણમાં એકબીજાથી જુદો મત ધરાવે છે અને પરિણામે તેમના કાર્યક્રમો એકબીજાથી જુદા પડે છે. સ્ત્રીઓની સાચી વાત ચકાસવા માટે આ ત્રણે વિચાર ધારાઓને તેમની સાચી પરિસ્થિતિના પૂર્વ પરિપેક્ષ્યમાં ચકાસી જોવાની જરૂર છે.

## (૧) ઉદારમતવાદી સ્ત્રી સ્વાતંત્ર્યની ચળવળ (Liberal Feminism)

ઉદારમતવાદી સ્ત્રી સ્વાતંત્ર્યની ચળવળના મૂળ હકીકતમાં ૧૮મી સદીમાં પડેલા જોવા મળે છે, જે પશ્ચિમ યુરોપના બૌધ્ધિક વિકાસ ઉત્થાનના સમય સાથે સીધો સબંધ ધરાવે છે. જે સંસ્થાઓ અને વિચારધારાઓ વિવેકબુધ્ધિના કડક પરિક્ષણમાંથી સાંગોપાંગ પાર ન ઉતરે તેમને તેમનું યુગ-યુગાંતરથી અસ્તિત્વ હોવાની વાતને ગણકાર્યા વગર ત્યજી દેવાના હતા. ઉદારમતવાદના તત્વજ્ઞાનનું બીજું મહત્વનું પાસું Individualism (વ્યક્તિવાદ) હતું. તેના સંદર્ભમાં વ્યક્તિ પોતે જે ઈચ્છે તે અન્યોની દખલગીરી વગર કરી શકે તે ભાવના હતી. આ ક્ષેત્રમાં બીજા વિશેષજ્ઞોની સાથો સાથ "Mary Wellstone Craft" (મેરી વુલસ્ટોન ક્રાફટ) એ ઉદારમતવાદી વિચારક અને સ્ત્રીઓના પ્રશ્નોમાં અત્યંત મદદકર્તા વ્યક્તિ તરીકે જાણીતા છે. એમનું પુસ્તક (A Vindication of the rights of Women) ''એ વીન્ડીકેશન ઓફ ધી રાઈટસ ઓફ વીમેન'' જે ૧૭૯૨માં પ્રકાશિત થયું હતું તે કદાચ આ ક્ષેત્રનું સર્વપ્રથમ ગંભીરતા પૂર્વકનું પ્રકાશન હતું. આમાં મૂળ વિચાર એવો છે કે સ્ત્રીઓ સૌ પ્રથમ માનવ છે તે માત્ર વાસનાનું સાધન નથી. સ્ત્રીઓ બુધ્ધિમતા ધરાવનાર જીવંત વ્યક્તિઓ છે તેઓ પોતાની જાતનું બુધ્ધિપૂર્વકનું સંચાલન કરવા માટે શક્તિમાન છે. હવે જો સ્ત્રીઓને કુદરતી અધિકારો આપવા ન હોય તો સૌ પ્રથમ એ સાબીત થવું જોઈએ કે તેમનામાં વાસ્તવદર્શી બૌધ્ધિક વિચારશક્તિ નથી. જહોન  સ્ટુઅર્ટ મિલ નામના ચુસ્તઉદારમતવાદીએ તેમના પુસ્તક Subjection of Women (સબ્જેકશન ઓફ વિમેન) માં દલીલ કરતાં કહ્યું છે કે ''હાલમાં પુરુષ-સ્ત્રી વચ્ચેના જે સંબંધો છે તેમાં કાયદેસર રીતે એકની(પુરુષની) તાબેદારીમાં બીજાને (સ્ત્રીને) મૂકે છે. તે હકીકતમાં ખોટું છે અને તે માનવવિકાસ માટે અવરોધક હોવાથી દૂર થવું જ જોઈએ, જેથી સંપૂર્ણ સમાનતા એવી રીતે પ્રવર્તમાન બને કે જેમાં કોઈને વધુ સત્તા કે અધિકાર અને કોઈ બીજાને અસમર્થતા કે નુકશાન સહન કરવું ન પડે.'' ઉદારમતવાદીઓની બીજી ખાસિયત એ હતી કે તેઓ પુરુષ કમાય અને સ્ત્રી ઘરખર્ચ અને ઘરની બાબતોનું ધ્યાન રાખે તેવી સામાન્ય રીતે ચાલી આવતી વ્યવસ્થા તેઓ સ્વીકારતા. આમ પરંપરાગત રીતે પુરુષ-સ્ત્રીના ભિન્ન કાર્યોની પ્રથાનો સ્વીકાર કરતા હતા. છતાં તેઓનું એવું એ માનવું છે કે બંનેના કાર્યોને સમાન ગણવા. સ્ત્રીઓને સામાજિક અધિકારો, મતાધિકાર આપવો અને શિક્ષણ આપવું જોઈએ તેમ માનતા.

આજ સંદર્ભમાં ભારતીય સમાજ સુધારકો૧૯મી સદીમાં ઉદારમતવાદીઓની ભાષામાં જ બોલતા અને માનતા કે સ્ત્રીઓને શિક્ષણ આપવું જોઈએ જેથી તેઓ સારી ગૃહિણી અને સારી માતા બની શકે. સતીપ્રથા, બાળલગ્ન અને વિધવા-વિવાહ પ્રતિબંધ જેવા દુષણો દૂર થવા ઘટે. આમાં રાજારામમોહનરાયથી ગાંધીજી સુધીના બધાં જ સમાજ સુધારકોનો સમાવેશ થાય છે.

૧૯૬૦માં દશકામાં ઉદારમતવાદી સ્ત્રી સ્વાતંત્ર્યની ચળવળ વિકાસ પામી હતી. વાસ્તવમાં તે સ્ત્રીના ગૌણ સ્થાન વિષેના પ્રશ્નોમાં વધુ ઊંડી ઉતરી શકી નહી. આમ છતાં સ્ત્રી સ્વાતંત્ર્યવાદીઓ સમાનતાના વિચારના પરિઘને વિસ્તારતા રહી વિસ્તૃત રીતે સામાજિક અને રાજકીયક્ષેત્રે આગળ લઈ ગયા, આથી તેમણે બાળ ઉછેરની સુવિધાઓ માંગી, ગરીબ સ્ત્રીઓના અધિકારોની વાતો આગળ ધરી અને પોતાના જીવનમાં પ્રજનનશીલતા પર તેમના પોતાના અધિકારની વાત આગળ ધરી. ઉદારતાવાદી સ્ત્રી સ્વાતંત્ર્યની ચળવળ ચલાવનારાઓ સ્ત્રીઓ માટે સમાન હક્કોની માંગણી કરતા રહ્યા પરંતુ તેમણે ચીલાચાલું પ્રવર્તમાન સમાજ વ્યવસ્થા યોગ્ય હોવાનું સ્વીકારી, સામાજિક માળખામાં કૌટુંબિક સ્તરે કોઈજ ફેરફાર વગર સામાજિક પ્રથામાં સુધારા, સંસ્થાકીય સુધારા, કાયદાકીય સુધારા અને સ્ત્રી પ્રત્યેના અભિગમમાં સુધારા લાવવા માટે હિમાયત કરી.

**(૨) ઉદ્દામમતવાદી સ્ત્રી સ્વાતંત્ર્યની ચળવળ :** (Radical Feminism)

ઉદ્દામમતવાદીઓના દ્રષ્ટિકોણ અગત્યનો હોવા છતાં સંચાર માધ્યમોએ તેને ઘણોજ વિકૃત કરીને સમાજમાં સ્ત્રીઓના ગૌણ સ્થાન બાબતની તેમની વિચારસરણી રજૂ કરી છે. જો કે ઉદ્દામમતવાદી ચળવળની શરૂઆત ઉદારમતવાદના ૧૯૬૯-૭૦ના બીજા મોજાની સાથો સાથ થઈ હતી. ઉદારમતવાદીઓ સાથે ઉદ્દામમતવાદીઓનો ઘરોબો છે. જોકે ઉદારમતવાદીઓએ સ્ત્રી પર લિંગાત્મક અત્યાચાર, લિંગ આધારિત કામની વહેંચણી, આર્થિક વર્ગવ્યવસ્થા તેમજ એકબીજા સાથેના સંબંધો પ્રત્યે નિષ્કાળજી સેવી હતી. તેથી તેઓ માત્ર સુધારાવાદી બનીને રહી ગયા. આજે ઉદ્દામવાદી સ્ત્રીસ્વાતંત્ર્યકારો મતાધિકાર અને કાયદાકીય સુધારાથી આગળ વધીને પિતૃવંશી સમાજ વ્યવસ્થાના મૂળ પર ઘા કરી તેનો નાશ કરવાનું હાથ પર લીધુ છે.

ઉદ્દામમતવાદીઓની મુખ્ય દલીલ મુજબ સ્ત્રીઓનું સમાજમાં ગૌણ સ્થાનનાં મૂળ જૈવિક કુટુંબ વ્યવસ્થામાં રહેલા છે. સમાજમાં પરાપૂર્વથી ચાલી આવતાં લિંગભેદ આધારિત વર્ગીકરણ અને લૈંગિક(સ્ત્રી-પુરુષ હોવાના આધારે) ભૂમિકાની અસમાનતામાં સ્ત્રીની ગૌણતાના મૂળ છે. આ પરિબળોને ધ્યાનમાં લઈને લિંગાત્મક સમાનતા સ્થાપિત કરવી જ પડે.

ઉદ્દામમતવાદી સ્ત્રી સ્વાતંત્ર્યકારો કહે છે કે સ્ત્રી-પુરુષના લિંગાત્મક ભેદથી જ સામાજિક કાર્યો અને સત્તાનું વિભાજન થાય છે. શારીરિક રચનાનો ભેદ સ્ત્રીઓ પર પુરુષોના આધિપત્યમાં પરિણમે છે. ઉદ્દામવાદીઓની દ્રષ્ટિએ પિતૃવંશી પ્રથા, લગ્નપ્રથાના માધ્યમથી, કુટુંબમાં અને લિંગ આધારિત કામની વહેંચણી દ્વારા સમાજમાં ફેલાયેલ છે. પિતૃવંશી પ્રથાના મૂળ શરીર રચનામાં રહેલા છે, તેથી પુરુષ અને સ્ત્રી વચ્ચે (માત્ર પુરુષ કે સ્ત્રી હોવાના કારણે) યુધ્ધરેખા દોરાયેલી રહે છે. પિતૃવંશીપ્રથાનાં તમામ સ્વરૂપોમાં સત્તાના

સૂત્ર પુરુષોના હાથમાં હોય છે. લિંગભેદઆધારિત રાજનીતિ તે હકીકતમાં પિતૃવંશી રાજનીતિની નીપજ છે. પિતૃવંશીયપ્રથાની મુખ્ય સંસ્થા તે કુટુંબ છે. જેમાં સામાજિકરણના નામે લિંગભેદ આધારિત કામની વહેંચણી થાય છે. ઉદ્દામમતવાદીઓ કહે છે કે શરીર સંરચનાનો એવો કોઈ નિયમ નથી કે પ્રજોત્પત્તિ અને સામાજિકરણ કુટુંબમાંજ થવું જોઈએ. છતાંય આ એક મૂળભૂત પ્રથા ઐતિહાસિક સમાજોમાં ફેલાયેલી છે. આ રીતે કેન્દ્રવર્તી કુટુંબ વ્યવસ્થાને ઉદ્દામમતવાદીઓ સંપૂર્ણ સમાનતાની પ્રાપ્તિના માર્ગમાં અડચણરૂપ ગણે છે. જે ઉદારમતવાદીઓ કરતાં ભિન્ન પ્રકારનું મંતવ્ય છે.

પુરુષ જેમની દ્રષ્ટિએ શત્રુ છે અને સ્ત્રીઓનું ગૌણ સ્થાન તે જૈવ મનોવૈજ્ઞાનિક રીતે પુરુષોના સ્ત્રી પરના આધિપત્યનું પરિણામ છે. એવું માનનારા ઉદ્દામમતવાદીઓ માત્ર લિંગભેદ આધારિત અસમાનતાને દુર કરવાથી આગળ વધી એટલી હદ સુધી પહોંચ્યા છે કે જાણે પુરુષનું તેમના જીવનમાં કોઈ સ્થાન જ ન હોય. ઉદ્દામમતવાદીઓએ કામેચ્છા સંતોષવામાં પણ પસંદગી પોતાની જાત ઉપર પોતાનો અધિકાર અને કાબુ, મુક્તપણે કામેચ્છા સંતોષવાની છૂટ અને સામૂહિક બાળ નિર્દેશન જેવા કેટલાક કાર્યો ઉદ્દામમતવાદીઓએ સ્ત્રીઓના લાભાર્થે પ્રયોજેલા છે. પુરુષોના જુલ્મ, બળાત્કાર, અસ્લીલ સાહિત્ય અને કામુક-હિંસાખોરીમાં પ્રગટ થાય છે. પુરુષોના આધિપત્યને ફગાવવા સંપૂર્ણ જાતિય ક્રાંતિ દ્વારા જાગૃતિ લાવી જાતિયનિષેધો દૂર કરવાની જરૂર છે. જાગૃતિ લાવવાથી પુરુષના આધિપત્યની બાબતમાં સ્ત્રીઓ સભાન બનશે. તેમનામાં એકતા અને સ્વનિર્ભરતા થશે. તેઓ કોઈ પણ રીતે પુરુષ પર આધાર રાખનાર નહીં રહે.

### (૩) **સમાજવાદી સ્ત્રી સ્વાતંત્ર્યવાદ** (Socialist Feminism)

સમાજવાદી સ્ત્રી સ્વાતંત્ર્યકારો, સૈધ્ધાંતિક અને વ્યવહારક્ષેત્રે હજુ પ્રાથમિક તબક્કામાં જ છે. સ્ત્રીઓ જેમ જેમ સમાજવાદી સિધ્ધાંતોમાં અને ચર્ચાઓમાં ઉતરતી ગઈ તેમ તેમ માર્કસવાદી વિચારધારામાં કેટલાંક પ્રશ્નો ઉભા થયા. જેમાંથી સમાજવાદી સ્ત્રી અને સમાજવાદી સ્ત્રી સ્વાતંત્ર્યકાર વચ્ચેની ભેદરેખા ઉદ્ભવી. સમાજવાદના ધ્યેયને વરેલા સમાજવાદી સ્ત્રીસ્વાતંત્ર્યકારોને એવું ભાન થયું કે સ્ત્રીઓનું ગૌણ સ્થાન મૂડીવાદના લીધે અને તે મૂડીવાદનું પોષાક હોવાના લીધે જ છે તે દલીલ પોકળ અને અપર્યાપ્ત છે, કારણ કે ખુદ સમાજવાદી વિચારસરણીવાળા સમાજ ધરાવતા સોવિયેટ રશિયા, કયુબા, પૂર્વ યુરોપ અને ચીનમાં લિંગભેદ આધારિત અસમાનતા ઉડીને આંખે વળગે તેવી વરવી હોવાનું સ્પષ્ટ જણાયું છે. માર્કસવાદી અભિગમમાં એ મર્યાદાઓ છે કારણ કે તેમાં રાજનૈતિક પ્રક્રિયાઓ જે સમાજવાદી સમાજવ્યવસ્થા ઉભી કરે તે બાબતમાં તથા વર્ગવ્યવસ્થાને આધારે સ્ત્રીઓ પર થતા જુલ્મોની બાબતમાં જરૂરી સ્પષ્ટતાઓ તથા સંરચનાઓનો અભાવ છે.

સમાજવાદી દ્રષ્ટિકોણ પ્રમાણે સ્ત્રીઓનું સમાજમાં નિમ્નસ્તર છે. તેના મૂળ ખાનગી મિલકતમાં તથા વર્ગ વિભાજિત સમાજમાં રહેલા છે. જાતિય વિચારધારા અને તેને અનુરૂપ માળખું એવું છે કે કુટુંબ સ્ત્રીઓનું નિમ્નસ્તર સમાજમાં જાળવી રાખે છે. સ્ત્રીઓ પરનું દમન કે જેમાં શોષણ સંમિશ્રિત હોય છે. તેની વાસ્તવિકતા પણ જટીલતાઓથી ભરપુર છે. જાતિયતા તથા સામાજિક વર્ગીકરણમાંથી સત્તા ઉત્પન્ન થાય છે. જે પિતૃવંશી પ્રથા તથા વર્ગ-વર્ગ વચ્ચેના સંબંધોમાં પ્રતિબિંબિત થાય છે. તેમનું મુખ્ય કામ પિતૃવંશીય પ્રથા અને સામાજિક વર્ગપ્રથાની એકબીજા પર આધારિત નીતિરીતિઓનો અભયાસ કરવાનું છે. સમાજવાદી સ્ત્રીસ્વાતંત્ર્યકારો માટે પરંપરાગત રીતે સમાજમાં ચાલ્યા આવતા જાતિય સંબંધો જે વ્યવસ્થા - વર્ગ વ્યવસ્થામાં પડેલી છે, તેનો અભ્યાસ કરવો ઘણોજ જરૂરી છે. તેઓ એવું સ્પષ્ટપણે સમજે છે કે માત્ર મૂડીવાદી પ્રથાને ઉખાડી નાંખવાથી પિતૃવંશી પ્રથામાં પરિવર્તન આવી શકશે નહીં. હકીકતમાં મૂડીવાદ અને પિતૃવંશીપ્રથા બંનેની સામે એક સાથે લડત આપવી જરૂરી છે.

સમાજવાદી સ્ત્રીસ્વાતંત્ર્યકારોએ સ્ત્રીઓના ગૃહકાર્યના પ્રશ્ને ખૂબજ ચર્ચાઓ ઉપાડી છે. રૂઢિચૂસ્ત માર્કસવાદીઓની દ્રષ્ટિએ ગૃહકાર્યની કિંમત તેની ઉપયોગિતામાં છે, પરંતુ તેની કોઈ વિનિમયની દ્રષ્ટિ કિંમત નથી. સમાજવાદી સ્ત્રીસ્વાતંત્ર્યકારોના એક સમૂહની એવી દલિલ છે કે સ્ત્રી દમન હકીકતમાં વળતર વિહિન ગૃહકાર્ય પર આધારિત છે. ગર્ભધાન, બાળઉછેર - સારસંભાળ અને ગૃહકાર્ય એવી મુખ્ય પ્રવૃત્તિઓ છે કે તેનું રૂપાંતર ઉત્પાદનમાં આવે છે. આ ચર્ચા આગળ વધીને સ્ત્રીઓની ગૃહિણી તરીકેનું સ્થાન અને તેના ગૃહકાર્યના શ્રમનું જે સામાજિક સંબોધોની જાળવણીમાં યોગદાન છે તે તરફ કેન્દ્રિત થાય છે. આ ચર્ચા વિશાળ માર્કસવાદી ફલક પર ચાલી રહી છે.

સમાજવાદીઓએ ઉઠાવેલો બીજો પ્રશ્ન કુટુંબની અંદર જાતિયતાની મજબુતાઈ વિશે છે અને આ બાબતે ઉદ્દામમતવાદીઓએ પણ સમાન પ્રશ્ન ઉઠાવેલ છે. પિતૃવંશીયપ્રથા અને તેના સંદર્ભમાં કોઈ એક ચોક્કસ પ્રકારની ઉત્પાદન પધ્ધતિ વચ્ચેના સંબંધોને સમજવા માટે જુદા જુદા અભિગમ ઉદ્ભવ્યા છે અને વ્યૂહરચનાને લગતો એક પ્રશ્ન એ પણ છે કે શું સ્ત્રીઓની ચળવળને માટે (સમાજમાં) કોઈ સ્થાન છે કે નહિ ? તથા સ્ત્રીઓની ચળવળ અને વિશાળસ્તરીય સંગ્રામમાં શું સંબંધ છે ? વગેરે. ઉદ્દામમતવાદીઓની જેમ સમાજવાદીઓ પુરુષ વિરોધીઓ નથી, સમાજવાદીઓ માને છે કે જો પુરુષ સ્ત્રીનો ઉપયોગ માત્ર એક સાધનની દ્રષ્ટિએ ન કરે (અને તેની કિંમત સમજી સહકાર કરે તો) તો તેની સાથે સહકાર સાધવો પરંતુ તેઓ એમતો ચોક્કસ માને છે કે સ્ત્રીઓના પ્રશ્નો ચોક્કસ પ્રકારના હોઈ તેમનું વિશ્લેષણ થવું જોઈએ અને બધાનું ધ્યાન તે તરફ જવું જ જોઈએ, તેથી સ્ત્રી સમૂહોએ સ્વતંત્ર વિકાસ કરવો જોઈએ પરંતુ સાથો સાથ જુલમો સામેના બીજા સંગ્રામોને પણ અવગણવા ન જોઈએ.

## (૪) સ્ત્રી કલ્યાણ અંગે ગાંધીવાદી અભિગમ :

ગાંધીવાદી નિદાન પ્રમાણે સ્ત્રીઓની વિકટ પરિસ્થિતિના મૂળ કારણો ભારતીય સંસ્કૃતિમાં સૈકાઓ જૂના રૂઢિ-રિવાજો છે. ગાંધીજીના મત પ્રમાણે ''પતિની સરખામણીમાં સ્ત્રીને અત્યંત ગૌણ બનાવી પત્નીના વ્યક્તિત્વને પતિમાં ભેળવી દઈ તદ્દન ભૂંસી નાખવાની ભૂલ ભારતીય સંસ્કૃતિએ કરેલ છે. આના પરિણામે પતિ એટલી હદે પત્ની પર અધિકારો ભોગવે છે કે તે પાશવી મનુષ્ય બની જાય છે.''

ગાંધીજી કહે છે ''સૈકાઓથી એક યા બીજી રીતે પુરુષોએ સ્ત્રીઓ પર આધિપત્ય જમાવી દીધું છે, જેના પરિણામે સ્ત્રીઓમાં લઘુતાગ્રંથીએ એવો કાબૂ કર્યો છે કે પુરુષની સ્વાર્થવૃત્તિથી તેને નિમ્નકક્ષાની ગણવામાં આવે તે વાતને તે સ્વીકારી લે છે.'' આ ઉપરાંત ''પુરુષ સ્ત્રીને એક સાધનરૂપ ગણે છે સાથે જ સ્ત્રીએ પણ સાધન બનવાનું સ્વીકારી લીધું છે.''

ગાંધીજી સમાનતામાં માને છે, પરંતુ સમાનતા યાંત્રિક પ્રકારની ન હોવી જોઈએ. સમાનતાનો અર્થ જીંદગીમાં સમાન ભૂમિકા ભજવવાનો અધિકાર હોવો તે છે. તેમના મત પ્રમાણે સ્ત્રી-પુરુષનું જોડું અજોડ છે તે એકબીજાના પૂરક છે. જો કે ગાંધીજી સ્ત્રી-પુરુષની દૈહિક સંરચનાના તફાવતોને સ્વીકારે છે. માતૃત્વની ફરજમાં એવા ગુણો જરૂરી છે કે જે પુરુષોમાં હોય તે જરૂરી નથી. સ્ત્રી શાંત-સૌમ્ય છે, જયારે પુરુષ પ્રવૃતિશિલ આક્રમક છે. સ્ત્રી ચોક્કસપણે ઘરની માલકીન છે. જયારે તે (પુરુષ) રોટલો રળી લાવનાર છે, જયારે સ્ત્રી રોટલો સાચવનાર અને વહેંચીને ખવડાવનાર છે. સ્ત્રી દરેક સંદર્ભમાં રખેવાળ છે. બાળકોને ઉછેરવાનું કામ તેના માટે સામાજિક પ્રાધાન્યભર્યુ કામ છે. સ્ત્રીની કાળજી વગર મનુષ્ય જાતિનું અસ્તિત્વ જ ન રહે.

આધુનિક વિચારધારા પ્રમાણે સ્ત્રી પોતાની જાતિ (માનવ સંતાનોના) ઉછેરનું અને ગૃહ સંભાળનું મુખ્ય કાર્ય ત્યજીને પુરુષ સાથે દરેક ક્ષેત્રોમાં સ્પર્ધા કરે તે સામે ગાંધીજીનો વિરોધ છે. પોતાની માનવજાતના શિશુઓને ઉછેરવાની જવાબદારી સ્ત્રી દ્વારા છોડી દેવાથી પતન ભણી આપણે ધકેલાઈ જઈશું અને તેનાથી કુટુંબ અને સમાજ વ્યવસ્થા વેરવિખેર થઈ જશે તેવું ગાંધીજી માનતા. હકીકતમાં રખડતા પુરુષને એક જગ્યાએ સ્થિર કરી તે દ્વારા કુટુંબની સ્થાપના કરનાર પ્રથમ વ્યક્તિ સ્ત્રી જ હશે. આનો અર્થ એ નથી કે ગાંધીજીની ઈચ્છા સ્ત્રીઓ સમાજમાં બીજા ક્ષેત્રોએ આગળ ન આવે તે છે. તેમણે પોતેજ સ્ત્રીઓને સ્વતંત્રતાની લડતમાં જોડાવાનો લલકાર કર્યો હતો. તેમની માત્ર એટલી જ ઈચ્છા છે કે સમાનતાના વિશાળ ફલક ઉપર કામ કરવા માટે સ્ત્રીઓ તેમના ઘરને છોડી ન દે. ગાંધીજીને સ્ત્રીઓ પુરુષની સાથે સહકારમાં દરેકે દરેક ક્ષેત્રમાં એકબીજાના પૂરક રહી ભૂમિકા ભજવે તે ગમતું.

મહાત્મા ગાંધીજી સ્ત્રીને પુરુષની સરખામણીમાં નિમ્ન કે નબળી ગણવી તેને અન્યાય છે તેમ માને છે. ગાંધીજી સ્ત્રીને શક્તિ, સહનશીલતા અને બલિદાનની ભાવનાવાળી વ્યક્તિ રૂપે નિહાળે છે. પરંતુ સ્ત્રી એ હકીકતમાં તેની પોતાની શક્તિઓને સમજી શકી નથી. જો તે આ વાતને સમજી શકે તો વિશ્વને તેની મહાનશક્તિઓનો પરિચય કરાવી શકે. તેમણે સ્ત્રી શક્તિને સ્વાતંત્ર્ય સંગ્રામના મેદાનમાં ઉતારી રજૂ કરી અને સ્ત્રીઓએ ભયમુક્ત રીતે બધી અગ્નિ પરીક્ષાઓ પસાર કરી. આ પ્રમાણે ગાંધીજી મૂળભૂત રીતે સ્ત્રીને સન્માનની નજરે જોતા. સ્ત્રીને પુરુષની સરખામણીમાં સમાન મહત્તા આપતા.

ગાંધીજીના મંતવ્ય પ્રમાણે પતિ-પત્નીના સંબંધો પવિત્રતાના બંધનથી શિસ્તના કાયદા વડે બંધાયેલા છે. જેનું પાલન કરવા માટે બન્ને બંધાયેલા છે. જો એક કાયદો તોડે તો પછી બીજાને તેમાં બાંધી ન શકાય. જે બાબતને સ્ત્રી અયોગ્ય માનતી હોય તે ન કરતાં યોગ્ય હોય તે કાર્ય કરવાનો તેનો અધિકાર છે. ગૃહશાંતિ ઘણીજ અગત્યની વસ્તુ છે, પરંતુ તે એક અંતિમ ધ્યેય નથી. લગ્નજીવન અરસ-પરસ સુખ આપવાના અને એકબીજાને માફ કરવાના હેતુ પર રચાયેલું છે. પરંતુ જયારે એક વ્યક્તિ શિસ્તભંગ કરે ત્યારે બીજી વ્યક્તિને લગ્નબંધન ફગાવી દેવાનો નૈસર્ગિક અધિકાર છે. ગાંધીજીના મંતવ્ય પ્રમાણે છૂટાછેડા શારીરિક ન હોવા ઘટે પણ સૈધ્ધાંતિક હોવા ઘટે, તેનાથી બીજાને (ખોટે રસ્તે ચાલનારને) સુધારવાનો હેતુ સિધ્ધ થવો જોઈએ. જેથી સમાજ કલ્યાણનું કામ જે સ્ત્રી-પુરુષ ખોટા રસ્તે હોય તેમની સુધારણા દ્વારા થાય.

ગાંધીજીનો સ્ત્રી-કલ્યાણ પ્રત્યેનો સંકલિત (Integreted) અભિગમ છે. ગાંધીજી સ્ત્રીઓના આર્થિક અને રાજકીય અધિકારો બાબતે વધુ ભાર નથી મૂકતા કારણ કે તેમના મત પ્રમાણે સ્ત્રીઓ તેમની છૂપી શક્તિ એક વખત ઓળખી લે પછી બધાં પ્રશ્નો સરળતાથી ઉકલી જશે અને અસમાન વ્યવહાર સામે તે આપોઆપ ધૃણા વ્યક્ત કરતી થઈ જશે, પરંતુ કાયદાકીય અસમાનતા દૂર કરવી તેઓ તો માત્ર તેમને સત્તા આપવા બરાબર છે. ગાંધીજીના અભિગમમાં સમસ્યાના મૂળમાં પ્રહાર કરાયો છે. સ્ત્રીઓને ન્યાય અને સમાનતા માટે ગાંધીજીએ સ્ત્રી-પુરુષ બંને માટે જવાબદારી નક્કી કરે છે.

ગાંધીજીએ સ્ત્રીના પતન માટે પુરુષને ઠપકો આપીને જવાબદાર ગણ્યો છે. સ્ત્રીઓ પ્રત્યે અવહેલના, અપમાન અને વાસનાભરી ધૃષ્ટતા માટે પુરુષ જવાબદાર છે. પુરુષોએ તેમના જુલ્મોનું પ્રાયશ્ચિત કરવાની જરૂર છે તેવું માનતા અને બીજી બાજુ ગાંધીજીએ સ્ત્રીઓને પણ ઠપકો આપેલો છે. તેઓ પવિત્ર, મક્કમ અને પોતાના પર કાબુ ધરાવનાર હોવી ઘટે. ગાંધીજી કહે છે '' સ્ત્રીએ પોતાને પુરુષની કામવાસનાનું સાધન ન ગણવું જોઈએ. આનો ઈલાજ પુરુષ કરતાં સ્ત્રીના હાથમાં વધુ છે. સ્ત્રીએ કોઈના માટે કે પોતાના પતિ માટે શણગારો કરવાની ના પાડી દેવી ઘટે. જો તે પુરુષની સરખી ભાગીદાર બનવા માંગતી હોય તો સ્ત્રીએ આ કરવું જ પડશે.''

આ સાથે પોતાના દુર્ભાગ્ય માટે પુરુષોને દોષ દેવાની સ્ત્રી વૃત્તિનો પણ ગાંધીજી વિરોધ કરે છે, કારણ કે તેમાં સ્ત્રીની નિર્બળતા છતી થાય છે.

આધુનિકતાના નામે દેખાડો કરનાર આધુનિક ગણાતી સ્ત્રીઓના વર્તનને ગાંધીજી નાપસંદ કરતા હતા. ગાંધીજી ઈચ્છતા કે ભારતીય નારી પશ્ચિમની નારીનું ખોટું અનુકરણ ન કરે કારણ કે તેમ કરવાથી સામાજિક દૂષણો વધુ વકરશે. ઘણાં સામાજિક અપરાધો જેવા કે અપહરણ, સ્ત્રીનો ગેરલાભ લેવો, મશ્કરી કરવી, પુરુષનું ગેરવર્તન વગેરે માટે ભલે પુરુષ જવાબદાર હોય પરંતુ જો સ્ત્રી આછકલાઈ કરશે તો આવા પ્રશ્નો વધું ગુંચવાશે તેથી ગાંધીજી કહે છે કે સ્ત્રીઓએ સાદગીથી જીવવું જોઈએ અને પુરુષના દાદાગીરીભર્યા વર્તન સામે રક્ષણ કેમ કરવું તે શીખવું જોઈએ.

આમ ગાંધીજીના અભિગમ પ્રમાણે સ્ત્રીઓને રાષ્ટ્રીય કાર્યમાં વિશાળ સ્તરે કામ કરવાની તક મળી જેથી તેઓ પોતાની શક્તિઓને ઓળખી શકે, તેમનો આત્મવિશ્વાસ વધે અને સમાજકાર્ય ક્ષેત્રે પણ સ્ત્રીઓને પુરુષ સાથે ખભેખભા મિલાવી સારા કાર્યોમાં તેમજ દુષણો સામે લડવામાં સહયોગી થવાની તક મળી શકે.

અલબત્ત નારીવાદ અંગે કોઈ એક ચોક્કસ વ્યાખ્યા આપવાનું મુશ્કેલ છે કારણકે તે ઐતિહાસિક અને સાંસ્કૃતિક વાસ્તવિકતા પર અને લોકોની જાગૃતિ અને સમજની કક્ષા પર આધાર રાખે છે. એટલે સમય, સમાજ અને વિસ્તારના સંદર્ભમાં તેની વ્યાખ્યા અલગ અલગ છે. આ પ્રમાણે દક્ષિણ એશિયાના દેશો-ભારત પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેપાળ અને શ્રીલંકાની સ્ત્રીઓએ સાથે મળીને નારીવાદની વ્યાખ્યા ઘડી છે. આ વ્યાખ્યા પ્રમાણે સમાજમાં કામના સ્થળ પર અને કુટુંબની અંદર થતા સ્ત્રીઓ પરના શોષણ અને અત્યાચાર અંગે જાગૃતિ અને આ પરિસ્થિતિને બદલવાના સ્ત્રીઓ તેમજ પુરૂષના સભાન પ્રયત્નો એટલે નારીવાદ. લિંગભેદ, પુરૂષનું વર્ચસ્વ અને પિતૃપ્રધાન વ્યવસ્થાને જે પારખી શકે અને જે તેની સામે કોઈને કોઈ પ્રકારે સામનો કરે તે બધાજ આ વ્યાખ્યા પ્રમાણે નારીવાદી આમ નારીવાદનો અર્થ સંકુચિત નથી. ટૂંકમાં આજે નારીવાદ એટલે ઘરમાં તેમજ ઘરની બહાર સ્ત્રીઓની સમાનતા ગૌરવ અને પોતાના શરીર અને જીવન પર કાબુ અંગેની પસંદગીની સ્વતંત્રતાની પ્રાપ્તિ માટેની લડત, આ લડત સમાજના સૌ શોષિત વર્ગોની શોષણ સામેની છે.

પ્રસ્તુત અભ્યાસમાં કોળી પટેલ સમાજની સ્ત્રીઓમાં સામાજિક, કાયદાકીય, રાજકીય જાગૃતિ જાણવાનો પ્રયત્ન કરવામાં આવનાર છે. જે તે સમાજમાં સ્ત્રીઓની ભૂમીકા અને દરજ્જા તપાસવાથી તેમના સમાજમાં પ્રવર્તમાન લૈંગિક ભેદો અંગેની માહિતી મળી શકે છે.

સામાન્ય રીતે જોવા જઈએ તો ભારતીય સમાજની માનસિકતા સ્ત્રીઓને પુરૂષો કરતાં નબળી અને નીચી ગણે છે. ૨૧ મી સદીમાં પ્રવેશેલ વૈશ્વિક સમાજ સ્ત્રી અને પુરૂષના લૈંગિક ભેદભાવને ભૂલી સમાનતાની વાતો કરતો અને તક આપતો બન્યો છે. ત્યારે ગુજરાતના મહાનગર અમદાવાદથી નજીક આવેલા સાંણદ તાલુકાના ગામોમાં સમાજમાં પછાત ગણાતા કોળી સમાજની સ્ત્રીઓ, વૈશ્વિક સમાજ સાથે કદમ મિલાવવા તત્પર છે કે નહિ? તેમને વિકાસલક્ષી તકો સાંપડે છે કે નહિ? તેમની જાણકારીનું માહિતીનું પ્રમાણ કેવું અને કેટલું છે ? આ બધાજ પ્રશ્નોનો જવાબ મેળવી. આ કોળી પટેલ સ્ત્રીઓના વિકાસની એક પરિયોજના બનાવી પ્રસ્તુત કરવાનો અત્રે પ્રયત્ન કરવામાં આવનાર છે.

**સંશોધન જરૂરિયાત :**

અહી સંશોધનનો વિષય છે ''કોળી પટેલ સ્ત્રીઓમાં સામાજિક, કાયદાકીય, રાજકીય જાગૃતિ એક અધ્યયન''. આ સંશોધન સમસ્યાની પહેલાં સંશોધન આયોજનનો અર્થ સ્પષ્ટ કરવો ખાસ જરૂરી છે. કોઈપણ સામાજિક સમસ્યાનો અભ્યાસ વિપરીત પરિસ્થિતિ વિશે વિચારણા કરવા પ્રેરે છે. સંશોધન સમસ્યાનો હેતુ વાસ્તવિક સામાન્ય તથ્યો કે હકીકતો પ્રાપ્ત કરવાનો હોય છે. તે સમસ્યાને સ્પષ્ટ કરવામાં, સમજવામાં તેમજ સંશોધન સમસ્યાનો અભ્યાસ કરવામાં મદદરૂપ થાય તેવા હોય છે. તે દ્વારા આપણે અભ્યાસને સરળતાથી પાર પાડી શકીએ છીએ.

અહીં આપણે સ્ત્રીઓની ભૂમિકા-દરજ્જા આસપાસ સંકળાયેલા સામાજિક, આર્થિક, રાજકીય, કાયદાકીય વિવિધ પાસાઓને તપાસવાનો પ્રયત્ન કરવાના છીએ. જાણકારી ન હોવાને કારણે તે સ્ત્રીઓ સતત જે સમસ્યાઓનો સામનો કરે છે. ગ્રામીણ સ્ત્રીઓના વિકાસમાં સરકાર તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ જે ભાગ ભજવી રહી છે, તે સમજવાનો પ્રયત્ન કરીશું. સ્ત્રી પોતાની રીતે સ્વનિર્ભર બની સમાજ સામે ઝઝુમી શકે અને અધિકાર, હક્કો પ્રત્યે જાગૃત બને. આ સંશોધનનો હેતુ આ સમસ્યાના વાસ્તવિક સામાજિક તથ્યો પ્રાપ્ત કરવાનો છે. જેનાથી તે સમજી શકાય અને ઉપયોગી જ્ઞાન પ્રાપ્તિ થાય, અને સાથેજ સમસ્યાઓનું બુદ્ધિપૂર્ણ વિશ્લેષણ થઈ શકે છે. સિદ્ધાંત અને વ્યવહાર વચ્ચેના સંબંધ સ્થાપી વાસ્તવિક કારણદર્શક સિદ્ધાંતો સ્થાપી શકાય. આવા સિદ્ધાંતો સામાજિક સમસ્યાઓને હલ કરવાના વ્યવહારૂ પગલાં લેવા જરૂરી એવી સામાજિક નીતિનાં ઘડતરમાં મદદરૂપ બની શકે છે. શોધકાર્ય વગર કોઈ સિદ્ધાંત સ્થાપિત થઈ શકતો નથી.

સામાજિક સમસ્યાઓ એ જટિલ સામાજિક પરિસ્થિતિ છે. તેનો અભ્યાસ કરતી વખતે સામાજિક મૂલ્યોને ધ્યાનમાં લેવા જોઈએ. જેથી વાસ્તવિક પરિસ્થિતિનો તાગ મેળવી શકાય. સામાજિક

સમસ્યાનાં અભ્યાસ કરવામાં પ્રવર્તમાન અને ભૂતકાલીન મૂલ્યો તેમજ લોકો જેની ઝંખના કરતા હોય તે નવા મૂલ્યો લક્ષ્યમાં લેવા જરૂરી બને છે. ટૂંકમાં સામાજિક સમસ્યાઓને જોવાનો સાચો પરિપ્રેક્ષ્ય વિકસાવીને અભ્યાસ કરવો જોઈએ. સંશોધકે તેના સંશોધનને કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વિના તટસ્થતાથી મૂલવવું અત્યંત આવશ્યક છે.

આઝાદ ભારતના બંધારણમાં સ્ત્રી રક્ષણાત્મક કાયદાની જોગવાઈ તેમજ ભારતવર્ષ અને ગુજરાતમાં પ્રવર્તમાન સ્વૈચ્છિક સંસ્થાઓના અથાગ પ્રયત્નો છતાં પણ સ્ત્રીઓની સ્થિતિમાં ખાસ પરિવર્તન જોવા મળતું નથી. આજે પણ તે 'સુધરેલી કામવાળી' થી વધુ ગણાતી નથી. આજે તે આર્થિક ઉપાર્જન તેમજ ઘરકામ, બાળઉછેર એમ બેવડી કે ત્રેવડી ભૂમિકા ભજવે છે.

આમ સ્ત્રીની સ્થિતિ વધુને વધુ કફોડી બનતી જાય છે. સમાજમાં સ્ત્રીવર્ગની ગણતરી શોષિત, અધિકાર રહિતના જુથ તેમજ સમાજનાં ઉપેક્ષિત વર્ગ તરીકે થાય છે.

સ્ત્રીની આ પરિસ્થિતિને સમજવા પ્રસ્તુત સંશોધનનું આયોજન કરવામાં આવ્યું છે. સંશોધન એ એક વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. આ પ્રક્રિયાને સમજવા માટે સંશોધનનો ખ્યાલ સમજીએ. સંશોધનનો શાબ્દિક અર્થ પુનઃશોધ થાય છે તે ફરીને ફરી કરવાની શોધની પ્રક્રિયાનો નિર્દેશ કરે છે. વૈજ્ઞાનિક અભ્યાસ અથવા સંશોધનનાં ધ્યેયની દૃષ્ટિએ આ અર્થ ઘણા સૂચક છે. સંશોધનની શરૂઆત કોઈ બૌદ્ધિક અથવા વ્યવહારલક્ષી પ્રશ્ન કે સમસ્યાથી થાય છે. તપાસ હેઠળની ઘટનાનું સ્વરૂપ કેવુ છે તેની સાથે કયા પરિબળો સંકળાયેલા છે ? તેમાંથી કયા પરિબળો કેટલે અંશે તે ઘટનાનાં કારણો તરીકે કેવી રીતે ભાગ ભજવે છે ? વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરીને આવા પ્રશ્નોના જવાબો મેળવવા માટેની પુનઃતપાસ અથવા ખોજ એટલે સંશોધન.

સમાજમાં સામાજિક પરિસ્થિતિ હેઠળ હંમેશા કોઈ ને કોઈ રૂપે કે કોઈ ને કોઈ સ્વરૂપે સમસ્યાઓ જન્મ્યાજ કરે છે. અને સંશોધન વિષયનાં અનુસંધાને જોઈએ તો સ્ત્રી પુરૂષ પ્રધાન સમાજમાં કચડાતી, દબાતી અને નમાલી બનીને જીવન વ્યતિત કરે છે. તેનું શોષણ થતુ આવ્યું છે.

શોષણ એટલે કે વ્યક્તિને અથવા તો માનવીને જ્યારે તેના સામાજિક દરજ્જા પ્રમાણે, સ્થાન પ્રમાણે સમાન હક્કો પ્રાપ્ત ન થાય અને તેના હક્કો છીનવીને તેને હેરાન પરેશાન કરવામાં આવે તેનુ જીવન નર્ક બનાવી દેવાય ત્યાં સુધીની પરિસ્થિતિ ઉભી થાય ત્યારે તે શોષણ બને છે. સ્ત્રીવર્ગ હંમેશા સહન કરતો આવેલો એક અધિકાર રહિતનો વર્ગ છે.

આપણો સંશોધન પ્રશ્ન આવા જ વર્ગનો ઉંડો અભ્યાસ કરીને તેના નિરાકરણ માટે મનોમંથન કરવાના પ્રયત્નરૂપે જ છે. ભારતમાં તેમજ ગુજરાતમાં સ્ત્રીઓની આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને

કૌટુંબિક  સમસ્યાઓ જોવા મળે છે. ગુજરાતના અમદાવાદ જીલ્લાના સાણંદ તાલુકાના ગામોમાં વસ્તા કોળી કુટુંબોની સ્ત્રીઓની પરિસ્થિતિ પણ તેવીજ છે. તેઓના સમાજમાં દષ્ટિપાત કરીએ તો તે સ્ત્રીઓ પણ સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, રાજકીય ક્ષેત્રે શોષાતી આવી છે. તેમની શોષણ સાથે રક્ષણ મેળવવા માટેના કાયદાકીય માહિતી પણ ઓછી જોવા મળે છે.

સાણંદ તાલુકાના કોળી સમાજમાં અનેક રૂઢિઓ, મૂલ્યો, વિધિ નિષેધોને કારણે સ્ત્રીઓનું સ્થાન ઘણું નિમ્ન કક્ષાનું જોવા મળે છે. કોળી સમાજમાં સ્ત્રીઓ અનેક સમસ્યાઓ વચ્ચે જીવન વ્યતીત કરતી હોય છે. આ વિસ્તારમાં સંશોધકે ૧૫ વર્ષ કામ કર્યુ છે. આ સમયગાળા દરમિયાન જોયુ છે કે સ્ત્રીઓ હજુ ઉત્પાદન સાધનોમાં પ્રત્યક્ષ માલિકી ધરાવતી નથી. નિર્ણયોમાં તેની ભાગીદારી જાણતી નથી, ભારતીય બંધારણ થયેલ રક્ષણાત્મક કાયદાઓની માહિતી અલ્પ પ્રમાણમાં જોવા મળે છે. આ તાલુકો અમદાવાદ જીલ્લાથી માત્ર ૨૩ કિ.મી. દુર આવેલો હોવા છતાં તાલુકાના ગામોમાં વસ્તી કોળી પટેલ બહેનો હજી અનેક સમસ્યાઓથી ઘેરાયેલી જોવા મળી છે.

પરિવર્તનના વાહકો જેમ કે સંચાર માધ્યમો, વાહન વ્યવહાર, માળખાકીય સુવિધાઓમાં વધારો, શિક્ષણ, અન્ય જુથો સાથેની આંતરક્રિયા વગેરે આ બહેનોમાં પરિવર્તન લાવી રહ્યા છે. આ પરિવર્તનનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરવાની ખેવનાથી આ અભ્યાસ કરવા સંશોધક કટિબદ્ધ થયેલ છે.

**સંશોધનના હેતુઓ :**

૧. કોળીપટેલ સ્ત્રીઓની સામાજિક, આર્થિક પૃષ્ઠભૂમિ તપાસવી.

૨. કોળી પટેલ સ્ત્રીઓનો કુટુંબોમાં દરજ્જો અને કુટુંબમાં તેમની ભૂમિકા જાણવી, સમજવી.

૩. કોળી પટેલ સ્ત્રીઓની કાયદાકીય જાગૃતિને જાણવી અને સમજવી.

૪. કોળી પટેલ સ્ત્રીઓની રાજકીય જાગૃતિને જાણવી અને સમજવી.

૫. સ્ત્રીઓમાં સ્વૈચ્છિક સંગઠન સાથેના જોડાણથી સામાજિક, કાયદાકીય, રાજકીય જાગૃતિ સંદર્ભે આવેલ પરિવર્તન તપાસવું.

૬. કોળી પટેલ સ્ત્રીઓની ઉત્પાદનના સાધનો પરની માલિકી વિષે જાણવું.

**ઉપકલ્પનાઓ :**

૧. કોળી પટેલ સ્ત્રીઓની આર્થિક પરિસ્થિતિ નબળી છે.

૨. સ્ત્રીઓમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ નહીવત છે. સ્ત્રીઓ તેમના સામાજિક બંધનો રૂઢિગત ખ્યાલોને લઈને નિર્ણાયક ભૂમિકામાં સ્ત્રીનું સ્થાન નિમ્ન છે.

૩. સ્વૈચ્છિક સંગઠન નું સભ્યપદ ધરાવતી કે ન ધરાવતી બ્હેનોમાં સામાજિક રાજકીય, કાયદાકીય જાણકારીના પ્રમાણમાં તફાવત છે.

૪. સ્ત્રીઓમાં સ્ત્રી રક્ષણાત્મક કાયદાઓની જાણકારીનું અલ્પ પ્રમાણ છે.

૫. સ્ત્રીઓમાં રાજકારણમાં સક્રિય ભાગીદારી લેવાની તૈયારી ઓછી છે.

૬. કોળી પટેલ સ્ત્રીઓ પાસે નહિંવત ઉત્પાદનના સાધનોની માલિકી છે.

૭. સ્ત્રીઓ - તેમની જ્ઞાતિના માન્યતા, વલણો અને બંધનોને કારણે કુટુંબના નિર્ણયાત્મક બાબતોમાં નિમ્ન સ્થાન ભોગવતી છે.

**અભ્યાસ વિષય શા માટે ? :**

સાણંદ વિસ્તારોમાં વસતા તળપદા કોળી પટેલ જ્ઞાતિના પુરૂષો પુરૂષ પ્રધાન સમાજ હોવાને કારણે વિકાસની પ્રક્રિયામાં ગતિ કરી રહ્યા છે, છતાં એજ સમાજની સ્ત્રીઓમાં પરિવર્તન, જાગૃતિ, પ્રક્રિયા ઘણી ધીમી કે નહીંવત દેખાય રહી છે. આ પ્રક્રિયાને ઉંડાણપૂર્વક સમજવાના હેતુથી અભ્યાસ પ્રશ્નને નીચેની કેટલીક બાબતોના સંદર્ભમાં મર્યાદીત રીતે અભ્યાસ કરવાનો પ્રયત્ન કર્યો છે. સ્ત્રીઓની ભૂમિકા-દરજ્જાને તેમજ તેનામાં સામાજિક, રાજકીય, કાયદાકીય જાગૃતિને ધ્યાનમાં રાખીને આ અભ્યાસ કરવા પ્રયત્ન કર્યો છે.

(૧) એ જ્ઞાતિના લોકોની બોલી, પરિવેશ એ બધુંજ ધ્યાન ખેંચે તેવું હોય છે. અમદાવાદ મહાનગરથી નજીકના જ તાલુકામાં વસતા હોવા છતાં સામાજિક, રાજકીય, કાયદાકીય જાગૃતિથી વંચિત છે એવુ મને મારા નોકરી દરમ્યાન ક્ષેત્રકાર્ય દરમ્યાન અનુભવાયું છે. આથી આ અભ્યાસનું વિચાર્યું.

(૨) સ્ત્રીઓના સ્થાન, દરજ્જો, ભૂમિકાઓ વિષે ઘણી જ્ઞાતિની સ્ત્રીઓનાં અભ્યાસ થયા છે. પરંતુ સાણંદ તાલુકામાં વસતા તળપદા કોળી પટેલ સ્ત્રીઓ પર અભ્યાસ થયા નથી. આથી આ કાર્યમાં પ્રેરાઈ છું. સ્ત્રીઓનું સામાજિક, ધાર્મિક, આર્થિક પ્રવૃત્તિઓમાં  સ્થાન જાણવા અને કોળી પટેલ સ્ત્રી આર્થિક ઉપાર્જનમાં પુરૂષ સમોવડી હોવા છતાં પુરૂષો જેટલો હક્ક ભોગવી શકતી નથી, આ પરિસ્થિતિ સમજવાનો આ પ્રયાસ છે.

(૩) સરકારી તંત્ર દ્વારા તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સ્ત્રીઓના દરજ્જા, વિષયક રાષ્ટ્રીય સમિતિની રચના કરી બંધારણમાં કાયદા દ્વારા અને પંચવર્ષીય યોજનાઓ દ્વારા સ્ત્રીઓનાં કલ્યાણ અને વિકાસ અંગે નીતિ કાર્યક્રમો ઘડાયા હોવા છતાં આજે સાંણદ વિસ્તાર તળપદા કોળી પટેલ સમાજની સ્ત્રીઓ બાકાત રહેલી જોવા મળે છે. આથી મારા અભ્યાસનો વિષય એ રાખ્યો છે.

(૪) સાંણદ વિસ્તારમાં જ્યોતિસંઘ, સેવા, કર્મસંઘ, દલિત શક્તિ કેન્દ્ર વગેરે. જેવી સ્વૈચ્છિક સંસ્થા બહેનો માટે કામ કરે છે. જેથી કોળી પટેલ સ્ત્રીઓમાં સામાજિક, રાજકીય, કાયદાકીય જાગૃતિ કોઈ પરિવર્તન જોઈ શકાય છે નહિ જાણવા માટે અભ્યાસ કરવા માટે વિચાર્યું.

**સંશોધનની પદ્ધતિઓ / પ્રયુક્તિઓ :**

સામાજિક સંશોધનમાં જેવી રીતે વિષય પસંદગી કરતી વખતે સાવચેતી રાખવી તેવી જ રીતે કઈ પદ્ધતિથી માહિતી માહિતી એકત્રીત કરવી છે તેની પસંદગીમાં પણ સાવચેતી રાખવી પડે છે. કારણકે અભ્યાસનો વિષય અને એકમ કયુ છે તેને અનુલક્ષીને પદ્ધતિ નક્કી કરવામાં આવે છે. અને તેના આધારે જ અભ્યાસ વૈજ્ઞાનિક બની શકે છે.

પ્રસ્તુત સમાજકાર્ય ની દ્દષ્ટિએ કરેલ સંશોધનમાં કોળી પટેલ સ્ત્રીઓનો નિદાનાત્મક અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. પ્રસ્તુત સર્વે સંશોધનમાં ગ્રંથાલય, મુલાકાત અનુસૂચિ, વ્યક્તિગત અને સામુહિક મૂલાકાત (FGD) જેવી વિવિધ પ્રવિધિઓથી વિગતો એકત્રીત કરવામાં આવી છે.

**ગ્રંથાલય પ્રવિધિ :**

પ્રસ્તુત અભ્યાસમાં સૌ પ્રથમ વિષય પસંદગી કરવા માટે પૂર્વ અભ્યાસોની ભૂમિકા મેળવવા તથા પ્રાથમિક પ્રારંભિક માહિતી પ્રાપ્ત કરવા ગ્રંથાલયનો ઉપયોગ કર્યો છે. અભ્યાસ વિષયની નવી તેમજ છેલ્લીમાં છેલ્લી માહિતી, વિષયને અનુરૂપ પુસ્તકો લેખો, સામયિકો, સમાચાર પત્રો, જ્ઞાન કોષ (Encyclopedia) તેમજ ઈન્ટરનેટ દ્વારા વિષય સંદર્ભે મેળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ ક્ષેત્રમાં થયેલા સંશોધન અભ્યાસો, સર્વેક્ષણો, અહેવાલોનો આધાર લેવા માટે ગ્રંથાલય પદ્ધતિનો ઉપયોગ કરીને વધુ સ્પષ્ટતા પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરેલ છે.

**ચર્ચા-વિચારણા :**

સંશોધન અંગે સ્પષ્ટતા મેળવવા તથા ચોકસાઈ માટે ચર્ચા-વિચારણાનું પણ મહત્ત્વનું યોગદાન વિષય પસંદગીથી શરૂ કરીને અભ્યાસના અંત સુધી સતત ચર્ચા વિચારણા કરવાથી સંશોધન કાર્યને મદદ મળે છે. સંશોધનની નવી બાબતોને યોગ્ય રીતે મૂકી શકાય છે. તેમજ સંશોધનમાં આવનારા અવરોધોને રોકી શકાય છે.

સંશોધન સંદર્ભે વિવિધ માહિતીઓ સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકરો, ગામ આગેવાન, જ્ઞાતિ આગેવાનો, વિવિધ વિદ્યાર્થીઓ તેમજ તાલીમાર્થીઓ પાસેથી વ્યક્તિગત રીતે તેમજ જૂથમાં ચર્ચા-વિચારણા કરવામાં આવી છે. મહિલાઓ ઉત્થાન માટે કાર્ય કરતી 'જ્યોતિ સંઘ', 'કર્મ સંઘ' 'સેવા' 'જન વિકાસ' 'દલિત શક્તિ કેન્દ્ર' વિગેરે સંસ્થાના હોદેદારો તેમજ તેના કાર્યક્ષેત્રના વિવિધ કાર્યકરો સાથે ચર્ચા કરી સ્પષ્ટતા મેળવવામાં આવી છે. જેથી સંશોધક સંશોધન દરમ્યાન ઝીણામાં ઝીણી બાબતોને ધ્યાનમાં લઈ શકે. સંશોધન કાર્યને પૂર્ણ કરવાના અંતિમ ચરણ સુધી અવનવી માહિતીને સંશોધન અહેવાલમાં સમાવેશ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**સંશોધન ક્ષેત્ર :**

ગુજરાતમાં કોળી જ્ઞાતિ દરેક જીલ્લાઓમાં જોવા મળે છે. દરેક વિસ્તારમાં વસતા કોળી પટેલની પેટા જ્ઞાતિ એક સરખી જોવા મળતી નથી. તેમની આર્થિક પરિસ્થિતિ, સામાજિક પરિસ્થિતિ તેમજ રાજકીય કાયદાકીય જાગૃતિનું પ્રમાણ વધારે ઓછું જોવા મળે છે. તળપદા કોળી પટેલો અમદાવાદ જીલ્લા સાણંદ, બાવળા, ધોળકા, વિરમગામ વગેરે તાલુકામાં જોવા મળે છે. પ્રસ્તુત અભ્યાસના સંશોધન કર્તા તરીકે સાણંદ તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં વસતી કોળી પટેલ બેહનોની પસંદગી કરી છે. આ કોળી પટેલ જ્ઞાતિ સાણંદના ૧૦૦ ગામોમાં વસે છે પરંતુ આ બધાજ ગામોની મહિલાનો અભ્યાસ કરવો શક્ય નથી. આથી જે-જે ગામોમાં કોળી પટેલની વસતી વધારે હોય એવા ગામોની પસંદગી કરી છે. માર્ગદર્શકશ્રી સાથે ચર્ચા કરી ૨૦૦ કુટુંબો નિદર્શ રૂપે પસંદ કર્યા. સાણંદ તાલુકાના ૧૩ ગામોની પસંદગી પ્રસ્તુત અભ્યાસમાં કરેલ છે. આ દરેક ગામોમાં વસતા કોળી પટેલ જ્ઞાતિના સમગ્ર કુટુંબોના જુદા જુદા વાસમાંથી નમુના પસંદ કર્યા છે. અભ્યાસકર્તાના ૧૫ વર્ષના ક્ષેત્ર પરિચયને લઈને કોળી પટેલ જ્ઞાતિની મોટી વસતી ધરાવતા ગામોની પસંદગી કરી છે. જે નામો નીચે મુજબ છે.

**સંશોધનમાં આવરી લેવાયેલ ગામોના નામ :**

(૧) પીંપણ (૨) સોયલા (૩) શીયાવાડા (૪) ચરલ (૫) વસોદરા (૬) રસુલપુરા (૭) અમથાપુરા (૮) ડરણ (૯) કુંવાર (૧૦) પોપટપુરા (૧૧) કોદાળીયા (૧૨) માણકોલ (૧૩) નાનીદેવતી.

મિશ્ર વસ્તી ધરાવતા ગામોમાં તેઓ પટેલ, ઠાકોર, હરિજન, દરબાર વગેરે જ્ઞાતિઓ સાથે રહેતા જોવા મળ્યા છે.

સાણંદ તાલુકામાં મુખ્ય ૬૭ અને ૩૩ ગૃપમાંથી ગામોમાં ૭૧ ગામોમાં કોળી પટેલ કુટુંબોની વસતિ જોવા મળે છે. જે સાણંદ નગરથી ૪ કિ.મી. ના અંતર થી લઈને ૨૫ કિ.મી.ના અંતરે છે. આ ગામોના ઉત્તરદાતાઓની વિધાયક તત્પરતાને લક્ષ્યમાં રાખીને તેમની પસંદગી કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**નિદર્શન :**

આધુનિક યુગમાં સમય અને નાણાંનો બચાવ કરી વિશ્વાસનીય અને યથાર્થ સાર્વત્રિત બની શકે તેવા તથ્યો-સત્યોને શોધવા માટે આ નિદર્શન સવિશેષ ઉપયોગી થાય છે.

સામાજિક સંશોધન નું ધ્યેય સમાજજીવન વિષે વિશ્વસનીય અને યથાર્થ તારણો તારવવાનું છે. આ ધ્યેય સિદ્ધ કરવામાં નિદર્શન મહદ અંશે જરૂરી બને છે. તેમાંયે ખાસ કરીને વિકસતા સમાજો કે જ્યાં નાણાંકીય સાધનોની તંગી પ્રવર્તે છે. સામાજિક આયોજન અને સામાજિક નીતિનું ઘડતર કરવા માટે સામાજિક માહિતીની જરૂરી બને છે. માહિતી પ્રાપ્ત કરવા માટે નિદર્શન વધુ ઉપયોગી બને છે.

નિદર્શન પૂર્ણ ગણત્રીની તુલનામાં પૃથક્કરણ કરવામાં વધુ ચોક્સાઈપૂર્ણ અને યથાર્થ પરિણામો મેળવામાં ઉપયોગી બને છે તેમજ ઓછી ખર્ચાળ છે. ઘણી વખત પૂર્ણ માહિતીની યથાર્થતા અને વિશ્વસનીયતા ચકાસવા માટે પૂરક માહિતી માટે નિદર્શનનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. આ ઉપરાંત પૂર્ણ ગણતરીની તુલનામાં ઓછા એકમોને લગતી માહિતી મેળવવાની હોવાથી પ્રત્યેક એકમને લગતી વિસ્તૃત માહિતી મેળવવી શક્ય બને છે. એટલું જ નહિ. પરંતુ ઉંડાણપૂર્વક અનેકાનેક દૃષ્ટિકોણથી અભ્યાસ કરવો શક્ય બને છે.

નિદર્શનના બે પ્રકાર પડે છે.

(૧) યદચ્છ નિદર્શન

(૨) બિન યદચ્છ નિદર્શન

પ્રસ્તુત અભ્યાસમાં નિદર્શન માટે Snowball પ્રવિધિને પ્રયોજવામાં આવી છે. સંશોધન વિશ્વના બધાજ ગામોમાં લાંબા સમયનો પરિચય સંશોધકનો હતો જ. આથી સંશોધનમાં સમાવિષ્ટ ગામોમાં કોળી પટેલ જ્ઞાતિની મહિલાઓ સાથે પણ પરિચય હતો. પરિચયના આધારે દરેક ગામમાંથી અમુક નિદર્શ ગામની ભૌગોલિક સંરચનાના આધાર પર બધાંજ કોળી મહોલ્લાને પ્રતિનિધિત્વ મળે તે રીતે પસંદ કર્યા. દરેક સમાવિષ્ટ ગામોમાં અલગ અલગ સંખ્યામાં કોળી મહોલ્લાઓ છે દરેક મહોલ્લાઓમાંથી ત્રણ થી ચાર કુટુંબો પસંદ કરવામાં આવ્યા. આ કુટુંબના મહિલા સભ્યને ઉત્તરદાતા તરીકે પસંદ કરવામાં આવ્યા. આ મહિલા સભ્યો દ્વારા અન્ય ઉત્તરદાતાની પસંદગી કરવામાં આવી એટલે કે Snowball જેમ ઉત્તરદાતાએ સંદર્ભ આપતા અન્ય ઉત્તરદાતા પસંદ કર્યા. આમ જરૂરી સંખ્યા સુધી એક પછી એક ઉત્તરદાતાની પસંદગી કરાઈ. ત્રણ કે ચાર ઉત્તરદાતા કોઈ સ્વૈચ્છિક સંસ્થા કે સંગઠન સાથે જોડાયેલા હોય તેવું પસંદી કરવામાં ધ્યાન અપાયું છે. ૧૫ થી ૧૬ ઉત્તરદાતા ગામદીઠ પસંદ કરવામાં આવ્યા છે. આ જ્ઞાતિના લોકો મુખ્યત્વે ખેતીકામ, ખેતમજૂરી જેવા કામો સાથે જોડાયેલા હોવાથી રોજ સવારે કામે નીકળી જતા આથી માત્ર એક મુલાકાત માં જ અનુસૂચિ ભરાવવાનો પ્રયત્ન થયો નથી પરંતુ વારંવાર તેમને મળી એક સંબંધ પ્રસ્થાપિત કરી માહિતી એકત્રિત કરવાનો પ્રયત્ન કરેલ છે.

**નિરીક્ષણ :**

વિજ્ઞાનનો પ્રારંભ જેમ નિરીક્ષણથી થાય છે. તેમ વિજ્ઞાનના અંતિમ સિદ્ધાંતની યથાર્થતા અને ચકાસણી માટે પણ નિરીક્ષણ ઉપર આધાર રાખવામાં આવે છે. આમ નિરીક્ષણ માહિતી મેળવવાનું વિજ્ઞાનનું મહત્ત્વનું સાધન હોવથી સમાજશાસ્ત્રીઓ કે સમાજકાર્યકરો એ હકીકત શોધવા માટે કે સિદ્ધાંતની ચકાસણી કરવા માટેની આવશ્યક તાલીમ મેળવવી જરૂરી બને છે. સમાજશાસ્ત્રી જો એક સારો નિરીક્ષણકર્તા બની શકે તો સામાજિક વર્તન કે સામાજિક ઘટના અંગેની વિશ્વસનીય અને ચકાસણીપાત્ર માહિતી મેળવી શકે.

કોઈપણ સામાજિક વિજ્ઞાનના અભ્યાસમાં નિરીક્ષણ મહત્ત્વનું હોય છે. Oxford Dictionary મુજબ કોઈપણ ઘટનાના પારસ્પરિક સંબંધો જે તે સ્વરૂપમાં હોય તેનું યથાર્થ અવલોકન એટલે નિરીક્ષણ

પી.વી. યંગના મતે 'નિરીક્ષણ' એ વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ વિશે માહિતી મેળવવાની પ્રક્રિયા છે. અર્થાત જે પરિસ્થિતિ કે ઘટનાનો અભ્યાસ કરવાનો હોય એ ઘટના બનતી હોય ત્યારે જ ઘટના સ્થળે એ ઘટનાને જ્ઞાનેન્દ્રિયો દ્વારા જોવી અને તેને લગતી માહિતી મેળવવી તે નીરીક્ષણ કહેવાય.

સંશોધક સંશોધન વિષયના અનુસંધાનમાં જે કંઈ જુએ તેના ધ્યાન ઉપર આવતી માહિતીની નોંધ લે, હકીકત એકત્ર કરે વગેરે નિરીક્ષણની મહત્ત્વની લાક્ષણિકતાઓ છે. વાસ્તવમાં ઘટના કે પરિસ્થિતિને સમગ્રપણે નિકટથી અને હેતુપૂર્વક જોવી તેને નિરીક્ષણ કહેવાય. નિરીક્ષણ હેઠળની પરિસ્થિતિના રંગથી રંગાયા વિના નિરીક્ષણકર્તા સંશોધક પોતે જે કાંઈ જુએ તેની નોંધ લે ત્યારે તેને નિરીક્ષણ કહેવાય.

નિરીક્ષણ પદ્ધતિના બે પ્રકાર પડે છે.

૧. નિયંત્રીત નિરીક્ષણ

૨. અનિયંત્રીત નિરીક્ષણ

સંશોધક સંશોધન શરૂ કરતા પહેલા પણ ઘણા વર્ષોથી કોળી સમાજની બહેનો સાથે કાર્યકર્તા હોવાથી તેમની સાથે ઘણો સમય રહેવાનું થતું. આ દરમ્યાન તેમજ સંશોધન શરૂ કર્યા પછી પ્રાથમિક માહિતી એકત્રિકરણના સમયે, તેમના જુદા જુદા પ્રસંગો દરમ્યાન તેમજ સ્ત્રીઓ ઘરે હોય ત્યારે તેમની સાથે ઉપચારિક વાતચિત અને જૂથમાં ચર્ચા દરમ્યાન તેમની માનસિકતા, તેમનો અન્ય સાથેનો વ્યવહાર, રહેણીકરણી, વલણો, રિતરિવાજો તેમજ અન્ય સામાજિક બાબતોના ગુણાત્મક લક્ષણોને લગતી માહિતી એકત્રિત કરવાનો અને સમજવાનો સંશોધકે સતત પ્રયત્ન કર્યો છે.

## મુલાકાત અનૂસૂચિ :

પોલિન યંગ અનુસૂચિની વ્યાખ્યા આપતાં જણાવે છે કે 'અનુસૂચિ સંશોધન કાર્યકર દ્વારા ભરવામાં આવે છે. અને જરૂર પડ્યે સંશોધન કાર્યકર માહિતીદાતાને સમજાય તે રીતે પ્રશ્નોનું અર્થઘટન કરી શકે છે.' વધુ સ્પષ્ટતા માટે વેબસ્ટરને ટાંકીને પોલીન યંગ અનુસૂચિને પ્રશ્નોની બનેલી વિગતવાર યાદી તરીકે ઓળખાતા લખે છે કે ''અનુસૂચિ એ ગણત્રી કરવાની પ્રયુક્તિ છે.'' તેનો ઉપયોગ ઔપચારિક અને પ્રમાણીકૃત તપાસોમાં કરવામાં આવે છે. અને તેનો મુખ્ય હેતુ સંખ્યાત્મક માહિતી એકત્ર કરવાનો છે.

પ્રસ્તુત અભ્યાસમાં મુલાકાત અનુસૂચિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અભ્યાસ વિષયને અનુરૂપ અભ્યાસો તેમજ અનુભવો અને અનુમાનોને આધારે માર્ગદર્શક સાથે પરામર્શ કરીને મુલાકાત અનુસુચિ તૈયાર કરી, તૈયાર કરેલી અનુસૂચિની સૌ પ્રથમ પૂર્વ ચકાસણી કરવામાં આવી. પૂર્વ ચકાસણી માટે જે ઉત્તરદાતાઓને પસંદ કર્યા હતા. તેમનો સમાવેશ અભ્યાસના ઉત્તરદાતામાં કરવામાં આવ્યો ન હતો અનુસૂચિ ભરાઈ ગયા બાદ તે જ દિવસે તેની ચકાસણી કરી તેમાં જો કોઈ માહિતી ખૂટતી હોય તો ફરી બીજા દિવસે જઈને ફરી મુલાકાત લઈને તે માહિતીની પૂર્તતા કરવામાં આવતી.

## મુલાકાત માર્ગદર્શિકા :

તળપદા કોળી પટેલ જ્ઞાતિની સંસ્કૃતિ, સામાજિક, ધાર્મિક રીત-રિવાજો, આર્થિક સ્વાવલંબન, રાજકીય કાયદાકીય બાબતોને જાણકારી પ્રાપ્ત કરવા તથા ઔદ્યોગિક વિકાસ તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓના અથાગ પ્રયાસોને કારણે તેમના સ્થાન દરજ્જામાં આવી રહેલ પરિવર્તનને તપાસી તેમની મુશ્કેલીઓ, ઉપાયો, વિકાસમાં વધુ સ્ત્રોતો માટે સૂચનો વગેરેની ઉંડાણપૂર્વકની માહિતી મેળવવા માટે આ સમુદાયના આગેવાનો અનુભવી વ્યક્તિઓ, સ્વૈચ્છિક સંગઠનના કાર્યકરો, તાલુકાના સામાજિક કાર્યકરો, સરકારી કચેરીઓના અધિકારો વગેરેની મુલાકાત લીધી હતી. સમાજના અગ્રણીઓને મળી વખતોવખત જ્ઞાતિના બંધારણની માહિતી મેળવવાનો પ્રયાસ પણ કર્યો છે. આ બધા કાર્ય માટે અગાઉથી જ મુલાકાત સમયે એકત્રિત કરવાની માહિતી સંબંધિ માર્ગદર્શિકા તૈયાર કરી ઉપયોગમાં લેવામાં આવી હતી.

## માહિતીનું વર્ગીકરણ અને પૃથક્કરણ :

સંશોધનની જુદી જુદી પદ્ધતિઓનો ઉપયોગ કરીને પ્રાથમિક માહિતી મેળવેલ હોય કે દસ્તાવેજી સ્ત્રોતોમાંથી ગૌણ માહિતી મેળવેલ હોય પરંતુ મેળવેલી માહિતીના જુદા જુદા ચલો વચ્ચેનો સંબંધ સમજીને તારણો તારવવા માટે અથવા માહિતીનું અર્થઘટન કરવા માટે એકત્રીત કરેલ માહિતીનું વિશ્લેષણ કરવું જરૂરી બને છે.

યંગે કેરલી ચર્ચા ઉપરથી વિશ્લેષણ માટે એક કહી શકાય કે 'એકત્રીત કરેલી માહિતીના આધારે સંશોધનના સામાન્ય તારણો તારવવા માટે માહિતીના વિવિધ ચલોની યોગ્ય ગોઠવણી કરવામાં અને તેમની વચ્ચેના તાર્કિક સંબંધમાં મૂકવાની પ્રક્રિયાને માહિતી વિશ્લેષણ કહેવાય.'

પ્રો. મસીહીએ વિશ્લેષણના અર્થ વિષે બતાવ્યુ છે કે એકત્રીત કરેલી માહિતીમાંથી સંશોધન સમસ્યાનો ઉત્તર કેટલે અંશે મળે છે તે જોવા માટે માહિતી ઉપર કરવામાં આવતી પ્રક્રિયાને વિશ્લેષણ કહેવાય છે.

સંશોધકે પ્રસ્તુત અભ્યાસમાં પ્રથમ તો માહિતીને એકત્ર કરી જેમાં ગ્રંથાલયનો ઉપયોગ, મુલાકાત અનૂસૂચિને બનાવી અને તે દ્વારા માહિતી એકત્રિત કરી અને તે માહિતીની કોડશીટ બનાવી અને તેને આધારે અનુસૂચિના ઉત્તરોનું કોડીંગ કર્યા પછી બાદ તેની ગણતરી કરી ઉંમર, શિક્ષણ, સામાજિક પરિસ્થિતિ, કાયદાકીય, રાજકીય પરિસ્થિતિની વિગતો ગોઠવી પરિવર્ત્યોને આધારે ટકાવારી દર્શાવતા કોઠા તૈયાર કર્યા, તેને ધ્યાનમાં રાખી માહિતીનું અર્થઘટન કરી તારણો તારવવામાં આવ્યા. સમગ્ર અભ્યાસને નીચે મુજબના સાત પ્રકરણોમાં રજૂ કર્યા છે.

૧. સંશોધન અભ્યાસની કાર્યપદ્ધતિ.
૨. સ્ત્રી અભ્યાસોનું વિહંગાવલોકન અને અભ્યાસની સૈદ્ધાંતિક ભૂમિકા.
૩. કોળી જ્ઞાતિ અને વિસ્તાર પરિચય.
૪. ઉત્તરદાતાની વૈયક્તિક અને કૌટુંબિક વિગતો
૫. કોળી પટેલ મહિલાઓની સામાજિક અને આર્થિક જાગૃતિ/સભાનતા.
૬. કોળી પટેલ મહિલાઓની કાયદાકીય - રાજકીય જાગૃતિ/સભાનતા.
૭. તારણ - નિષ્કર્ષ અને ક્રિયાત્મક આયોજન

**ક્ષેત્રકાર્યના અભુનવો :**

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં સંશોધનકર્તા મહિલા તરીકે ગ્રામીણ મહિલાઓની સામાજિક, આર્થિક, રાજકીય અને કાયદાકીય જાગૃતિ અંગેની માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો છે.

સંશોધનકર્તાએ આ વિસ્તારમાં ૧૫ વર્ષથી કાર્ય કરી રહ્યા છે. વિસ્તારની દ્રષ્ટિએ પરિચય તો હતો જ મહિલાઓ સાથે મારા કાર્યને લઈને અનુભવ હતો એટલે મહિલા ઉત્તરદાતા તરીકે માહિતી લેવામાં કોઈ તકલીફ પડી નથી. પરંતુ મહિલા ઉત્તરદાતાઓના કુટુંબીજનોને જયારે મળવાનું થતુ અને હું જયારે માહિતી લેખિતરૂપ લેતી હોઉં ત્યારે મારી સામે શંકા નજરે જોતા હતા. ઘરની વડીલ સ્ત્રીઓને મનમાં સતત એવુ થતુ અમારી વહુને આવીને ભડકાવવાનું કામ તમે કરો છો. આથી મુશ્કેલી થતી.

ઉત્તરદાતા તરીકે મહિલાઓ હોવાથી તેમને અનુકુળ સમયે અને સ્થળે જવું પડતું હતું. જ્ઞાતિના વડીલો, આગેવાન, જ્ઞાતિપંચના સભ્યોને મળ્યા ત્યારે પહેલાં બે-ત્રણ મુલાકાતમાં તેઓ એમને માહિતી ન આપી પરંતુ મારા સંશોધનના હેતુથી તેમજ મારા દ્વારા ગામની મહિલાઓ સાથે કામગીરીને કારણે તેમને મારામાં વિશ્વાસ આવ્યો અને મને માહિતી આપી.

**અભ્યાસની મર્યાદા :**

- મારા સંશોધન વિષયવસ્તુને આધારે કોળીપટેલ જ્ઞાતિના પાર્શ્વભૂમિકામાં સ્ત્રીઓનું સ્થાન દરજ્જો જ્ઞાન વલણ આ બધી બાબતો અભ્યાસ કરવામાં આવ્યો છે જે શક્ય છે કે અન્ય જ્ઞાતિની સ્ત્રીઓ ઉપર સંપૂર્ણ બંધબેસતા ન આવે પરંતુ આજ પ્રકારનાં સામાજિક-આર્થિક વાતાવરણ રહેતી વસતિ અન્ય ગ્રામીણ મહિલાઓના સંદર્ભમાં અમુકઅંશે મળતી આવી શકે.
- મારા જ્ઞાનની મર્યદામાં મળેલ માહિતીનું વિશ્લેષણ કરેલ છે જે અન્ય માટે તેઓના હેતુને પરિપૂર્ણ ન પણ કરી શકે એ બનવાજોગ છે.
- પરિણીત અને નોકરિયાત એવી બેવડી ભૂમિકાને કારણે સમયની ઘણી ખેંચ અનુભવી છે. આ ખેંચના કારણે માહિતીના વિશ્લેષણમાં અને પ્રસ્તુતીકરણમાં ઉતાવળ કરવી પડે છે જે કોઈ અભ્યાસના ક્ષેત્રને અન્યાયકર્તા બન્યુ હોય તેમ બની શકે છે.

# પ્રકરણ-૨
# સ્ત્રી અભ્યાસોનું વિહંગાવલોકન અને અભ્યાસની સૈધ્ધાંતિક ભૂમિકા

★ પ્રસ્તાવના

★ મહિલા અને મહિલા વિકાસ અંગેના અધ્યયનોનું વિહંગાવલોકન

- ભૂમિકાના વર્ચસ્વનો સિધ્ધાંત
- રૂઢીગત ધારણાઓ સ્વ અને પ્રગતિશીલતા
- કેળવણી પ્રગતિશીલતા અને તકની સમાનતા
- પરિવર્તન માટેની આવશ્યકતા
- માળખા સંગઠનો અને સ્ત્રીઓની ચળવળ

**પ્રસ્તાવના :**

નારી એ કુટુંબનું મૂળ છે. કુટુંબ એ સમુદાય અને સમુદાય એ રાષ્ટ્રનું મૂળ છે.

અથર્વવેદમાં કહ્યું છે કે, ''નવવધુ તુ જે ઘરે જઈ રહી છે ત્યાં તું સામ્રાજ્ઞી છે. તારા સસરા, સાસુ, દિયર અને અન્ય તને સામ્રાજ્ઞી સમજી તારા શાસનથી આનંદિત થશે.''

યજુર્વેદમાંથી પૂર્ણ રીતે સ્પષ્ટ થાય છે કે નારીને સંધ્યા કરવાનો તેમજ ઉપનયન સંસ્કાર પ્રાપ્ત કરવાનો અધિકાર હતો. આ કાળમાં અર્ધાંગિની વગર ધર્મકાર્યને પૂર્ણ ગણવામાં આવતું નહોતું.

પ્રો.હાફકિંક્સે કહ્યું છે ''મનુસ્મૃતિમાં એક સ્ત્રીનો પતિ બધી રીતે દુર્ગુણી હોય છતાં એ દેવતા સમાન પૂજ્ય છે. એ એક માત્ર કેન્દ્ર જેના ચિંતનમાં સ્ત્રી પોતાની જાતને સમાવી લે. એ જ એના જીવનનો તાણોવાણો છે અને એ જ એના માટે સર્વસ્વ છે.''

ડૉ.ડી.એન. મજમુદારના મતે હિંદુ પરિવારમાં સૌથી વધારે રૂઢિવાદી તત્વ એ 'સ્ત્રી' છે. અને પરંપરાગત રૂઢિઓનું પાલન એના દ્વારા જ કરાવવામાં આવે છે.

હિંદુ સમાજમાં સ્ત્રીઓના સ્થાનની ચર્ચા કરીએ એ સાથે જો પારસી ધર્મની વાત કરીએ તો પારસી ધર્મ એ સમાજ અને પરિવારમાં સ્ત્રીઓને આદરથી જુએ છે. તેમાં સ્ત્રીઓને સંપત્તિ રાખવાનો, ધાર્મિક તથા ધર્માંતર શિક્ષા વગેરેનો અધિકાર આપવામાં આવે છે. આ સિવાય પારસી સ્ત્રીને વિવાહ વિચ્છેક અને પુનઃવિવાહની સ્વીકૃતિ પણ આપવામાં આવેલ છે.

સ્ત્રીઓ પ્રત્યેના સમાજના દ્રષ્ટિકોણમાં આમુલ પરિવર્તનની ક્રાંતિકારી આહલોક તો ગાંધીજીએ જ જગાડી એમ કહી શકાય અને તેથી જ પૂ.કાકાસાહેબે લખ્યું છે કે ''ગાંધીયુગથી સ્ત્રી જાગૃતિના નૂતનયુગનો પ્રારંભ થાય છે.''

ગાંધીજીએ કહ્યું છે સ્ત્રીને અબળા કહેવું એ તેને અપશબ્દ કહેવા સમાન છે. અબળા કહીને સમાજે તેની સાથે અન્યાય કર્યો છે.

સ્ત્રીએ ત્યાગ, તપશ્ચર્ય, અહિંસા, ધર્મ, સહનશીલતા અને પ્રેમની સાક્ષાત મૂર્તિ છે.

સ્ત્રીઓનું આર્થિક ક્ષેત્રે પ્રદાનની વાતને પ્રોત્સાહન આપતાં ગાંધીજીએ કહ્યું છે ''પતિ જે પૈસા કમાય છે એમાં પત્ની તરીકે સ્ત્રીનો સરખો ભાગ છે ભલેને સ્ત્રી ગૃહકાર્ય જ કરતી હોય પરંતુ તે દાસી નથી સરખી ભાગીદાર છે. અને ઉમેર્યું છે કે સ્ત્રીને પુરૂષની તમામ બાબતો વિશે જાણવાનો અધિકાર છે.''

ઈતિહાસ એ વાતનો સાક્ષી છે કે જ્યારે કોઈ પુરૂષપ્રધાન સમાજે નારી જાતિની અવહેલના અવગણના કરી હોય તો તે સમાજનો વિકાસ અવરોધાયો છે. એનું પતન થયું છે. પરંતુ જ્યારે નારી જાતિને સન્માન આપવામાં આવ્યું હોય એને પ્રેરણાદાયી સ્ફૂર્તિદાયિની જગતજનની વિગેરે સ્થાન આપવામાં આવ્યું ત્યારે સમાજ ઉન્નતિના સર્વોચ્ચ શિખરે પહોંચ્યું છે.

"યત્ર નારી : પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતા :"

"જો ઈશ્વર પ્રકાર પુંજ છે તો નારી તેનું કિરણ છે જે ચારે તરફ પ્રકાશ ફેંકે છે."

"જો ઈશ્વર શબ્દ છે તો નારી એનો અર્થ છે એ ઉક્તિઓ પ્રચલિત છે ત્યાં બીજી તરફ મનુએ કહ્યું છે" "હિંદુ મહિલા આજીવન પુરૂષ પર આશ્રિત છે."

સ્ત્રી અને પુરૂષ બન્ને સમાજને ચલાવવા સરખા ભાગીદાર છે. છતાં માત્ર જૈવિક ભિન્નતાને કારણે સ્ત્રીને અત્યંત નિકૃષ્ટ માનવામાં આવે છે. શેક્સપિયરના મૈકબેથ નાટકના કથાવસ્તુમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે પુત્રને જન્મ આપનાર મહિલા જ સન્માન યોગ્ય છે.

સાતમા દશકમાં મહિલાઓની પરિસ્થિતિમાં સુધારો જોવા મળ્યો છે. ગુજરાતી સમાજશાસ્ત્રી ડૉ.એ.આર. દેસાઈએ તેના એક લેખમાં કહ્યું છે "ભારતીય મહિલાઓમાં નવી સંવેદના અને ચેતનાનો વિકાસ થઈ રહ્યો છે. જેનાથી તે વધુ સમય એ કૌટુંબિકતા, સંસ્થાગત, રાજનૈતિક અને સાંસ્કૃતિક માપદંડોની ઘુટનમાં નહી રહેવું પડે. જેના કારણે તેની હંમેશા અપમાનજનક સ્થિતિ રહી છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘના ભૂતપૂર્વ મહાસચિવ કુર્ત વાલ્દહીએ સંયુક્ત રાષ્ટ્ર આયોગને મહિલાઓની સ્થિતિ અંગેના અહેવાલમાં જણાવ્યું છે કે "જ્યારે મહિલાઓ વિશ્વની અડધી વસ્તી ૧/૩ શ્રમશક્તિનું પ્રતિનિધિત્વ કરકે છે ત્યારે વિશ્વની આવકનો કેવળ દસમો ભાગ તથા વિશ્વની સંપત્તિનો એક પ્રતિશતથી પણ ઓછું વળતર મેળવે છે. તે તેના કુલ કામકાજના કલાકોમાંથી ૨/૩ સમય સુધી કાર્ય કરવા માટે જવાબદાર છે. વિશ્વની ૩ અભણ વ્યક્તિઓમાં બે વ્યક્તિ મહિલા છે. સાક્ષરતાનો દર વધે છે. છતાં આજે આ પરિસ્થિતિ છે.

મહિલાઓ પ્રત્યેના ભેદભાવપૂર્ણ વ્યવહાર ત્યાં સુધી રહેશે જ્યાં સુધી મહિલાઓની બહુમતી નિર્ણય પ્રક્રિયામાં ન આવે, મહિલાઓના પક્ષમાં કાયદાકીય મળેલી જોગવાઈઓ પ્રત્યક્ષ રીતે પ્રતિપાદિત ન થાય ત્યાં સુધી આ પરિસ્થિતિ જોવા મળશે.

ઉપરોક્ત વિગતો પરથી સ્ત્રી અભ્યાસો દ્વારા તેમના સ્થાન, દરજ્જો, ભૂમિકા કે તેના રાજકીય, કાયદાકીય જ્ઞાન વિષયક ખ્યાલોમાં સ્પષ્ટતા થાય છે. ભારત અને વિશ્વમાં થયેલા સ્ત્રી અભ્યાસોની સમીક્ષા અત્રે મૂકી વિષયગત સ્પષ્ટતા વધારવાનો પ્રયત્ન કર્યો છે.

## મહિલા અને મહિલા વિકાસ અંગેના અધ્યયનો

સમાજવિજ્ઞાનીઓએ જ્ઞાતિ, ધર્મ, વર્ગ તેમજ દરજ્જા-જૂથના અત્યાર સુધીમાં કરેલ મહિલાઓ અંગેનાં વિશ્લેષણાત્મક અધ્યયનો 'Gender' કેન્દ્રીત છે. (અબોટ અને વૉલૅસ, ૧૯૯૦; અગ્રવાલ ૧૯૮૬; કલ્પગામ ૧૯૮૬; આર. વૉલૅસ ૧૯૮૯). સામાન્યપણે હવે એ સ્વીકૃત છે કે 'જાતિ' (સ્ત્રી/પુરુષ) શરીરવિજ્ઞાન અંગેની વિશિષ્ટતા નિર્દેશ કરે છે, જ્યારે 'લિંગ' વિશિષ્ઠતા (gender) એ સાંસ્કૃતિક બંધારણ રૂપે રચાયેલ સમૂહને સૂચવે છે. (કૅપ્લન, ૧૯૮૭ : ૧)

'મહિલાઓ અંગેનાં અધ્યયનો' પણ સ્વીકારે છે કે લિંગ (gender) ઉપરના ભારનો અર્થ એ છે કે, જ્યાં કેન્દ્રમાં અન્ય પરિવર્તનશીલ ઘટકો હોય તેવા અધ્યયનોમાં, હવે લિંગ (gender) એક અગત્યનો સંકેતક બની રહ્યો છે. આમ મહિલાઓના સ્થાનનો ચઢાવ-ઉતાર અંગેનાં અધ્યયનોનું સંપૂર્ણ ચિત્ર પૂરું પાડવા માટે, માત્ર વર્ગ તેમજ અન્ય પરિબળોને જ નહિ, પરંતુ એક મહત્ત્વના પરિવર્તનશીલ ઘટક તરીકે 'લિંગ' (gender) ને  પણ ધ્યાનમાં લેવાની આવશ્યકતા રહે છે. સમાજવિજ્ઞાનીઓ 'લિંગ' (gender) પરત્વે સંવેદનશીલતા વધે તેના પર ભાર મૂકે છે. (મઝુમદાર, ૧૯૮૭; સ્મિથ ૧૯૮૯).

એક અભિપ્રાય પ્રવર્તે છે કે જે ભારપૂર્વક એવું કહે છે કે મહિલાઓ અંગેનાં અધ્યયનો એ માત્ર એક શૈક્ષણિક બાબત નથી, પરંતુ દરમિયાનગીરી માટેની એક કાર્યાત્મક બાબત પણ છે. (અગ્રવાલ ૧૯૮૬ બક્ષી ૧૯૮૭; દેસાઈ અને પટેલ ૧૯૮૯; કૃષ્ણરાજ ૧૯૮૬; મઝુમદાર ૧૯૮૧). મહિલાઓ અંગેનાં અધ્યયનો ૧૯૭૫ બાદ અગત્યનાં બન્યા છે. આંતરરાષ્ટ્રીય રીતે જોતાં, ૧૯૭૫નું વર્ષ આંતરરાષ્ટ્રીય મહિલા દશકનું પ્રારંભીક વર્ષ હતુ અને ભારતમાં 'Towards Equality, Report of the Committee on the status of women in India' ('સમાનતાની દિશામાં, ભારતમાં સ્ત્રીઓના દરજ્જા અંગેની સમિતિનો અહેવાલ) પ્રસ્તુત અહેવાલ એ ભારતીય સ્ત્રીઓની વસતી સામાજિક-આર્થિક, શૈક્ષણિક દરજ્જાનું સર્વગ્રાહી ચિત્ર પૂરું પાડવા માટેનો પ્રથમ પ્રયાસ હતો. ત્યારબાદ શ્રેણીબધ્ધ અધ્યયનો થયાં, જે પૈકીનાં ઘણાં 'ઈન્ડિયન કાઉન્સિલ ઑફ સૉશ્યલ સાયન્સ રિસર્ચ' (ICSSR) દ્વારા આયોજિત થયેલ હતાં. (મઝુમદાર ૧૯૮૩, ૧૯૮૮; મઝુમદાર અને શર્મા ૧૯૭૯) ત્યારબાદ એક સવાલ ઉદ્‌ભવે છે કે - શું 'મહિલાઓ અંગેનાં અધ્યયનો' સ્ત્રીઓના વિષય પર પ્રકાશ ફેંકનાર પૂર્વેનાં શ્રેણીબધ્ધ અધ્યયનોથી ભિન્ન છે ? શું સ્ત્રીઓનો દરજ્જો, તેમની રોજગારી, શિક્ષણ, ભૂમિકા, લગ્નવિષયક માળખું ઈત્યાદિ બાબતોની ચર્ચા કરનાર સમાજવિદ્યાના ૧૯૭૫ પૂર્વેનાં અધ્યયનો (આલ્ટેકર ૧૯૬૨; કોર્મેક ૧૯૬૧; હેઈટ ૧૯૬૯; રાનડે અને રામચન્દ્રન ૧૯૭૦; રૉસ ૧૯૬૧) ની ગણના મહિલાઓના અધ્યયનોમાં થઈ શકે ? આ સવાલનો એક જવાબ એ હોઈ શકે કે જો આવા અધ્યયનો સ્ત્રીઓને એક પીડિત વર્ગના રૂપે ધ્યાનમાં ન લેતા હોય, તો તેઓ નવી વિચારધારાની ક્ષેત્રમર્યાદામાં આવી શકે નહિ. આ જવાબની સામે એક વધુ સવાલ ઉપસ્થિત થઈ શકે; શું મહિલાઓ અંગેનાં અધ્યયનો તરીકેની પાત્રતા માટે પરાધીનતા, જુલમ અને કાર્યમાં ભેદભાવના અસ્તિત્વ અંગે પૂર્વધારણા હોવી જરૂરી છે ? અથવા તો શું એ મહત્વનું છે કે અમુક સૈધ્ધાંતિક તેમજ સંશોધન પદ્ધતિઓના માપદંડો મુજબ કોઈ સમસ્યા વિશે વાંચન, અધ્યયન અને પૃથક્કરણ કરવું અને પછી સુસંગત તારણો ઉપર આધારિત નિર્ણયો ઉપર આવવું ?

આ બે અભિગમોને અત્રે મૂળભુત રીતે ચર્ચવામાં આવ્યા છે, કારણ કે મહિલાઓનાં અધ્યયનો શું એકલી શૈક્ષણિક વિચારધારા જ છે, કે પછી તે ન્યાય અને ઔચિત્યના હિતમાં દરમિયાનગીરી તેમજ જાગૃતિ-ઉત્થાનનો પણ સમાવેશ કરે છે ? એવા અગાઉના સવાલ સાથે તેઓ અંતર્ગત સંકળાયેલા છે. તટસ્થ સંશોધકની વાસ્તવિકતાઓને સમાવી લઈ આનું જો વિસ્તૃતપણે અર્થઘટન કરવામાં આવે, તો મોટાભાગના લોકો એ વાત સાથે સંમત થશે, કે મહિલાઓનાં અધ્યયનો સમાજવિજ્ઞાનની અન્ય વિચારધારાના કેટલાંક પાસાંની જેમ, ક્રિયાત્મકતાનો સમાવેશ કરે છે. અહીં ક્રિયા અને દરમિયાનગીરી પોતાના વિદ્યાર્થીઓના વિચારને પ્રભાવિત કરવાની શિક્ષક કે શિક્ષિકાની શક્તિ તથા નીતિ-ઘડતર અને વહીવટી વ્યૂહરચનાઓ અંગેના સંશોધન નિષ્કર્ષોના પ્રભાવનું સૂચન કરે છે. ઓછી સંમતિ ધરાવનાર એક અભિગમ એવો છે કે જે ક્રિયાનું રચનાગત પરિવર્તન માટેના કાર્ય તરીકેનું અર્થઘટન કરે છે. અહીં બાહ્ય માધ્યમએ એક ઉદ્દીપકના રૂપમાં ભાગ ભજવે છે. આ માધ્યમ એક સંશોધનકાર હોઈ શકે એ વાત સહભાગી સંશોધનની વધતી જતી લોકપ્રિયતા ઉપરથી સ્પષ્ટ થાય છે. આ સ્થિતિના કાર્યકરો અન્ય કોઈ વ્યક્તિના અભ્યાસની ચીજો જ માત્ર નથી, પરંતુ તેઓ જ્ઞાનના સર્જન તેમજ વિસ્તરીકરણની પ્રક્રિયાને સક્રિયપણે પ્રભાવિત કરે છે. એ વાતને વળગી રહે તો, સહભાગી સંશોધન વસ્તુલક્ષિતા, તટસ્થતા તેમજ મૂલ્યહીન નિર્ણયો (ટંડન ૧૯૮૧ : ૨૧) ની સામે પડકાર ફેંકે છે. સહભાગી સંશોધનનો ઉપયોગ મહિલાઓના અધ્યયનોમાં (નારાયણ બેનર્જી ૧૯૮૪; હાર્ડિન્ગ ૧૯૮૭; લૅધર ૧૯૮૮; મઝુમદાર ૧૯૮૯; શર્મા ૧૯૮૬), શિક્ષણના સમાજવિજ્ઞાનમાં (જૅક્સન અને જૅક્સન ૧૯૭૯; લા બેલે ૧૯૮૭) તથા આંદોલનો તેમજ ગ્રામવિસ્તારના સંગઠનોના અધ્યયનોમાં (મુન્ટેમ્બા ૧૯૮૫; ઓમવેદી ૧૯૭૯;) કરવામાં આવેલ છે. મહિલાઓનાં અધ્યયનોની કેટલીક સમસ્યાઓ અને દુવિધાઓમાં પ્રસ્થાપિત વિદ્યાશાખાઓએ ફાળો આપ્યા છે. (બ્લેકબર્ન ૧૯૭૨; ગાંગુલી ૧૯૭૪; ઈન્સ્ટિટયૂટ ઑફ ઈકોનોમિક ગ્રોથ ૧૯૮૨; આર. મુકર્જી, ૧૯૫૫). મહિલાઓ સંદર્ભે ઉદ્ભવેલા અન્ય કેટલાક મુદ્દાઓનું વધુ વિસ્તરણ બૌધિક રીતે કરવુ જોઈએ તે આપણને મદદગાર નીવડશે જે આગળ જોઈએ.

### ભૂમિકાના વર્ચસ્વનો સિદ્ધાંત :

ભૂમિકા, મોભો તેમજ રૂઢિબદ્ધ ધારણા અંગેની થોડીક ચર્ચા વિનાની સમાજ વિજ્ઞાનનાં સંશોધનની કોઈ પણ સમાલોચના સંપૂર્ણ ગણી શકાય નહિ. આ નિબંધમાં, રૂઢિબદ્ધ ધારણાની વિભાવના ખાસ મહત્વની તેમજ સંબંધિત છે, કારણ કે તે મહિલા અધ્યયન માટેના સીમાચિહ્ન સંદર્ભમાં ભૂમિકા અને મોભાને મૂકે છે. ભૂમિકા-સિદ્ધાંત વિષેની ગ્રંથસૂચિ ખાસ છાપ પાડે તેવી છે, કારણ કે તે સમાજવૈજ્ઞાનિક અભિરુચિનું ક્ષેત્ર બન્યું છે. (બિડલ અને થૉમસ ૧૯૬૬; ગ્રૉસ ૧૯૫૮; લિન્ટન ૧૯૬૩; પાર્સન્સ ૧૯૪૯). હાલમાં, ભૂમિકા સિદ્ધાંતના સંરચનાત્મક કાર્યાત્મક વર્ચસ્વની સામે સવાલ ઉઠાવનાર સ્ત્રી-હિમાયતી નિષ્ણાતોના ટીકાટિપ્પણીને પણ તેણે આકર્ષી છે. (મૅકોબી

અને જૅકલિન ૧૯૭૪). પ્રસ્તુત પૃથક્કરણના હેતુઓ માટે, ભૂમિકામાં સ્થાન સાથે સંકળાયેલ આરોપણો તથા અપેક્ષાઓ, કે જે રાબેતા મુજબ સામાજિક તેમજ સાંસ્કૃતિક રીતે નિર્ણિત કરવામાં આવે છે. તેનો ભૂમિકામાં સમાવેશ થાય છે, અને મોભો એ છે કે જેની પોતાની સ્થાનની રૂએ વ્યક્તિ (સ્ત્રી કે પુરુષ) અન્ય લોકો અને સમાજ પાસેથી અપેક્ષા સેવી શકે. રૂઢિબધ્ધ ધારણા કે જે કોઈ જૂથ, આદિજાતિ કે લોકવર્તનો કોઈ એકતરફી, અતિશયોક્તિભર્યો અને સાધારણપણે પૂર્વગ્રહ યુક્ત એવો ખ્યાલ છે.' (અંબરકોમ્બી ૧૯૮૪) તે સ્ત્રીઓની વિવિધલક્ષી ભૂમિકાઓ અને દરજ્જાઓને કેવી રીતે જોવામાં અને વર્ગીકૃત કરવામાં આવે છે તે નક્કી કરે છે. (લાલ ૧૯૭૦; સેઠી અને ઍલન ૧૯૮૯; રાવ અને રાવ ૧૯૮૯). આ સંદર્ભમાં, સ્ત્રીત્વ અંગેની રૂઢિબદ્ધ ધારણાઓ સ્ત્રીઓનેકેટલીક ભૂમિકા તેમજ અપેક્ષાઓ સોંપે છે, જે પ્રાથમિક અને દ્વિતીય બન્ને તબક્કાના સામાજિકરણના માધ્યમો દ્વારા આંતરિક બને છે. પૂર્વની સામાજિકરણ પ્રણાલીઓના અધ્યયનો (બલોક ૧૯૮૩; દુબે ૧૯૭૮; કાર્લેકર ૧૯૮૭; એ.શર્મા અને એસ. આનંદ લક્ષ્મી ૧૯૭૮;) સૂચવે છેકે અનુમોદન (compliance), આજ્ઞાપાલન (obediance), સખત કામ (hardwork), ગૃહ-રચના (home making) અને અનાક્રમણ (non agresive) એ કન્યાઓની ગળગૂંથીમાં હોય છે, જયારે કિશોરો પાસેની અપેક્ષાઓ સાવ ભિન્ન હોય છે. તેઓને લક્ષ્યાત્મક, સ્પર્ધાત્મક, બહિર્ગમનશીલ તેમજ જરૂર પડ્યે આક્રમક બનવાનું હોય છે. ટાલ્કોટ પારસનની શબ્દાવલિ મુજબ, લક્ષ્યાત્મક માધ્યમ કિશોરો અને પુરુષો સાથે ગુંથાયેલ છે, જયારે કન્યાઓ અને સ્ત્રીઓ ગૃહ-રચયિત્રીઓ છે. (પાર્સન્સ ૧૯૪૯, ૧૯૫૫)

**રૂઢિબદ્ધ ધારણાઓ સ્વ અને પ્રગતિશીલતા :**

રૂઢિબધ્ધ ધારણાઓ વિદ્યાપ્રવાહો તેમજ વ્યાવસાયિક તંત્રો દ્વારા પ્રબળ થતી હોય છે. (એસ.સી. દુબે ૧૯૬૩; ઘડિઆલી અને કે.એ. કાઝી ૧૯૮૦;). સામાન્ય રીતે એ વાત માનવામાં આવે છે કે મધ્યમ વર્ગો માટેની કાર્યસિદ્ધિ તેમજ વ્યાવસાયિક સફળતા તેઓની ટકી રહેવાની શક્તિ માટેની લડાઈ પર વધુ ને વધુ ભાર મૂકે છે. મોટાભાગની પરિસ્થિતિઓમાં માણસો આ ભૂમિકાઓમાં દશ્યમાન હોવાને કારણે, તેઓ અને તેમનાં કાર્યો વધુ મોટો દરજ્જો અને પ્રતિષ્ઠા ધરાવે છે. 'સ્વાભાવિક' ગણાતી સ્ત્રીઓની ગૃહ-સંરચનાની ભૂમિકાનું વર્ચસ્વ તેને નીચલો દરજ્જો આપે છે. એવી ધારણા સેવવામાં આવે છે કે આવી ભૂમિકા માટે ઘર બહારની વિશેષિત તાલીમ કે કોઈ ચોક્કસ કૌશલ્યની આવશ્યકતા હોતીનથી, અથવા તો રાષ્ટ્રીય આવકના હિસાબમાં આંકડાકીય ગણતરીઓમાં ઘરની અંદરની વ્યવસ્થા કરનાર, કમાનાર અને ઉત્પાદન કરનાર તરીકેની સ્ત્રીઓની પ્રાણવંત ભૂમિકા ઉપર યોગ્ય ધ્યાન આપવામાં આવતું નથી. સ્ત્રીઓની નિર્બળતા તથા તેમને કોરે મૂકવાની વૃત્તિ (Marginalization) જેને કારણે ''તેઓને સમાજ પ્રતિ કદાપિ પોતાનું પૂરેપૂરું અને યોગ્ય પ્રદાન કરવાની છૂટ આપવામાં આવતી નથી'' (ઓબૅરોય ૧૯૯૦), તે વ્યક્તિગત માનસ

પર ઊંડી રીતે અસર પહોંચાડે છે. આ ઉપરથી શું આપણે નિર્ણય પર આવી શકીએ કે સ્ત્રીઓ જુલમગાર અને ગેરવ્યાજબી એવી સામાજિક વ્યવસ્થાની ભોગ બનેલ સ્ત્રીઓને, અન્યાયને દૂર કરવામાં તેમને સહાય કરવા માટે બાહ્ય માધ્યમો તથા સામૂહિક પગલાંની આવશ્યકતા છે ખરી ? અથવા તો વ્યક્તિગત ઘરોમાં શાંતિમય વિરોધ માટેનાં કોઈ પુરાવા અસ્તિત્વ ધરાવે છે ખરા ?

સામાજિક અને વ્યાવસાયિક સ્થિતિ પરિવર્તનો કઈ રીતે લાવવામાં આવે છે તે અંગેની સમજૂતીમાં પ્રગતિશીલતાનો ખ્યાલ ઉપયોગી છે. (ગ્લાસ ૧૯૫૪; બ્યૂલિન અને પેઈન ૧૯૮૬; લિપ્સેટ અને બેન્ડિક્સ ૧૯૫૯). ૧૯૭૫ થી શૈક્ષણિક અને વ્યાવસાયિક માહિતીની લિંગ-વાર છટણી તેમજ પદ્ધતિસરનો અભ્યાસ સૂચવે છે કે પુરુષોમાં પ્રગતિશીલતાના દરો સ્ત્રીના દરો કરતાં ઘણા ઊંચા રહેલ છે. (ઍબોટ અને સેપ્સ્ફોર્ડ ૧૯૮૭; ગવર્ન્મેંટ ઑફ ઈન્ડિયા ૧૯૭૪; જી. જેમ્સ ૧૯૮૬; કાર્લેકર ૧૯૮૭). ભારતમાં સ્ત્રીઓ પર શારીરિક બંધારણના કારણે મુકાતા પ્રતિબંધો પ્રગતિશીલતા પ્રગતિશીલતાની આડે આવે છે. આ નિબંધમાં વિચારવામાં આવનાર પ્રગતિશીલતાનું એક મહત્ત્વનું  પાસું એ છે, કે જે સામાજિક તેમજ રાજકીય હિલચાલો કે સંગઠનો દ્વારા સુગમ બન્યુ છે કે પરિણમ્યું છે. આમ અંતિમ બે વિભાગો (અ) રાજય-પુરસ્કૃત હસ્તક્ષેપોના સ્થાપિત સ્વરૂપ દ્વારા પરિણમેલ પ્રગતિશીલતા, જેમ કે કેળવણીની પદ્ધતિ, કાયદાકીય ટેકો અને (બ) પ્રવૃતિશીલ બનાવવું, હસ્તક્ષેપ કરવો તેમજ સામૂહિક કે જૂથ પ્રવૃત્તિમાં સહભાગિતા દ્વારા પરિવર્તન આપવું.

**કેળવણી, પ્રગતિશીલતા અને તકની સમાનતા :**

કેળવણીની ઔપચારિક પદ્ધતિને વ્યાવસાયિક પ્રગતિશીલતા માટે પ્રાણવંત ગણવામાં આવી છે. તે અનુસાર, શિક્ષણના સમાજવિજ્ઞાનીઓ તથા સંબંધિત ક્ષેત્રોના અન્ય નિષ્ણાંતોએ વર્ષો સુધી પ્રગતિશીલતા અને કેળવણી વચ્ચેના સંબંધના સ્વરૂપને તપાસ્યું છે. (ઍકર ૧૯૮૦; કે ઍહ્મદ ૧૯૭૯; કે. યનાના ૧૯૮૮; ગોરે, દેસાઈ અને ચિટ્નિસ ૧૯૬૭; હાલ્સે, શુકલ અને કિશનકુમાર ૧૯૮૫;). તેમનાં કાર્યે પુરવાર કર્યુ છે કે કેળવણી અને પ્રગતિશીલતા વચ્ચેના સંબંધનું અધ્યયન તેમને અલગ અલગ રાખીને થઈ શકે નહિ; તે સામાજિક, આર્થિક અને કૌટુંબિક પરિબળોની હારમાળા ઉપર અવલંબિત હતું. સાંપ્રત વર્ષોમાં, બાળકના શિક્ષણ પર અસર કરનારાં આ પરિબળોનો અભ્યાસ કરવા માટેનો એક પ્રવાહ અસ્તિત્વમાં આવેલ છે.

છેલ્લા છઠ્ઠા દાયકાથી માંડીને, અમેરિકામાં નાગરિક અધિકાર ચળવળો, વિયેટનામનું યુધ્ધ, હિપ્પી સંપ્રદાય અને વિશ્વના વિભિન્ન ભાગોમાં ભિન્ન ભિન્ન જૂથો અને સમુદાયો વચ્ચે વધતું જતું વૈમનસ્ય - ઈત્યાદિએ સૂચવ્યું છે કે શિક્ષણે ક્યારેય સમાજને સમાન નથી બનાવ્યો પરંતુ હકીકતમાં તેણે તો નવા પ્રકારની અસમાનતાઓ પણ ઊભી કરી છે. કેળવણીમાં સમાનતાના અર્થઘટન વિશે વધુ ને વધુ સવાલો ઉઠાવવામાં આવ્યા. શું તે સૌ માટે સમાન કેળવણી સૂચવે છે ? કે શું શિક્ષિત થવા

માટેની સમાન તક એવો તેનો અર્થ છે ? મેરી વૉરનૉકના કથન મુજબ, કેળવણી માટેનો સમાન હક અને સમાન કેળવણી માટેનો હક એ બે વચ્ચે તફાવત છે. (આસમાન- જમીનનો ફેર છે) (વૉરનૉક ૧૯૭૭:૨૬) સૌ માટે સમાન કેળવણીની વચનબધ્ધતા એ ધારણા પર રચાયેલી છે કે દરેક વ્યક્તિ પૂરેપૂરી સમાન છે.

સ્વાતંત્ર્યોત્તર ભારતના અગત્યના શૈક્ષણિક વહીવટદાર એવા જે.પી. નાયકના મતે, આપણાં જેવા અસમાનતાવાદી સમાજમાં, તકની સમાનતા એટલે કેળવણી માટેના પ્રયાસો કરવા માટેની સમાન તક; અહીં પણ તમામ અલ્પ અધિકાર ભોગવનારાઓને 'સમાન તક' આપવી ખરું જોતાં કદાપિ શક્ય નથી' સ્વયં વિશેષાધિકાર જ નષ્ટ કરવા માટે, જો રાજકીય તેમજ આર્થિક મોરચે, એક સાથે પ્રયત્નો કરવામાં ન આવે, તો કેવળ શૈક્ષણિક તકની સમાનતા દ્વારા સમસ્યા સિધ્ધ થવાની શક્યતા ઘણી ઓછી છે. (નાયક ૧૯૭૯ : ૧૭૭). નાયક અને બર્લિન આમ કેળવણીની ભેદ્યતા અને બાહ્ય અસરો સામે તેની અત્યંત સંવેદનશીલતા કે જેણે 'અન્ય હેતુઓ' સંતોષવાના છે, તે તરફ યોગ્યપણે જ અંગૂલિનર્દેશ કરેલ છે.

૧૯૫૦ના દાયકામાં, બ્રિટિશ સમાજવિજ્ઞાનીઓ ડગ્લાસ ૧૯૬૪; ફલાઉડ માર્ટિન અને હાલ્સ'; જૅક્સન અને માર્સ્ડન ૧૯૬૩) ના કાર્યે સૂચવ્યું કે તેના મધ્યમ વર્ગના અમીરની તુલનાએ શ્રમિક વર્ગના બાળકને ગેરલાભ થતો. પર્યાવરણ અને સામાજિક-આર્થિક પરિબળો મોટાભાગના મધ્યમ વર્ગના શાળાતંત્રની લાક્ષણિક વૃત્તિ સાથે અનુકૂળ થવાની બાળકની શક્તિ નક્કી કરે છે. તેમના નિષ્કર્ષ જેમ્સ કૉલમૅન (એટ અલ્) (૧૯૬૬) દ્વારા પ્રતિપાદિત કરવામાં આવ્યા હતા, જેમનું સર્વેક્ષણ 'ઈક્વાલિટી ઑફ એજયુકેશનલ ઓપોચ્યુનિટી' એવા નિર્ણય પર આવ્યું હતું કે ''કાર્યસિદ્ધિમાં વધઘટ માટે શાળાગત તફાવતો જેટલા જવાબદાર છે તેના કરતાં વધુ જવાબદાર પરિવારીક પૃષ્ઠભૂમિની છે.''(મૉસ્ટેલર અને મૌયૂનિહાન ૧૯૭૨:૨૦). બ્રિટને 'એજયુકેશન પ્રાયોરિટી ઍરિયાસ (એ.પી.ઈ.એસ.)ની ઓળખ માટે પોતાના કાર્યક્રમો શરૂ કર્યા અને અમેરિકાએ 'પ્રોજેકટ હેડસ્ટાર્ટ' નાં આરંભ કર્યો હોઈ, રાજયના હસ્તક્ષેપ માટે મંચ ગોઠવાઈ ગયો. સંક્ષેપમાં, બન્નેનું લક્ષ્ય પસંદગી પામેલ ભૌગોલિક વિસ્તારોના હિત-વંચિત બાળકોને ખાસ શિક્ષણ કાર્યક્રમ, મનોવૈજ્ઞાનિક સઘન કાર્યક્રમો તથા અભ્યાસેત્તર તેમજ અભ્યાસપૂરક પ્રવૃત્તિઓ અંગેનાં મહત્ત્વ માટેની જોગવાઈ કરવા તરફ રહ્યું. છતાં, આ વ્યૂહરચનાઓ વંચિતો માટે પર્યાપ્ત વળતરરૂપ ન હતી.

### પરિવર્તન માટેની આવશ્યકતા :

સાતમા દાયકાના મધ્યભાગ સુધીમાં, કુટુંબ ઘરબાર એક સુસંગત એકમ ગણાતું, જયાં સંપત્તિઓ અને જવાબદારીઓ ન્યાયોચિતપણે વિતરિત થતી હતી એવો ખ્યાલ મહિલા અધ્યયનનાં વિકસતા ક્ષેત્રમાંની વ્યક્તિઓ તેમજ જાગૃત સમાજવિજ્ઞાનીઓ દ્વારા પડકારવામાં આવતો. મુખ્ય

પ્રવાહ સાથેનો આ સંશયવાદ અર્થાત સમતુલા જાળવનાર સંશોધન, વિશ્વના અનેક ભાગોમાં દૃષ્ટિગોચર થયેલ છે. છતાં વ્યક્તિગત ઓળખોને નક્કી કરવામાં અને આકાર આપવામાં સામૂહિકતાની પ્રાથમિક ભૂમિકાને કારણે, ભારત તેમજ અને દક્ષિણ એશિયાના અન્ય દેશોમાં તે વિશિષ્ટ મહત્ત્વ ધરાવે છે. બાળકીના વિકાસને મર્યાદિત કરવામાં કુટુંબની ભૂમિકા સ્ત્રી વિષયક દ્રષ્ટિબદ્ધ ધારણાઓનો આગ્રહ સેવનાર સામાજિક પદ્ધતિ અને તેની સંસ્થાઓ દ્વારા ઘડાય છે. આમ, ઉદાહરણ રૂપે, સામાજિકરણની પ્રક્રિયાઓ, શૈક્ષણિક અભ્યાસક્રમો અને સમૂહ માધ્યમો કન્યાને સંભાળ રાખનાર અને ઉછેરનાર તરીકેના મહત્ત્વ ઉપર વધુ ભાર મૂકે છે, ઉપરાંત વિકાસ અંગેની નીતિઓએ સ્ત્રીઓ ને તેમજ તેમની ભૂમિકાઓની ઉપેક્ષા કરી હોવાનું જણાય છે.

સમાજકાર્ય અને મનોવૈજ્ઞાનિક તપાસમાંના એક સુ-પ્રસ્થાપિત ક્ષેત્ર એવા સામાજિકરણ-પ્રક્રિયા-સંશોધને (કાકર ૧૯૭૮; સિંહા ૧૯૭૮; એમ.પીડ ૧૯૬૮; વ્હિટિંગ ૧૯૬૬) સ્ત્રી-વર્તનના પાસાઓનું સ્થાપન કરી આપ્યું છે. છતાં, અનુપાલનની ખાતરી આપનાર અન્ય પરિબળો તો છે જ એવી વધતી જતી એક પ્રતીતિ અસ્તિત્વ ધરાવે છે; વિરોધ કરીને, સ્ત્રીઓ સામેના અત્યાચાર અને હિંસાખોરીની ભૂમિકા માત્ર કુટુંબમાં જાતીય શ્રમ વિભાજનને નિભાવવામાં જ નહિ, પરંતુ સમગ્ર સામાજિક જૂથોની એક નિયંત્રણ-પદ્ધતિ તરીકે પણ હવે નિર્ણાયક મહત્ત્વની લેખવામાં આવી રહી છે. બળાત્કારની ઘટના એ આ મુદ્દાનો કિસ્સો છે.

એ વધુ ને વધુ સ્પષટ થઈ રહ્યું છે કે સ્ત્રીઓનાં કે કન્યાઓનાં શરીરના અતિક્રમણના આ અંતિમ સ્વરૂપને, માત્ર વ્યક્તિગત મનોરોગીઓ અને ગુનાહિતોના કાર્યના રૂપમાં જ નહિ, પરંતુ અલ્પ હિત ધરાવનારાઓ ઉપર દમન કરવા માટે સામાજિક તેમજ આર્થિક તાકાતવાળા જૂથો દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા હથિયાર તરીકે પણ લેખવાનું છે. અન્ય શબ્દોમાં કહીએ તો પુરુષો અને તેમના મળતિયાઓ દ્વારા ખેલવામાં આવતા સત્તાકીય ખેલની સ્ત્રીઓ ભોગ બને છે. બળાત્કારના તમામ કિસ્સાઓમાં વંશપરંપરાની પવિત્રતા જોખમાય છે, બળાત્કારથી સ્ત્રીઓ કાળજીપૂર્વક પસંદ કરવામાં આવેલ હોય તે સિવાયના અન્ય પુરુષો સાથે સમાગમ કરે છે, અને યુવાન કન્યાઓ લગ્નની સિવાય જાતીય સમાગમ કરે છે, એ વાત ઉઘાડી પડે છે. તાજેતરના સત્તાવાર આંકડા (જે ઓછો અંદાજ હોવાની સંભાવના છે) દેશમાં બળાત્કારનો ભોગ બનેલ કુલ સંખ્યા ૫,૨૯૯ મૂકે છે; આમાંની લગભગ એક-ચતુર્થાંશ જેટલી તો ૧૬ વરસની વય હેઠળની કન્યાઓ હતી. (ભારત સરકાર, ૧૯૮૮).

એક નજર આપણે કુટુંબજીવનમાં મારીએ તો દહેજ, મૃત્યુઓ, અકુદરતી આત્મહત્યાઓ, (બહુ જ વિકટના સગા સાથે સંભોગ(Inrest), ગર્ભપાત(forticide), બાળહત્યા (infanticide), લગ્નાવસ્થામાં બળાત્કાર, ઈત્યાદિ ઉદાહરણો સ્ત્રીઓ ઉપર થતાં ખુલ્લે આમ હિંસાખોરીના સ્વરૂપો છે. શારીરિક હિંસાખોરીના આ જ ભિન્ન ભિન્ન સ્વરૂપોનું એક જ માળખામાં

વિશ્લેષણ કરવાનો પ્રયત્ન શક્ય નથી; છતાં, આ ક્ષેત્રમાં વિકસતા સંશોધન મંડળના કેટલાંક ઉદાહરણો (અબ્દુલઅલી ૧૯૮૯; અત્રે ૧૯૮૨; ઘડિઆલી અને પ્રમોદકુમાર ૧૯૮૯; હિર્ષ ૧૯૮૧; કેલ્કર ૧૯૮૫; ક્રિશ્નસ્વામી ૧૯૮૯; પથી ૧૯૮૮; સૂર્યકુમારી ૧૯૮૮; રંજનાકુમારી ૧૯૮૯; વેદકુમારી ૧૯૮૮;) સૂચવશે કે જે દ્વારા નિયંત્રણ અને સત્તા જાળવવામાં આવે છે તે યંત્રરચનાને સમજવા વિના  કુટુંબ વિશે વિચારવું કે વાત કરવી સહેજ પણ શક્ય નથી. જાહેર ક્ષેત્રમાં, ૧૯૮૭માં પોતાના પતિની ચિતા પર રૂપકુંવરની આહુતિ સતિપ્રથાની ઉત્પત્તિના સંશોધન અને વિશ્લેષણના તરફ દોરી ગઈ, જે તેનાં અદ્યતન સૂચિતાર્થો છે, ઈત્યાદિ (એસ પટેલ અને કૃષણકુમાર ૧૯૮૮; કવાદીર અને હસન ૧૯૮૭).

આ સંદર્ભમાં પ્રતિકાત્મક હિંસાખોરીનો ખ્યાલ (બોન્ડયુરાન્ટ ૧૯૬૫; બોડો ૧૯૭૭) વિશેષ કરીને ઉપયોગી છે : ઈજા કે પીડાનું ખરેખરું શારીરિક કાર્ય તે હિંસાખોરીનું સૌથી વધુ સ્પષ્ટ સ્વરૂપ છે. જેની ખબર ઓછી પડે છે, કારણ કે તે ઘણીવાર ‘અદૃશ્ય’ હોય છે - તે જુલમનાં અન્ય સ્વરૂપો છે. આમાં ચીજવસ્તુઓ અને માનવીય સાધનસંપત્તિની અસમાન પ્રાપ્તિ તથા તે પરના અંકુશનો સમાવેશ થાય છે, જે આહાર, શિક્ષણ કે માતાનો પ્રેમ અને સંભાળ હોઈ શકે. હિંસાખોરીના આ પાસાંની ચર્ચા કરતી વખતે, સમાજ વિજ્ઞાની પાઈરે બોર્ડોના મનમાં પુરસ્કર્તા-ગ્રાહક એ સંજોગમાં રહેલું સત્તાનું માળખું હતું, જેમાં શારીરિક જુલમને નરમ કરવાની ક્ષમતા જમીનમાલિક દ્વારા કરવામાં આવેલ ઉદાર કાર્યોના જાદુઈ સંબંધોના બુરખા ની અંદર સમાયેલ છે. (બોર્ડો : ૧૯૦) - આમ સત્તાધીશ નિયમને નૈતિક દૃષ્ટિએ ઉચિત ઠરાવવા જરૂરી પ્રોત્સાહનની માત્રામાં કોઈ ભૌતિકવાદી શોષણાત્મક સંબંધ ઢંબાઈ જાય છે; આ પ્રકારનો સંજોગ હંમેશાં જરૂરી નથી, અથવા તો તે ઘણા સમાજોમાં સમાવેલ પણ નથી : પશુબળ એ ઘણીવાર વધુ સામાન્ય એવો પ્રતિભાવ હોય છે. છતાં, અચોક્કસ અધિકારની બાબતમાં, અથવા તો જ્યાં સત્તાનું બંધન હજી મજબૂતપણે સ્થાપિત કરવાનું છે, ત્યાં ‘‘શેઠની સ્થિતિને સુદૃઢ કરવા માટે નૈતિક અને અસરકારક તેમજ આર્થિક બંધનોનું સંક્રમણ અનિવાર્ય છે’’ (એજન, ૧૯૧). અહીં તરફેણ કરવા માટેની શક્તિ, જેવી કે સ્વાસ્થ્ય સંભાળ, માંદા બાળકો માટે વધારાનો આહાર, ઈત્યાદિ  સત્તાના સ્વરૂપો છે. તેમને પાછાં ખેંચી લેવાં એ સંબંધના સડા તરફ દોરી જશે, જે એક આડકતરો શારીરિક જુલમ જ હશે. તે પ્રતીકાત્મક હિંસાખોરીના સ્વરૂપો છે, કારણકે આ ચેષ્ટાઓ (જે સ્થૂળ પ્રત્યાઘાતો પણ ધરાવી શકે) એ છે કે જેને વાપરવાનો અધિકાર માત્ર સત્તારૂઢો જ ધરાવતા હોય છે.

મહાત્મા ગાંધીની અહિંસા અને સત્યાગ્રહનું તત્ત્વજ્ઞાન, જેનો ‘સત્ય’ અને ‘પ્રેમ’ કે અહિંસામાંથી ‘બળ’ તરીકે નિર્દેશ કરવામાં આવે છે, તેનું વિશ્લેષણ કરતાં, (જોશી ૧૯૮૮), જોન બોન્ડુરાન્ટે દર્શાવ્યું છે કે અહીં પણ સમજાવટના કાવાદાવાનાં તત્ત્વો મૂળભૂત રીતે સંઘર્ષવાદી સંબંધ માટે આવશ્યક હતાં (બોન્ડુરાન્ટ ૧૯૬૫) જયારે એ નિષ્ફળ નીવડ્યાં ત્યારે હિંસાખોરીને રદ કરી

શકાઈ નહિ. ગાંધી સત્યાગ્રહ, પોતાના ભારતીય તબક્કામાં વચનબદ્ધ લોકોની ચળવળ હતી : મુખ્યત્વે સત્તાકીય દમનના ખ્યાલો નિયંત્રિત શાસકોને, નીતિ અને બોધ વિષયક તાકાત અને સત્યાગ્રહીઓના હૃદયની પવિત્રતા, અપીલ કરવા માટેના હતાં. અત્યંત ભિન્ન એવા બે સંજોગોનું વર્ણન કરતાં, બોર્ડો અને બોન્ડુરાન્ટ એ મહત્ત્વની હકીકત પ્રત્યે ધ્યાન ખેંચ્યુ છે કે વિરોધાત્મક સંબંધો ઘણીવાર કેટલાક નાના મતભેદો ધરાવતા હોય છે. જે હંમેશાં સ્પષ્ટ હોતા નથી. મહત્તમ લાભ ઉઠાવવાના લક્ષ્યથી અપનાવેલ રણનીતિના ભાગરૂપે આ છે. બોર્ડોના ઉદાહરણમાં, પ્રોત્સાહક કે માલિકની પાસે આશરો લેવા માટે શારીરિક તાકાત હતી, જયારે સત્યાગ્રહીઓની સમક્ષ સામ્રાજયવાદી તાકાત દ્વારા જડમૂળથી નષ્ટ થવાની શક્યતા હતી. છતાં, જેમની સાથે તેઓ સમાનતાના બંધનોથી બંધાયેલા હતા, તેમનાં સંવેદનોને અપીલ કરવાની ક્ષમતા તેઓ બન્નેમાં સમાન હતી.

વર્તમાન સંદર્ભમાં, કાર્યો અને સંપત્તિના અનુચિત વિતરણને ઉચિત બનાવવા માટે, કુટુંબ ક્ષમતાનો ઉપયોગ, ધમકી તરીકે નહિ, પણ લાગણીપૂર્વકની અપીલ માટે કરે છે. એવી દલીલ થઈ શકે કે આ પ્રકારની વ્યાજબી જરૂરિયાત જવલ્લે જ ગણાય, અને પશુબળ એટલું જ ઉપયોગી થઈ શકે. છતાં, ઉપર્યુક્ત ઉદાહરણોએ સૂચવ્યું છે તે મુજબ, મોટાભાગના સંબંધો માટે નૈતિક મૂલ્ય આવશ્યક હોય છે. ગાંધીજીના મુદ્દે, નૈતિકતા એ પ્રયોજન હતુ, પરંતુ મોરચો ન હતી. પરંતુ બોર્ડોના પ્રોત્સાહક - ગ્રાહક સંબંધ મુજબ, સત્યાગ્રહીઓને સદ્ભાવનું વાતાવરણ સ્થાપિત કરવાના મહત્ત્વની પ્રતીતિ થઈ; અલબત્ત બન્ને સંજોગોમાં, ભારતમાં કુટુંબની સાથે બન્યું છે તેમ, શારીરિક આક્રમણનું ભુત કદાપિ ગેરહાજર ન હતું. સ્ત્રીઓની સામાજિકરણની પ્રક્રિયાઓ પ્રતીકાત્મક હિંસાખોરીની સરળ સ્વીકૃતિ માટેની વાચા પૂરી પાડે છે. બહેન ભાઈ માટે ભોગ આપવાનો હોય છે, તેણે વધુ આહારની માગણી કરવાની નથી, અથવા તો પોતાની માતાને મદદમાં ના પાડવાની નથી. જો તે ના પાડે તો તેને મારવામાં આવે. તેણીએ ના પાડવાની નથી એવું તે શીખે છે; કારણ કે આત્મ-ભોગ અને ત્યાગ દ્વારા કુટુંબને જાળવવાની પોતાની ભૂમિકા છે એવું કંઈક છે કે જે તેણે હંમેશાં સાંભળ્યું છે જાણ્યું છે.

જો કે અર્ધ-લાચાર વ્યક્તિઓના નહિ, પણ આશ્રિત જૂથના ભલા માટે તે જવાબદાર છે, એવા સ્ત્રીના જ્ઞાનમાં અમુક નૈતિક બળ રહેલું હોય છે. આમ પ્રતીકાત્મક હિંસાખોરીનો ખ્યાલ ખરું જોતાં બે-ધારી તલવારની જેમ સમાપ્ત થઈ શકે. તે સ્ત્રીઓને પોતાની નૈતિક ભૂમિકા સમજાવવામાં કામ આવે છે; સાથે સાથે, આ રીતે બક્ષેલી ઉચ્ચતા તેમને સત્તાની એક ભાવના અર્થે છે. સારી એવી દલીલ થઈ શકે કે, જયારે ખરો મુદ્દો ગરીબાઈનો આદેશનો છે, ત્યારે તર્ક કરવાની આ એક શુદ્ધપણે સૈદ્ધાંતિક અને અર્થહીન રીત છે. પ્રતીકાત્મક હિંસાખોરી ઉપરની ચર્ચા આમાંની કોઈ પણ બાબતનો ઈનકાર કરનાર નથી પરંતુ માત્ર એટલું જ બતાવનાર છે કે ગરીબમાં ગરીબ ઘરોમાંની હિંસાખોરીને પણ અનેક અંગ-ઉપાંગો છે. પોતાની પત્નીને દહેજ માટે બાળી મૂકનાર માણસે એક અર્થમાં તેણીને

પોતાના દુઃખમાંથી મુક્ત કરી છે. પોતાની પત્નીને માંડ પૂરું થાય એવું નિર્વાહ ભથ્થું આપનાર અને પોતે એથી વધુ આપી શકે તેમ નથી એવો દાવો કરનાર પતિ આક્રમણ તેમજ ઈનકારની પ્રક્રિયાને લંબાવી રહ્યો છે. માંડમાંડ પોતાનું ગુજરાન ચલાવુ છું એવાં નિર્વાહક તરીકેની પોતાની ભૂમિકાની ખાતરી આપતી પત્ની પણ અન્ય પ્રકારની હિંસાખોરીનો ભોગ બને છે. સમય આવતાં તે અવરોધ અને વિરોધની પધ્ધતિઓ સારી રીતે વિકસાવે પણ ખરી. આ ઉપ-વિભાગનો અવશિષ્ટ ભાગ વિરોધના વધુ અંગત અને અંતઃકૃત સ્વરૂપો તરફ દૃષ્ટિપાત કરે છે, કેટલેક અંશે ઘરગથ્થું વ્યવહારમાં સત્તાની સમતુલા, સગાંવહાલાંઓની યંત્રવત્તાઓ તેમજ લગ્નવિષયક વાટાઘાટોનું ભેળસેળિયું સ્વરૂપ, લોકગીતો - એ પુરાણો અને દંતકથાઓમાં ઊતરી આવે છે; દૃષ્ટિબિંદુઓને વ્યક્ત કરવાની આ સમાજ-સ્વિકૃત રીતો છે, જે સ્થાપિત પરંપરાઓ તેમજ સત્તાવાર આંકડાઓ પરત્વે ઘણીવાર સવાલ ઉઠાવે છે અને ઠેકડી ઉડાવે છે. (કાકર ૧૯૭૪, ૧૯૭૮; ડી.પી. સક્સેના ૧૯૭૭). આ સંસ્થાકૃત અને છતાં નિર્દોષ એવા વિરોધનું સ્વરૂપ છે, જે સ્તરીકૃત સમાજમાંનું એક પલાયન-તંત્ર છે. ભૂત વળગાડ, ડાકણોની કનડગત અને ખરેખર અમુક પ્રકારની સ્ત્રીઓ સાથે સંકળાયેલ અસાધારણ શક્તિઓનાં ઉદાહરણો, જેને ભારતના વિવિધ ભાગોમાંથી દસ્તાવેજ કરવામાં આવેલ છે (કારસ્ટેર્સ ૧૯૮૩; સિરકાર ૧૯૮૪; કાકર ૧૯૮૩), સ્ત્રીઓને માત્ર ઉત્પાદન અને પ્રજોત્પત્તિ માટેના પદાર્થ તરીકે ગણવા ટેવાયેલ સમાજમાં સ્વીકૃત થનાર ઈચ્છાના આવિષકારો છે. ડાકણના વળગાડની ધારણાવાળી યુવતી તેના અસ્તિત્વની નોંધ લેવા માટે આકર્ષણ ઉભું કરે છે, અને ''ડાકણનો વળગાડ હોવો એ યુવાન કન્યાના પોતાના પતિના કુટુંબમાં સમાવેશને આ રીતે વેગ આપી શકે છે'' (કારસ્ટેર્સ ૧૯૮૩:૯૨). હકીકતમાં, કારસ્ટેર્સ દર્શાવે છે તે મુજબ, બાળકોમાં તીવ્ર માંદગી ઉત્પન્ન કરનાર મેલી શક્તિઓવાળી ડાકણનું અસ્તિત્વ સ્ત્રીઓની લાચારીના સંજોગમાંહોળીના નાળિયેર જેવું છે. જરૂરી અને સમયસરની સ્વાસ્થ્ય સંભાળ અને પોષણના અભાવે સ્ત્રીઓ અને બાળકોના મૃત્યુના કારણનું આરોપણ નામરહિત ડાકણ ઉપર કરવું હિતાવહ છે. ખાસ કરીને ગ્રામીણ સ્ત્રીઓનાં આ કિસ્સા અધ્યયન પરથી, સુધીર કાકર, તેમના એકત્રિત અને દબાવી રાખેલા ક્રોધાવેશ, યુવાન મહિલાઓના લાચાર કોપ દ્વારા, ચોંકી ઉઠ્યા''. તેમના સામાજિક છુટકારાનો અભાવ જેના પર વાતોન્માદ (હિસ્ટેટિકલ)નું વ્યક્તિગત ચિત્ર દોરવામાં આવ્યું છે તે ટાટ (કેન્વાસ) રૂપ છે.'' (કાકર ૧૯૮૩:૧૬) કન્યાઓને આ મેલાં ભૂતપિશાચમાંથી મુક્ત કરવામાં સક્રિયપણે ભાગ લેનાર કુટુંબો ઘણીવાર શ્રમણકો, ગુરુઓ અને માતાઓ તરફના ફેરા દ્વારા તેમનો વિનાશ નોતરતા હોય છે : મહિલાઓ અને કન્યાઓ સ્વયં 'સામાન્ય' સંજોગોમાં ન કરતી હોય એવા પ્રકારનું ધ્યાન પ્રાપ્ત કરે છે એટલું જ નહિ, પરંતુ અમુક અંશે આત્મશોધ પણ અનુવર્તી બને છે. આ રીતે કુટુંબને વ્યથિત કરવા માટે કોણ જવાબદાર હોઈ શકે તે અંગેનાં સમીકરણ પર ચર્ચાઓ થયેલ છે, અને કેટલાક સમય માટે, સ્ત્રી ધ્યાનનું કેન્દ્ર બને

છે. છતાં તેના હક ઉપરાંતના કાર્યબોજ કે વધુ ને વધુ જવાબદારીઓ વિશેના સવાલોને ભાગ્યે જ તપાસના વિષયો બનાવવામાં આવ્યાં છે.

હિંદુધર્મને વિશેષપણે અંગીકૃત કરેલ એવા બંગાળ અને બિહારના સાંથાલોની આદિવાસી કોમ વિશેના સ્વાનુભવોના આધારે નારાયણ બેનર્જી (૧૯૮૭)ને માલૂમ પડ્યું કે બિન-વફાદારી, બહુપત્નીત્વ તેમજ છૂટાછેડા આ પ્રકારનો ખળભળાટ પેદા કરતાં નથી (એન.બેનર્જી ૧૯૮૭). છતાં પણ, અનાસ્મિકપણે પુરુષના 'અવિવેકો'ની સામે વધુ સહનશીલતા પ્રવર્તતી હતી. શુધ્ધ પત્ની અને નિષ્કલક કન્યા અંગેના ભણકાર સ્ત્રીના અંતઃકરણમાં સઘનપણે વસતા હોવા છતાં, લગ્નેત્તર પ્રણય કિસ્સા, લગ્નેત્તર આડસંબંધો તેમજ ગેરકાયદેસરની સંતતિના પણ ઉદાહરણો કોઈ પણ રીતે અસામાન્ય નથી. સંજોગનો વાંક કાઢીને, આગ્રહી વિચારસરણીના માળખામાં રહીને, ગામમાં દુશ્મોનોનું સ્થાન શોધી કાઢીને અને ભૂલી-ભટકી કન્યા કે સ્ત્રીને ઝેર અને 'દવાઓના કારભાર દ્વારા થોડોક સમય ભાન ભુલાવીને પણ આ સઘળું અનુકૂળ બનાવવામાં આવે છે. (જૅકોબસન ૧૯૭૮) કુટુંબ અને ઘરનાં માળખામાં, અન્ય ઓછી વિવાદાસ્પદ રીતો પ્રવર્તે છે, જેમાં સ્ત્રીઓ પોતાનાં વાતાવરણ, વાટાઘાટ કરે છે. તેમની આગવી જાળગૂંથણી અને બોલી વિકસાવી, તેમની પોતાની અલાયદી ખાસિયતવાળી 'પેટાસંસ્કૃતિ' સ્ત્રીઓ રચે છે (આર્ડિનર ૧૯૭૫). કૅમેરૂનના બકવેરી વચ્ચેના પોતાનાં ક્ષેત્રકાર્યને આધારે એડ્વિન આર્ડિનર નિર્ણય પર આવ્યા કે સ્ત્રીઓ એક અલાયદી એવી પેટા-સંસ્કૃતિ ધરાવે છે; છતાં સ્ત્રીની પેટાસંસ્કૃતિ બૃહત્ સમાજની ભાગીદારી અને દરમિયાનગીરીને બાકાત રાખતી નથી. અન્ય શબ્દોમાં, સ્ત્રીઓ એક કરતાં વધુ દુનિયામાં પ્રવેશ ધરાવે છે, જો કે તેઓ બેમાંથી એકમાં વધુ સુખી છે. વાસ્તવમાં ચુસ્તપણે અલાયદા ક્ષેત્રોના ખ્યાલ સામેની આ દલીલ છે. કાર્યનાં અલગ અલગ ક્ષેત્રોનાં અસ્તિત્વને સમજાવવાની પ્રક્રિયામાં કેટલીકવાર બે ક્ષેત્રો વચ્ચેનાં પરસ્પરાવલંબનને ભૂલી જવામાં આવે છે. ઉચ્ચ મધ્યમ વર્ગનાં પાશ્ચિમાત્ય તેમજ ભારતીય સમાજોનાં ઐતિહાસિક અધ્યયનો (બોર્થવિક ૧૯૮૪; બર્સ્ટિન ૧૯૮૦; કાર્લેકર (હવે પછીનું); વિસિનસ ૧૯૮૫ા સૂચવે છે કે માલસામાન પર પ્રક્રિયા કરનાર અને આવશ્યક સેવાઓ બજાવનાર સ્ત્રીઓની દુનિયા ઉપર પુરુષોની દુનિયા મહદ્અંશે અવલંબિત હતી. સ્ત્રીઓના વ્યવસ્થાપન કાર્યને હવે જળવ્યવસ્થા, પર્યાવરણની જાળવણી અને દુષ્પ્રાપ્ય સાધનસંપત્તિ જેવી સંખ્યાબંધ પ્રવૃત્તિઓમાં ઢંઢોળવામાં રહ્યું છે. (કે. શર્મા ૧૯૮૪, ૧૯૯૦; કે. શર્મા, નૉટિયાલ અને પાંડે ૧૯૮૭). આમ, જયારે કુટુંબ અને ઘરની અંદર શ્રમનું અને ક્ષેત્રોનું વિભાજન છે ત્યારે સ્ત્રીઓ શ્રેણીબદ્ધ પ્રવૃત્તિઓમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે, જે હંમેશાં માત્ર એક જ ક્ષેત્રના અભ્યાસ દ્વારા પકડી શકાતી નથી.

## માળખાં, સંગઠનો અને સ્ત્રીઓની ચળવળ :

પોતાની વિવિધ ભૂમિકાઓમાં સ્વયં ટકી રહેવા સ્ત્રીઓના ઘરની અંદર અને બહાર સાથીદારોના ટેકાની જરૂરિયાત રહે છે. અધ્યયનો સૂચવે છે કે જન્મ-ગૃહ સાથેની મજબૂત સાંકળોની જાળવણી કન્યાની આત્મગૌરવ માટે પ્રાણવંત બની રહે છે. વિવાહિત પુત્રી લાગણીભર્યા સાથ માટે ઘનિષ્ટપણે અવલંબન સેવે છે, તથા વૈધવ્ય અને તલાકના સમયે શારીરિક સાથ માટે પણ પોતાના ભાંડરડાં અને અન્ય સગાંસંબંધીની અપેક્ષા રાખે છે. (એન. દેસાઈ ૧૯૯૦; યૂ. શર્મા ૧૯૮૦). વિશેષ મૂર્તપણે જોતાં, જયાં સ્ત્રીઓ ભૂમિ ધરાવતી હોય કે પૈતૃક મિલકતમાં ભાગ ધરાવતી હોય, તેવા સંજોગમાં તેમનાં પિયર સાથેનાં સારા સંબંધો જીવંત મહત્ત્વના બની રહે છે. સ્ત્રીઓની ભૂમિ અને અન્ય ઉત્પાદક સાધનસંપત્તિની પ્રાપ્તિ વિશેના સમગ્ર મુદ્દાનું અહીં ચર્ચાસ્પદ એવું અત્યંત વિશાળ ક્ષેત્ર છે. (ઉદાહરણ તરીકે જુઓ બી.અગરવાલ ૧૯૮૮ અને એલ.સાર્વેકર). ૧૯૫૬ના 'હિંદુ ઉત્તરાધિકાર ધારા' એ સ્ત્રીઓને સમાન અધિકારો આપેલ હોવા છતાં, પુત્રીઓની તરફેણમાં તે ધારાના અમલના ભાગ ઉપર બહુ સંશોધન થયેલ નથી. ઉર્સુલા શર્માએ દર્શાવેલ છે તે મુજબ, વાસ્તવમાં ઘણીવાર ભાવિ રોકાણના સ્વરૂપમાં, પોતાના ભાઈઓની તરફેણમાં પોતાના અધિકારો જતા કરવા સ્ત્રીઓ તૈયાર હોય છે : વૈધવ્ય કે તલાકના પ્રસંગે, પિયર સાથેના સારા સંબંધો અનુજીવન માટે કેટલીકવાર આવશ્યક હોય છે. ઉપરાંત, ભાઈઓ અને પતિ ઉપરના સ્ત્રીઓનાં અવલંબનના સંબંધોને આપવામાં આવેલ વિચારસરણીની અગ્રિમતા તેમને સ્વતંત્ર મિલકતધારક બનતાં (કે બનવાની ઈચ્છા ધરાવતાં પણ) અટકાવે છે. એમ કરવામાં તેમને કોઈ સંસ્થાકીય કે કાયદાકીય વિઘ્ન ન આવતું હોય તો પણ. (શર્મા ૧૯૮૦ : ૫૦) સ્ત્રીઓ જમીન કે અન્ય પ્રકારની મિલકતની વારસાદર હોય ત્યારે પણ મૂડી અને સાધનસંપત્તિનો પ્રાપ્તિનો અભાવ પોતાની મિલકતો કઈ રીતે વાપરવી તે અંગત રીતે નક્કી કરવાની શક્તિને સંકુચિત કરે છે. હકીકતમાં, માલિકી પતિ, ભાઈઓ તથા અન્ય પુરુષ સગાંઓ, શ્રમ, બિયારણ, જંતુનાશક ઈત્યાદિની વ્યવસ્થા કરવાની હોય છે, તેમના અવલંબનના એક વિશેષ બંધન ભણી લઈ જાય છે. ધંધાકીય બાબતોમાં પ્રતિક્રિયા કરવાની સ્ત્રીઓની પ્રગતિશીલતા અને શક્તિની મર્યાદાઓ લાચારીની ભાવનામાં વધારો કરે છે.

મિલકત એકંદરે સ્ત્રીની પરિસ્થિતિમાં આપોઆપ વૃધ્ધિ કરતી નથી એ સાચું હોવા છતાં, સહેજ પણ મિલકત વિનાની સ્ત્રીની સરખામણીમાં મિલકતવાળી સ્ત્રી વધુ સલામતી અનુભવે છે અને વધુ આત્મવિશ્વાસ સાથે કાર્ય કરી શકે છે, એવા ક્ષેત્રોમાં કંઈક વધુ વિગતવાર ચકાસણી કરવા જેવી છે.

પોતાનાં પિયરના ગામમાં સ્ત્રીઓની જમીન-માલિકી એ શ્વસુરગૃહમાં પોતાની પ્રતિષ્ઠા કઈ રીતે વધારી તેનો રસપ્રદ પુરાવો, મીરત જિલ્લાના પોતાના અભ્યાસને આધારે, શ્રીમતિ સુરિન્દર જેટલીએ પૂરો પાડ્યો છે. એકની એક દીકરી બિમલાને પોતાના મા-બાપ તરફથી જમીન વારસામાં

મળી હતી, જે પિતરાઈ ભાઈ દ્વારા ખેડવામાં આવતી હતી; તે પોતાના પિયરના ગામમાં કેટલીક કૃષિ પેદાશ કે રોકડ નાણું એકત્ર કરવા વરસમાં ત્રણ વખત જતી હતી, જેને કારણે પોતાના પતિના પરિવારમાં તેની પ્રતિષ્ઠામાં વધારો થયો. (જેટલી ૧૯૮૮ : ૧૦૧). વળી પોતાનો પતિ મૃત્યુ પામતાં જેને જમીન વારસામાં મળી એવી રામદેએ તે જમીન પરનાં કાર્યની દેખરેખ રાખી અને પાછળથી પોતાના બે દીકરાની વચ્ચે તે જમીન વિભાજન નક્કી કર્યુ. અહીં, લગ્નજીવનના અન્ય ક્ષેત્રમાં આત્મવિશ્વાસ તરફ લઈ જનાર મિલકતો ઉપરનો અસરકારક અંકુશ મહ્દઅંશે પોતાના પિતૃ-ગૃહ સાથેના સારા સંબંધો પર નિર્ભર હતો.

પોતાની આજીવિકા કે વધુ વ્યાપક હેતુઓ માટે બહાર જઈને સબંધોનું ગઠબંધન કરવાની કે સંરચના  કરવાની મહિલાઓની ક્ષમતા, આ સૈકાના આરંભમાં, મહાત્મા ગાંધીએ નિહાળી હતી. એવા એક સમયે કે જયારે ભારતીય રાજકારણીઓ વ્યૂહરચનાઓ ઘડવામાં અને બ્રિટિશ નીતિ અને પોતાની અંદરોઅંદરની રીતોની ચર્ચા કરવામાં ઉદ્યમશીલ હતા, તે સમયે ગાંધી દેશની મહિલાઓ સમક્ષ સામૂહિક ભાગીદારી અંગેનો પોતાનો સંદેશ લઈ ગયા. મોટા પાયા પરની ભાગીદારીના ધ્યેય અંગેનો તેમનો અભિગમ સરળ અને સીધો હતો. તેમના શ્રોતાજનોને પરિચિત એવા રૂઢિગત પ્રયોગોનો ઉપયોગ કરી, ગાંધીએ સ્ત્રીઓને પોતાને વધુમાં વધુ અનુકૂળ એવી શક્તિઓ વિકસાવવા કહ્યું : તેઓએ ચરખો કાંતવાનો હતો, પોતાના બાળકોને સ્વદેશ, અહિંસા અને ધર્મની ભાવના સાથે ઉછેરવાનાં હતાં, અને પોતાનો પતિ, જે સક્રિયપણે રાજકારણમાં સંડોવાયેલ હોય કે ન હોય, તેની યોગ્ય સહભાગિની બનવાનું હતું. બ્રહ્મચર્ય માટેની તેમની વચનબધ્ધતા તેમજ અપ્રતિકારયુક્ત ત્યાગ માટેનો આગ્રહ પોતે અપનાવેલ સાંસ્કૃતિક ભાષા સાથે પરિચિત એવી સ્ત્રીઓને પ્રભાવિત કરી છતાં પણ, મહાત્મા ગાંધીનો ત્યાગ અને બલિદાન માટેનો આગ્રહ સ્ત્રીની પ્રકૃતિ અંગેના ચીલાચાલુ ખ્યાલોનું પુનઃસમર્થન માત્ર ન હતુ. બલિદાન એ તેમને મન, જે ઘણા લોકો પ્રાપ્ત કરી શકતા નથી એવી વિશિષ્ટ મનોદશાની અપેક્ષા રાખતું એક શક્તિશાળી સાધન હતું. ઘરમાં અને જાહેર ક્ષેત્રમાં સ્ત્રીઓની પરાધીન અવસ્થાના ચિહ્‌ન તરીકે મનાતું હતું અને મનાઈ રહ્યું છે એવી અવસ્થા સાથે મહાત્મા ગાંધી ભાગ્યે જ સહમત હતા. ગમે તેમ, પોતે કલ્પેલા પ્રકારનો સમાજ લાવવા માટે સ્ત્રીઓ સૌથી વધુ યોગ્ય હતી એમ કહી ગાંધીજી તેમના માટે પોતાની રાજકીય યોજનામાં વર્ચસ્વવાળી સ્થિતિ સાંપ્રત પરિવર્તન પ્રવૃત્તિ કંઈક અંશે સામાજિક-રાજકીય અને ધાર્મિક વિચારસરણીઓમાં આવેલ પરિવર્તનનું પ્રતિબિંબ છે.

સ્ત્રીઓ ચરખો કાંતવા માટેની ચળવળમાં સહભાગિનીઓ માત્ર ન હતી, પરંતુ નશાબંધી માટેની ચળવળમાં તેઓએ સફળપણે કાર્ય કર્યુ હતું ઉપરાંત વિવિધ સત્યાગ્રહોમાં તેમણે ભાગ લીધો હતો. તેમને માટે મહત્ત્વનું એ છે કે ગાંધીજીએ તેમની પાસે સંગઠન કરવા, પ્રગતિશીલ બનવા અને સત્તાધિકાર માટે પ્રતિનિધિત્વ કરવાની અપેક્ષા રાખી હતી; આ તમણે સફળતા અને આત્મવિશ્વાસની

‘સામાજિક પ્રથાની અંદર (આંશિક કે સમગ્ર) પરિવર્તનો આણવા માટેના લક્ષ્યરૂપ મોટાભાગની ચળવળો અને સામૂહિક કાર્ય માટે આ આવશ્યક પ્રવૃત્તિ છે. (એમ.એસ.એ. રાવ ૧૯૭૮ : એક્સ). રાવે દર્શાવ્યું છે કે આ પ્રકારનું પરિવર્તન, વિરોધ કરતાં સ્વીકાર તરફ વધુ ધ્યાન કેન્દ્રિત કરનાર ‘એક અનુકરણાત્મક કે બરોબરી કરનાર પ્રક્રિયા’ માંથી આવેલ પરિવર્તન કરતાં ઘણું ભિન્ન છે. શિસ્તનું મૂલ્ય, વ્યવસ્થિત પ્રગતિ, આકારણી અને મૂલ્યાંકનના આગ્રહયુકત શિક્ષણપ્રથા પ્રથમ કક્ષામાં આવશે; બીજી તરફ, ‘વિરોધના પાયાવાળી સામાજિક ચળવળો સામાજિક સંબંધોની પારંપરિક રચનામાં ગુણાત્મક પરિવર્તનો લાવે છે (એજન.). રૂપાંતરાત્મક પ્રવૃત્તિઓમાં સ્પષ્ટપણે કેટલાંક સંગઠનો અન્ય સંગઠનો કરતાં વધુ સફળ છે, છતાં સબંધ સવાલ ઉઠાવવાના અને વિરોધ કરવાના વ્યાપક આગ્રહનો છે. ફ્રેન્ક અને ફયુએન્ટિસ(૧૯૮૭) એમણે દર્શાવ્યા મુજબ, મોટાભાગની ‘નવી’ ચળવળો સફળ નથી, જો કે તેમના કેટલાક આગ્રહો વર્તમાન ઘટનાઓ સાથે સંબંધિત હોઈ શકે. અન્ય શબ્દોમાં નવા ઉકેલો શોધવા માટે સામનો કરવાની વૃત્તિ યુગ-જૂની છે. રાજકીય ઔચિત્ય, રાષ્ટ્રીય અને વિશ્વવ્યાપી વિકાસ માત્ર કેન્દ્રબિંદુના સ્થળાંતરને જ નક્કી કરે છે. ભારતની સ્ત્રી ચળવળ આ મુદ્દામાં ઉદાહરણરૂપ છે, કારણ કે પરિવર્તનશીલ થવા માટેનું વલણ ઓગણીસમી અને વીસમી સદીઓના ખેડૂત અને આદિવાસીના ઉત્થાન દ્વારા સ્પષ્ટ થઈ ચૂકયું છે. તેમને પરિચિત એવો એક દઢિપ્રયોગ વાપરીને મહાત્મા ગાંધી ભાગીદારી (હસ્તક્ષેપ) ની ગર્ભિત ભાવનાને પુનઃ પ્રજ્વલિત કરવા શક્તિમાન હતા.

મહિલાઓને મહાત્મા ગાંધીની હાકલ અસાધારણપણે સફળ નીવડી, કારણ કે, તેમને મન, સ્વાતંત્ર્ય અને સામાજિક રૂપાંતર સ્ત્રી રક્ષણના સારરૂપ બલિદાનના સર્વોચ્ચ ધ્યેય દ્વારા સિદ્ધ કરવાનું હતું. છતાં પણ, એમ કરવામાં તેઓ ચીલાચાલુ ઢાંચાની શક્તિ ઉપર માત્ર ભાર મૂકી રહ્યા ન હતા; બલ્કે તેમણે દર્શાવ્યું કે સ્વરાજ જીતવા માટે પુરુષો કરતાં સ્ત્રીઓ વધુ સમર્થ છે, કારણક તેઓ તેમ કરવા માટે વિશેષ કરીને સજ્જ છે. એમને મન, બલિદાન, અસ્વીકાર અને આત્મ-ત્યાગ સઘળા લોકો માટે દુષ્પ્રાપ્ય એવા દુર્લભ સદ્‌ગુણો હતા. વળી, અન્ય અનેક વ્યક્તિઓ કરતાં વિશેષ, એ હતું કે, સહકાર આપવાની અને આગેવાનીનાં સ્થાન ગ્રહણ કરવાની સ્ત્રીઓની શક્તિને તેમણે પિછાણી, જે શક્તિઓ સ્ત્રીઓની સમકાલીન ચળવળના વિસ્તૃત વણાટની અંતર્ગત એવી શક્તિઓ હતી. વ્યક્તિગત તફાવતો અને જૂથો વચ્ચેનાં વૈમનસ્ય પ્રવર્તતાં હોવા છતાં, ૧૯૭૫ પછીના સમયમાં સ્ત્રીઓની કાર્યશીલતા આપણા અદ્યતન ઈતિહાસનું એક સૌથી વધુ અગત્યનું પાસુ છે. સ્ત્રીઓને સહભાગી બનાવનાર સંગઠનો અને મુદ્દાઓના પ્રકારોનું વર્ગીકરણ આ સમાલોચનાના વિસ્તારની બહારનું કાર્ય હોવા છતાં, કેન્દ્રીકરણની કેટલીક સંરચનાઓ અને ક્ષેત્રો તપાસવાં એ મહત્ત્વનું છે. (એ.આર. દેસાઈ ૧૯૮૫; એન.દેસાઈ ઍન્ડ વી.પટેલ : એન. દેસાઈ ૧૯૮૮).

કુમુદ શર્માના કથન મુજબ, 'ધ ગ્રોથ ઑફ પૉલિટિક્સ' માં, સ્ત્રી જુલમની સમસ્યાઓનું સ્વયં વિશિષટપણે સંબોધન કરતાં, રાજકારણના રૂઢ ખ્યાલનું પુનરાર્થઘટન કરનાર કર્મનિષ્ઠ સ્ત્રીઓનું આલેખન કર્યું છે. (કે. શર્મા ૧૯૧૯). ઘરગથ્થુ હિંસાખોરી, દહેજ અને ગર્ભપાતના કિસ્સાઓને ઔપચારિક વયાખ્યાન જગતમાં લઈ જઈ, 'સ્ત્રી-ચળવળે આમ જાહેર/ખાનગી દ્વિભાજન પર આક્રમણ કર્યુ છે (એજન-૨). સ્ત્રીઓ અને સંગઠનોએ રાજકીય-સામાજિક માન્યતાઓની હારમાળા વચ્ચે પરસ્પર સહકાર સાધીને, બળાત્કાર, દહેજ અને સતિ અંગેના કાયદાઓમાં સુધારા લાવવા માટે સફળતાપૂર્વક લડત આપી છે. (સરકાર ૧૯૮૮, ૧૯૮૯, ૧૯૯૦) અને કેળવણી અને માધ્યમો અંગેના સુધારા જેવા મુદ્દાઓ માટેના આધારની રચના કરી છે. પર્યાવરણ, અત્યાર સુધી અલ્પાધિકાર ભોગવતા જૂથોનું સત્તાકરણ (મિત્રા ૧૯૮૬; વી. મઝુમદાર ૧૯૮૯, કુદરતી સાધનસંપત્તિ અને ગૌણ વન્યપેદાશની પ્રાપ્તિ નાનાં નાનાં વિશેષ મુદ્દાઓનું અને ભૌગોલિક નિર્દિષ્ટ જૂથોનું લક્ષ્યબિંદુ બન્યાં છે.

નાનાં મોટાં આવાં બન્ને સંગઠનોમાં થયેલા ઝડપી વધારા સાથે, માળખું, વિચારધારા અને અન્ય રાજકીય ઢાંચાઓ સાથેના સંબંધ અંગે, અનાકસ્મિક નહિ એવા સવાલો ઉઠાવવામાં આવે છે. વિભૂતિ પટેલ અને નીરા દેસાઈએ દલીલ રજૂ કરી છે કે ''સ્ત્રીઓના સ્વાયત્ત જૂથો સ્ત્રીઓની સમસ્યાઓ માટે સાવ જુદાં જ દૃષ્ટિબિંદુથી લડતાં આવ્યાં છે. (દેસાઈ અને પટેલ ૧૯૮૫:૬૩) અને તેઓ સ્વરૂપે બિન-રાજકીય છે. મધ્યપ્રદેશના મહિલા મુક્તિ મોરચના એક રસપ્રદ કિસ્સા અધ્યયનમાં, ઈતિના સેન (૧૯૮૬) બતાવે છે કે સ્ત્રીઓની ભાગીદારી શ્રમિક વર્ગના સભ્યો તરીકેની છે, અને બન્ને દૃપતી મજૂરમંડળની પ્રવૃત્તિઓમાં જોડાય છે ત્યારે ''તેમની વચ્ચેના અસમાન સત્તાસંબંધોને પ્રકાશિત કરવા એ ચળવળને મજબૂત બનાવવાને બદલે નબળી બનાવનાર લેખાય છે.'' (શર્માનાં પા.૧૩ પર ઉલ્લેખ). આમ સવાલ ઊભો જ રહે છે. આગેવાનો કોણ બનશે ? વિભિન્ન સામાજિક-આર્થિક કક્ષાઓમાંથી આવેલ સ્ત્રીઓવાળાં લોક-પાયાનાં સંગઠનનું શું થાય છે ? વળી શું સ્ત્રીઓએ માત્ર સ્ત્રીઓના મુદ્દા પર જ એકાગ્રતા સેવવી જોઈએ ? વધુ વિશાળ કાર્યક્ષેત્રમાં આ સત્તાહીનતા તરફ દોરી જશે એવી દલીલ કરીને, મધુ કિશ્વર સ્ત્રીઓના વધુ વિશાળ સહભોગિત્વની અપેક્ષા રાખે છે. (કિશ્વર અને વનિતા ૧૯૮૪). અહીં ફરીને સત્તાનાં સ્થાનો, નેતૃત્વની ભૂમિકા અને અભિરુચિની અગ્રિમતાઓની અત્યંત વાસ્તવિક સમસ્યાઓ ઉદ્‌ભવવાની જ. સ્ત્રીઓ શા માટે અને કઈ રીતે સંગઠિત બને છે તે વિશે મંત્રમુગ્ધ કરનાર છતાં વણઉકલાયેલા એવા આ ક્ષેત્રોમાં વધતી જતી અભિરુચિ સાહિત્યના વિકસતા કદ અને રસ ધરાવનાર સંખ્યાબંધ નિષ્ણાતો ભણી દોરી ગઈ છે. (દેસાઈ અને મ્હાત્રે ૧૯૮૭; એન. દેસાઈ; ૧૯૮૯; ડેવીઝ ૧૯૮૨; જૈન અને માથુર ૧૯૮૮; કલ્પગામ ૧૯૮૬; ઓમવેદી, ગાલા અને કેળકર ૧૯૮૮; નોટિયાલ અને પાંડે ૧૯૮૭; આઈ.સેન અને ગાર્ડિઆ ૧૯૮૮; મેહરોત્રા ૧૯૮૮), જેમણે નિર્દિષ્ટ સંગઠનો અને ચળવળોનું વિશ્લેષણ કર્યુ છે તથા ઢાંચાના પ્રશ્નો તપાસ્યા છે.

તેમ છતાં ઓળખ માટેની વ્યક્તિગત ખોજોને સામુદાયિકતા સાથેનાં જોડાવા સાથે સાંકળવાના પ્રયાસો બહુ અધ્યયનો દ્વારા થયેલા નથી. ઘરનાં એકમમાં પોતાને માટે મનોવૈજ્ઞાનિક અવકાશ સર્જવાની સ્ત્રીની શક્તિ તથા સ્થાનિક સ્ત્રી-મંડળમાં તેનું સહભાગિત્ય એ બન્નેને સાંકળી લેવાનો કોઈ તર્કસંગત તંતુ છે ખરો ? શું સ્ત્રી-મંડળનું સહભાગિત્વ તેને સમર્થ બનાવે છે ખરું ? અને ઘરની અંદરના પરંપરાગત સત્તા-ઢાંચાની સામે સવાલ ઉઠાવવાનો આત્મવિશ્વાસ તેનામાં લાવે છે ખરું ? અથવા તો અનુજીવન માટેની સહજવૃત્તિનો એવો અર્થ થાય છે ખરો કે બે વ્યક્તિત્વોને અલગ જ રાખવાં ? સ્ત્રીની જાગ્રત થયેલી ચેતનાને પુરાણા ઢાંચામાં ફરી એકવાર જ્યારે પુરાઈ રહેવું પડે ત્યરે તેનો શો અંજામ આવે ? ઘર બહારની અર્ધ-ઉથલપાથલના પ્રવૃત્તિઓમાં તેના સહભાગિતા વિશે શું ટીકા-ટિપ્પણી પ્રવર્તે છે ખરી ? તેના બે હસ્તક્ષેપ બદલ શું તેને ગાળો દેવામાં આવે છે ખરી ? ગૌરવ તેમજ ન્યાયયુક્ત અનુજીવન માટે સ્ત્રીઓની પરિવર્તન પામેલ શોધખોળોનાં વર્ણન માટે 'પહોંચી વળવાની કળ' (કોપિંગ મિકેનિઝમ) શબ્દપ્રયોગ ઉપયુક્ત છે. આ બધું એક અખંડ પ્રવાહની દૃષ્ટિએ નિહાળવું પડશે, અને તેનો વિસ્તાર 'પોતાની દીકરીને શાળાએ મોકલવા મથતી કોઈક માતા'થી માંડીને, 'કોઈક સ્થાનિક મંડળમાં ચૂંટણી લડતી કોઈક સ્ત્રી' સુધીનો હોઈ શકે. પ્રથમ નજરે આ બે ઘટનાઓ પ્રયોજન અને આશયમાં અત્યંત ભિન્ન દેખાય એવી છે, છતાં સૂક્ષ્મ વિશ્લેષણ બંને વ્યક્તિઓની પાયાની ખોજ સમ્યક્પણે ઊપજાવે ખરું. વધુ ને વધુ સ્ત્રીઓ પોતાની વાત સાંભળવામાં આવે એવા અધિકારની માંગણી કરતી હોવાથી, તેઓ વધુ શ્રાવ્ય કઈ રીતે બની શકે અને તે માટે મુશ્કેલીઓ ક્યાં રહેલી છે એ જાણવું અગત્યનું છે. નિરુપયોગી શિક્ષણપ્રથા અને પાંગળા ચીલાચાલુ પાયા પર સમૂહ માધ્યમોનુ લક્ષ્ય (ક્રિશ્નન અને ડિઘે ૧૯૮૯) પરિવર્તનના અવરોધક કુટુંબ અને રાજય-રચનાના ભાગ છે. તો પણ, આજે ભારતમાં સ્ત્રીઓની સૌથી વધુ અસરકારક પ્રગતિશીલતાની વધુ સારી સમજણ માટે, કહેવાતા ખાનગી અને જાહેર ક્ષેત્રો વચ્ચે પરસ્પર-ક્રિયા અંગે વધુ સંશોધન સ્પષ્ટપણે અનિવાર્ય છે. સમાજકાર્યનું સંશોધન ઉત્ક્રાંતિ પામતી પરિસ્થિતિ પરત્વે સંવેદનશીલ તેમજ પ્રતિભાવશીલ નીવડે એ અનિવાર્ય છે.

ઉપરોક્ત સંશોધનોની સમીક્ષાથી અમુક પાયાના પ્રશ્નો ઉદ્ભવે છે. જેમ કે, ''શું આજની શિક્ષણપ્રથામાં એ સામર્થ્ય કે સ્ત્રીઓના સમાન અધિકાર સ્વાતંત્ર્યની હિમાયત કરી વાસ્તવિક રૂપે તેને એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે પ્રસ્થાપિત કરી શકે? આવા પ્રશ્નોના જવાબ મેળવવા માટે પૂર્વ સંશોધનોમાંથી સૈધ્ધાંતિક ખ્યાલોની સમજ મેળવવી અતિ આવશ્યક છે.

પાવલોવ ફેરેના સંચેતના ખ્યાલને વાસ્તવિક બનાવવા સ્ત્રી અને સ્ત્રીજીવનના પ્રશ્નો સમજવા અત્યંત આવશ્યક છે. આ પ્રશ્નોની સમજ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વિવિધ અધ્યયનોના નિચોડ અત્રે સમજવાનો પ્રયાસ કર્યો છે. આ અધ્યયનો સ્ત્રીજીવનના પરિવર્તન માટે 'કૉપીંગ મિકેનીઝમ'ના નિર્માણ માટેનું પ્રાથમિક ભાથુ છે. સમાજકાર્યના વિદ્યાર્થી તરીકે સમસ્યાના ઉકેલ માટે કરવામાં આવેલા પ્રયાસના ભાગરૂપે આ સંશોધનની સૈધ્ધાંતિક ભૂમિકા આ પ્રકરણમાં સ્પષ્ટ કરવા માટે સંશોધકે પ્રયાસ કરેલો છે.

# પ્રકરણ : ૩
# કોળી જ્ઞાતિ અને વિસ્તાર પરિચય

★ કોળી જ્ઞાતિ પરિચય

★ અભ્યાસ વિશ્વનો પરિચય

★ પ્રકરણીકરણ

**પ્રસ્તાવના :**

આપણા દેશ સમક્ષ  અનેક અણઉકેલ્યા મહત્વના પ્રશ્નો છે. દેશની લભગગ ૩૦% વસ્તી ધરાવતી સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક વિગેરે બાબતોમાં પછાતપણું ભોગવતી પછાત કોમોનાં વિકાસનો પ્રશ્નો છે. વર્ષોથી કચડાયેલી, ગુલામી દશા ભોગવતી, અર્ધ ભૂખમરામાં સબડતી આ કોમો પ્રત્યે દુર્લક્ષ અપાયું છે. આઝાદી પ્રાપ્ત થયા પછી આ માટે કાર્યક્રમો અને યોજના દ્વારા પ્રયત્નો થઈ રહ્યા છે. પરંતુ હજી સુધારો જોઈએ એટલો નથી. જ્યાં સુધી પછાત કોમોનો સર્વાંગી વિકાસ સાધી તેઓ ભારતની અન્ય કોમોની સમકક્ષ ના આવે, એક નાગરિક તરીકેના સમાન અધિકારો ભોગવતી ના થાય ત્યાં સુધી પ્રયત્નશીલ રહેવુ પડશે. કોળી પટેલ જ્ઞાતિમાં પણ જુદા જુદા વિસ્તારની દૃષ્ટિએ ‘પછાતપણા’નું પ્રમાણ જુદુ જુદુ જોવા મળે છે. તે દરેકના કારણો પણ એકબીજાથી જુદા જુદા છે, અને જુદી રીતે નિર્માણ થયેલા છે. તેથી તેમના પ્રશ્નોનો ઉકેલ પણ એક બીજાથી ભિન્ન એવો માર્ગ માગી લે છે.

આથી તેમના પ્રશ્નોનો સમાજશાસ્ત્રીય દૃષ્ટિએ ઉંડાણથી અભ્યાસ કરવો, તેમના આનુવંશિક સંસ્કારનું સંશોધન કરવું એ તેમના પ્રશ્નના કાયમી ઉકેલની દિશામાં સાચુ અને આવશ્યક પગલુ છે. કોળી પટેલ જ્ઞાતિના આર્થિક, સામાજીક અને સાંસ્કૃતિક જીવનના ઉત્થાન માટે તેમના જીવનવિકાસને રૂંધાતા બળોને તપાસવા તેમની સમગ્ર પરિસ્થિતિની ઉંડી તપાસ કરી માહિતી મેળવવી આવશ્યક છે. “No Social Planing is possible unless it is based on sound and accurate data” (Census 1961)

માનવજીવનના વિકાસમાં અને તેના ઘડતરમાં અનેક સામાજીક, આર્થિક, સાંસ્કૃતિક વગેરે પરિબળો કામ કરતા હોય છે, તેમાં જે બાબતો તેના વિકાસને રૂંધનારી હોય છે, તે શોધી દુર કરવી ઘટે અને જે બળો તેમના જીવનને વધુ ઉન્નત બનાવે છે, તેને વધુ ખીલવવા માટે પ્રયત્ન કરવા ઘટે. તેમની સંસ્કૃતિમાં વણાયેલા જીવનના સારા તેમજ ખરાબ તત્વોનું સંશોધન કરવું અનિવાર્ય છે. તેને માટે પ્રથમ તો તેના જીવન અને જીવનની રહેણી કરણીની માહીતી હોવી જરૂરી છે.

**કોળી જ્ઞાતિ પરિચય :**

આદિવાસી કોમોની જેમ આ કોળી લોકો પણ ઠેકઠેકાણે જોવા મળે છે. પરંતુ તેઓ જીવન આદિવાસી જેવુ જુનવાણી પ્રકારનું નથી તેમજ આગળ વધેલી અન્ય પ્રજાઓ જેવુ પણ નથી એટલે એમ કહી શકાય કે આ કોળી લોકો આદિવાસી પ્રજાથી થોડા આગળ છે. અર્થાત બન્ને વચ્ચેની મધ્યમ સ્થિતિની જીવન પ્રણાલિવાળા છે.

આ જાતિ કેટલા સમયથી ચાલી આવે છે તેના કોઈ સગડ મળતા નથી, અને હજુ સુધી કોળી જાતિ સંબંધી કોઈ સંતોષકારક ઈતિહાસ મળ્યો નથી. વળી કેટલાકનો મત એવો છે કે આ લોકો મૂળે આદિવાસી જાતિના છે કે જેઓ વિંધ્ય પર્વતની દક્ષિણે મધ્ય પ્રદેશમાં વસતી કોલ જાતિ અને આ કોળી જાતિ મૂળ એકજ છે. અને એ કોલમાંથી 'કોળી' શબ્દનિર્માણ થયો છે. એવો પણ એક મત છે. જ્યારે બીજો મત એવો પણ છે કે કોલ એટલે 'મછવો' અને તે ઉપરથી 'કોળી' નામ પડ્યુ એવો છે. કાઠીયાવાડ સર્વ સંગ્રહમાં આ અંગે જણાવવામાં આવ્યુ છે કે 'કોળી' શબ્દનું મૂળ નક્કી થયું નથી. ફારબસ્ રાસમાળામાં લખ્યું છે કે ''તેમના મૂળ પુરૂષનું નામ કોળી હતુ કોઈ ઋષિએ તેને વગડામાં ઉછેર્યો હતો ને તે નિરંતર જંગલમાં ભટકાયા કરતો હતો. આ ઉપરથી કહેવાય છે કે તેના વંશજો વસ્તીમાં કાંઈ વિખ્યાતી પામેલા ન હતા, તો પણ જંગલમાં તો સિંહ જેવા હતા.''

આર. ઈ. એન્થોન(૧૯૨૨ Tribes and caste of Bombay Presidency) નું કથન પણ એવું છે કે ભીલ અને કોળી એ મૂળે તો આદિવાસી પ્રજા છે. તેઓનું મૂળ એકબીજાથી ભિન્ન નથી.

એક મત એવો છે કે કોળીઓની મૂળ ઉત્પતિ સિંધુ નદીના પ્રદેશમાં થઈ હતી.

મહાભારતના રઘુવંશ અનુસાર આ 'કોળી' જાતિ મૂળે ક્ષત્રિય હતી.

*शंक यवनवीम्बोजी : पारदय विशांपते*

*कोलिसर्पा समहिषा दर्धाश्चोला संकेरला: ॥१८॥*

*सर्वे ते क्षत्रियास्तात् धर्मस्तेषां निराकुल।*

*वरिष्ठवचना प्रश्रन्सगिरेषा महात्मना ॥ १९ ॥*

*स्वसांस्तु परांश्चोत्माश्च मद्रानिकषिकन्धनंस्तथा*

*कौनतनाश्य तथा वहान सामवान्व नैकरग कोस्तथा ॥ २० ॥*

અર્થ : ''રાજા'' સગરે સર્વ હૈરેયોને નષ્ટ કર્યા અને તે વળી શક, કમ્બોજ, પારદ, કોળી, સર્પ, મહિષ, દારદ, સોલ, કેરવ, ખસ વગેરે ક્ષત્રિયોને પણ નષ્ટ કરી દેત પરન્તુ તેઓએ પોતાના કુળગુરુ વશિષ્ઠની શરણ લીધી ત્યારે ગુરુએ સગરને રોક્યો અને કહ્યુ કે હવે તેનો પીછો ન પકડ. મેં તારી પ્રતિજ્ઞા ખાતર એ સર્વ ક્ષત્રિયોને તેમના ધર્મથી ચ્યુત કરી દીધા છે.''

આમ વશિષ્ઠ દ્વારા ધર્મભ્રષ્ટ થયેલી જ્ઞાતિ છે એવું શ્લોક ઉપરથી જણાય છે.

વળી પાછળથી બૌદ્ધ ધર્મ સ્વીકાર કરતાં વૈદિક મતવાળાઓએ પોતાની ગણના મલેચ્છમાં કરી અને બ્રાહ્મણોએ ધર્મ દોષને કારણે તેઓને શુદ્ધ ગણ્યા તે અંગેનો ઉલ્લેખ નીચેના શ્લોકમાં મળે છે.

*निःस्वाध्याय वषद्वकारम् एतान्यांश्य*

*क्षत्रियांश्चकार ते यनिश्रवर्मपरित्यागाय्*

*श्रह्मवोथ परित्ववकता मत्नेच्छतांयुमु ॥ ९ ॥*

આ ક્ષત્રિય ધર્મથી ચ્યુત થયેલી અને બ્રાહ્મણ સંસર્ગથી છૂટી પડેલી ક્ષત્રિય જાતિની ગણના મલેચ્છામાં થઈ.

આ કોળી લોકો મહારાજા સગરના કાળમાં એટલે કે રામચંદ્રજી અને દશરથ રાજાથી પછી કંઈ પેઢીઓ પહેલા હતા પછી ક્ષત્રિય મટી કેવળ કોળી તરીકે રહ્યા આમ આ પ્રજા ઘણી પુરાણોથી હસ્તિ ધરાવતી આવી છે એવું  કહી શકાય.

મોહેન-જો-દડોના ખોદકામમાંથી મળેલા કેટલાક લેખોમાં કોળી રાજાઓના વર્ણન છે. મોહન-જો-દડો અને સિંધુ સભ્યતાના લેખક શ્રી સતીષચંદ્ર કાલાએ તો પોતાના પુસ્તકમાં પ્રસિદ્ધ કર્યુ છે કે ભારતની વર્તમાન કોળી  એ પ્રાચીન કોળીના જ વંશ છે.

આ કોળી જાતિ જુદા જુદા વિભાગોમાં જુદા જુદા નામે ઓળખાવી હતી. એક મત એવો છે કે પ્રાચીન કાળમાં શાક્ય જાતિના નામે ઓળખાતી જાતિ કોળી જ છે. કેટલાક વિભાગોમાં આજે શાક્યવાર, શાક્ય, શકવાર, શકોલી, સયેરી વગેરે નામે ઓળખાતી જાતિઓ પણ મૂળે કોળી જાતિનો જ એક વર્ગ છે. એમ મનાય છે.

આજથી લગભગ અઢી હજાર વર્ષ પૂર્વે અર્થાત બુદ્ધયુગમાં ભારતની સાધારણ રીતે લોકોમાં બોલાતી ભાષા 'પાલી' હતી આ પાલી ભાષામાં 'શાક્ય' નું 'સકવ' અથવા 'સક્ક' રૂપ લખાયુ છે. આ કારણે જુદે જુદે સ્થળે શાક્ય લોકો જુદા જુદા શબ્દોથી ઓળખાવા લાગ્યા આમ 'સક્ક' અને 'કોળી'ને અતૂટ સંબંધ હતો એટલે શાક્ય, શાકવાર, સકવાર અને સકોલી એ એકજ હોય એ અસંભવિત નથી.

એક માન્યતા એવી છે કે ભગવાન બુદ્ધે એ એક કોળી પુત્ર હતા. હિમાલયના ખોળામાંથી નીકળતી રોહીણી નદીના કાંઠે શાક્યરાજની રાજધાની કપિલવસ્તુ નામનું નગર હતું. ઈશ્વાકુંવશના મહાપરાક્રમી રાજા શુદ્ધોધનનું રાજ અને સામે કાંઠે કોલિય વંશના રાજાનું રાજ બિદરનગર હતું. અને માયાવતી અને માયા પ્રજાપતિ નામે બે રાણીઓ હતી તે બન્ને સગી બ્હેનો હતી અને તે દેવદેહના કોલિય કુંવરીઓ હતી.

**પ્રાચીન કાળ :**

પ્રાચીન કાળમાં આ જાતિઓના મોટા રાજ્યો હતા. આ જાતિ ઘણી યુદ્ધ પ્રિય અને ઝનુની હતી વળી આ  જાતિ ગૌરવવાળી હતી. અને તે એટલે સુધી કે અંદરોઅંદર પણ લડતા. આ લડાયક પ્રજા પોતાનો વ્યવહાર સંભાળી લેતી. આ શાક્યોમાં સૈન્ય તંત્ર ન હતું પણ કોળી પ્રજાતંત્ર હતું. તેમજ પંચાયત દ્વારા જાતિનું સ્વશાસન ચાલતું હતું. આ જાતિના દરેક સદસ્ય (Clan Man) ને રાજાના નામથી ઓળખવામાં આવતો. આજેપણ ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનમાં ક્યાંક 'કોળી રાજા' અથવા 'કોળી રાજાના' નામથી સંબોધવામાં આવે છે.

બુદ્ધકાળમાં આ જાતિએ બુદ્ધ ધર્મ અપનાવ્યો હતો. બુદ્ધ ભગવાનને માનનાર પ્રજાના ઝુંડ પંચરંગી (પાંચ રંગના) હતા તેમ આ કોળી સમાજનો ઝંડો પણ પંચરંગ જ કહેવાતો આજે પણ કેટલાક વિભાગોમાં 'પંચરંગ' તરીકે જ ઓળખાય છે. આ 'પંચરંગ'ને સાથે રાખીને જ ધાર્મિકયાત્રા તથા ધર્મવિધિ કરે છે. જો કે તેમના આ પંચરંગ ઝંડાના રંગમાં પાછળથી ઘણા ફેરફાર થતા રહ્યા છે.

બુદ્ધના સમયમાં આ જાતિનો મુખ્ય ધંધો તો ખેતીનો જ હતો તે ઉપરાંત વસ્ત્ર વણાટના ધંધામાં એ તેઓ ઘણા આગળ વધ્યા હતા.

પ્રાચીનકાળમાં આ લોકોમાં લાજ કે ઘુમટાની પ્રથા ન હતી. મોહન-જો-દડોના કાળમાં, મહારાજા સગરના કાળમાં તેમના રાજ્યોના ઉલ્લેખ મળે છે. વળી બૌદ્ધકાળમાં એ તેમના રાજ્યો હતા. બુદ્ધ ભગવાને ગૃહત્યાગ કરી કોલિન રાજ્યમાં પ્રવેશ કર્યાનો ઉલ્લેખ મળે છે. તેથી આ સમયે કોળીઓના મોટા રાજ્યો હતા. ચીની મુસાફરો ફાહ્યાન કે હ્યુએન સંગના વર્ણનોમાં તેમનો ઉલ્લેખ મળે છે. તેઓ જણાવે છે કે ભારતનાં નવદશના મોટા રાજ્યો હતા. જેમાં કોળીઓના રાજ્યો હતા.

મધ્યકાળમાં એ કોળી પ્રજાનું કેટલીય જગ્યાએ વર્ચસ્વ તો રહ્યુ જ હતું તેઓની સંખ્યા ઘણી મોટી હતી, પરંતુ તેઓ સંગઠીત ન હતા. આજે ભારતમાં વસતી બધી કોળી જાતિઓ મૂળે તો એક જ છે. પરંતુ એકબીજા સાથે સંબંધ ન જાળવાથી તેઓ અલગ પડયા. શ્રી ફાર્બસ સાહેબ કહે છે કે જો કોળીઓમાં સંગઠન હોત તો તેમની સંખ્યા ઘણી ખતરનાક બનત. જો કે આ લોકો સંગઠીત હોવા છતાં ઈતિહાસના પાને ચમક્યા વગર રહ્યા નથી. તેના અનેક દૃષ્ટાંતો ઈતિહાસમાંથી મળી રહે છે જેમ કે (૧) ચાંપાનેર અને ખંભાત આગળ કોળીઓએ હુમાયુ ઉપર હલ્લો કર્યા નો ઉલ્લેખ મળે છે  (૨) અકબરનું મૃત્યુ થતાં કોળીઓએ તોફાન મચાવ્યાનું અને તેને દાબવાને માટે જહાંગીરે રાજા ઝૂરસિંહજીને લશ્કર મોકલવાનો ઉલ્લેખ મળે છે. (૩) ઈ.સ. ૧૪૫૧માં મહમદ નીલજી ઉપર કોળીઓએ હુમલો કર્યાનો અને તેમાં ઘણા લોકો માર્યા ગયાનો ઉલ્લેખ મળે છે. (૪) વળી દક્ષિણ કાઠીયાવાડ, ખંભાત અને ગુજરાતને કિનારે

કિનારે કોળીઓ મુખ્યત્વે ચાંચીયાગીરી કરતા હતા, તેવા ઉલ્લેખ મળે છે. (Notes on piracy in eastern waters try eharlsttills અને રજપુત માસિક જાન્યુ. ૧૯૫૩) છત્રપતિ શિવાજીના સરદાર તાનાજીરાવ માલુસરે  જાતે માવલા કોળી જ હતા. સૌરાષ્ટ્રમાં કોળીઓના રાજ્યો અને વર્ચસ્વના ઉલ્લેખ મળે છે.

આ કેવળ ઈતિહાસના પાછલા યુગોમાં કોળીઓના રાજયો અને વર્ચસ્વ હતા. આજે થાણા પાસે જવ્હાર નામના વિસ્તાર પહેલા સ્ટેટ હતું તે કોળી નરેશનું હતું. આ ઉપરાંત કોટસન, અમ્બીયારા, ઘોડાસર, અથમ્બા, ડામા, ઈલોલ, સતલાસતા, તાજપુરી, સમાસ, પુનાદરી વગેરે કોળી રાજપુતોના છે. (કોળીય - ક્ષત્રિય વંશાવલીમાંથી પાનુ ૧૫ ના આધારે)

ભારતમાં ભરમાં આ કોળી જાતિ ફેલાયેલી છે. તેના અનેક ફાંટા પડ્યા છે. તે જુદા જુદા નામે ઓળખાય છે.પણ મૂળે તો તેઓ એક જ જાતિના છે. મધ્યપ્રદેશમાં તેઓ કોલનો નામે ઓળખાય છે. ઉત્તર પ્રદેશમાં તેઓ 'કોરી' ના નામે ઓળખાય છે. ભરતપુરમાં કોરિયાના નામે ઓળખાય છે. આ વિભાગમાં કોરી અને કોળીમાં બેટી વ્યવહાર થતો આવ્યો છે. આ ઉપરથી ફલીત થાય છે કે કોરી અને 'કોળી' એ સમાનાર્થી જાતિવાચક શબ્દ હોવા જોઈએ. ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વસતા કોળીમાં પણ ચાર પાંચ જાતો જોવામાં આવે છે. તેમાં મુખ્યત્વે (૧) તળપદા કોળી (૨) ચુંવાળીયા કોળી (૩) ઘેડીયા કોળી (૪) વળાંકીયા (૫) ખાંટ કોળી એ મુખ્ય જાતો છે.

(આ ખાંટ કોળી એ કોળીની જાત નથી પરંતુ ખાંટની જાત છે જુના લખાણોમાં  તેની કોળીની જાતમાં ગણના કરેલી છે.)

આ ઉપરાંત કેટલાક કોળીઓ સ્થાનિક વતનના નામે કે ધંધાને લીધે અલગ ઓળખાય છે. જેમકે દેવ તરફથી આવ્યા તે દિવેચા કોળી, રાવળ મંથકના રાવળીયા કોળી ગુજરાતમાં મહીકાંઠામાં વસતા કોળીઓ મેટીયા, માટીયા કે મેવાસી કોળીના નામે ઓળખાય છે. દેવગઢ બારીયા બાજુ વસતા કોળીબારીયા નામે ઓળખાવે છે. જો કે કેટલાક બારીયા પોતાને કોળીથી અલગ અને ઉંચા માને છે. આ બારીયા મૂળે તો કોળી જ છે. ડૉ. વિલંધબી લખે છે કે Baria has speung from kolis. પાટણ બાજુના કોળી પાટણવાડીયા કોળી તરીકે ઓળખાય છે. સુરત બાજુ આવેલા ભીમપોરના કોળીઓ ભીમપોરીયા કોળી તરીકે ઓળખાય છે. મહારાષ્ટ્રબાજુ સોન કોળી અને મહાદેવ કોળી એવા વર્ગો જોવામાં આવે છે વળી ત્યાંના માવલા લોકો કોળીનો એક વર્ગ છે એમ મનાય છે. અજમેર તરફનાં  કોળીઓ કોળી શાક્ય વર્ગ અને કોળી મહાવર્ગ તરીકે ઓળખાય છે. ત્યાં વણાટનો ધંધો કરનાર કોળીઓ તંતુવાવ કોળી તરીકે ઓળખાય છે. કચ્છ બાજુના વાગડ પ્રદેશના કોળીઓ વાગડીયા કોળી તરીકે ઓળખાય છે.

સૌરાષ્ટ્રમાં ઝાલાવાડમાં વસતા પઢાર લોકો મૂળે તો કોળી જ છે. આમ કોળી જાતિના નામ તો કેવળ સ્થાન પરત્વેજ પડ્યા છે. કાળે કરીને આ વર્ગો એકબીજાથી અલગ પડ્યા પરંતુ મૂળે તો તેઓ સૌ એક જ છે.

રાજુલા પાસેના ચાંચબેટના કોળીઓ પહેલાના સમયમાં ચાંચીયા તરીકે જાણીતા થયા હતા. તેઓ દરિયાઈ વહાણો લૂટતા. ચાંચબેટ પાસે આવેલ શિયાળબેટના કોળીઓ શિયાળ તરીકે ઓળખાતા, ખસીયા કોળીએ નામ તેમના ના નીચા પૂર્વ જ વિસોજી ગોટિલના ધંધુકા પરગણાના ખાસ ગામ ઉપરથી પડ્યુ છે. (કાઠિયાવાડ સર્વ સંગ્રહ પાનુ ૯૨)

નવસારી તરફ કેટલાક કોળીઓ પોતાને પટેલ કહેવડાવે છે. કેટલાંક પોતાને ઠાકોર કહેવડાવે છે. એક મત એવો છે કે ઠાકરડા લોકો મૂળે તો કોળીનો એક વર્ગ જ છે અને તેઓ અન્ય કોળીઓ કરતા વધુ સંસ્કારી થવાના કારણે પોતાને માટે સંસ્કારી શબ્દ વાપરી ઠાકરડા કહેવડાવવા માંડ્યા જો કે ઠાકરડા અંગે બીજા અનેક મત છે.

આ કોળીઓનો પ્રદેશ કોઈ એક જ નિશ્ચિત નથી પરંતુ સૌરાષ્ટ્રમાં, ઉત્તર ગુજરાત, થાણા, ડાંગ, ખાનદેશ, નાસિક વગેરે પ્રદેશોમાં તેઓ વિશેષ જોવા મળે છે.

કાઠીયાવાડ સર્વ સંગ્રહમાં થયેલ ઉલ્લેખ મુજબ ''કોળીઓ આખા કાઠીયાવાડમાં પ્રસરેલા છે. તેમની જાતો પણ ઘણી છે તે એકંદર સંખ્યા ૩,૩૦,૮૫૦ જેટલી છે. સૂર્યવંશી રાજા યુવનાશ્વથી ઉતરેલા છીએ એમ તેઓ જણાવે છે. કોળીઓ સિંધુ નદીના મુખ આગળ દરિયાકાંઠા ઉપર ઘણાકાળ સુધી રહ્યા હતા. પણ આખરે હિંગળાજ દેવીની આજ્ઞાથી નળ આગળના મુલકમાં જ વસ્યા તે વખતે તેઓ મેર તથા કોળી એ બન્ને નામે ઓળખાતા ને સોનંગમેર તેમનો મુખી હતો. સોનંગમેર ને બાર દિકરા હતા તે દરેકે એક શાખ સ્થાયી'' આગળ વધુમાં જણાવવામાં આવ્યુ છે કે ''ગુજરાત તથા કાઠીયાવાડના ઉનઃશંસય સૌથી જુના રહેવાસી (આ લોકો) હશે.'' બિશપ ટેબર કહે છે કે કોળીઓ તથા ભીલો મધ્ય અને પશ્ચિમ હિંદુના મૂળ વતની હતા ને વેદ ધર્મ પાળનારી જાતોના હુમલાથી બચવા તેઓને જંગલ પહાડ અને કોતરો સેવવા પડ્યા તેથી તેમની દુર્દશા થઈ (કાઠીયાવાડ સર્વસંગ્રહ પાનુ ૯૦)

કોળીઓ અંગે શ્રી કનૈયાલાલ મુનશી જણાવે છે કે કોળીઓનો વસવાટ ગુજરાતમાં અને ખાનદેશમાં જેમ જેમ આર્ય ભાષા બોલતી પ્રજા ઉત્તરમાંથી ત્યાં આવી વસ્તી ગઈ તેમ તેમ કોળીઓ દક્ષિણ તરફ જતા ગયા દરિયા વાટે તેમણે કોંકણમાં થાણાં સ્થાપ્યા. નવસારી દમણ સંજાણ, માહિમ, સૂર્પાક, વસઈ મુંબઈ એ બધાં કોળીઓના મૂળ બંદરો કોળીઓ ગુજરાતથી આવીને કાઠીયાવાડમાં આજે પણ માનીતી મોમાઈ માતાની મુંબઈમાં સ્થાપના કરી છે. મુંબઈના સાતે ટાપુઓમાં કોળીઓ વસતા હતા.

શ્રી પુષ્કર ચંદરવાકર કોળીઓ અંગે જણાવે છે કે ગુજરાતનો સાગરકાંઠો તેમણે સર કર્યો છે. સાગરકાંઠા પર વસતા, ખારવાઓ તો કોળી જ છે. સુરતના દરિયાકાંઠા પર આ કોળીઓના ધામા છે. અરવલ્લીના ડુંગરો અને ભાખરના મુલકમાં ભીલો અને કોળીઓ સાથે વસવાટ કરે છે. મધ્ય સોરઠમાં કોળી સાબરમતીના કાંઠે ઠાકરડા ને કચ્છના રણને અને સૌરાષ્ટ્રને વળગી ને પડેલ છેડા પર ચુંવાળીયા કોળી વિશાળ મહેરાજણની આશરો લઈ રહ્યા છે. નદી, કોતરો અને રણની કાંધી પર રહેતા કોળી ધારાળા, બારૈયા, ઠાકરડા અને પઢાર જુથમાં વસે છે. તેઓ વાંસના ઝૂંપડાં બાંધીને ગામમાં જ વસતા હોય છે. કોળીઓ પણ વર્ષો સુધી કુબામાં જ વસતા હતા પરંતુ હવે ખેતીમાં ઉંડા ઉતરેલ કોળીઓ ઘર બાંધીને રહેતા થયા છે. કોળી કાળી ચામડીના છે. પશુપૂજા અને શક્તિપુજામાં માનનારા છે.''

કોળી જાતિની આદિકાળથી તે વર્તમાન સમય સુધીની વાતો જાણ્યાબાદ હવે તેમની જુદી જુદી પેટા જ્ઞાતિઓ જાણવી જરૂરી છે. જો કે બધા જ પ્રાંતના કોળીઓમાં વિવાદ વખતે હાથમાં કટાર યા તલવાર રાખવામાં આવે છે. તેમનો મુખ્ય ધંધો ખેતી છે. તે ઉપરાંત દટાડીયા મજુરી છે. આ પ્રકારની સામ્યતા જોવા મળે છે. વળી તેઓમાં ગામ શાખ અને કુળશાખ એમ બે શાખ હોય છે. મોટાભાગના ગામ શાખથી જ પરિચિત હોય છે. કુળની પોતાની શાખ તો તેઓ ભૂલી ગયા હોય છે. કૂળ શાખમાં મુખ્યત્વે તો રજપુત શાખ જ વિશેષ જોવામાં આવે છે. પહેરવેશ અને ભાષાની દૃષ્ટિએ તેમજ રીતરિવાજની દૃષ્ટિએ પ્રાદેશિક અસરોને કારણે ભિન્નતા જોવામાં આવે છે.

કોળીઓની શાખા અંગે શ્રી ફાર્બસ સાહેબ લખે છે કે ગુજરાતના રજપૂત કોળી વિસ્તાર પ્રમાણે શાખા આ પ્રમાણે છે. ચુંવાળમાં કુંદવાવ, ભંકોડા (કુકવાડા), છનિયાર અને ડેકાવાળાના સોલંકીઓ, કટોસણ, જંજુવાડા અને પઢારના મકવાણા, સાબરમતીના કિનારા ઉપરના ઘાંટી અને વાઘપુરના રાઠોડ, ચરોતરમાના, ઘોડાસરા ડાભી, મટીકાંઠાના આમલિયારાના ચૌહાણ, આ વિસ્તારના કુટુંબવાળાઓમાંથી પ્રથમ જેમની સાથે સંબંધમાં આવ્યા એટલે એ જે જાતિના જ્ઞાતિઓની શાખથી પછીથી ઓળખાયા. રજપુત હોય તે જાતિના જુદા થયા જોકે એમાં ઘણાએ હિંદુની ઉજળી વર્ણને મળતો આવે એ પ્રમાણે ફેરફાર કર્યો. જેમ જરૂરિયાત પડી તેમ તેમ કોળીઓએ લોકોની રીતભાત દાખલ કરી.

### ચુંવાળીયા કોળી :

કોળીઓની જુદી જુદી શાખાઓ છે પરંતુ તેઓમાં જુદી જુદી કોળી જાતિ મૂળે તો કોળી જ છે. બેટી વ્યવહાર નથી. ઘણી બધી રીતે તેઓ એકબીજાથી જુદા પડે છે.

ચુંવાળીયા કોળી એ શબ્દની ઉત્પત્તિ તો મૂળે ચુંવાળ પ્રદેશના નામ ઉપરથી થઈ છે. ઉત્તર ગુજરાતમાં આવેલા બહુચરાજી પાસેના પ્રદેશને ચુંવાળ કહેવામાં આવતો. આ પ્રદેશ ચુંવાળ કેમ કહેવાય

તે અંગેની એક માન્યતા અંગે શ્રી ફાર્બસ સાહેબ લખે છે કે, ''બહુચરાજીથી થોડા માઈલના છેટે દેતરોજ નામનુ એક ગામ છે તે ચુંવાળના મધ્યભાગમાં છે. આ ઠેકાણે બહુચરા માતાનું એક બીજુ દેરુ છે. અને તે સાક્ષાત્ છે એમ કેટલાક માને છે. અને તેની પાસેના કોળીની કૂળદેવી છે. આ દેતરોજના કુળવાળાની સાથે સોલંકી રાજવંશના ઘરની શાખના મુખીનો સંબંધ થયો હતો એવું ચુંવાળના દસોંદી ભાટ કહે છે. પરંતુ ક્યારે થયો તે જાણવામાં આવ્યું નથી. તેના વંશજો કોળીઓની સાથે ભળી ગયા અને તેઓમાં એક કાનજી જે રાતના ઉપનામથી ઓળખાતો હતો. તેને તાબે ચુંવાળીસ ગામ હતા. તેથી આ પ્રદેશ 'ચુંવાળ' કહેવાય છે. વધુમાં શ્રી ફાર્બસ સાહેબ લખે છે કે, આ રીતે ધીરે ધીરે રજપૂત, ઠાકરડાઓ, કોળીઓના સંબંધમાં આવ્યા એટલે જે જાતીના તેઓ રજપુત હતા તે જાતિથી જુદા પડ્યા જો કે કેટલાકે ઉજળિયાત કોમોને મળતો આવે તેવો ફેરફાર કર્યો, આમ મૂળે તેઓ ગુજરાતમાં વસતા જુદી જુદી શાખના રજપૂતો કોળીઓ સાથે ભળી ગયા તે છે અને તેમાં મોટો ભાગ તો ચુંવાળમાંથી ઉતરી આવતા તે સાથે અન્ય ભાગમાંથી આવેલા સૌ રજપૂત કોળી સૌરાષ્ટ્રમાં આવતા ચુંવાળીયા કોળી તરીકે ઓળખાયા હોય એમ મનાય છે. પરંતુ તેઓ કયા કારણસર સૌરાષ્ટ્ર તરફ ઉતરી આવ્યા અને ક્યારે ઉતરી આવ્યા તેની માહિતી હજુ સુધી મળી નથી.''

આ લોકો સૌરાષ્ટ્રમાં લભગભ બધે ચુંવાળીયા કોળીના નામે ઓળખાય છે. કેટલેક સ્થળે તે ભાષાની અશુદ્ધિના કારણે ચુંવાળીયા બદલે સુવાળીયા કોળી તરીકે પણ ઓળખાય છે. તેઓ પોતાને મૂળે સૌરાષ્ટ્રના તળપદા કોળીથી  અલગ માનતા હોવાથી તેમજ પોતે મૂળે ઠાકરડા છે એમ માનતા હોવાથી હંમેશા કેવળ ચુંવાળીયા કોળી તરીકે ન ઓળખાવવા તે સાથે ઠાકરડા શબ્દ વાપરી ઠાકરડા ચુંવાળીયા કોળી તરીકે ઓળખાવે છે. તેમાં તેઓ કંઈક અંશે ગર્વ અનુભવે છે.

આ લોકો સૌરાષ્ટ્રમાં ફેલાયેલા છે. શહેરી વિસ્તારો કરતાં ગ્રામ વિસ્તાર, જંગલ વિસ્તાર અને દરિયાકાંઠાના પ્રદેશમાં તેઓ વિશેષ વસતા આવ્યા છે. તેઓ નાના પ્રકારના ધંધા રોજગાર અને વ્યવસાયમાં પરોવાયેલા છે. અને જુદી જુદી જગ્યાએ જુદા જુદા વ્યવસાય અપનાવેલા જોવા મળે છે. પરિણામે તેઓની એક જ પ્રકારની જીવનપ્રણાલી ન રહેતાં તે વ્યવસાય પૂરતી જુદા પ્રકારની જીવનપ્રણાલી જોવામાં આવે છે. તથા તેમની રહેણીકરણી અને વિકાસ કક્ષાઓ પણ જુદે જુદે સ્થળે જુદી જુદી કક્ષા હોય છે.

આ કોમ એક સમયે કેટલાક વિભાગોમાં ગુન્હેગાર મનાતી. એમ કહેવાય છે કે રાજાશાહીના વખતમાં ગરાસદારો તાલુકાદારોને મળી રાતોરાત ચોરી લૂંટફાંટ કરાવતા પરિણામે તેઓ ચોરી લૂંટફાટ તરફ વળ્યા હતા. અને ચાલ્યા જતાં ગાડાં આંતરી લઈ લૂંટી લેતા. ઉભા પાક વાઢી જતા, ઘર ફાડતા વગેરે પ્રકારની ગુન્હાહિત પ્રવૃત્તિ કરતા.

કાઠીયાવાડ સર્વસંગ્રહમાં જણાવવામાં આવે છે કે, ચુંવાળીયા તળપદા કોળીના કરતાં વધારે જંગલીને ઓછા વશમાં રહે એવા છે ને એક વખત ઉત્તર ગુજરાતમાં ભારે ત્રાસ વર્તાવનારા હતા. મરાઠાના અમલમાં તો તેઓ વાંરવાર બંડ કરતા અને લૂંટફાટ કરી પોતાનો ગૂજરો કરતા ઘણી ઘણી સખત શિક્ષા થઈ તથા ઘણો કાળ વીત્યો ત્યારેજ તેમની એ કુટેવ ગઈ તેમના માહરદાર (મુખી) ની સરદારી હેઠે રહી કોળીઓએ પ્રાન્તા ઘણાખરાં ગામોમાં કર બેસાડ્યો હતો. આળસુ તથા ઉડાઉ એટલે ખેતીથી ગુજરાન કરવાને બદલે લૂંટફાંટ કરવાનું તેમને વધારે ગમતું. ચોરી કરવાની ગોઠવણ ઘણી ચતુરાઈથી તથા હિકમતથી કરતા ને હિંમત તથા ખંધાઈથી તે પાર પણ ઘણા ખરામાંથી ચોરીની નીતિ સમૂળગી ગઈ નથી.

પરંતુ આજે તો આ વર્ગ મજુરીયો વર્ગ જ છે એમ કહી શકાય પહેલા તો આ લોકો પાસે ગામડાંઓમાં જમીન હતી, ખેતી કરતા અને જીવન નિભાવતા. આજે તો બહુ જ થોડા પાસે થોડી ઘણી જમીન છે. ઘણા થોડા પોતાની જમીન ઉપર ખેતી કરી નભે છે. બાકી તો દહાડિયા, મજુરી, સડક પરની મજુરી, કડીયા કામની મજુરી, શહેરોમાં મીલ મજુરી, લાકડાના ભારા વેંચવા, ડુંગરાના ખડ વાઢવા, જંગલના કૂપોમાં મજુરી કરવી, કોલસા પાડવા, ચુનો ગાળવો, દરિયા કાંઠે અગરિયાનું કામ કરવું યા માછીમાર તરીકે જીવવું. ક્યાંક પગીયા પસાયતા તરીકે કામ કરવું. પગેરુ જોવુ, શિકાર કરવો, નદી નાળાના કાંઠે યા ઘર પાછળ શાકભાજીના વાડા કરવા તથા તેની ઉપજમાંથી નિર્વાહ ચલાવવો. સાંઢીયા રાખી ભાડે ફેરવવા, યા પશુપાલન ઉપર નભવુ. આ છે તેમના જુદી જુદી જગ્યાના વ્યવસાય જો કે આ સિવાય આજે તો રેલ્વેપાટીમાં તથા ગેંગમેન તરીકે સૌરાષ્ટ્રભરમાં આ કોમના લોકો વિશેષ જોવામાં આવે છે.

**દેખાવ :**

આ લોકો મધ્યમ કદના, મજબુત બાંધાના, કસાયેલા શરીરવાળા, સખત મજુરી કરી શકે તેવા હોય છે. ચામડીનો રંગ એકંદરે તો અન્ય કોમો જેવો ઘઉંવર્ણો પણ સહેજ રાતાશપડતા શ્યામ હોય છે. ગોહિલવાડ, ઝાલાવાડ વગેરે સ્થળોમાં વસતા કોળીમાં રજપુત શાખ વિશેષ જોવા મળે છે. જયારે જામનગર, પોરબંદર વગેરે તરફના કોળીઓમાં રજપુત શાખ ઉપરાંત તરેહતરેહની જુદી જુદી શાખો પણ જોવા મળે છે અને તે મુખ્યત્વે ગુજરાતના ગામડાંઓ ઉપરથી પડેલી હોય એમ મનાય છે. જોકે લગભગ બધાની બે શાખ હોય છે. એક કુળ શાખ અને બીજી ગામ શાખ. મોટાભાગના લોકો કુળશાખ ભુલી ગયા છે અને માત્ર ગામશાખથી જ તેઓ પરિચિત હોય છે.

રજપુત શાખમાં મુખ્યત્વે સોલંકી, કાલા, રાઠોડ, વાઘેલા, બારૈયા, મકવાણા, ગોહીન, પરમાર, ચૌહાણ, ડાભી વગેરે શાખ જોવા મળે છે. આ ઉપરાંત ગોટીલવાડમાં દેલવાડી, ઉનેશ, કલ્યાણી, કરેણીયા, પાટડીયા, વાંકાનેર બાજુ દેત્રોજા, સીતાપર, વીર સોડીયા, બાવરવા, જાંજાવાડીયા, અબટારીયા વધુ જોવા મળે છે. (હળવદ બાજુ) સુરેલા, ઉઢીયા, સેણજીયા, શીહોરા, દલસાણીયા, ચારલા અને પોરબંદર બાજુ રજપુત ઉપરાંત સંકેસરીયા, મેવાણીઆ, ચારલા અને પોરબંદર બાજુ રજપુત ઉપરાંત સંકેસરીયા, મેઘાણીઆ, વઢરકીયા, દેગામા, વડેશા, કારવેશા, ઘોયલ, પાટડીઆ, દુધકીઆ, પારજીયા, સમાણવા, કનેજા રાખોડીયા, તંબોરીયા, દરગાણી, ઝુઝવાડીઆ, લીંબડ, કીલાણીઆ, વાજા, રાધનપરા, થીપરીઆ, વાઘોણા, મોરવાડીયા, બળોધરા, બાબરીઆ, લીલાપરા, છાપરીઆ, વજેવાડીઆ, વીરમગામા, ઓરમાણીયા, ખટાવરા, ધામેશા, બાશડેરી, ગરસડીયા વગેરે.

જોકે મૂળે તો તેઓની રજપુત શાખો છે. નવી શાખો તો પાછળથી પડેલી છે એમ જાણવા મળે છે.

પુરુષોના નામ તો દલો, જીવો, વીસો, જેઠો, દવજી, લાખો, પ્રેમો, માવો, જેરામ, ચકો, વીરો, કાળો, માવજી, નાનજી, સવજી, ભીમજી, રામજી, હરજી, લખમણ, મોહન, જાદવ, બેચર, ગણેશ, કેશવ, સાદુલ, ભારા, છના વગેરે પ્રકારના હોય છે. જયારે સ્ત્રીઓના નામ મોતી, જીવી, દલુ, નાથી, ડાટી, સતુ કતી, રામી, વાલી, રૂપી વગેરે જેવા નામ હોય છે.

**પહેરવેશ :**

આ કોમનો પોશાક સાદો સીધો છે. છતાં તેમાંય વિશિષ્ટતા ડોકિયા કર્યા વગર રહેતી નથી. ધોતીયું, સામાન્ય ખેડુ જેવી પાઘડી અંદર મેલખાયું અને શરીરે ટુકું પહેરણ એ એમનો પોષાક છે. પણ ખાસ પ્રસંગે જુવાનીયાઓ માથે પટાવાળો સાફો, શરીરે પહેરણી અને તે ઉપર બંડી પહેરે છે. તેના બટનમાં ચાંદીના ઘૂઘરીવાળો સેટ જુલતો હોય છે અને ડોકમાં કાળો દોરોને માદળીયુ રાખે છે. પણ દેશ ફેર તેમ વેશ ફેર પણ ખરો. ભાણવડ તરફ પુરુષો ચૂડવાળો ચોરણો પગથી અર્ધા હાથ લાંબો હોઈ કરચલી ચઢાવેલો હોય છે. વૃદ્ધજનો શરીરે આંગડી વચ્ચે ચીણવાળુ પાસાબાંધી કેડિયુ અને માથે વળવાળી યા તો પાટલી પાડેલી પાઘડી બાંધે છે અને તે લગભગ આઠદસ હાથ લાંબીટોપ છે.

ઝાલાવાડમાં ધ્રાંગધ્રા બાજુ પુરુષો મુખ્યત્વે ઓછાડ પહેરે છે. તો વળી કોઈ ઉફળ પણ પહેરે છે. શરીરે ખમીશ અથવા જુનાગઢી ઝભ્ભો, બંડી, કોટ કે કેડિયા પહેરે છે. માથે મેલખાયાં કે પાઘડી પહેરે છે. વાંકાનેર બાજુ પુરુષોનો પહેરવેશ કણબી ખેડૂતોને મળતો આવે છે. મોટા પુરુષો માથે પાઘડી બાંધે છે. જુવાનીયા તો માથે માત્ર મેલખાયું જ રાખે છે. પહેરણ કે કેડિયુ પહેરે છે. કોઈ કોઈ તો સફેદ ઉપરાંત લાલ રંગના કપડા પહેરતા હોય છે અને ડોકે ભાતવાળો રૂમાલ બાંધે છે. ભાવનગર બાજુ પહેલાં પુરુષો માથે આંટીવાળી પાઘડી બાંધતા. પુરુષ વર્ગ બધેય પગમાં ચાંચવાળા કૂદડી ટાંકેલા જોડા પહેરે છે.

ઉપર મુજબ જુદી જુદી જગ્યાના પુરુષવર્ગનો મુળપોષાક છે. હાલમાં આમાં ઘણો ફેરફાર જોવા મળે છે. લેઘા ખમીશ અને ટોપી પહેરે છે. માથે કશું બાંધતા નથી. આ કોમમાં મજુર સ્ત્રીઓ પગમાં ચંપલ પહેરે છે. ઊભડ  સ્ત્રીઓ દેશી જોડા પહેરે છે. જુવાનીયાઓ પગાં ચાંચવાળા તથા ફૂદડી ટાંકેલા જોડા પણ પહેરે છે તથા હાથમાં કહાડી, ધારીયું, લાકડી યા પરોણો રાખે છે. વળી જુવાનીયાઓને આંખમાં સોયરું આંજવાનો શોખ હોય છે. તે સૂરમા કરતાં જુદું હોય છે.

જુના જમાનામાં સ્ત્રીઓ આભલા ભરેલા ચણીયા કપડાં અને જાડા સાડલા પહેરતી, કેટલાક વિભાગમાં ઠેપાડુ પણ પહેરવામાં આવતુ તેમજ ભુરા ભભકાદાર રંગની પટ્ટીવાળો લાલ પીળા રંગનો દોઠીયો ચણિયાો ન પણ પહેરવામાં આવતો. આ પહેરવેશમાં અત્યારે ઘણો જ ફેરફાર જોવા મળે છે. હાલમાં તેઓ સાદો કબ્જો, ચણીયો, ચુંદડી કે સાડી પણ પહેરે છે. તેમના ઘાઘરા ત્રણ ચાર હાથના ઘેરવાળાં હોય છે તથા નીચે જાલર હોય છે. મોટી બાળાઓ કાપ્ડું સાડલો વગેરે પહેરે છે. હાલાર સોરઠ બાજુ સ્ત્રીઓ લાલરંગના કપડાં વધુ પહેરતી હોય એમ જણાય છે. વાંકાનેર બાજુ સ્ત્રીઓ લાલ-કાળા રંગના સાડલા, દુષિયા રંગના કપડા તથા લાલગજીના ઘાઘરા પહેરતી જણાય છે. વારતહેવારે સાડલો પણ ગજીનો કપડાંનો હોય છે. આ બાજુ પુખ્ત ઉંમરની છોકરીઓ મુખ્યત્વે ઓઢણી, ઘાઘરી, કબજો વગેરે પહેરે છે. ધાંગધ્રા બાજુ સ્ત્રીઓ મુખ્યત્વે ઘાઘરા, કપડાં અને દોઢીયા, સાડલા પહેરે છે. વૃધ્ધાવસ્થામાં સ્ત્રીઓ ખાસ કરીને કાળાશ પડતા રંગના કપડાં વધુ પહેરે છે.

**સ્ત્રીઓના ઘરેણાં :**

સ્ત્રીઓના ઘરેણામાં કડલા, કાળી, બલોયા હાથમાં હાથીદાંતના  ચૂડલા, નેમ અગર સાદી સોનાની ફ્રેમ વગરની ચૂડી અને કાચ કે  પ્લાસ્ટીકની લીલી લાલ બંગડીઓ, આંગળામાં ચાંપ અને વેડલાં, પગની આંગળીઓમાં મોર અગર ચોકડીવાળી વીંટી, નાકમાં નથલી કાનમાં દેશીવાળી અગર પોકરવા વગેરે મુખ્ય છે.

હાલારમાં મોટી પાનેલી બાજુ સ્ત્રીઓ નાકમાં ચૂક કાનમાં વાળીયુ, ગળામાં કંઠી તથા પગમાં કડલા તથા ઝાંઝરી વગેરે પહેરે છે. વાંકાનેર બાજુ મુખ્યત્વે હાથમાં ચુડીયા, બંગડી તથા કડુ પહેરે છે. નાકમાં ટીપકી, પગમાં તોડા-કડલા કાનમાં રૂપાની પખોનીઓ અને હાથમાં બંગડી પહેરાવવામાં આવે છે. સારી સ્થિતિવાળા પગમાં પખવાસી પહેરાવે છે. ઝાલાવાડમાં ઝૂંડબાજુ બાળકોને ખાસ ઘરેણાં પહેરાવવામાં આવતા નથી પણ નાની છોકરીઓને પગમાં ઝાંઝરી, હાથમાં કાચની બંગડી વગેરે પહેરાવવામાં આવે છે. આ લોકોના ઘરેણાં મુખ્યત્વે તો ચાંદીના જ હોય છે. કેટલાંક ઘરેણાં સોનાના પણ હોય છે.

**ભાષા :**

આ લોકોની ભાષા તો ગુજરાતી જ છે. પરંતુ પ્રાદેશિક રૂઢી પ્રમાણે કેટલાક શબ્દોના અશુધ્ધ ઉચ્ચારણો થાય છે. મુખ્ય સૌરાષ્ટ્રમાં વાંકાનેર બાજુ 'છાશ' અને બદલે 'છાટ', 'ભાઈ' ને બદલે 'ભઈ', 'કયાં' ને બદલે 'ચ્યાં' 'કેમ' ને બદલે 'ચીમ' અને 'બેન'ને બદલે 'બોન' કહે છે. વિશેષ કરીને ચરોતરની જેમ 'ક' ને બદલે 'ચ' ને વધુ વાપરવામાં આવે છે.

**કળા :**

ચાકળા ચંદરવા ભરવાની કળા તથા ઘાઘરા વગેરેમાં આભલા ટાંકવાની કળા કોળી બહેનો કરે છે. આ સિવાય આ કોળી કોમમાં રાશકળા પણ ઠીક વિકસેલી હોય છે. કેટલાક પ્રદેશમાં કોળી સુંદર રીતે મધુર મીઠા અવાજથી પાવા વગાડવામાં પણ માહિર હોય છે.

જંગલ વિભાગોમાં વસતા કોળીઓ તે પણ ખાસ કરીને જો બરડા વિભાગમાં વસતા કોળીઓ શિકારમાં ઘણા પ્રવીણ મનાય છે. તેઓ ધાર્યા નિશાન પાડે છે. ઉડતા પંખીને તેઓ એક જ ઘાયે વીંધી નાંખે છે. તેની નજરમાંથી એકવાર ફરકેલુ સસુલ જીવતુ રહી શકતુ નથી. તેઓ શિકાર માટે પોતા પાસે જામગરીવાળી બંદૂક પણ પહેલાં રાખતા. આ લોકો સારા પારધી પણ છે. તેઓ આબાદ રીતે જાળ પાથરી સસલાં, તેતર અને લેલા વગેરે પકડે છે. પંખી પકડવા જે જાળ વાપરે છે એનો તેઓ જોગટો કહે છે. તેતર પકડવા માટે 'કંડારા' નામની જાળ વાપરે છે. રસ્તા પર જ જાળ પાથરી તેને પકડે છે. તેઓ મરઘીના માંસ કરતા તેતરનું માંસ વધારે પસંદ કરે છે. ડુક્કરને કુશળતા પૂર્વક પકડી તેના માંસને રાંધવામાં તેઓ ખુબજ કુશળ છે. પ્રાચીન સમયમાં રાજા મહારાજા તેમને ખાસ રોકતા હતા અને તેઓ ડુક્કરને પકડીને તેઓ રાંધી પણ આપતા. આજે આ પરિસ્થિતિ જોવા મળતી નથી.

પગેરું શોધવાના કાર્યમાં કોળીઓ ઘણા હોંશિયાર મનાતા, પગેરું શોધવાની કળા જુદા જુદા વિભાગોમાં કેટલેક અંશે જુદી જુદી જોવા મળે છે.

**ઉત્સવો :**

દિવાળી, હોળી, જન્માષ્ટમી, દશેરા વગેરે તહેવારો ઉજવે છે. તે દરમયાન સારા વસ્ત્રો પહેરવા તથા સારી સારી વાનગી ખાઈ પી આનંદ મેળવે છે. ભાદરવી અમાસના દિવસે હાલારમાં ભાણવડ મુકામે અને ઝાલાવાડમાં થાન પાસે તરણોતર મુકામે મોટો મેળો ભરાય છે. આ મેળામાં કોળી લોકો દૂર દૂરથી પુષ્કળ સંખ્યામાં આવે છે. વાર તહેવારે તેઓ જુગાર રમે છે. જેમાં સ્ત્રીઓ પણ જોડાય છે. ભીમ

અગિયારસ, સાતમ, આઠમ તેઓ ખાસ રમે છે. આઠમના દિવસે કેટલાક વિભાગોમાં વિષ્ણુપૂજા પણ કરવામાં આવે છે. રામનવમીના દિવસે રામ અને નોરતામાં કૂળદેવીની પૂજા કરે છે. તથા નૈવેધ ચઢાવવામાં આવે છે. સામાન્ય તહેવારોમાં રાસગરબા રમવામાં આવે છે, તથા વાર્તાઓ કરવામાં આવે છે. મિષ્ટાનમાં જુદી જુદી જગ્યાએ જુદી જુદી વસ્તુઓ રાંધવાની પ્રથા છે. લાપસી, શીરો, સુખડી, ચણાનું શાક વિશેષ હોય છે.

**સામાજીક રીતરિવાજો અને ક્રિયાઓ :**

સ્ત્રીઓમાં માસિક ધર્મ પાળવો જ એવો ખાસ આગ્રહ રાખવામાં આવતો નથી. જોકે સ્ત્રીઓ ચારેક દિવસ પાળે છે. તે દિવસોમાં ભારે કામ કરતી નથી. કેટલાક વિસ્તારમાં આ સમયે પાણી ભરવાનું કામ સ્ત્રીઓ કરે છે. માત્ર ચૂલે જ અડતી નથી તથા માતાના મઢે જતી નથી.

સ્ત્રીને ગર્ભ રહ્યા બાદ છ સાત માસે તેના પિયર પક્ષમાંથી ત્રણ થી ચાર સ્ત્રીઓ કે તેથી વધુ આવે. સારું મુહુર્ત જોઈ ખોળો ભરવામાં આવે છે. સારૂં ચોઘડીયું જોઈ ગર્ભવતી સ્ત્રીને તેડી જાય છે. સામાન્ય રીતે સ્ત્રીઓની પહેલી સુવાવડ પિયરમાં જ કરવામાં આવે છે. સંજોગોવશાત સાસરે કરવામાં બાધ મનાતો નથી.

આ કોમની સ્ત્રીઓ મજુરીનું કામ કરતી હોવાથી કેટલીક વખત ગર્ભવતીને સુવાવડ કામના સ્થળે પણ થઈ જાય છે. સગર્ભાવસ્થાના છેલ્લા દિવસો સુધી તે કામ કરે છે. હોસ્પિટલમાં સુવાવડ ન કરાવતાં ઘરે સુવાવડ કરે છે. પરંતુ સ્ત્રીને મુસીબત પડતી હોય તો નજીકના ડૉક્ટરનો સહારો લેવામાં બાધ મનાતો નથી. જો કે ગામડાઓમાં તો ઘરગથ્થુ ઉપચારો વધુ જોવા મળે છે. સુયાણી દ્વારા સુવાવડ કરાવે છે. સુંયાણી હજામ હોય યાતો તેમની જ કોમની હોય છે. મહેનતાણામાં નાણાં અને અનાજ આપવામાં આવે છે. દરેક ગામમાં આ રિવાજ જુદો હોય છે. ઝાલાવાડના ઝુંડ વિસ્તારનાં લોકો સવાશેર ઘઉં, સવાશેર ગોળ અને સવા રૂપિયો આપે છે. પુત્રી કરતાં પુત્ર જન્મથી વધુ હર્ષ થાય છે. છઠ્ઠે દિવસે છઠ્ઠીની ધાર્મિક ક્રિયા કરવામાં આવે છે. આ સિવાય હાલાર વિસ્તારમાં સાતમે દિવસે માતાને ઘી ધરવામાં આવે છે.

સામાન્ય રીતે ફોઈ બાળકનું નામ પાડે છે અને રાશી બ્રાહ્મણ પાસે જોવડાવવામાં આવે છે. આ દિવસે સૌ સગાસ્નેહીઓ આવે અને બાળકને ઝભલુ ભેટરૂપે આપે છે. આ સિવાય ખાસ વિધિ કરવામાં આવતી નથી. કેટલાક વિસ્તારમાં આ દિવસે સૌને મીઠુ મોઢું કરાવવા માટે ઘુઘરી અને ગોળ આપવામાં આવે છે.

**બાળલગ્નો :**

આ કોમમાં બાળલગ્નો થતાં હોય છે. મોટેભાગે નાનપણમાં લગ્ન કરવાની પ્રથા ચાલી આવે છે. ઉંમરનો તફાવત કોઈ નક્કી હોતો નથી.

**સગાઈ :**

સગાઈ તો મુખ્યત્વે મા-બાપની પસંદગીથી જ કરવામાં આવે છે. તેમાં ઉંમર, કૂળ, ઘર, આબરૂ, રૂપ, રંગ વગેરેનો ખ્યાલ કરવામાં આવે છે. શિક્ષણને લક્ષ્યમાં લેવામાં આવતું નથી. સગોત્ર કે એક જ કૂળમાં કે ફઈ મામાના દીકરા-દીકરી વચ્ચે લગ્ન સંબંધ બાંધવામાં આવતો નથી. સગાઈ તોડવાના ખાસ પ્રસંગો બનતા નથી. સંજોગોવસાત તે તોડી શકાય છે. વળી તે નાતનો ફેંસલો પડ્યા પછી જ તૂટી શકે છે. જે પક્ષનો દોષ હોય તેનો જ્ઞાતિપંચ તરફથી દંડ કરવામાં આવે છે. બન્ને પક્ષ ભૂલ કબૂલ કરે પણ પંચ ના પાડે તો સગાઈ તૂટી ન શકે. આમ જ્ઞાતિપંચની મંજૂરીથી જ મોટેભાગે સગાઈ તોડી શકાય છે. સામાન્ય રીતે જે પક્ષ સગાઈ તોડે તે પક્ષે સામાપક્ષને નાણાં આપવાના રહે છે. જુદે જુદે સ્થળે જુદો જુદો વહેવાર છે. ધુમલી બાજુ ચારસો પાંચસો રૂપીયા આપવા પડે છે. તેમાંથી ચોથો ભાગ નાતને ખીચડાના આપવામાં આવે છે. તેમાંથી જમણ કરે છે. જમણમાં કેટલાક વિસ્તારમાં જમવા માટે ઘરેથી વાસણ લઈ જવામાં આવે છે. આ વાસણમાં બહેનો જમી રહ્યા બાદ જમણમાંથી લાડુ વગેરે સંતાડીને પોતાને ઘરે લઈ જાય છે. કોઈ આબરૂ ન લે તે માટે ઠેપાડામાં સંતાડીને લઈ જવામાં આવે છે. આ કાર્ય બદલ ગર્વ અનુભવે છે. જો કે આ પ્રથા સમગ્ર ચુંવાળીયા કોળીમાં નથી. અમુક વિસ્તારોમાં જ છે એમ સાંભળવા મળે છે.

સગાઈની વિધિ અન્ય કોમો જેવી છે પરંતુ લેવડદેવડની વિધિ જુદે જુદે સ્થળે જુદી જુદી હોય છે. વરપક્ષના માણસો પાસેથી રોકડ રકમ લેવામાં આવે છે અને પછી તેમને સારું ભોજન જમાડવામાં આવે છે. વસ્ત્રો અને ઘરેણાં આપવામાં આવે છે. તેમાં દસ તોલા રૂપુ, દસ રોકડા રૂપિયા, એકાદ જોડ કપડાં, એકાદ મણ ગોળ વગેરે આપવાનો રિવાજ છે. હળવદ બાજુ રૂપીઓ અને નાળિયેર આપી કન્યાને કપડાં આપવામાં આવે છે. જે કન્યાવિક્રય કહેવાય છે. સગાઈ સોથી સવાસો રૂપીયા ખર્ચ થાય છે અને સગાઈ પ્રસંગે જ દેજની બોલી તથા ચારપાંચ હારડા આપવાની બોલી કરવામાં આવે છે. વરપક્ષની સ્ત્રીઓ કન્યાને ચાંદલો કરે છે. રૂ.૧૩૦ દેજના દેખાય છે. જ્ઞાતિના કાયદા પ્રમાણે કન્યાને નાળિયેર, રૂપીઓ, ચુંદડી, ચુંક વગેરે આપવામાં આવે છે. તેમજ આ ઉપરાંત પચીસ પચાસ રોકડ પણ અપાય છે.

પહેલા આ વિસ્તારમાં સગપણ કરતી વખતે ગામમાં જાહેરાત કરવી પડતી. પસાયતા, કોટવાલ, પટેલ સૌને બોલાવી સાક્ષી તરીકે રાખવા પડતા અને તેઓ સાક્ષી તરીકે રહેતા, કારણ કે પહેલાં કેટલાક

લોકો એકવાર સગપણ થઈ ગયું હોય તો પણ બીજે વધુ પૈસા મળતા હોય તો બીજુ સગપણ કરતાં અને પહેલુ  સગપણ તોડી નાખતા અથવા સામાપક્ષને છેતરવાના આવા પ્રસંગ ન બને તેમજ બીજા વાંધા ઊભા ન થાય તે માટે ગામ લોકોની સાક્ષીએ લખાણ કરવામાં આવે. એક મણ ગોળ મંગાવી થોડો થોડો સૌને વહેંચવામાં આવે છે તથા બીજો ગોળ સાંજે જમણમાં વાપરવામાં આવે છે. વરપક્ષના માણસોને બે સમયનું ભોજન આપવામાં આવે છે. સગાઈ અંગે નાતના ચોપડામાં નોંધ કરાવવામાં આવે છે. સગાઈ નિમિત્તે બન્ને પક્ષો તરફથી નાતને દસ દસ આના(હવે રૂપિયામાં) આપવામાં આવે છે. કેટલાક વિસ્તારમાં સગપણ પ્રસંગે વરપક્ષ તરફથી થોડા રોકડા રૂપિયા કાઢી સૌના હાથમાં ફેરવવામાં આવે છે. પછી તે ફરતાં ફરતાં કન્યા પાસે જાય છે. કન્યા તે પોતાની પાસે રાખે છે અને લગ્નપ્રસંગે દેજ ચૂકવતી વખતે દેજની રકમમાંથી આ રોકડા રૂપીયા કન્યાપક્ષ તરફથી કાપી આપવામાં આવે છે. એટલે કે ઠરાવેલ દહેજ વરપક્ષ તરફથી એટલા રૂપીયા ઓછા આપવામાં આવે છે. આ રૂપીયાને ચુંદડીને છેડે બાંધેલ રૂપીયા કહેવામાં આવે છે.

સગાઈ થયા પછી અને લગ્ન થતાં પહેલાં વારતહેવારે અને પ્રસંગોપાત વરપક્ષ તરફથી કન્યાપક્ષને 'હારડો' આપવાની પ્રથા છે. વિસ્તાર પ્રમાણે ફેરફાર જોવા મળે છે. સગાઈના પ્રથમ વર્ષ ચાર હારડા આપવાની બંધણી કરવામાં આવી હોય છે અને તે મુજબ તેમાં સાંકળાં, બેડી, ચુંદડી, ઘાઘરો વિગેરે આપવા પડે છે. હોળી, દિવાળી અને સાતમ આઠમમાં 'હારડા' મોકલવામાં આવે છે. પછી હોળીએ જ હારડા મોકલવામાં આવે છે. તેમાં સાદાં કપડાં હોયછે. નવા ત્રણ વસ્ત્રો આપવામાં આવે છે. આ ઉપરાંત હોળી ઉપર ખાંડનો હારડો, અઢીશેર ખજુર અને પાંચશેર ખારેક મોકલવામાં આવે છે. કેટલાક વિસ્તારોમાં પ્રસંગોપાત વરકન્યાને પરસ્પર જમાડીને સાડી અને વરને પાઘડી આપવામાં આવે છે.

આ કોમમાં સમુરતાની પ્રથા પણ છે. તેમાં વરપક્ષવાળા શક્તિ અનુસાર દરદાગીના આપે છે. કેટલાક વિસ્તારમાં આ દરદાગીના અર્ધા સગાઈ પ્રસંગે અને બાકી રહે તે લગ્નપ્રસંગે આપવામાં આવે છે.

### દેરવટું :

સુરેન્દ્રનગર, વિરમગામ, સાણંદ, બાવળા, ધોળકા અને હાલાર બાજુના વિસ્તારોમાં કોળી પટેલોમાં દેરવટાની પ્રથા પણ જોવા મળે છે. દિયર કુંવારો કે છૂટાછેડા લીધેલ હોય ભાભીને પરણતો હોય છે. એમાં ભાભીની પણ મરજી હોય તો દેરવટું કરવામાં જ્ઞાતિપંચ કોઈ બાધા લાવતો નથી. આવા પ્રસંગે દિયરવટાના રૂપિયા વીસ-પચ્ચીસ કન્યાના માવતરને ચૂકવવાની પ્રથા છે. તેને દેરવટુ વાળવુ એવું કહેવામાં આવે છે. ધર્માદામાં પણ પાંચદસ રૂપિયા અપાય છે. જુદા જુદા વિસ્તારોમાં નાણાંકીય લેવડદેવડમાં ફેરફાર જોવામાં આવે છે.

## વિધવા લગ્ન :

વિધવા સ્ત્રીને ફરજીયાત વૈધવ્ય પાળવાનું હોતું નથી. બીજવર સાથે કે મોટી ઉંમરના કે તેના જેટલી ઉંમરના પુરુષ સાથે ફરી ઘર માંડી શકે છે. જેને નાતરૂ કહેવામાં આવે છે. સામાન્ય રીતે વિધવા સ્ત્રીને તેના મા-બાપ જ યોગ્ય અને લાયક વર શોધી આપે છે. જોકે તેમાં સ્ત્રીની સંમતિનો પણ ખ્યાલ રાખવામાં આવે છે. સ્ત્રીના આગલા ઘરના સંતાનો ઉપર તેના મૂળ વાલી વારસોના હક્ક ગણાય છે. સ્ત્રી સાથે પણ લઈ જઈ શકે છે. આવા ઘરઘરણાં વખતે પણ કેટલાક વિસ્તારોમાં ગોળ-ધાણા વહેંચવામાં આવે છે. ભાણવડ બાજુ નાતના બંધારણ મુજબ કોટવાળને મંદિર માટે તથા નાતના ચોપડાના પૈસા ચુકવાય છે. તેમજ એકસો એક રૂપીયા દીકરાના માવતરને અને પંદરેક રૂપીયા નાતની ખીચડીના અને પંદરેક રૂપીયા રાખોડી વેલના આપવાનો રિવાજ છે. આ કોમમાં કયાંક કયાંક સવેલી કન્યા ઉપાડી જવાના પણ પ્રસંગો બને છે. હાલ પ્રમાણ ખૂબ નહિવત્ છે. આવા પ્રસંગોમાં વેર બંધાય છે. અમે તેનું અઘટિત પરિણામ આવે છે. એનો નિકાલ જ્ઞાતિપંચ દ્વારા થાય છે. વરકન્યાને એક યા બીજા કારણે અણબનાવ થાય તો પરસ્પરની વેલના પૈસા ચૂકવ્યા પછી છૂટાછેડા કરી શકાય છે અને તે છૂટાછેડા જાહેર પછી જ આવી કન્યા બીજે ઘર માંડી શકે છે. ત્યકતાનું પ્રમાણ ઓછું હોય છે. ‘‘એક મૂવો અને બીજો ઊભો’’ એ કહેવત અનુસાર તુરત જ બીજુ ઘર માંડે છે અને સમાજ તરફથી તે માન્ય રાખવામાં આવે છે. લગ્ન થયા પછી અણબનાવ થવાના ખાસ કારણોમાં પત્ની પ્રત્યેની શંકાશીલ દૃષ્ટિ, સાસુ-વહુના ઝઘડાં, પત્ની તરીકે સ્ત્રીની કામચોર વૃત્તિ- છોકરા ન થવો મુખ્ય છે.

## લગ્ન :

વર-કન્યા ઉંમર લાયક થયે બન્ને પક્ષની અનુકુળતાને લક્ષ્યમાં રાખી બ્રાહ્મણ પાસે મુર્હૂત જોવડાવી લગ્ન તિથિ નક્કી કરવામાં આવે છે. કન્યાપક્ષને ત્યાં બ્રાહ્મણ પાસે લગ્ન લખાવવામાં આવે છે. ૧૧ થી ૧૩ મા દિવસે સામાન્ય રીતે એકી સંખ્યાનાં લગ્ન રાખવામાં આવે છે. લગ્ન લખ્યા બાદ તૂર્ત જ સગાંસંબંધીઓને કંકોત્રીઓ લખવામાં આવે છે. મકાનને લીપીગૂપી નવું કરે છે. સ્ત્રીઓ ગીત ગાય છે. ગણેશની સ્થાપના થાય છે. કયાંય વળી ગોત્ર દેવતા પણ બેસાડાય છે. માણેક સ્થંભ રોપવામાં આવે છે. મંડપ બાંધવા, વર-કન્યાને પીઠી ચોળાય છે. ફુલેકુ કાઢવામાં આવે છે. દરેક જમણવારમાં ફેરફાર હોય છે. શુભમુહુર્ત જોઈ જાનને વિદાય કરવામાં આવે છે.  સામૈયાની વિધિ પણ કરવામાં આવે છે. રાત્રે લગ્નની વિધિ થાય છે. પ્રથમ વરરાજાને સાસુ પોંખે છે. હસ્તમેળાપની છેડાછોડીની, ફેરાની, ચોરીની, કન્યાદાનની, કોડાકોડી રમવાની, કલવો જમાડવાની અને છેવટે પગે લાગવાની રીતો અન્ય કોમો જેવી જ હોય છે.

દહેજમાં જુદા જુદા વિભાગોમાં દહેજની રકમ જુદીજુદી જોવામાં જ્ઞાતિના બંધારણ પ્રમાણે તે હોય છે. લગ્નવિધિ દરમિયાન વરરાજાને અનેક રીતે નવા વસ્ત્રો અને ઘરેણાંઓથી શણગારવામાં આવેલ હોય છે. મુખ્યત્વે ચોરણી, પહેરણ, કોટ અને માથે સુંદર મજાનો સાફો, કમરે ભેટવાળી તે ઉપર તલવાર હોય છે. કન્યાને પણ નવા વસ્ત્રો અને ઘરેણાં પહેરાવવામાં આવે છે. તેમાં મુખ્યત્વે ઘાઘરો, કબજો, પાનેતર અને ચુંદડી હોય છે. કન્યાને ઘુમટો કઢાવી બેસાડવામાં આવે છે. વિધિ દરમ્યાન લાગાઓ લેવામાં આવેછે. કન્યા-સાસુ જમવા બેસે ત્યારે, વરકન્યા કલવો જમે ત્યારે, વરકન્યા ચોરી ફરે ત્યારે વરકન્યા પરણી આવે ત્યારે ગોરને અને કુંભારને પણ પૈસા આપવામાં આવે છે. આમ ડગલે ને પગલે વરપક્ષે નાણાં આપતા જ રહેવું પડે છે.

પહેલાના વખતમાં ગામ ઝાંપે કન્યાપક્ષ તરફથી નાળિયેર બાંધવામાં આવતુ અને વરરાજા સવારે દાતણ કરી પાછા વળે તે સમયે આ નાળીયેરને બંદૂક વડે પાડવામાં આવતું ત્યાર પછી જ વરરાજાથી ગામમાં દાખલ થવાતું. સાસરે આવી વહુને સાસુ પોંખે છે. માતાના સ્થાનકે જઈ વરકન્યાને પગે લગાડી છેડા-છેડી છોડવામાં આવે છે. આમ લગ્ન ધામધૂમથી કરે છે અને દેવુ કરીને પણ ખર્ચ કરે છે.

**મૃત્યુ :**

આ કોમમાં મૃતદેહને દાટવાની તથા બાળવાની એમ બન્ને પ્રથા જોવા મળે છે. જે વિસ્તાર પ્રમાણે હોય છે. નાના બાળકના મૃતદેહને બધે જ દાટવામાં આવે છે. પુરુષને લાલ રંગનં કફન અને સ્ત્રીને ચુંદડી ઓઠાડવામાં આવે છે. વિધવા હોય તો તે ઉપર ચાલુ સફેદ કપડુ નાખી લઈ જવામાં આવે છે. મરનારની સ્ત્રી હયાત હોય તો ચૂડીકર્મ કરવામાં આવે. આ વિધિ કોઈ વૃધ્ધ સ્ત્રી કરાવે છે. રડવા, કુટવાનું, શોક પાડવાનું, ટાઢી ઠારવાનું, સરાવવાનું તથા અગીયારમુ અને બારમુ વગેરે વિધિઓ મરણ પાછળ કરવામાં આવે. મરનાર જો માતાનો ભૂવો હોય તો તેની દેરી કરાવવામાં આવે છે.સૂરાપૂરાની ખાંભી કરવામાં આવે છે.

**ધાર્મિક માન્યતા અને વિશ્વાસ :**

દરેક કુળની અલગ દેવી હોય છે. માતાના સ્થાનકો હોય છે. ખોડિયાર, ચામુંડા, મેલડી, કાળકા વગેરે માતાના નામ હોય છે. જેમાં તેઓ ખુબ વિશ્વાસ રાખે છે. માતાના મઢ બનાવે છે અને મઢવાળુ ઘર બદલતા નથી અને બદલાવવું હોય તો ભુવા પાસે જોવડાવી માતાની રજા માંગે છે. દરેક માતાના અલગ અલગ ભુવા હોય છે. માંદગી કે ઝઘડાના પ્રસંગે ભુવા પાસે દાણા જોવડાવે છે. એ મુજબ દોરાધાગા બાંધે છે. સફળતા માટે માતાને નૈવેધ ધરે છે. ઘઉંની લાપસી, ઘઉંની ચમકી, ચોખાનો નૈવેધ કરે છે. ઘેટાંબકરાં કુકડા ભોગ ધરાવવામાં આવે છે.  પછી તેને પકવીને સૌ આરોગી જાય છે. નાગની પુજા કરે છે. નાગપંચમીના દિવસે નૈવેધ ધરે છે.

તળપદા કોળી, ચુંવાળીયા તથા બીજી ઉપજાતોના કોળીઓ કરતાં વધારે ઊંચા કોળી ગણાય છે. તેમનું માન વિશેષ હોય છે. તળપદા કોળી માત્ર તળપદાકોળી સાથે જ વ્યવહાર રાખે છે. રજપૂત તળપદા કોળીની સાથે એક સાથે એક તાંસળે છડેચોક જમે નહીં પણ છાની રીતે તળપદાનું રાંધેલું ખાય છે ખરા. તળપદા કોળીઓના જાદવ, ચુડાસમા તથા સરવીઆને, ડાભી, મકવાણા વગેરેને વધારે માન મળે છે.

તેઓનો પણ મૂળ ધંધો ખેતી જ છે. પરંતુ હવે ઘણાં ખરાં પાસે ટૂંકી જમીનો રહી હોવાથી તથા જમીન વિહોણા થવાથી ખેતમજૂરી તથા નાના પ્રકારની નોકરી પણ કરે છે. આ કોમ ભરતગૂંથણની કળા જાણે છે. દારૂબીડી જેવા વ્યસનો જોવા મળે છે.

**તળપદા કોળી :**

**વંશ અને જાતિ :**

તેઓ દેખાવે સામાન્ય રીતે આપણા જેવા જ છે. તેઓનો શારિરીક બાંધો મધ્યમ કદનો હોય છે. તેઓની અટક ચૌહાણ, ચાવડા, સોલંકી, પરમાર, બારેયા, ભાલીયા, ડોળાશીયા, શિયાળ, ઢાવા, અને ડોડીયા વગેરે હોય છે. લોકો ખારવાનો ધંધો કરવાથી મોટોભાગ બહાર હોતા હોવાથી તે દરમ્યાન બહારની અનેક પંચરંગી પ્રજાએ દુર્લાભ ઉઠાવ્યો હોય તેમ મનાય છે.

સામાન્ય રીતે પુરુષો ખમીશ પાટલુન ચોરણી, બંડી તેમજ વહાણવટી ભાઈઓ કચ્છી ચોરણી પહેરે છે. આ પાયજામા કમરેથી ખૂબ ઘેરવાળા અને નીચે સાંકડા હોય છે. તેઓ ઉપર લાંબુ ચાળવાળું ખમીશ પહેરે છે. તેની ઉપર બંડી પહેરે છે. યુવાન વર્ગ માથે કાળી ગોળ ટોપી તેમજ મોટી ઉંમરના માણસો પાઘડી બાંધે છે. પગે જોડા તેમજ ટાયરના ચંપલ પહેરે છે. તેનું પ્રમાણ બહુ ઓછું હોય છે. તેઓ મોટેભાગે ઉઘાડ પગે ફરે છે. કપાળમાં કેટલાક પુરુષો ચાંદલાની જગ્યાએ ગાજડ પડાવે છે. અત્યારે આ ઓછું જોવા મળે છે. સ્ત્રીઓ જીમી, ચોળી, પોમચુ,પછેડી, કાપ્ડુ વગેરે પહેરે છે. જેમાંના હવે પછેડી અને કાપ્ડુ બહુ ઓછા પ્રમાણમાં પહેરે છે. વાર તહેવારે નવા કપડાં પહેરે છે. નાના બાળકોને ઝભલાં પહેરાવે છે. મોટા બાળકોમાં છોકરાઓને ચડ્ડી અને ખમીશ તેમજ છોકરીઓને ઘાઘરી પોલકુ ઓઢણી તેમજ ફ્રોક પહેરેલ હોય છે. પુખ્ત વયના છોકરા શરીરે ચડ્ડી, પાટલુન, ચોરણી, ખમીશ, બંડી, બાંડીયા વિગેરે પહેરે છે. જયારે પુખ્તવયની છોકરીઓ ચણીયા, ઘાઘરી, ચોળી, કાપડી, ચુંદડી તેમજ પોમચા પહેરે છે.

**ઘરેણાં :**

સ્ત્રીઓ ઘરેણામાં હાથમાં બલોયા તેમજ પગામાં કાંબી તથા કાનમાં કડીઓ, ઠોળીયા તેમજ મેન્કા, નાકમાં નથ ડોકમાં હાંસડી વગેરે પહેરે છે. પ્રસંગોપાત પગમાં કડલાં, વેઠલા તેમજ ગળામાં અભરામી પહેરે છે. ઘરેણા સોના, ચાંદી રૂપા અને હાથદાંતના હોય છે. તમામ સ્ત્રીઓને દાંતના મેન્કા પહેરવાનો વધારે શોખ હોય છે. પુરુષો કાનમાં કડીઓ છાપા તેમજ ખાસ પ્રસંગે યુવાન વર્ગ દાંતીયા, વીંટીઓ તેમજ કેડે કંદોરા વગેરે પહેરે છે.નાના બાળકો તેમજ કિશોરો કડીઓ છાપાઓ કાનમાં તેમજ ડોકમાં હાંસડી કેડે નાના કંદોરા તેમજ પ્રસંગે હાથમાં સરલીયા પહેરે છે. વધુ ઘરેણા પહેરવાથી ખાનદાની કે શ્રીમંતાઈ વધુ અંકાય છે. મોટાભાગના પ્રસંગોમાં આ લોકો ભાડુતી ઘરેણા પણ પહેરે છે.

**શિક્ષણ અને ભાષા :**

શિક્ષણનું પ્રમાણ પહેલાં તો ખુબ ઓછું હતું. હવે એમાં થોડો સુધારો આવ્યો છે. પોતાના બાળકોને વાલીઓ શાળાએ મોકલે છે. પહેલા કામકાજને કારણે બાળકોની પુરતી કાળજી રાખી શકતા નથી. હવે તો આ કોમમાં કોઈક કોઈક ઉચ્ચ શિક્ષણ પણ મેળવે છે. ગુજરાતી ભાષા બોલે છે. કુણ, 'વરી' 'ઈવરા' વગેરે ગામઠી ઉચ્ચારણવાળા શબ્દો બોલે છે. 'કાળા' ને બદલે કારો કરે છે તેમજ દોઢીયા, ડુંગરી વિગેરે શબ્દોમાં હસ્વ દીર્ધનો આ લોકોને ખ્યાલ હોતો નથી તેમજ ૧ ને બદલે ૨ અને ૨ બદલે ૩ વાપરે છે.

**સંગીત કળા :**

કળાની બાબત એઓ મજુરીયાત પ્રજા હોવાને કારણે તેઓ તે જાણતા નથી. નવરાત્રી વખતે ભાઈએ ભવાની રમત રમે છે. સંગીતમાં ખાસ કરીને ભજન ગાવામાં આવે છે. જે શાસ્ત્રીય હોતા નથી.

**ઉત્સવો :**

સામાન્ય રીતે દરેક તહેવારો ઉજવવામાં આવે છે. હુતાસણી, ભીમ અગિયારસ અને સાતમ આઠમ જેવા તહેવારો વિશિષ્ટ રીતે ઉજવે છે. આ ત્રણે તહેવારોમાં તેઓ મજુરીએ જતા નથી. હોળીના તહેવાર દરમ્યાન પહેલા તમામ પુરુષો કેફી પીણાં પીતા અને તેમાં રચ્યાપચ્યા રહેતા. ધૂળેટીના દિવસે પુરુષો વેશપલ્ટો કરીને એટલે કે હોળીની રાખ ચોળીને શંકર બની અથવા કોઈ બાવો બની કોઈ વળી સ્ત્રીનો પોષાક પહેરીને તો કોઈ મદારી બનીને બોલતા બોલતા નીકળતા, ભીમ અગિયારસે તેઓ તેવા કપડા પહેરી તૈયાર થઈ ભવાની માતાના દર્શને જાય છે. ત્યાં જ જમવાનું લઈને જાય છે. સાતમ

આઠમમાં કામધંધે જતા નથી, જુગાર રમે છે. હોળીને દિવસે હોળી પ્રાગટાવે છે. સ્ત્રીઓ તેની પુજા કરે છે. હોળીની પ્રદક્ષિણા ફરે છે. શ્રીફળ વધેરે છે. અર્ધુ શ્રીફળ વાળંદને આપે અને અડધુ પ્રસાદ તરીકે ઘરે લાવે છે. તહેવારો દરમિયાન ભગવાનના દર્શન અચુક કરે છે. એ દિવસે પશુઓનો ભોગ અપાતો નથી, પરંતુ વર્ષ એક કે બે વખત શાખવાર કુટુંબો ભોગ ધરાવે છે અને રાંધીને ખાય છે. જો આ ભોગ ધરવામાં ન આવે તો પોતાની દેવી પોતાના કુટુંબના કોઈ એકનો ભોગ લેશે એવી માન્યતા પ્રવર્તે છે. પહેલાં કરતાં અત્યારે ઘણા જ ઓછા પ્રમાણમાં ભોગ ધરાવાય છે.

**સામાજીક રીતરિવાજો અને ક્રિયા :**

ચોમાસાની સીઝનમાં વણાણવટુ હોતુ નથી. આથી આ વખતે ગામમાં ફાળો ઉઘરાવી દરિયાઈ પીરનો ઘોડો કાઢવામાં આવે છે. દરેક શેરીમાંથી પીરનો ઘોડો કાઢે છે. એ માટે દિવસ નક્કી કરે છે. વાંસની ખપાટમાંથી બનાવેલ ધોતની નવરંગી કપડાં પહેરાવે છે. આખું ગામ નવા કપડાં પહેરી સજીધજીને વાજીંત્રો સાથે ભુવો અને પીરના ઘોડા સાથે ચાલી નીકળે છે. ઉકરડે પીરના ઘોડાને બાંધી દે છે અને ભાઈઓની સભા બેસે છે અને પ્રશ્નોની છણાવટ થાય છે. આખો દિવસ આનંદ પ્રમોદમાં વિતાવે છે.

પ્રથમ ગર્ભધાનની ક્રિયામાં સ્ત્રીને રાખડી બાંધે છે. પાડોશીને ત્યાં નવડાવી ધોવડાવી તૈયાર કરે છે, ત્યારબાદ એ ચાલીને પોતાને ઘરે આવે ત્યાં રસ્તામાં પાથરણા પાથરે છે. પાથરણા પર સોપારીઓ મુકવામાં આવે છે. જેને પગલાં ભરાવ્યાની વિધિ કહેવામાં આવે છે. ગર્ભવતી સ્ત્રીને ખાટી, ખોરી, ગરમ વસ્તુ ખુબ ઓછા પ્રમાણમાં ખાવા દેવાય છે. સુવાવડ પિયર તેમજ સાસરે પણ કરાવે છે. સુવાવડ કોઈ અલગ ચોક્કસ જગ્યાએ કરાવતા નથી, સુવાવડ વખતે સુયાણીને બોલાવવામાં આવે છે. ઘરોના સ્ત્રીઓ તેમજ દાયણ મળીને સુવાવડ કરાવે છે. બાળકના જન્મ પછી તરત કોઈ ધાર્મિક વિધિ હોતી નથી. બાળકના જન્મના છઠ્ઠા દિવસે ધાર્મિક વિધિ કરવામાં આવે છે. છઠ્ઠી પછી સ્ત્રી ઘરમાં ગૃહકામે લાગી જાય છે.

**લગ્ન :**

પહેલાં ૧૦ થી ૧૨ વર્ષની ઉંમરે છોકરા-છોકરીની લગ્ન કરી નાંખવામાં આવતા. મોટેભાગે લગ્ન ચોમાસામાં થતાં. લગ્નની અંદર સંબંધીઓને જમણ એક બે વાર અપાય છે. મોસાળુ મામાને ઘરેથી આવે છે. જેમાં નવા કપડાં અને ઘરેણા આપવામાં આવે છે. પછીથી લગ્ન થાય છે. શિક્ષણનું પ્રમાણ થોડું વધતાં હવે પુખ્ત ઉંમરે પણ લગ્ન થાય છે, પરંતુ એ પ્રમાણ ખુબ ઓછું છે.

સ્ત્રીની ઈચ્છાથી ફરીથી લગ્ન થઈ શકે છે. નાની ઉંમરની છોકરી હોય તો ફરીથી લગ્ન કુટુંબોવાળાઓ જ કરાવી આપે છે. સામાન્ય રીતે વિધવાની સાથે મોટા પ્રમાણમાં બીજવર ગૃહસંસારમાં

જોડાય છે. આગલા ઘરના સંતાન ઉપર તેના કુટુંબીઓ કોઈ ન હોય તો બીજા ઘરના પતિએ તેનું પાળીને પોષણ કરવાનું રહે છે. દેરવટાની પ્રથા પણ જોવા મળે છે. દેર યુવાન હોય અને ભાભીની સંમતિ હોય તો  જ દેરવટુ કરવામાં આવે છે.

બહુપત્નીત્વની પ્રથા વધુ જોવા મળતી હતી. સંતાન પ્રાપ્ત માટે બે-ત્રણ પત્ની કરતા. પત્નીને બહુ પતિ કરવાની સમાજમાન્ય છૂટ ન હતી.

સવેલાની પહેલા પ્રથા હતી જેમાં સ્ત્રીને પોતાના પતિની સાથે અણ બનાવ થાય  અગર તો તેના પ્રત્યે અણગમો કે ઘરમાં કંકાસ હોય તો સ્ત્રી પોતાના પિતાના ઘરે આવતી રહે છે. બે-ચાર માસ બાદ બીજા પુરુષ સાથે જતી રહે છે. આમ પત્ની બીજા સાથે ગૃહસંસારમા જોડાય તો તેને પાછી ઘરમાં રાખવામાં આવતી નથી. વેલ ઉપાડી જનાર વ્યક્તિને જ્ઞાતિના બંધારણના બંધનો મુજબ સામાપક્ષવાળાને એટલે પત્નીના પહેલા ઘરવાળા પતિને સમાધાન કરવુ પડે છે અને નાણાં ભરવા પડે છે.

આ કોમમાં પુરુષને સ્ત્રી સાથે અણબનાવ થાય અગર તો પોતાના કહેવા મુજબ અમલ ન કરતી જણાય અગર ચારિત્ર્યહીન જણાય અથવા કોઈ કારણોસર ઘરમાં કંકાસ રહેતો હોય એટલે પુરુષ પોતાની પત્નીનો ત્યાગ કરે છે. જેમાં સ્ત્રીની ચુંદડી અથવા પોચલાનો છેડો સ્ત્રીને ફાડી આપે છે. એટલે તે સ્ત્રીને છૂટી કરાય અને તે છેડો લઈને સ્ત્રી જ્ઞાતિ પટેલ આગળ આવીને દેખાડે છે. આવા બનાવો અવારનવાર હજુ પણ બને છે.

મા-બાપની પસંદગીથી લગ્ન થાય એને બંધારણીય લગ્ન કહે છે. વરકન્યાને જાતે પસંદ કરીને લગ્ન કરવાનું બહુ જ ઓછા પ્રમાણમાં થાય છે. ગામોમાં જ અંદરો અંદર લગ્ન થાય છે. કન્યાની બાબતમાં કન્યાની કાર્યશક્તિ તેમજ તેની રહેણીકરણી વિગેરે જોવામાં આવે છે. કુળ, રંગરૂપ, મુળ, ગુંણ ધંધો ઘર વિગેરે બાબતનું લક્ષ્ય આપવામાં આવે છે. એક જ કુળમાં લગ્ન થતાં નથી. મામા-ફઈના એટલે બેનભાઈના દિકરી-દિકરા વચ્ચે લગ્ન ગોઠવાય છે.જેમાં બેન-ભાઈની દીકરી લાવી શકે પણ દીકરી આપી શકે નહી.

સગાઈ કર્યાબાદ કોમમાં લગ્ન કરવામાં આવે છે. પ્રથમ વરપક્ષ તરફથી માંગુ આવે છે. ચુંદડી તેમજ ઘરેલુ આપી સગાઈની વિધિ થાય છે. સગાઈ બાદ કન્યા-વરનો મેળાપ કરવા દેતાં નથી. વરપક્ષને સાફો આપવામાં આવે છે. નાણાંકીય લેવડદેવડ થતી નથી. સગાઈ તોડી પણ શકાય છે, જયારે બન્ને કોઈપણ કારણોસર વાંધો પડે તો સગાઈ તોડી નાંખે છે.

લગ્ન વખતે બધાજ સગાઓ ભેગા મળે છે. ગોરને બોલાવી બન્ને વેવાઈઓ મળી તારીખ તિથિ જોઈ કંકોતરી લખે છે. લગ્ન જોવડાવે છે. ઘરને સજાવવામાં આવે છે. છોકરા-છોકરી કે જેમના લગ્ન થવાના છે એમના નવા કપડાં સીવડાવે છે. લગ્ન ગીતો તેમજ ફટાણા આમને સામને ગવાય છે. છોકરીના ઘરે નંખાય છે. લગ્ન ગીતો અઠવાડીયાથી બન્ને ઘરે ગવાય છે. વર પરણતી વખતે નવા સાફો, સોના-દાગીના જેમાં વીંટી-વેઢ, ચેઈન પહેરેછે. તેમજ તલાવર અચૂક રાખે છે. છોકરા-છોકરી બન્નેને લગ્ન પહેલા પીઠી ચોળવામાં આવે છે. વાળંદ પીઠી ચોળી જાય છે. પહેલા ઘરની સ્ત્રીઓ ગણેશ બેસાડી પીઠી ચોળે છે. આમ કન્યાપક્ષને ત્યાં માંડવો નાખવા, ગણેશ બેસાડવા પીઠી ચોળવી વગેરે થાય છે. વરકન્યાને લગ્નના દિવસે ઉપવાસ કરવાનો હોય છે.

વરરાજા સામૈયુ વાજતેગાજતે ગામમાં ફેરવવામાં આવે છે. વરને ઘોડા પર બેસાડવામાં આવે છે. કુમારીકા તેને કળશમાં ભરી તેના પર નાળિયેર પુરી આંબાના પાનથી વધાવે છે. ત્યારબાદ તે માંડવે આવે છે અને ત્યાં સવારે તેમના હસ્તમેળાપ થાય છે. ત્યારે બપોરે ચોરી બાંધી ફેરા ફરાય છે.

વરરાજા પહેલા આવે છે પછીથી કન્યાને બોલાવવામાં આવે છે. કન્યાએ રેશમી ઘાઘરો, સફેદ કાપડી તે ઉપર પાનેતર અને તેના પર ચુંદડી ઓઢાડવામાં આવે છે. વર મંડપ વચ્ચે પૂર્વ દિશામાં મુખ રખાવી વરમાસી ઉપર બેસાડવામાં, જયારે કન્યાને બાજોઠ ઉપર પશ્ચિમ દિશામાં મુખ રખાવી બેસાડવામાં આવે છે. લગ્ન વિધિ ગોર કરાવે છે.લગ્નબાદ વરઘોડીયા ગણેશની સ્થાપના કરી હોય ત્યાં પગે લાગવા જાય છે. સામાન્ય રીતે જાન દસ થી બાર કલાક રોકાય છે. જાન વિદાય વેળાએ પૈડું સીંચવામાં આવે છે. કન્યાને સાસરે ગયા બાદ પોંખવામાં આવે છે. કન્યાને પોતાના પતિના ઘરના તમામ વડીલોની લાજ કાઢવાની હોય છે.

## ધાર્મિક માન્યતામાં વિશ્વાસ અને મૃત્યુ :

ભવાની, શીતળા, મેલડી વગેરે દેવીઓને માને છે. તેમના મંદિરો અને મઠ પણ હોય છે. બાધા, માનતામાં વધુ વિશ્વાસ ધરાવે છે. માંદગી વખતે ભગત-ભુવા પાસે દોરાધાગા કરાવે છે. માંદગી વખતે બાધા, માનતા વધુ રાખે છે. દેવીને નૈવેધ ચઢાવ્યા બાદ સત્યનારાયણની કથા કરે છે. વળગાડ પ્રસંગે તેઓ દાણા જોવાનું તેમજ કોઈ એવી જગ્યામાં પગ પડી ગયો તો તેનું ઋણ ઉતારવાનું કામ કરે છે. આ લોકો ભૂતપ્રેતમાં મોટા પ્રમાણમાં માને છે. કોઈ માંદું પડયું હોય તો દાણા જોડાવે છે.

મૃત્યુ પાછળ વિશેષ ધાર્મિક ક્રિયા કરવામાં આવતી નથી. મૃત્યુબાદ ધાર્મિક ગ્રંથોનું વાંચન થતુ નથી. મૃત્યુ પામેલદેહને મૃત્યુ થયા પછી એક કલાક પછી બહાર કાઢવામાં આવે છે. મૃતકોને અગ્નિ

સંસ્કાર અપાય છે. મરનાર પુરુષ કે સ્ત્રીના ઘરના કોઈ વડીલ મડદાની આગળ છાણુ લઈને ચાલે છે. પણ આ પહેલા ઘરમાં મરનારને જ્યાં સુવાડવાના હોય તે જગ્યાએ માટી લીપવામાં આવે છે. તેને આથરો કરે છે. તેના ઉપર સાથીયો તાણવામાં આવે છે અને મૃતદેહ તેના ઉપર સુવાડવામાં આવે છે. નાના છોકરાને દાટવામાં આવે છે. સ્ત્રીઓ સ્મશાને જતી નથી. સ્ત્રીઓની રોક્કળ આઠ દિવસ સુધી ચાલે છે. સ્મશાને મૃતદેહને ચિંતામાં સૂવરાવી ચારે બાજુ અગ્નિ ફેરવી અગ્નિદાહ દેવામાં આવે છે. મૃતદેહને પાણીથી નવરાવવામાં આવતો નથી. મૃતદેહનું માથુ ઉત્તર દિશા તરફ અને પગ દક્ષિણ દિશા તરફ રાખવામાં આવે છે.

મૃતદેહને અગ્નિદાહ એના વંશ-વારસો દે છે. મૃતદેહના સળગી ગયા બાદ ડાઘુઓ મરનાર હાડકાં લઈ પાછા ફરે છે. અમે હાડકાં સમુદ્રમાં પધરાવી દેવામાં આવે છે. સ્મશાનેથી ઘેર આવ્યા પછી કોઈ પ્રકારની ક્રિયા કે વિધિ કરવાની હોતી નથી. મરનાર પાછળ દાડો અને સરાવણી કરે છે. એકે બે વર્ષ પાંચ પણ કરે છે. ત્યારે સગાવહાલા ભેગા થાય છે. શોક આઠ દિવસ પાડે છે. કોઈ સ્ત્રોતે મૃત્યુ પામ્યુ હોય તો તેની ખાંભી કરવામાં આવે છે. સતી થવાની પરથા જોવામાં આવતી નથી.

**આર્થિક પરિસ્થિતિ :**

વહેલી સવારથી તેમની દિનચર્યા શરૂ થાય છે. સ્ત્રી ઘરે હોય તો તે તમામ ઘરકામ કરે છે, પરંતુ જયારે તે પણ મજુરીએ જાય ત્યારે પુરુષ તેને મદદ કરાવે છે. મોટા બાળકો નાના બાળકોને રમાડે છે. મોટા છોકરાઓને વૃધ્ધ સ્ત્રીઓ રાખતી હોય છે.

ઘરો માટી, ઈંટના જ હોય છે. ઉપર નળીયા હોય છે. એક ઓરડાનું જ ઘર હોય છે. વાસણો ખુબજ હોય છે. અનાજ પિત્તળના વાસણમાં તથા શાકભાજી વગેરે માટીના વાસણમાં રાંધે છે. નાવા ધોવાની કોઈ વિશેષ સગવડ હોતી નથી. અઠવાડીયામાં તેઓ એકવાર કે બે વાર સ્નાન કરે છે.

ખોરાકમાં તેઓ શાકાહાર તેમજ માંસાહાર બન્નેનો ઉપયોગ કરે છે. બાજરો લે છે દૂધ પણ લે છે.

આર્થિક પરિસ્થિતિ ખુબ નબળી હોય છે. મજુરી કરે છે એટલે દેવાદાર હોય છે. વ્યાજે નાણાં લાવે છે. મજુરી ન મળે તો ઘરેણાં પણ વેચી દે છે. આ લોકોનું જીવન વર્તમાન લોકોના જીવન કરતાં ઘણું જ પાછળ છે. સ્ત્રી-પુરુષો પરચુરણ મજુરી અગર તો ધંધાર્થે બહારગામ જાય છે. સ્થાઈ જીવન કે મજુરી નહી હોવાથી તેમજ આર્થિક વિટંબણાને કારણે આ લોકો જીવનની પ્રાથમિક જરૂરિયાતોથી વંચિત કરે છે.

## દૈનિક જીવન :

કોળી કોમ શ્રમજીવી તથા ખેતીપ્રધાન છે. એને અનુરૂપ તેનું જીવન ગુંથાયેલું છે. જમીન ધરાવનારા કોળીઓનું જીવન અન્ય ખેડૂતોની જેમ મોસમમાં તો સવારથી સાંજ સુધી ખેતી કામમાં જ ગુંથાયેલું રહે છે. કોળી સ્ત્રી ખેતમજુર, કે અન્ય મજુરી કરી પોતાનું જીવનનું ગુજરાત ચલાવે છે. વૃધ્ધ માણસ ઘરમાં નાના બાળકોને સાચવે છે. યા થોડા મોટા છોકરા હોય તે નાના છોકરાને સાચવે છે. ચાર વાઢવાનું કામ સ્ત્રીઓ જ કરે છે. હળવદ બાજુ કોળીના ઘર પથ્થરના જોવા મળે છે. નળીયા પણ ચડાવે છે. ગારાનું ચણતર હોય છે. ઓસરી અને રસોડા હોય છે. રસોડામાં ફરતી ઓટલી (પેઢલી) કરવામાં આવે છે. જેના પર માટીના જાતે બનાવેલ કુંડા રાખે છે. હાલારમાં કુબા કરીને પણ વસતા હોયછે. અન્ય સ્થળોએ માટીના ઘર બનાવે છે. અંદર બહારથી તેને ગાર, લીંપણ કરેલુ હોય છે. વાંકાનેર બાજુ કાચા મકાનો જ જોવા મળે છે. છાપરા ઉપર નળીયા હોય છે. અંદરથી દિવાલો ખડીથી ધોળેલી હોય છે.

સામાન્ય રીતે આ લોકોના ઘર અંધારીયા જ હોય છે. ઘરમાં ખપ પૂરતું રાચરચીલુ હોય છે. માટીની કોઠીઓ, પટારા, સીકા, એલ્યુમીનીયમ અને કાંસાના થોડા વાસણો વગેરે નજરે પડે છે. આ સિવાય ઘંટી, ખાટલા વગેરે હોયછે. ઘરમાં એકાદ ખૂણે યા તો કેટલાક વિભાગોમાં બહાર ઓસરીમાં પાણીયારું હોય છે.

નાહવામાં કોઈ ખાસ જગ્યા હોતી નથી. ન્હાવામાં ખુબ આળસુ જોવા મળે છે. બે-ચાર દિવસે એક વખત ન્હાય છે. પરંતુ શહેરીકરણની અસરને કારણે થોડા પરિવર્તન જોવા મળે છે.

## આહાર :

જુવાર બાજરીના રોટલા, શાક, ખીચડી, ભાત વગેરે લે છે. છાસ અને દૂધ પ્રવાહી તરીકે લે છે. પ્રિય વાનગીમાં ઘઉંની લાપસી કે ચણાના લોટનાં મોહનથાળ રાંધે છે. કેટલાક વિસ્તારમાં માંસાહાર લે છે.

## સંબંધો :

કુટુંબના મુખ્ય માણસનો ઘરમાં કાબુ રહે છે. કોમમાં સ્ત્રીઓને ઊંચુ સ્થાન નથી. સંયુક્ત કુટુંબ વ્યવસ્થાઓ વિભક્ત વ્યવસ્થા એમ બન્ને જોવા મળે છે.

આ કોમમાં દરેક પંથકમાં નાના નાના જ્ઞાતિ સંગઠનો જોવામાં આવે છે. કેટલાક કુરિવાજો અટકાવવા તેઓએ બંધારણો પણ ઘડયા છે. આ લોકો જ ભેગા મળી પાંચ સાતને ચૂંટી કાઢે છે. ચૂંટાયેલા લોકો નાતના મોવડી ગણાય છે. અંદરો અંદરના ઝઘડા પણ આ નાત પંચ મારફત જ ઘણું ખરું પતાવવામાં આવે છે.

### આર્થિક પરિસ્થિતિ :

ગુજરાતમાં વસતા દરેક વિસ્તારની કોળી કોમનો ખેતી, પશુપાલન વગેરે મુખ્ય છે. આ ઉપરાંત જમીનો ઔદ્યોગીકરણને કારણે વેચાવવાથી છૂટક મજુરી રેલ્વેમાં મજુરી કે કંપનીમાં મજુરી, શાક વેચવાનો, ઘાસ કાપવાનો ધંધો કરે છે. સૌરાષ્ટ્રના કોળીઓ શિકારી તરીકેનો, પારધી તરીકેનો મીઠાના અગરમાં કામ કરે છે. શહેરમાં પટાવાળા, પોલીસ, ચૂનો ગાળવાનું કોલસા પાડવાનું, માછલા પકડવાનું કામ કરે છે. દહાડિયા મજુરી કરીને પોતાની જીવનનિર્વાહ કરે છે. આમ આ કોમ એકંદરે આર્થિક સ્થિતિ નબળી છે એમ કહી શકાય. ખાસ કાંઈ બચત હોતી નથી. આથી અણધાર્યા ખર્ચને પહોંચી વળવા માટે અંદરો-અંદરથી વ્યાજે રકમ મેળવે છે.

### ગુણ અને ખાસિયત :

આ શ્રમજીવી પ્રજા ઘણી મહેનતુ અને કસાયેલી છે. સૌરાષ્ટ્રમાં કોળીઓ ચોરનું તેમજ પશુનું પગેરુ જોવામાં ખુબ પાવરધા મનાય છે. આ સિવાય આ લોકો ઘોડેસ્વારી અને તરવાની કળા પણ સારી જાણતા હોય છે.

### ઘેડીયા કોળી :

પોરબંદર અને માંગરોળ વચ્ચે આવેલા માધવપુરની આજુબાજુનો પ્રદેશ ઘેડ પ્રદેશના નામે ઓળખાય છે. આ પ્રદેશમાં વસતા કોળીઓ ઘેડીયા કે ગેડીયા કોળી તરીકે હોય છે. નાઘેર પ્રદેશમાં પણ ઘેડીયા કોળી રહે છે.

નાઘેર અને ઘેડ પ્રદેશ એકબીજાની લગોલગ આવેલા હોવા છતાં ભૌગોલિક રીતે બન્ને જુદા તરી આવે છે.

'લીલા મોર ટહુકે છે લીલા નાઘેરમાં' આમ નાઘેર પ્રદેશ એ તો લીલી વાડીઓનો પ્રદેશ ગણાય છે. જયારે ઘેડ પ્રદેશ એ પાણીથી ઘેરાયેલો પ્રદેશ છે. માધુપુરની આજુબાજુનો આખોય પ્રદેશ નીચાણવાળો હોવાથી ત્યા પાણી ભરાઈ રહે છે. ચોમાસામાં તો આ આખોય પ્રદેશ અને તેના ગામડા પાણીને લીધે સરોવરમાં આવેલા નાના નાના ટાપુઓ જેવા લાગે છે. આવી પરિસ્થિતિને કારણે મચ્છર, ડાંસનો ઉપદ્રવ વધી જાય છે. ચોમાસું ઉતરતા શિયાળામાં આ કોળીઓ પોતાની જમીન ત્રણ વાર પાક ઉતારી લે છે. ઘઉંની ખેતી સારા પ્રમાણમાં કરે છે. ચોમાસામાં કોઈ કામ ન હોય અને શિયાળામાં પુષ્કળ કામ કરે છે. આથી આર્થિક સ્થિતિ સારી છે.

ગેડીયા એ નામ કચ્છના ગેડી શહેર ઉપરથી પડ્યુ જણાય છે. જેઠવા રજપૂતોએ કાઠીયાવાડ ઉપર હુમલો કર્યો ત્યારે ગેડીયા તેમની સાથે હતા. રીતભાત તથા પહેરવેશ બરડાના મેર લોકો જેવા છે. બીજા કોળીઓ કરતાં વધારે આબરૂદાર હોઈ ખેતીથી ગુજરાન કરે છે ને લૂંટફાટ કરવી છોડી દીધી છે. અન્ય કોળીઓની જેમ તેઓ ઝૂંપડામાં નહી પરંતુ ઘરમાં રહે છે. તેઓ કોળીઓમાં સૌથી ઊંચી જાતના ગણાય છે. તે પોતાના વર્ગમાં લગ્ન વ્યવહાર રાખે છે.

એકંદરે આ ઘેડીયા કોળીઓ પણ મુખ્યત્વે ગામડાઓમાં વસતા આવ્યા છે. મેર અહીં આયરોની વસ્તીવાળા ગામોમાં આ કોળી રહે છે. સાથી ગામમાં કામની બાબતમાં ખેંચાખેંચ જોવા મળે છે. અજ્ઞાનતા ખુબ જોવા મળે છે. ઘેડીયા કોળી પાસે પોતાની જમીનો છે અને ઘર પણ પોતાના છે. પરંતુ કેટલા ઘેડીયા કોળી ઓને પોતાની જમીન ન હોવાથી દહાડિયા તરીકે મજુરી કરે છે. આખો વર્ગ ખેડૂતવર્ગ છે. કેટલાક ઘેડીયા કોળીઓ મુંબઈ જેવા શહેરોમાં કમાવવા માટે પણ ગયા છે. રાજાશાહી વખતે આ જ્ઞાતિ પાસે ખુબ વેઠ કરાવી તેમનું શોષણ કરવામાં આવતું.

ગેડીયા કોળીને તેર તાંસળીમાં ગણાતી કોમો એટલે કે ભરવાડ, ચારણ, રબારી, આયર, મેર, વગેરે સાથે ભાણા વ્યવહાર છે. અન્ય કોળીઓને નથી. આ કારણે ઘેડીયા કોળી પોતાને અન્ય કોળીઓથી ઊંચા માને છે. પુરુષોના પોષાકની બાબતમાં આ કોળીઓ તળપદા કોળીઓથી ખાસ અલગ તરી આવતા નથી પણ સ્ત્રીઓના પોષાક ફેર પડ્યો છે. સ્ત્રીઓ થેપાડાં પહેરે છે. અન્ય કોળી સ્ત્રીઓ ઘાઘરા પહેરે છે. કુંવારી હોય અને ઋતુધર્મમાં ન આવી હોય ત્યાં સુધી તે સફેદ પછેડો પહેરે છે.

બાળલગ્ન પ્રમાણ ઘણું ઉંચુ છે. દહેજ બહુ અપાતો નથી. દેર-ભાભીની ઈચ્છા થાય તો જ દેરવટુ કરવામાં આવે છે. આ કોમમાં ચિત્રકળા, ભરતકામ વધારે જોવા મળે છે. મકાન બાંધકામની મજુરીના પ્રસંગે રસ્તાઓના બાંધકામ પ્રસંગે ભોંય ઉપર સપાટી ટીપણી વખતે બહેનો ટીપ્પણી લે છે. અંગની તાકાત અને ભારે સ્ફૂર્તિપૂર્વક હિલોળીને ટીપ્પણી લે છે. ટીપ્પણી પુરુ થાય એટલે એક બહેન ગીત ઉપાડે છે અને બીજી બહેનો ગીત ઝીલે છે. ટીપ્પણીમાં ના તાલના ઉતાર-ચઢાવ હોય અને બહેનોના અંગેના સુંદર વળાંકોને કારણે શાસ્ત્રીય નૃત્યના અંગમરોડ ભુલી જવાય એવા હોય છે.

રાસ, ગરબા, ભજનો પણ કોમમાં ખુબ જ રમાતાં ને ગાતાં જોવા મળે છે. કૃષ્ણભક્તિના ગીતો બહુ ગાય છે. આ રીતે શ્રમને સૌંદર્યમાં પલટાવતુ આ ટીપ્પણી નૃત્ય ગુજરાતમાં વિરલ છે, એમ જયમલભાઈ પરમારે લખે છે.

સૌરાષ્ટ્રના કોળીઓના રાસનૃત્યો વિષે જયમલભાઈ પરમાર લખે છે કે સ્ફૂર્તિલાં રાસનૃત્યો તો કોળીઓના જ. ભલે એ સાવ ઘરડો આદમી પણ ઉત્સવ ટાણે આંખમાં સુરમો માથે લાલ મધરાસીઆની આંટિયાળી ગોળ પાઘડી, પાઘડીને આભલાં ભરેલ લીલા પટાનું બંધણું, કેડે બાંધી હોય રંગીલી ભેટ, હાથમાં ભરત ભરેલી સોળ સોળ સળિયાની છત્રીઓ ઝુલાવતો જાય. સળિયે લાલપીળાને લીલા રેશમી રૂમાલ ફરકતા હોય. ચેતનવંતુ શરીર અને સ્ફૂર્ત તેમને વારસામાં મળે છે. રાસ, ગરબા પણ જોવા મળે છે. મટકી પણ સૌરાષ્ટ્રના કોળી ખુબ સરસ લે છે.

**ખાંટકોળી :**

મુખ્યત્વે તો ખાંટ કોળી અને ખાંટ મેર એમ બે વર્ગ જોવામાં આવે છે પણ બન્ને એકજ છે અને પરસ્પર વ્યવહાર કરવામાં બાધ મનાતોનથી. પહેલા તેઓ સિંધુ નદીના મુખ આગળ વસતા હતા અને પછી હિંગળાજ માતાની આજ્ઞાથી તેઓએ સિંધુ મુખ છોડયુ તે સમયે સોનંગમેર નામનો તેનો મુખી હતો અને તેને બાર દિકરા હતા તે દરેકે જુદી જુદી જગ્યાએ વસવાટ કર્યો અને જુદી જુદી શાખની સ્થાપના કરી. તેઓમાં ખાંટ નામનો દીકરો હતો અને તેના વંશજો ખાંટના નામે યા ખાંટ કોળીના નામે ઓળખાયા અને જે તેને મેર શાખના રજપૂતો, યા મેર લોકો સામેયા અન્ય રજપૂતો સાથે લોહીનો સંબંધ બંધાયો અને ખાંટ મેરના નામે ઓળખાય છે. ખાંટ નામે ઓળખાતી આ કોમ માત્ર સૌરાષ્ટ્રમાં જ અને તે પણ સોરઠ અને હાલાર જીલ્લાના ગ્રામ વિસ્તારોમાં જોવા મળે છે.

બારોટોના ચોપડાઓ ઉપરથી તારવીને ખાંટ લોકો પોતે એમ માને છે. સંવત ૧૪૨૪ની સાલમાં જયારે મહમદ બેગડાએ સોમનાથ ઉપર ચઢાઈ કરી ત્યારે સૌરાષ્ટ્રના રજપૂતો સોમનાથના રક્ષણાર્થે ધાયા હતા. તેમાં તે સમયના લાઠી દરબાર નાના કુંવર હમીરજી અને રજપૂતો સરદારો પણ હતા. રસ્તામાં તેઓને વેગડા ભીલનો ભેટો થયો તે ખુબ શુરવીર અને લડવૈયો હતો. એનો આગ્રહ કરીને પોતાને ત્યાં રાતવાસો કરાવ્યો. આ અરસામાં વેગડા ભીલે કહ્યું કે ‘‘તમે બધા આશા ભર્યા જુવાન શુરવીરો છો અને બાદશાહ સામે ધીંગાણું કરવા જાવ છો તો કુંવારા આવા જોખમ ખેડવા જતાં કદાચ પરાજય થાય અને ખપી જાય તો અવગતિને પામશો માટે તમને બધા ભાઈઓને મારી સલાહ છે કે તમે બધા મારા કુળની કન્યાઓને પરણો કે જેથી અવગતિ ન થાય. વેગડા ભીલના આ અતિ આગ્રહને માન આપી સૌ ભીલ કન્યાને પરણ્યા. આ રીતે ઓચિંતા રસ્તામાં આ બેગડા ભીલનો ભેટો ગયો અને બધા કુંવારા હતા, તેઓ પરણ્યા. આ રીતે વેગડા ભીલની કન્યાઓને પરણતાં સૌ ‘‘ખાટયાં’’ એમ માની તે સમયથી તેઓ ‘‘ખાંટ’’ તરીકે ઓળખાયા. આમની શાખો પણ રજપૂતોને મળતી આવે છે.

અત્રે કોળી જ્ઞાતિના સામાજિક પરિપેક્ષની સમજ સ્પષ્ટ કરવા તેના સામાજિક બંધારણ, રીત-રિવાજો, બોલી-ખોરાક - રહેણાંક વિસ્તારો વિષયક લંબાણપૂર્વકની સમજ આપવામાં આવી. સામાજીક પ્રશ્નોની છણાવટ માટે અને તેના વિકાસના આયોજન માટે સાંસ્કૃતિક બાબતોને હાંસીયામાં રાખી ન શકાય તે સામાજિક સંશોધકોએ સ્પષ્ટ કરેલું જ છે. આ બાબતોને ધ્યાનમાં રાખી આ પ્રકરણમાં હવે અભ્યાસક્ષેત્રના ભૌગોલિક પરિવેશનો વિસ્તૃત પરિચય આપેલ છે.

## ગુજરાતની સીમા અને ભૂરચના :

ગુજરાતનો સમગ્ર વિસ્તાર ઉષ્ણ કટિબંધમાં આવેલો છે. તેનો દક્ષિણ ઉત્તર વિસ્તાર ૨૦.૧° અને ૨૪.૭° ઉત્તર અક્ષાંશ વચ્ચે આવેલો છે. જયારે પૂર્વ-પશ્ચિમ વિસ્તાર ૬૮.૪° અને ૭૪.૪° રેખાંશ વચ્ચે આવેલો છે. કર્કવૃત્ત ગુજરાતના મધ્યભાગમાંથી પસાર થાય છે. તેનું કુલ ક્ષેત્રફળ ૭૨,૧૩૭ ચોરસમાઈલ છે. ભારતના કુલ ક્ષેત્રફળ ૧૧,૨૭,૦૦૦ ચોરસ માઈલના ૬.૪ ટકા જેટલો વિસ્તાર ગુજરાત ધરાવે છે. ગુજરાત એ સમઘાત આબોહવા ધરાવતું રાજય છે.

ગુજરાત પશ્ચિમહિંદના કિનારાના ઉત્તર ભાગમાં આવેલું છે. ગુજરાત સપાટ મેદાન પ્રદેશ, જંગલો, રણ, અખાતો, તેમજ ગિરિમાળાઓથી બનેલ છે. ગુજરાતમાં ઘણી વિશિષ્ટતાઓ જોવા મળે છે. ૧૯૬૧માં ગુજરાત મહારાષ્ટ્રથી જુદું પડ્યું. ભૂરચના પ્રમાણે ગુજરાત ત્રણ ભાગમાં વહેંચાયેલું છે.

ઉત્તર મધ્ય અને દક્ષિણ મધ્યમાં વડોદરા, ચરોતર (ખેડા, આણંદ, નડિયાદ) અમદાવાદ (વિરમગામ, સાણંદ, માંડલ) સુરેન્દ્રનગર વગેરે જોવામળે છે. અમદાવાદ જિલ્લો એ ગુજરાતના ઉત્તર મધ્યમાં આવે છે. અમદાવાદ જિલ્લાના કુલ ૧૧ તાલુકા છે. અમદાવાદમાં થઈને સાબરમતી નદી પસાર થાય છે, પરંતુ તેનો લાભ બધા જ તાલુકાને મળતો નથી. અન્ય તાપી, નર્મદા, મહીં, વાત્રક જેવી મોટી નદીઓ પણ છે. સરદાર સરોવરની નહેર દ્વારા સાણંદ તાલુકાને પાણી મળે છે.

ગુજરાતની કુલ વસતિ ૨૦૦૧ના વસતિ ગણતરી મુજબ ૫,૦૬,૭૧,૦૧૭ છે.જેમાં શહેરી વસતિ ૧,૮૯,૩૦,૨૫૦ છે. જયારે ગ્રામીણ વસતિ ૩૧૭૪૦૭૬૭ જોવા મળે છે.

અમદાવાદ જિલ્લાની કુલ વસતિ ૫૮૧૬૫૧૯ છે.જેમાં શહેરી કુલ વસતિ ૪૬૬૩૫૩૩ છે, જયારે ગ્રામીણ કુલ વસતિ ૧૧૫૨૯૮૬ છે. અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાની કુલ વસતિ ૧૯૩૩૩૫ છે.જેમાં શહેરી કુલ વસતિ ૩૨૪૧૭ છે, જયારે કુલ ગ્રામીણ ૧૬૦૯૧૮ છે.

અમદાવાદ જિલ્લાનો સાણંદ તાલુકો અમદાવાદથી ઉત્તર-પૂર્વ બાજુએ આવેલો છે. સાણંદ તાલુકો ખૂબ જૂનો ઈતિહાસ ધરાવે છે. ગુજરાતમાં ૨૦૦૧માં આવેલ ધરતીકંપ પહેલા અનેક વર્ષો પહેલા

ધરતીકંપ આવી ગયા છે. ધરતીકંપના ઉત્પાતને કારણે નળકાંઠો (સાણંદ, ધોળકા, વિરમગામ, ભાલપ્રદેશ) પણ સાગરના ગર્ભમાંથી ઉપર આવીને ખેડવાલાયક ભૂમિમાં પલટાયા હોય એવી શક્યતા છે.

સાણંદમાં ખનીજતેલ વધુ મળી આવવાની શક્યતા છે. (સ્ત્રોતઃ ગુજરાત એક દર્શન- એમ.એસ. યુનિવર્સિટી)

સાણંદ તાલુકામાં બારેમાસ પાણીની સુવિધા ઓછી હોવાને કારણે ફળફળાદી કે બાગાયતી ખેતી ખુબ ઓછી જોવા મળે છે. આ વિસ્તારમાં ગોરાળુ જમીન જોવા મળે છે. ડાંગર, ઘઉં, મગ, તલ, તમાકુ, જીરૂ વગેરેની ખેતી સવિશેષ જોવા મળે છે.

સાણંદ-વિરમગામ હાઈવે ઉપરના ગામોમાં કેમીકલ્સ, કલર, દવાની કંપનીઓના કારખાના જોવા મળે છે, જયારે સરખેજ-બાવળા હાઈવે ઉપરના ચાંગોદર, વાઘજીપુરા, મોરૈયા, તાજપુર, સનાથલ વગેરે ગામોની જમીનમાં જી.આઈ.ડી.સી. માં વિવિધ કારખાના જોવા મળે છે.

આઝાદી પૂર્વ સ્ટેટ ગણાતા સાણંદમાં રજપૂત ક્ષત્રિય જ્ઞાતિના રાજાઓનું વર્ચસ્વ ઘણું જ હતું. ક્ષત્રિય જ્ઞાતિનો જુસ્સો વધુ જોવા મળે છે. સાણંદ તાલુકામાં ક્ષત્રિય, કોળીપટેલ, ઠાકોર, હરિજન, કડવા-લેઉવા પટેલ, મુસ્લિમ (મોમીન) જ્ઞાતિ વધુ જોવા મળે છે. જયારે બ્રાહ્મણ-જૈનની સંખ્યા ઘણી ઓછી જોવા મળે છે.

દરબાર, કોળી પટેલ, હરિજન તેમજ પટેલ જ્ઞાતિની વસતિ અને જ્ઞાતિનું જોર અને પ્રમાણ વધુ જોવા મળે છે. ક્ષત્રિય જ્ઞાતિ પછી, કોળીપટેલ જ્ઞાતિનું જોર વધુ જોવા મળે છે. આ વિસ્તારમાં વસવાટ કરતાં કોળીપટેલ એ તળપદા કોળીપટેલ છે. આઝાદી પૂર્વ અને પછી પણ તેઓનો વસવાટ અહીં જ રહેવા પામ્યો છે. એવું ઘણા ઉત્તરદાતાના વડીલો પાસેથી માહિતી મળી છે.

કોળીપટેલ જ્ઞાતિ સાથે દરબાર કે અન્ય જ્ઞાતિઓ ‘અછૂત’ નો વ્યવહાર રાખતી નથી.

અભ્યાસ ક્ષેત્રમાં સમાવાયેલા તેર ગામોનો અત્રે પરિચય આપ્યો છે. જે ક્ષેત્રના ભૌગોલિક પરિપ્રેક્ષ્યથી આપણને વાકેફ કરશે.

## અભ્યાસક્ષેત્રના ગામોની વસતિ વિષયક પરિસ્થિતિ

| ક્રમ | ગામનું નામ | વસતિ | | | જાતિ દર (૧૦૦૦ પુ.એ સ્ત્રીઓની સંખ્યા | સાક્ષરતાનો દર (ટકા) | | કામમાં ભાગીદારી (ટકા) | | કુલ કામદારો | | કુલ કામદારોમાં ખેતમજૂરો (ટકા) | | કુલ કામદારમાં ખેડૂતોનું પ્રમાણ(ટકા) | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુલ | પુરુષ | સ્ત્રી | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૧. | પીંપણ | ૩૦૭૭ | ૧૬૦૨ | ૧૪૭૫ | ૯૨૧ | ૭૮.૫ | ૪૯.૫ | ૫૨.૪ | ૨૧.૬ | ૩૨.૭ | ૭.૫ | ૩૬.૫ | ૬૭.૪ | ૮૩૯ | ૩૧૯ |
| ૨. | સોયલા | ૧૭૯૩ | ૯૧૩ | ૮૮૦ | ૯૬૪ | ૭૬.૫ | ૨૮.૯ | ૫૩.૬ | ૪૩.૯ | ૩૮.૮ | ૫.૭ | ૨૩.૫ | ૨૧.૫ | ૪૯૦ | ૩૮૬ |
| ૩. | શીયાવાડા | ૧૯૭૯ | ૧૦૧૨ | ૯૬૭ | ૯૫૬ | ૬૮.૧ | ૨૭.૧ | ૫૫.૮ | ૫૪.૧ | ૫૩.૮ | ૨.૧ | ૨૮.૦ | ૯૫.૪ | ૫૬૫ | ૫૨૩ |
| ૪. | ચરણ | ૧૭૩૫ | ૯૦૨ | ૮૩૩ | ૯૨૪ | ૬૬.૮ | ૨૩.૦ | ૪૯.૭ | ૫૦.૫ | ૩૮.૪ | ૪૦.૯ | ૩૪.૨ | ૫૮.૨ | ૪૪૮ | ૪૨૧ |
| ૫. | વસોદરા | ૧૩૯૩ | ૭૯૫ | ૫૯૮ | ૭૫૨ | ૮૩.૮ | ૨૫.૪ | ૬૫.૯ | ૧૧.૫ | ૨૧.૨ | ૦.૦ | ૨૦.૨ | ૧૫.૯ | ૫૨૪ | ૬૯ |
| ૬. | રસુલપુરા | ૧૯૭૯ | ૧૦૧૨ | ૯૬૭ | ૯૫૬ | ૬૮.૧ | ૨૭.૧ | ૫૫.૮ | ૫૪.૧ | ૫૩.૮ | ૨.૧ | ૨૮.૦ | ૯૫.૪ | ૫૬૫ | ૫૨૩ |
| ૭. | અમથાપુરા(મોડાસર) | ૪૮૦૮ | ૨૫૬૧ | ૨૨૪૭ | ૮૭૭ | ૮૨.૩ | ૫૨.૨ | ૫૮.૦ | ૪૩.૨ | ૩૭.૬ | ૩.૨ | ૩૩.૫ | ૪૫.૩ | ૧૪૮૫ | ૯૭૦ |
| ૮. | ડરણ | ૩૧૦૪ | ૧૬૧૨ | ૧૪૯૨ | ૯૨૬ | ૭૩.૮ | ૨૨.૬ | ૫૬.૫ | ૫૩.૯ | ૨૭.૧ | ૨૧.૮ | ૪૨.૨ | ૫૪.૪ | ૯૧૧ | ૮૦૪ |
| ૯. | કુંવાર | ૩૬૮૬ | ૧૯૪૨ | ૧૭૪૪ | ૮૯૮ | ૭૩.૧ | ૩૦.૦ | ૬૦.૮ | ૬૧.૯ | ૩૭.૯ | ૨.૩ | ૪૪.૮ | ૬૩.૮ | ૧૧૮૧ | ૧૦૭૯ |
| ૧૦. | પોપટપુરા (જુંડા) | ૧૮૭૬ | ૯૪૯ | ૯૨૭ | ૯૭૭ | ૪૪.૮ | ૧૧.૮ | ૫૫.૨ | ૫૨.૫ | ૪૮.૭ | ૨.૧ | ૩૨.૩ | ૫૫.૨ | ૫૨૪ | ૪૮૭ |
| ૧૧. | કોદાળીયા | ૮૩૪ | ૪૩૪ | ૪૦૦ | ૯૨૨ | ૬૨.૭ | ૨૩.૫ | ૫૬.૨ | ૮.૮ | ૩૪.૮ | ૧૧.૪ | ૫૯.૪ | ૪૮.૬ | ૨૪૫ | ૩૫ |
| ૧૨. | માણકોલ | ૪૮૨૦ | ૨૫૨૭ | ૨૨૯૩ | ૯૦૭ | ૭૦.૬ | ૨૫.૩ | ૫૧.૩ | ૨૭.૨ | ૪૯.૫ | ૭.૫ | ૩૮.૯ | ૮૨.૭ | ૧૨૯૬ | ૬૨૪ |
| ૧૩. | નાનીદેવતી | ૧૯૮૭ | ૧૦૫૮ | ૯૨૯ | ૮૭૮ | ૮૩.૭ | ૫૩.૦ | ૫૭.૮ | ૪૮.૩ | ૩૮.૬ | ૨.૭ | ૩૫.૭ | ૨૯.૨ | ૬૧૧ | ૪૪૯ |

સંદર્ભ : વસતિ ગણતરી ૨૦૦૧

**પીંપણ :**

પીંપણએ સાણંદથી બાવળા જવાના રસ્તા પર સાણંદ થી ૮ કિલોમીટર દુર આવેલુ છે. ગામ મુખ્ય રસ્તાથી દોઢ કિલોમીટર અંદર છે. મુખ્ય રસ્તાથી અંદર જતા સૌ પ્રથમ કોળી પટેલની વસ્તી ધરાવતો વિસ્તાર છે. આ વિસ્તારમાં ત્રણ થી ચાર નાની દુકાનો આવેલી છે જેમાં ઠંડાપીણાં મળે છે. શ્રી રામાપીર અને એક માતાજીનું મંદિર છે. ગામ ઘણું મોટું છે. ગામમાં અંદર જતા બે રસ્તા ફંટાય છે, એકબીજુ ક્ષત્રિયજ્ઞાતિના લોકો વસવાટ કરે છે અને બીજી બાજુ કણબી પટેલ જ્ઞાતિની વસ્તી છે. ગામના પાછળના ભાગમાં હરિજન જ્ઞાતિના લોકો વસવાટ કરે છે. કોળીપટેલ અને હરિજનોની પરિસ્થિતિ આર્થિક રીતે નબળી જોવા મળે છે. બધા લોકોના મકાનો મોટાભાગે કાચાં જોવા મળે છે. આ લોકો ખેતમજુરી, કોઈકના ખેતરે સાથી તરીકે અથવા છૂટક ફેકટરીએ મજુરી કરે છે.

ગામમાં પટેલ અને ક્ષત્રિય જ્ઞાતિનાં લોકો આર્થિક રીતે સધ્ધરતા ધરાવતાં હોવાને કારણે તેમનું વર્ચસ્વ વધુ જોવા મળે છે. ગામમાં બે મુસ્લિમ જ્ઞાતિના ઘરો પણ આવેલા છે.

ભૌતિક સંસાધનો પણ અહી વધુ જોવા મળે છે. ગામમાં જવા માટે ખાનગી વાહનો પણ મળી રહે છે. ગામમાં દરેક જગ્યાએ સિમેન્ટ ક્રોંકીટ કે મેટલવાળો રસ્તો જોવા મળે છે. ક્ષત્રિય જ્ઞાતિનાં ઘરો બહાર, ડેલીઓવાળા જોવા મળે છે.

ગામની અંદર જતા ગ્રામપંચાયત  આવે છે, એની બાજુમાં જ મંદિર આવેલ છે. ગામમાં સ્વાધ્યાય પ્રવૃત્તિ ચાલે છે. સ્વાધ્યાય પ્રવૃત્તિમાં પટેલ, દરબાર, કોળીપટેલ સાથે જોડાય છે. ગામમાં ભજનમંડળ, યુવકમંડળ છે. ૧ થી ૭ ધોરણ સુધીની પ્રાથમિક શાળા આવેલી છે. સાત ધોરણ પછીનું શિક્ષણ લેવા માટે બાળકો સાણંદ જાય છે અને કોલેજનું શિક્ષણ લેવા માટે અમદાવાદ-વાસણા વિસ્તારમાં આવેલી કોલેજમાં જાય છે.

કોળીપટેલ જ્ઞાતિમાં છોકરીઓ કોલેજમાં જતી હોય એવુ જોવા મળતુ નથી. ગામમાં બે બ્યુટીપાર્લર પણ છે.

**સોયલા :**

સોયલાએ સાણંદ તાલુકા મથકથી ઘણુ નજીક આવેલુ છે. સાણંદ-બાવળા જતાં પહેલુ ગામ આવે એ સોયલા છે. આ ગામ રસ્તાથી લગભગ એકથી દોઢ કિ.મી. અંદર વસેલુ છે. ગામમાં જતા છૂટાછવાયા ખેતરોમાં ઘર કરીને રહેતા કુટુંબો જોવા મળે છે. આ ગામની મુખ્ય વસ્તી કોળીપટેલની છે. ગામમાં ત્રણ થી ચાર કરિયાણાની તેમજ કટલરીની દુકાન છે. ગામમાં એક કુંભારનું ઘર અને એક સાધુનું (બ્રાહ્મણ)

ઘર છે. ગામમાં દાખલ થતાંની સાથે જ આંગણવાડી, પંચાયત ઓફિસ તેમજ પ્રા.શાળા આવેલી છે. અહીં પણ મહિલા પશુપાલન, ખેતમજુરી, પશુપાલન વગેરે વ્યવસાય સાથે જોડાયેલ છે. જયારે યુવાનો અને પુરુષવર્ગ ખેતી, ખેતમજુરી, ફેકટરીમાં મજુરી સાથે જોડાયેલ છે.

ગામમાં એક મંદિર આવેલું છે. પશુપાલન અને ખેતીકામ સાથે જોડાયેલા હોવાથી નાગદેવતાની દેરી ગામમાં ત્રણ જગ્યાએ આવેલી છે.

ગામમાં દારૂ પીવાનો તેમજ દારૂને ગાળવાનું કામ ચાલે છે. ઘણીવખત ગામવાળા તરફથી તેને બંધ કરવા માટે પોલીસ ફરિયાદ થઈ હોવા છતાં આ વ્યવસાય સાથે જોડાયેલ કુટુંબો તેને બંધ કરતા નથી.

ખાનગી તેમજ સરકારી યાતાયાતની સગવડ ગામ સુધી પહોંચવા માટે મળી રહે છે.

**અમથાપુરા :**

અમથાપુરા એ મોડાસર જૂથ પંચાયતમાં આવેલું નાનુ ગામ છે. ગામમાં મોટાભાગનાં કોળીપટેલ જ્ઞાતિનાં ઘર આવેલા છે. જયારે જૂજ ઘર હરીજનોના છે. મુખ્યત્વે ખેતી-ખેતમજૂરી પર નભતા લોકોનાં આ ગામમાં વ્યસનનું પ્રમાણ પણ ઉંચુ જોવા મળે છે. નજીકનું મોડાસર છે અને ગ્રામપંચાયત ધરાવે છે. ગ્રામપંચાયતમાં દરબાર જૂથના વર્ચસ્વને લીધે ગ્રામપંચાયતના બધાજ નિર્ણયોમાં, કાર્યોમાં તેમનું ઘણું મહત્વ રહે છે. ગ્રામસભા કે ગ્રામપંચાયત અન્ય કોઈ જ્ઞાતિથી પ્રભાવિત નથી, એટલે કે અમથાપુરામાં કોળીઓ વસતિની દ્રષ્ટિએ બીજા નંબરની મોટી જ્ઞાતિ હોવા છતાં, દબાયેલા અને અવાજવિહિન જણાય છે.

આર્થિક પ્રવૃત્તિઓમાં જોઈએ તો મુખ્યત્વે ખેતી-ખેતમજૂરીમાંથી આર્થિક ઉપાર્જન કરવામાં આવે છે. જયારે સ્ત્રીઓ પશુપાલનના કામમાં જોડાયેલી જોવા મળે છે.

**સિયાવાડા :**

સિયાવાડા ગામ એ સાણંદ મુખ્ય મથકથી ૧૪ કિ.મી. દુર આવેલું છે. આ ગામમાં કોળીપટેલ અને હરિજન જ્ઞાતિની વસતી વધુ જોવા મળે છે. ગામમાં અંદર જતાં પહેલાં મોટુ તળાવ છે. અને ત્યાં જ મોટી ખુલ્લી જગ્યા છે. ત્રણ-ચાર ગલ્લા(પાન-ગલ્લા, જીવનજરૂરી ચીજવસ્તુનાં) છે. ગ્રામપંચાયત કચેરી ત્યાં જ આવેલી છે. સાણંદથી સિયાવાડા જવા માટે સરકારી વાહનવ્યવહારની સુવિધા મળી રહે છે. ઉપરાંત ખાનગી વાહનો પણ મળી રહે છે.

અહીં મોટાભાગના કુટુંબો મજુરી કરતાં જોવા મળ્યા છે. યુવાનો નજીકના સાણંદ - વિરમગામ હાઈવે પર આવેલ કેમીકલ્સ, સિરામિકની ફેકટરીમાં કામ કરે છે. આ ગામમાં ઘણા કોળીપટેલ કુટુંબોએ પોતાની જમીન વેચી દીધી છે. ભૌતિક સંસાધનો તરફની દોડ ઘણા મોટા પ્રમાણમાં છે. યુવાવર્ગ વ્યસનો તરફ વળ્યો છે.

## જુડા-પોપટપુરા :

સાણંદથી ૧૫ કિલોમીટર દુર આવેલું જુડા ગામ જે ગામમાં જવા માટે આજે પણ સરળતાથી પહોંચવું મુશ્કેલ છે. તે ગામમાં ચોમાસામાં એસ.ટી. બસ જતી નથી અને સામાન્ય સંજોગોમાં પણ આખા દિવસમાં એક કે બે વાર એસ.ટી. બસ આવે છે. ગામમાં જો કોઈ ચાર પૈડાની ગાડી(મોટર) આવે તો ગામનાં છોકરા પાછળ દોડે છે. ગામની મુખ્ય વસ્તી ઠાકોર અને ભરવાડની છે. જે સામાજિક અને શૈક્ષણિક રીતે તો પછાત છે, સાથે સાથે આર્થિક રીતે પણ નબળી છે. આમ તો અમદાવાદનો સુખી વર્ગ આસપાસની જમીનો પરનો કબજો જમાવવા સાથે સાથે ગામને આર્થિક રીતે પાયમાલ પણ કરી રહ્યો છે. ગામનો ખેડૂત જમીન વેચીને આવેલ નાણાં ટૂંક સમયમાં જ ખલાસ કરી પોતાની જમીન પર પોતે ખેતમાલિકમાંથી ખેતમજુર બની ગયો છે.

ગામમાં ઠાકોર કોમ છે તે આજે પણ ગામમાં જમીન ન હોવાને કારણે મજૂરી કરે છે. જયારે ભરવાડ કોમના લોકો પશુપાલન પર પોતાનો નિર્વાહ ચલાવે છે, પરંતુ તેમાં પણ શોષણ થાય છે. શહેરી વિસ્તારમાંથી આવતા વેપારીઓ ઉચ્ચક કિલોના ભાવે સસ્તામાં દૂધ લે છે અને શહેરી વિસ્તારમાં મીલાવટ કરેલું દૂધ ઉંચા ભાવે વેચે છે. એટલે કે જે ખરેખર માલિક છે, તેને મહેનતનાં નાણાં પૂરતાં મળતા નથી. આર્થિક રીતે ઠાકોર સમાજ પછાત છે. આખા દિવસની મજૂરીનો થાક રાત્રે દારૂ પીને ઉતારે છે. જેથી પોતે અને કુટુંબ બન્ને પાયમાલ થાય છે. પોપટપુરામાં એકલી કોળી જ્ઞાતિના કુટુંબો છે. આર્થિક રીતે ઘણા નબળાં છે. તેઓ ખેતમજૂરી કરે છે. શિક્ષણનું પ્રમાણ ઓછું છે.

ગામમાં સાત ધોરણની શાળા છે. છોકરાઓ નજીકના ગામમાં ભણવા જાય છે પરંતુ આ જમાનામાં પણ છોકરી તો સાત ધોરણથી આગળ ભણતી નથી. જેથી શૈક્ષણિક સ્તર સુધારવા સરકાર કે ખાનગી સંસ્થાઓ ગમે તેટલા પ્રયત્નો કરે છતાં પણ સ્ત્રી શિક્ષણનું પ્રમાણઉપર આવતું નથી. કન્યાઓ વિના સંકોચે અને નિર્ભય શિક્ષણ મેળવી શકે અથવા ઉચ્ચશિક્ષણ ગામમાં જ પ્રાપ્ત થાય તેવા પ્રયત્નો ઈચ્છનીય છે.

## પોપટપુરા :

આ ગામને જોડતું એકજ ગ્રામપંચાયત એટલે કે જૂના ગ્રામ પંચાયતમાં આવતું પોપટપુરા ગામ જેની મુખ્ય વસ્તી કોળી પટેલ અને એક કે બે ઘર અનુક્રમે બ્રાહ્મણ, વાળંદ અને હરિજનનાં છે.

ગામમાં કોઈ સરકારી સાધન આવવા-જવા માટે નથી. જુડા ગામે ઉતરવું પડે અને ચાલીને જવું પડે. રાત્રે કોઈ બીમાર પડે કે તાત્કાલિક સારવારની જરૂર પડે તો પણ બીજા ગામથી સાધન લાવવું પડે છે.

આવા ગામમાં વસતી બહેનોની હાલત કફોડી તો ત્યારે થાય જયારે બહેનો સર્ગભા હોય કે નાનું બાળક હોય કે શારીરિક માંદગીના સમયે પણ જલ્દી વાહન મળતું નથી.

આકાશી ખેતી એટલે કે ચોમાસામાં વરસાદ પડે તો ડાંગરનું વાવેતર થાય વધારે વરસાદ આવે ને ગામના તળાવ ભરાય તો કેટલાક લોકો ઘઉં વાવે પરંતુ જો વરસાદ ન આવે તો લોકો ઈશ્વરના ભરોસે બેસી રહે કે કયારે વરસાદ આવે ને કંઈ પાકે તો રોટલા મળે. સિંચાઈની વ્યવસ્થા નથી. નાણાં પહેલાથી જ શાહુકાર પાસેથી લાવે છે. ખેતરમાં ઉભો મોલ શાહુકારના દેવા ચુકવવામાં જાય છે. બજારમાં ઉચા ભાવ મળે તો પણ વેચવો પડે. આથી મજુરી કરવા છતાં પોતાની ખેતી હોવા છતાં, ખેડૂતને પાકની ખરી કિંમત મળતી નથી.

આમ આવા ગામમાં આપણે માલિક કે મજૂરનો ભેદ કેમ પાડવો, ને સમજવો તે ખુબજ મુશ્કેલ છે.

મહિલાઓના વિકાસની વાત કરીએ તો ઘર, કુટુંબ, પતિ, બાળકો, પશુ ને ખેતમજુરી. આજ એમની દિનચર્યા છે. આ માટે સ્ત્રી શિક્ષણ પર ભાર મુકવામાં આવે અને પુરુષપ્રધાન સમાજ આ વાતને ધ્યાને લે, તો જ સ્ત્રીનો વિકાસ શક્ય બનશે.

**વસોદરા :**

સાણંદથી વિરમગામ જતાં વડનગરથી ડાબી બાજુ ૧૦ કિલોમીટરના અંતરે વસેલું ગામ એટલે વસોદરા. આ ગામમાં મુખ્ય વસ્તી કોળી પટેલ અને હરિજન તેમજ અન્ય જ્ઞાતિઓના એકાદ બે જેટલા ઘરો આવેલા છે.

મુખ્ય વ્યવસાય ખેતી, પશુપાલન અને ખેતમજુરી છે, પરંતુ શહેરીકરણની અસર આ ગામનાં લોકોમાં જોવા મળે છે. ગામની સીમમાં ઔદ્યોગિક વસાહતને કારણે પણ લોકોમાં શહેરીકરણ જોવા મળે છે. ગામનાં લોકોમાં શિક્ષણનું પ્રમાણ સારું છે. ગામમાં અવાર-નવાર સાધનોની સગવડ અને એસ.ટી.બસની સમયસરની સુવિધાને કારણે સાણંદ, વિરમગામ અને અમદાવાદ સુધી પણ વિદ્યાર્થીઓ ઉચ્ચઅભ્યાસ માટે અવરજવર કરી શકે છે. ગામનાં હરિજન કુટુંબોમાં પણ શિક્ષણનું પ્રમાણ વધવા પામ્યું છે.

કોળી પટેલ જ્ઞાતિનાં લોકોમાં પણ શિક્ષણનું પ્રમાણ વધી રહ્યું છે. પરંતુ આજે પણ તેમના વિકાસની ગતિ ખુબજ ધીમી છે. લોકો પોતાના રીતરિવાજોમાંથી બહાર આવ્યા નથી. કોળીપટેલમાં છોકરીનો બાપ આજે પણ સુખી છે, જો બે ત્રણ છોકરાનો બાપ હોય તો તે જમીન જાયદાદને વેચીને

છોકરાના લગ્ન કરે એટલે પોતે દેવાદાર બને છે અને તેમાં પણ આવનાર વહુ ઘર કરીને રહે તો સારું પરંતુ એકજ છોકરો જો બે ત્રણ  વાર પરણે તો બાપને ખાવાના પણ ફાંફા પડે. ગામના સીમમાં ખુલ્લા આકાશમાં પાંચ ગામના આગેવાનની વચ્ચે રૂા.૧૨માં છૂટાછેડા થઈ જાય છે.

આમ આ રીત-રિવાજો મુજબ સ્ત્રીઓનું સ્થાન જરૂર ઊંચુ છે, તેમાં સ્ત્રી જન્મનો આનંદ પણ ભલે મનાવતા હોય  પરંતુ તેમનું સામાજિક સ્તર ખુબ જ નીચું છે, કેમકે બાળલગ્નને કારણે તેમની પર શારીરિક-માનસિક અત્યાચારોનું પ્રમાણ ઘણું વધુ છે. તેમજ આની અસર તેમના અભ્યાસ પર પણ પડે છે.

આમ વસોદરા ગામે વિકાસ કર્યો છે, શિક્ષણ લેતું થયું છે. પરંતુ હજુ સામાજિક પરંપરાઓને તોડી શક્યું નથી. ગ્રામ્ય અને શહેરીકરણની વચ્ચે અટવાતું અને વિકાસની વાતો અને વિકાસ માટે તલસતાં આ વસોદરા ગામમાં મહિલા હજુ પણ પોતાનો વિકાસ ઝંખી રહી છે.

## નાની દેવતી :

સાણંદથી બાવળા જવાના માર્ગ પર ૧૧ કિલોમીટરના અંતરે આવેલ નાનીદેવતી ગામે વિકાસની પ્રક્રિયા ઘણી સારી જોવા મળેલ છે. સાધનોની સગવડ અને બાવળા તથા સાણંદ રોડની વચ્ચે આવતુ હોવાથી બન્ને તાલુકાનો લાભ આ ગામને મળે છે. બાવળા તાલુકામાં અમદાવાદ-બાવળાનો ઔદ્યોગિક વિકાસ અને સાણંદ- અમદાવાદનો ઔદ્યોગિક અને શૈક્ષણિક જે વિકાસ થયો તેનો લાભ આ ગામને સારો મળેલ છે.

આ ગામની મુખ્ય વસ્તી કોળીપટેલ, ઠાકોર ને હરિજનની છે. હરિજન જ્ઞાતિમાં પણ શિક્ષણનું સ્તર ઊંચુ છે. બહેનો આજે ગામની બહાર કામ કરવા જાય છે, જયારે ઠાકોરને કોળી પટેલમાં મહિલાઓમાં શિક્ષણનું પ્રમાણ મધ્યમ છે એટલે કે માધ્યમિક સ્તર શિક્ષણ કેટલીક છોકરીઓ લે છે. આથી ઘર અને બાળઉછેરમાં પણ તેનો લાભ થતો જોવા મળે છે. બાળકોના ભરણપોષણનું સ્તર ઉંચુ આવેલ જોવા મળે છે.

ઔદ્યોગિક વિકાસની હરણફાળ અને શહેરીકરણની અસરને કારણે ગામમાં કેટલાક અસામાજિક તત્વોનો પણ પ્રભાવ જોવા મળે છે. ગામમાં દારૂ જુગાર જેવી પ્રવૃત્તિઓ પણ ધમધમે છે.

વિકાસ અને વિકાર એક સિક્કાની બે બાજુ જેવું છે. ગામમાં શૈક્ષણિક અને આર્થિક સ્તર ઉપર સુધારો થયો છે. પરંતુ સામાજિક સ્તર ઉપર આવતા હજુ ઘણો સમય લાગશે, તેમ જણાય છે.

ગામની પાસે બનેલ ઔદ્યોગિક તાલીમ સેન્ટરે પણ બહેનોના વિકાસમાં મહત્વનો ફાળો આપ્યો છે. ગામમાં હરિજન જ્ઞાતિના લોકોએ બનાવેલ સંસ્થા દ્વારા વણકર જ્ઞાતિના લોકો વડે વણાટ જેવી

આર્થિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. તેના વેચાણ માટે સરકાર દ્વારા આયોજિત લોકમેળા અને ગ્રામહાટમાં પણ સ્ટોલ રાખવામાં આવે છે. આમ ગામમાં ચાલતી આવી પ્રવૃત્તિઓ ગામ લોકો અને આસપાસના ગામનાં લોકો માટે પ્રેરણાદાયી છે.

**ચરલ :**

ચરલ ગામ એટલે અત્યારે બહુચર્ચિત તાતા મોટર્સની નેનોકારનું ઘર. જે સાણંદથી ૧૫ કિલોમીટરના અંતરે સાણંદ વિરમગામ હાઈવે પર ખોડા છારોડીથી અંદર ડાબી બાજુ આવેલ છે.

ગામની કોળીપટેલ, ઠાકોર, હરિજનની વસ્તી અન્ય ગામો કરતાં વિશેષ નથી. પરંતુ એકપણ ઘર દારૂથી મુક્ત નથી. ઘર ઘરની મહિલાઓની મુખ્ય સમસ્યા પુરુષોની દારૂની લત છે. ઔદ્યોગિક વિકાસને કારણે આસપાસની મોટાભાગની જમીન વેચાઈ ગઈ, નાણાં ખતમ થયા. આ જમીન પર ફેકટરીઓ આવી સાથે સાથે, બીજા રાજયોનાં લોકો આવ્યાને તે કારણે ઘણી સમસ્યાઓ પણ આવી. જેને કારણે વેશ્યાવૃત્તિને પણ પ્રોત્સાહન મળ્યું. મહિલાઓ માટે દિવસે કે રાત્રે એકલ દોકલ જવું મુશ્કેલ બન્યું છે.

મહિલાઓના વિકાસમાં આને આપણે અવરોધ તો જરૂર ગણી શકીએ. મહિલાઓનું શૈક્ષણિક કે આર્થિક સ્તર ઉચું નથી આવ્યું, પરંતુ સામાજિક શોષણનું પ્રમાણ વધ્યું છે.

**કુંવાર :**

કુંવાર ગામ સાણંદથી ૨૨ કિલોમીટરના અંતરે નળસરોવર રોડ પર આવેલ છે. કુંવાર ગામની મુખ્ય વસ્તી કોળીપટેલની છે. નળસરોવરના અંતરિયાળ વિસ્તારમાં આવેલ કુંવાર ગામ હજુ પણ પછાત રહેલુ છે. કુંવાર ગામમાં શૈક્ષણિક સ્તર પણ નીચું છે. આકાશી ખેતી પર આધારિત જીવનનિર્વાહ માટેની હાડમારીમાં જીવતી આ ગામના લોકોની જીંદગી પણ સંઘર્ષમય છે. આર્થિક રીતે, સામાજિક રીતે અંતરિયાળ વિસ્તારને કારણે લોકો પણ પછાત રહી જવા પામ્યા છે. રોજગારી માટે આસપાસના ગામોમાં કે તાલુકાએ મકાન બાંધકામની મજૂરી માટે જાય છે. પુરુષોની સાથે મહિલાઓ પણ મંજુરી માટે ગામ છોડી બહાર જાય છે.

ગામમાં મહિલાઓનો વિકાસ ખાસ નથી. કોળીપટેલની પરંપરાગત રહેણીકરણી, રીતરિવાજો, લગ્ન, મરણ, શ્રીમંતના પ્રસંગો, ધાર્મિક પ્રસંગોનું લઢણ અહિયા જોવાય છે.

કોળીપટેલના કહેવા મુજબ બાળલગ્ન કરી છોકરાની વહુ દસ કે બાર વર્ષની છોકરીને સાસરે લઈ આવે છે અને કહે છે કે ''કંઈ નહીં કરે તો ઘર આંગણેથી કુતરાતો હાંકશે ને''. સ્ત્રીઓ માટે કેવી કરૂણતા?

આમ નળસરોવરના અંતરીયાળપછાત વિસ્તારમાં આવેલ કુંવાર ગામનો વિકાસ નહીંવત છે. વિકાસની તાતી જરૂરિયાત છે. સરકાર તથા સ્વૈચ્છિક સંસ્થાઓ પણ તાલુકાથી નજીકના ગામોમાં જેટલો વિકાસ કરે છે. તેટલો વિકાસ આવા આંતરિયાળ ગામોમાં કરતા નથી અથવા કરી શક્યા નથી.

**માણકોલ :**

સાણંદથી ૨૦ કિલોમીટરના અંતરે આવેલ માણકોલ ગામ વસ્તીની દૃષ્ટિએ ઘણું મોટું છે. ગામમાં દરેક પ્રકારની જ્ઞાતિ છે, પરંતુ વધારે વસ્તી કોળીપટેલની હોવાથી ગામ પર આ વસ્તીનું પ્રભુત્વ જોવા મળે છે તથા આ વસ્તીને આધારિત પ્રસંગોને રિવાજોમાં પણ લોકો અનુસરે છે.

આધુનિકરણની અસર ગામમાં જોવા મળે છે. ગામમાં એસ.ટી. અને ખાનગી વાહનોને કારણે તાલુકાથી ખુબજ સરળ અવરજવરને કારણે વિકાસ ઝડપી બન્યો છે. આસપાસના પાંચ સાત ગામનું હટાણુ તથા ખરીદી માટે પણ લોકો માણકોલ ગામમાં આવતા-જતાં હોય છે. ગામમાં દુકાનો, ઘંટી, ડેરી જેવી ખરીદી-વેચાણ માટેની સગવડો પણ છે.

આમ આ ગામમાં વિકાસ અને આધુનિકતાની અસર તેમજ અનુકરણ પણ જોવા મળે છે.

મોટાભાગના લોકો ખેતી અને ખેતમજુરી પર તથા પશુપાલનના ધંધામાં જોતરાયેલ છે. આરોગ્યને પોષણની દૃષ્ટિએ આજે પણ મહિલાને બાળકોમાં ઉણપ જોવામળે છે. મહિલાઓ પુરુષ પ્રધાન સમાજના રિવાજોને કારણે અત્યાચારોનો ભોગ બને છે. ન્યાયની પ્રક્રિયામાં અવરોધ ના રાખીને આગળ પડતા લોકોની તરફદારી કરતા જોવા મળે છે. સમાજને નામે મહિલાઓને કચડવાના બનાવો બન્યા કરે છે. રિવાજોને, કુરિવાજોને નિભાવવામાં જીંદગીની સીડીએ શહીદી વહોરતી સ્ત્રીઓ આર્થિક-સામાજિક આરોગ્યમાં નબળી પડતી જાય છે. વિકાસના કામોની વાતો કરતાં લોકોની વાતો, વાતો જ રહેલ છે અને મહિલાઓનું શોષણ થતું રહે છે.

**ડરણ :**

સાણંદથી ૧૭ કિલોમીટર દૂર આવેલ ડરણ ગામની મુખ્ય વસ્તીએ કોળી પટેલની છે, તેની સાથે બીજી જ્ઞાતિના લોકો પણ છે.

કોળી પટેલ કોમની બહેનોની સ્થિતિ આજે પણ દયનીય છે. ભલે તેમની જ્ઞાતિમાં વરવિક્રય જોવા મળતો હોય તો પણ બાળલગ્ન અને નાની ઉંમરમાં બાળકોનો જન્મ અને આઠથી દસ બાળકોની

સંખ્યાને કારણે આજે પણ મહિલાઓના આરોગ્ય માટે જોખમી છે. જેટલા બાળકો જન્મે તેટલા જીવે તેનો ભરોસો તેમને નથી. વળી જેટલા બાળકો વધારે તેટલું ખેતીકામ વધારે કરે તેવા ખ્યાલને કારણે કુટુંબનિયોજનને ઝડપથી અપનાવતા નથી.

વળી આ ગામના લોકો નવીન ટેકનોલોજીને અપનાવતા નથી પરંતુ પાનબીડી કે ગુટખાને દારૂ જુગાર જેવા વ્યસનોથી ગામ ખદબદે છે. જેના કારણે આર્થિક પાયમાલી અને વ્યસનોને કારણે પણ આયુષ્ય ઓછુ થાય છે. આમ લોકોના વિકાસ કરતાં વ્યસનનો પ્રસાર ઝડપી છે.

ડરણ ગામ બાવળાની નજીક હોવાથી ઔદ્યોગિક વિસ્તારને કારણે લોકો જયારે ખેતીમાં કોઈ ઉપજ ન હોય તો ફેકટરીમાં ૧૨ કલાકનું કામ કરી પોતાનું ગુજરાન ચલાવતા હોય છે. આમ પુરુષોની સાથે મહિલાઓ પણ જતી હોય છે, જયાં બહેનોનું ફેકટરીના માલિક અને કોન્ટ્રાકટરો દ્વારા શોષણ પણ કરવામાં આવતું હોય છે.

**કોદાળીયા :**

અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાથી ૧૪ કિલોમીટરના અંતરે આવેલ કોદાળીયા ગામ કોળીપટેલની મુખ્ય વસ્તી ધરાવતું  ગામ છે. તાલુકાના અન્ય ગામો જેવું ગામ છે, પરંતુ અંતરીયાળ અને કોળીપટેલ જ્ઞાતિના લોકોને કારણે આજે પણ વિકાસથી વંચિત. આ ગામમાં અનેક દુષણ પાળવામાં આવેલ છે. દારૂ, જુગાર, વેશ્યાવૃત્તિ, પાન-બીડી, ગુટખા જેવા વ્યસનોને કારણે મોટાની સાથે નાના બાળકો પર પણ આ દૂષણની અસરો જોવા મળી રહી છે. આજુબાજુમાં ઔદ્યોગિક વિકાસને કારણે યુવાનો ફેકટરીઓમાં મજૂરી કરીને પોતાનું ને કુટુંબનું જીવનનિર્વાહ કરે છે. અહીં પણ રિવાજોને પરંપરાના નામે પોષવામાં આવે છે.

અભ્યાસક્ષેત્રના પરિચયથી ઉત્તરદાતાઓ જે ભૌગોલિક પરિપેક્ષમાં જીવન વ્યાપન કરે છે તે સ્પષ્ટ થાય છે. સમગ્ર અભ્યાસને જુદા જુદા પ્રકરણો જે રીતે વિભાજિત કરવામાં આવ્યા છે, તે વિગતો અત્રે અભ્યાસના પ્રકરણીકરણમાં દર્શાવેલ છે.

**પ્રકરણીકરણ :**

## પ્રકરણ-૧ સંશોધન અભ્યાસની કાર્યપધ્ધતિ

આ પ્રકરણની અંદર વિષય પ્રવેશ માટે, ભારતમાં સ્ત્રીઓના વિકાસના પ્રયત્નો, તેઓની પરિસ્થિતિ દર્શાવી છે. સ્ત્રીઓના વિકાસના ઈતિહાસને દૃષ્ટિભૂત કરી, સ્ત્રીઓની સમસ્યાઓને વાચા આપવાનો અહીં પ્રયત્ન છે. ઉપરાંત અભ્યાસમાં પ્રયોજવામાં આવેલ સંશોધનની પધ્ધતિ અને પ્રવિધિઓ વિશે આ પ્રકરણમાં દર્શાવાયું છે. સંશોધનના હેતુઓ-ઉપકલ્પનાઓ અને અભ્યાસનું મહત્ત્વ પણ આ પ્રકરણમાં બતાવવામાં આવ્યું છે.

## પ્રકરણ-૨ સ્ત્રી અભ્યાસોનું વિહંગાવલોકન અને અભ્યાસની સૈધ્ધાંતિક ભૂમિકા

અભ્યાસની વિષયવસ્તુની સ્પષ્ટતા માટે, આ વિષય સંલગ્ન, ભારતીય સામાજિક ઢાંચામાં જ્ઞાતિ અન્ય પરિમાણો જોડે વિકાસમાં બાધક કે પોષક બને છે; અને સ્ત્રીઓની સમસ્યાઓ, વિકાસના બાધક પ્રશ્નો, સમાજમાં સ્ત્રીઓનું સ્થાન, દરજ્જો, ભૂમિકા, સ્ત્રીનો સ્વ વિકાસનો ખ્યાલ, લિંગભેદનો ખ્યાલ વગેરે ખ્યાલોને સમજવા ભારત અને વૈશ્વિકસ્તરના અભ્યાસોની સમીક્ષા કરી, સૈધ્ધાંતિક ભૂમિકા આ પ્રકરણમાં રચવામાં આવી છે.

## પ્રકરણ-૩ કોળી જ્ઞાતિ અને વિસ્તાર પરિચય

સંશોધનમાં આવરવામાં આવેલ કોળી જ્ઞાતિના સામાજિક બંધારણને અને તેની ઐતિહાસિક હકીકતોને સમજવા માટે; આ પ્રકરણમાં કોળી જ્ઞાતિનો ઈતિહાસ, રીતરિવાજો, ઉત્સવો, ઉજવણીઓ, જ્ઞાતિપંચ વગેરે બાબતોને આવરી લઈ સંશોધનમાં આવરવામાં આવેલ જ્ઞાતિને ગુણાત્મક રીતે સમજવા પ્રયત્ન કરવામાં આવે છે, એકઠી કરવામાં આવેલ માહિતીને વિશ્લેષિત કરવામાં અને તેના ગુઢાર્થોને સમજવામાં ઉપયોગી બનશે. ઉપરાંત આ પ્રકરણમાં ઉત્તરદાતાઓના પ્રદેશનો પરિચય આપેલ છે. જે બધી જ પરિસ્થિતિને સમજવામાં વધુ ઉપયોગી બનશે.

## પ્રકરણ-૪ ઉત્તરદાતાની વૈયક્તિક અને કૌટુંબિક વિગતો

આ પ્રકરણમાં એકઠી કરવામાં માહિતીને, કોળીપટેલ મહિલાઓની પાશ્ચાદ્ ભૂમિકાને સમજવા માટે વિશ્લેષિત કરાઈ છે. જેમાં ઉત્તરદાતાની ઉંમર, શિક્ષણ, વૈવાહિક દરજ્જો, કુટુંબના સભ્યો-વિષયક માહિતી, ઉત્તરદાતાના પ્રાથમિક, ગૌણ વ્યવસાય વગેરે બાબતોને આવરી લઈ

ઉત્તરદાતાઓની પાશ્ચાદ્‌ભૂમિ દર્શાવેલ છે. જેના સંદર્ભમાં મનુષ્ય વર્તનના અભ્યાસ માટેના પ્રયત્નોને સફળતા મળવાની શક્યતા ઘણી વધી જતી હોય છે.

## પ્રકરણ-૫ કોળીપટેલ મહિલાઓની સામાજિક અને આર્થિક જાગૃતિ / સભાનતા

ક્ષેત્રમાંથી એકઠી કરવામાં આવેલી તેના આધારે કોળીપટેલ મહિલાઓની પોતાની ભૂમિકા - વર્ચસ્વ - આર્થિક ભાગીદારી - કાર્ય પ્રત્યેનો અભિગમ - સામાજિક/ધાર્મિક ઉજવણીમાં ભાગીદારી - ઘરનાં નિર્ણયાત્મક કાર્યોમાં ભાગીદારી; જેવી બાબતોને આવરી લઈ, કોળીપટેલ મહિલાઓમાં સામાજિક અને આર્થિક બાબતોને લઈને પ્રવર્તતી જાગૃતિ/સભાનતા સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

## પ્રકરણ-૬ કોળીપટેલ મહિલાઓની કાયદાકીય અને રાજકીય જાગૃતિ/સભાનતા

એકત્રિત માહિતીમાંથી નિષ્પન્ન થતા - કોળીપટેલ બહેનોના પોતાના હક્ક માટેના, સ્ત્રી ધન - દહેજ - છુટાછેડા - ભરણપોષણ - જેવા કાયદાઓ છે. તેના વિષયક જાગૃતિ/સભાનતા કેવી જણાય છે તે દર્શાવી, આ મહિલાઓને પોતાને મળેલ નાગરિક તરીકેનાં હક્કો અને ફરજો (પંચાયતના સંદર્ભમાં) પ્રત્યે તેઓની સભાનતા/જાગૃતિને દર્શાવી છે. જેમાં મહિલાઓમાં મતદાન-સરપંચ/ગ્રામપંચાયતની ફરજ-ગ્રામસભા જેવા ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યાં છે.

## પ્રકરણ-૭ તારણ - નિષ્કર્ષો અને ક્રિયાત્મક આયોજન

પ્રાથમિક અને ગૌણ સ્ત્રોતો દ્વારા એકત્રિત માહિતીના આધાર પર આ પ્રકરણમાં સંશોધનમાંથી નીપજતાં તારણો અને નિષ્કર્ષો દર્શાવ્યાં છે, ઉપરાંત સમાજકાર્યના એક વિદ્યાર્થી તરીકે, કોળીપટેલ મહિલાઓમાં સામાજિક, આર્થિક, કાયદાકીય, રાજકીય જાગૃતિના સંદર્ભમાં સંચેતના જગાવવા જરૂરી કાર્યક્રમ, પગલાંઓના વિશે, સંક્ષિપ્ત નોંધ મૂકવામાં આવેલ છે. જે સંશોધકના ક્ષેત્રકાર્ય અને કાર્યઅનુભવ પર આધારિત છે.

# પ્રકરણ-૪
# ઉત્તરદાતાની વૈયક્તિક અને કૌટુંબિક વિગતો

★ ઉંમર

★ વૈવાહિક દરજ્જો

★ શિક્ષણ

★ વ્યવસાય

★ વાર્ષિક આવક - ખર્ચ

★ સંગઠન સાથેનું જોડાણ

**પ્રસ્તાવના :**

સ્ત્રી માટે માત્ર તેની ભૌતિક પરિસ્થિતિ સુધારવાનો સવાલ મહત્ત્વનો નથી. પરંતુ તેનો દરજ્જો સુધરે તથા તે સામર્થ્યવાન બને એનો છે. દરજ્જોએ સમાજજીવનનાં વિભિન્ન ક્ષેત્રો જેવાં કે કુટુંબ, લગ્ન, મિલ્કત, શિક્ષણ, ધર્મ વગેરેમાં સ્ત્રીઓના હક્કો સૂચવે છે. જ્યારે સ્ત્રીની ફરજો તે તેની 'ભૂમિકા' દર્શાવે છે. આ રીતે સ્ત્રીનો દરજ્જો અને ભૂમિકા તેના સ્થાનનાં જ બે પાસાં છે. આમ સ્ત્રીની ભૂમિકા તેના દરજ્જાનું ગત્યાત્મક પાસુ છે.

સ્ત્રીના દરજ્જા અને ભૂમિકા ઉપર તે જે સમાજમાં રહે છે તે સમાજના રીત-રિવાજો મહત્ત્વની અસર નિપજાવે છે. પરંતુ સ્ત્રીઓનો દરજ્જો અને ભૂમિકા ચુસ્તપણે સ્થગિત ન રહેતા સમયના વહેણ સાથે બદલાતાં રહ્યાં છે.

સ્ત્રી જે સમાજનું પ્રતિનિધિત્વ કરે છે ત્યાં તેની તેની ભૂમિકા તેને પ્રાપ્ત થતાં દરજ્જાને આધારે તે સમાજ તેનું સ્થાન કેવા પ્રકારનું છે તે જાણી શકાય છે.

સ્ત્રીઓની ઓળખ વિવિધ ધર્મો, જ્ઞાતિ, આર્થિક વર્ગો, વિવિધ વ્યાવસાયિક જુથોમાં અલગ અલગ છે, અને છતાંય દરેજ જુથમાં સમુદાયમાં સ્ત્રીનો દરજ્જો નિમ્ન છે. વિજ્ઞાનવાદી સમાજરચનામાં ઓગષ્ટ કોમ્પ્ટે સ્ત્રીને મહત્ત્વનું અને ઉંચું સ્થાન આપ્યું છે. વાસ્તવમાં તેના આ વિચારો પર કલોથિલ્ડ ડી. વોક્સનો પ્રભાવ ખૂબ જ હતો.

ઓગષ્ટ કોમ્પ્ટે એ સ્ત્રીને માનવતાનું પ્રતીક માનીને કહ્યું છે કે સ્ત્રીની પ્રગતિમાં માનવતાની પ્રગતિ છૂપાયેલી છે. આ લક્ષ્યની પૂર્તિ માટે સ્ત્રીઓને સંપૂર્ણ શિક્ષિત કરવી જોઈએ. સ્ત્રીઓ પોતાની સહાનુભૂતિ, પ્રેમ અને સામાજિકતાથી મનુષ્યના વ્યવહારને પવિત્ર બનાવશે.

પશ્ચિમના સમાજમાં સ્ત્રી સમાનતા અને સ્ત્રીઓના હક્કો માટેની ચળવળે ખાસ કરીને પ્રથમ તેનું પરિણામ એ પણ અમેરિકામાં અને ત્યાર પછી યુરોપના કેટલાક દેશોમાં વીસમી સદીના ઉત્તરાર્ધમાં જોર પકડ્યું અને આધુનિક સમયમાં સ્ત્રીઓની ભૂમિકા અને દરજ્જામાં આવેલ પરિવર્તનને આધારે જોઈ શકીએ . તેમણે જરૂરિયાતમંદ કુટુંબમાં સ્ત્રીઓએ બેવડી ભૂમિકા ભજવવી પડે છે, છતાં તેની આવક પૂરક ગણાય છે. તેનાથી તેનો દરજ્જો ઉંચો અને પુરુષનો દરજ્જો નીચો છે એવું નથી છતાં, થોડું પરિવર્તન તો ચોક્કસ આવ્યું છે. પરંતુ આ પરિવર્તન ખૂબ મંદગતિ એ છે, પરિવર્તન એ નવીનીકરણની પ્રક્રિયા છે, જે સામાજિક માળખાને દઢ કરે છે. સ્ત્રી કુટુંબજીવનની મહત્ત્વની ધરી છે, કુટુંબનો વિસ્તાર અને વ્યાપકતા વધારવામાં તેનું સ્થાન મહામૂલુ છે. કુટુંબજીવનમાં બન્ને મહત્ત્વનાં અંગ છે. સ્ત્રી અને પુરુષ એ બંને ભિન્ન ભિન્ન

મનુષ્ય પ્રાણીઓ છે. હિંદુ ધર્મના પ્રકાંડ વિદ્વાન ડૉ.રાધાકૃષ્ણે એકવાર ચીનની માદામ સુનયાત સેનને આવકાર આપતાં હિંદુ દામ્પત્ય જીવનને સમજાવ્યું હતું. ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ માટેની સાધના માટે સ્ત્રી અને પુરુષ ભાગીદાર ગણાય છે. કોઈપણ સમાજને સમજવા જે તે સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ કેવી છે જાણવું અત્યંત જરૂરી છે. ભારતીય રૂઢિગત પિતૃસત્તાક સમાજ વ્યવસ્થામાં સમાજે-સમાજે અને પ્રદેશે-પ્રદેશે સ્ત્રીઓના સ્થાનમાં વિવિધતા જોવા મળે છે. વર્તમાન સમયમાં સ્ત્રી સમાનતા, સ્ત્રી જાગૃતિ, સ્ત્રી હક્કો વગેરે સમજ વધતી જાય છે. ગુજરાતમાં સ્ત્રીસ્વાતંત્ર્ય સમજ અન્ય ભારતીય સમાજોની તુલનામાં વધારે છે.

પ્રસ્તુત પ્રકરણમાં આપણે તળપદા કોળી પટેલ સ્ત્રીઓની પાશ્ચાદ ભૂમિકાને સમજવાનો પ્રયાસ કરીશું. આ સ્ત્રીઓ ઘરકામ તેમજ આર્થિક ઉપાર્જન માટેનો બેવડો બોજો વહન કરતી હોય છે. આર્થિક ઉપાર્જન માટે પોતાનાં ગામમાં કે બહારગામ પણ જાય છે.

તળપદા કોળી પટેલ જ્ઞાતિની  આર્થિક, સામાજિક અને ધાર્મિક જીવનની ઘણી વિશેષતાઓ જોવા મળે છે. કોળી પટેલ જ્ઞાતિ મોટેભાગે ખેતીકામના વ્યવસાય સાથે સંકળાયેલી છે. આ સાથે તેઓ પશુપાલનનો વ્યવસાય પણ કરતાં હોય છે. ખેતીના કામમાં સ્ત્રીઓ પણ પુરુષો જેટલી જ રોકાયેલી જોવા મળે છે. ખેતરમાં નિંદામણ, કાપણી, લણણી, ઢોર માટે ઘાસચારો લાવવો, રોપણી વગેરે કામમાં તે વ્યસ્ત જોવા મળે છે. પુરુષ જેટલુ જ મહેનતનું કામ કરતી જોવા મળે છે. આ જ્ઞાતિની સ્ત્રીઓ-પુરુષો જેટલી જ મહેનતુ છે. ખેતરમાં કામ કરવાની સાથે સ્ત્રીઓ ઘરકામ, બાળકોને ઉછેરવાનું કામ પણ તે જ કરે છે. પ્રસ્તુત પ્રકરણમાં ઉત્તરદાતાની પાશ્ચાદ્‌ભૂમિકા તપાસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ઉત્તરદાતાની પાશ્ચાદ્‌ભૂમિકા જાણ્યા વિના અન્ય માહિતીની યથાર્થતા રહેતી નથી.

**કુટુંબજીવનમાં સ્ત્રીનું સ્થાન :**

પરંપરાગત સમાજમાં વ્યક્તિ ગૌણ પરંતુ કુટુંબને મહત્ત્વનું એકમ ગણવામાં આવે છે. અનેકવિધ કાર્યો કરતી વ્યવસ્થા હોય તે કુટુંબના સભ્યો માટે પરસ્પર સંબંધોને ટકાવી રાખવા તે માટે પ્રત્યેક સભ્યોએ ભજવવાની ભૂમિકા સ્થાન અને દરજ્જા અંગે અટપટી, સૂક્ષ્મ ફરજો અને અપેક્ષાઓની રીતરસમો વિકસાવે છે.

સમાજ, કુટુંબમાં જુદી જુદી વ્યક્તિઓ વચ્ચે આંતરક્રિયાનું વહેણ સતત વહેતું હોય છે. પરંતુ જયારે આંતરક્રિયામાં ભૂમિકાના ખ્યાલને દાખલ કરવામાં આવે ત્યારે આપણને પરિવર્તનની પ્રક્રિયામાં શાશ્વતતા અને પરિવર્તન વચ્ચેનો ભેદ માપવાનું સાધન મળે છે.

આમ કુટુંબમાં રહેતી સ્ત્રીએ નાનપણમાં પુત્રી તરીકે, લગ્નબાદ પરણેત્તર અને ત્યારબાદ માતાની ભૂમિકા ભજવે છે. આ ત્રણેય ભૂમિકાને લક્ષ્યમાં રાખી તેના સ્થાનની હવે આપણે ચર્ચા કરીશું.

**૧. પુત્રી તરીકે સ્ત્રીનું સ્થાન :**

પ્રાચીન સમયકાળમાં ભારત વર્ષમાં પુત્રજન્મને જેટલો આવકાર મળતો હતો તેટલો જ આવકાર પુત્રી જન્મને મળતો ન હતો. વૈદિકકાળમાં ડોકિયુ કરીએ તો પુત્રજન્મ ઝંખનાને મુખ્ય ગણાવામાં આવી હતી. કન્યાના જન્મને આર્શીવાદ સમાન નહી પરંતુ શ્રાપ ગણવામાં આવતો હતો. પુત્રીને જન્મથી જ ''સાપનો ભારો'' જેવી ગણવામાં આવતી. પુત્રીજન્મ એ તેના પિતા માટે ચિંતાજનક બાબત ગણાતી હતી. જન્મની ખુશાલી કે આનંદ વ્યક્ત કરવાની રીતરસમો ખૂબ જ જુદી હતી. આથી જન્મથી જ સ્ત્રી ભેદભાવ સહન કરતી આવી છે.

કોળી પટેલ સમાજમાં પુત્રી જન્મને આનંદથી આવકારવામાં આવે છે. કારણ કે મા ને ઘરકામ કરવામાં નવી વ્યક્તિનો ઉમેરો થયો તેમજ લગ્ન સમયે કન્યાવિક્રયથી તેના પિતાને થતો આર્થિક લાભ થશે તેવી ભાવના વ્યક્ત થતી હોય એવું જોવા મળે છે. છતાં પુત્ર પ્રાપ્તની ઝંખના પણ ખૂબ જ જોવા મળે છે. પુત્રનું મૂલ્ય તો વધુ છે જ, દીકરીને ઘરકામ અને ખેતીકામ શીખવવાનું વલણ વધુ જોવા મળે છે. દીકરીઓને નાનપણથી સમાધાનકારી કે સમાયોજનકારી વલણ અપનાવવા માટેનું જ શિક્ષણ આપવામાં આવે છે.

પુત્રના જન્મ વખતે આ જ્ઞાતિમાં પેંડા કે અન્ય મીઠાઈ આપવામાં આવે છે. જ્યારે પુત્રીના જન્મ વખતે જલેબી આપવામાં આવે છે. તેમાં પણ ત્રીજી કે ચોથી સુવાવડે જો સ્ત્રીને પુત્રી અવતરે તો સ્ત્રીને સુવાવડ દરમિયાન પુરતો આરામ માટેનો સમય લઈ શકતો નથી.

પુત્રી મોટી થાય ત્યારે તેના શિક્ષણ મેળવવા પાછળ એટલું લક્ષ્ય આપવામાં આવતું નથી જેટલું ધ્યાન તેને ઘરકામ શીખવવા પાછળ અપાય છે. ગામની પ્રાથમિક શાળા સુધીમાં શિક્ષણ આપવામાં આવે પરંતું ગામની બહાર દીકરીને ભણાવવા પાછળ ઉદાસીન વલણ જોવા મળે છે. દીકરીને માસિક આવ્યા બાદ એટલે કે તેના ૧૧ થી ૧૨ વર્ષ બાદ પરણાવીને 'પુણ્ય' કમાવવાની ભાવના જોવા મળે છે. દીકરીને પરણાવતી વખતે દાગીના, કપડાં વગેરે આપવામાં આવે છે. નાના ભાઈ-બહેનનાં લગ્નમાં મોટી દીકરીને સાસરેથી બોલાવવા માટે બહેનને ખાસ માણસ મોકલીને તેડવવામાં આવે છે. દીકરીને લગ્નમાં આવવા બદલ રોકડ રકમ કે કપડાં પિયરમાંથી આપવામાં આવે છે. આમ દીકરી તરીકે કોળી પટેલ જ્ઞાતિમાં 'આર્થિક થાપણ'ના સંદર્ભમાં પણ જોવા મળે છે.

## ૨) પત્ની તરીકેનું સ્થાન :

વેદોમાં 'પતિ' અને 'પત્ની' શબ્દો બંનેના સમાન સ્થાનને સૂચિત કરવા પ્રયોજ્યા છે. 'દંપતિ' શબ્દ પતિ પત્ની બંને માટેનો સંયુક્ત શબ્દ છે, જે સમાન સ્થાનનો નિર્દેશ કરે છે. ઘરની પ્રવૃત્તિના સંચાલનમાં પત્નીનો શબ્દ સર્વોપરી માનવામાં આવે છે. લગ્નબાદ તેને શ્વસુરગૃહની સામ્રાજ્ઞી કહે છે તેમજ પત્નીને 'ભાર્યા', 'જાયા' 'અર્ધાંગિની', અને 'સહધર્મચારિણી' તરીકે વર્ણવી છે. પત્નીને ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું મૂળ ગણી છે. મધુર વાણીવાળી સ્ત્રી આનંદ પ્રસંગે પતિની મિત્ર, ધાર્મિક પ્રસંગે પિતા અને માંદગીમાં માતા સમાન છે. ઘરની પ્રત્યેક બાબતોમાં તેને સર્વોપરી ગણી છે. મનુએ કહ્યું છે કે જ્યાં સ્ત્રી પૂજાય છે, ત્યાં દેવોનો વાસ હોય છે. યાજ્ઞવલ્કયે સ્ત્રીને ઈશ્વરી ભેટ ગણી છે. મહાભારત પરથી જણાય છે કે સ્ત્રી સમાન હક્કો અને માન ધરાવતી હતી, ગૃહસ્થાશ્રમમાં પતિ-પત્ની બંને સમાન હતાં.

જ્યારે અહીં કોળી પટેલ સમુદાયમાં સ્ત્રી અને પુરૂષના જીવનની સામાજિક અલગતા વિવિધ સ્વરૂપે જોઈ શકાય છે. સ્ત્રીઓને સાસરીપક્ષના વડિલોની લાજ કાઢવાની હોય છે. પતિ-પત્ની એક સાથે ચાલીને બહાર જતા નથી અને જો જાય તો પતિ આગળ ચાલે છે અને પત્ની પાછળ ચાલે છે. ફુરસદનો સમય પણ જુદો જુદો ગાળે છે. પોતાના પતિની પણ સાસુની હાજરીમાં લાજ કાઢે છે. વડિલોની હાજરીમાં પતિ સાથે ખુલ્લા મોંઢે વાત કરી શકતી નથી. રાત-દિવસ પતિ કહે તેમ કરવું પડે છે. પત્નીએ કૌટુંબિક બાબતોમાં પોતાનું સમગ્ર વ્યક્તિત્વ પતિના વ્યક્તિત્વમાં એકરૂપ કરી દેવાનું તેમ તેઓ ઈચ્છે છે. ઘરની ચાર દિવાલમાં જ તેણે બધી ફરજો બજાવવાની, જે ભૂમિકા રૂઢિગત તે બજાવતી આવી છે. પુરૂષપ્રધાન કુટુંબમાં પત્નીને ઘરકામ કરવું, બાળઉછેર કરવો, બાળકને જન્મ આપવો, ખેતીકામ કે મજૂરીકામ કરવું, ગાય, ભેંસ જેવા પશુઓને ઘાસચારો આપવો, દૂધ કાઢવું ઉપરાંત પતિ કે અન્ય પુરૂષોના ખેતરમાં ગયા હોય તો તેમને ભાત આપવા જવાનું કામ પણ પત્ની તરીકે સ્ત્રીનું છે. છતાં પતિની આજ્ઞાનું પાલન કરવું એ પરંપરાગત જ્ઞાતિય રિવાજ છે. કુટુંબની નિર્ણાયક બાબતમાં સ્ત્રીની સલાહ લેવામાં આવતી નથી. ઘરના પુરૂષો તે નક્કી કરી લેતા હોય છે. દા.ત. ઘર, જમીન ખરીદી કે પોતાના સંતાનના લગ્ન કે 'સગાઈ' 'ગોળ ખાવા જવાનો' વગેરે જેવી બાબતો પતિ જ નક્કી કરતા હોય છે. પતિનો વાંક હોય તો પણ પત્ની કશું જ કરી શકતી નથી. પતિનાં તરફથી શારીરિક ત્રાસ હોય એટલે કે પતિ મારકૂટ કરતા હોય તો પણ એ સાસરીમાં રહે છે. બહુ જ ત્રાસ થાય ત્યારે પિયરમાં જાય. પતિ ઘરમાંથી કાઢી મૂકે તો પિયરપક્ષે આશરો લે છે. પતિ બિમાર પડે તો પત્નીએ તેની સેવા કરવી પરંતુ પત્ની બિમાર પડે તે વખતે અન્ય સગાસંબંધીઓની મદદ લેવામાં આવે છે. કુટુંબજીવનમાં પણ સ્ત્રીને હંમેશા ચૂપચાપ નીચી મૂંડી રાખી સહનશીલ બનવાની તાલીમ અપાય છે.

આમ કોળી પટેલ જ્ઞાતિમાં પત્ની તરીકે સ્ત્રીનું સ્થાન નિમ્ન જોવા મળે છે.

**માતા તરીકે સ્થાન :**

સ્ત્રીને માતા તરીકે સંતાનોના સર્વોત્તમ ગુરૂ તરીકે વર્ણવામાં આવે છે. ઉપનિષદમાં દેવતાની જેમ માતાની પૂજા કરવાનો આદર્શ દર્શાવાયો છે. ગૌતમે કહ્યું કે માતા શ્રેષ્ઠ ગુરૂ છે. મહાભારતમાં માતાનો મહિમા રજૂ થયો છે. માતા જેવી શીતળછાયા, આશ્રયસ્થાન રક્ષણસ્થાન કોઈ જ નથી. તેમાં એમ પણ કહ્યું છે કે માતા જ દુઃખીઓનું સુખ છે. માતાથી વિમુખ થવાથી પુરૂષ વૃધ્ધ અને દુઃખી બની જાય છે, જગત શૂન્ય બને છે. સ્મૃતિઓમાં માતાને સર્વોચ્ચ સ્થાન આપ્યું છે. માતાને ગુરૂ તથા પિતાથી પણ ઉંચું સ્થાન આપ્યું છે. કાલિદાસે નારીજીવનની સાર્થકતા માતૃત્વમાં માની છે.

આમ તો વૈદિકકાળથી સ્ત્રી તરીકે માતાની ભૂમિકામાં અત્યાર સુધી કોઈ ખાસ પરિવર્તન આવેલું જોઈ શકાતું નથી. કોળી પટેલ સમુદાયમાં કુટુંબમાં માતા તરીકેના કાર્યમાં નાના બાળકોનો ઉછેર કરવો, સંભાળ રાખવી, ઘર સાચવવું, કૌટુંબિક જન્મ-મરણના, શુભ-અશુભ પ્રસંગોમાં હાજરી આપવી, ખેતીકામમાં મદદ કરવી, ઘરનું સમારકામમાં, લિંપણ વગેરે કરવું તે છે. વૃધ્ધવસ્થામાં દીકરાના દીકરાઓને સાચવવાં, પુત્રીના સામાજીકરણમાં માતાનો ફાળો સવિશેષ જોવા મળે છે. છતાં ગૃહકાર્ય તો તેની આસપાસ વણાયેલું જ હોય છે. આથી કુટુંબમાં માતા તરીકે સ્ત્રીની સ્થિતિ ઉચ્ચત્તમ જોવા મળે છે.

**શિક્ષણ ક્ષેત્રે સ્ત્રીનું સ્થાન :**

અથર્વવેદમાં કરેલ ઉલ્લેખ પ્રમાણે પરંપરાગત સમય સ્ત્રી, પુરૂષ સાથે બ્રહ્મચર્યાશ્રમમાં અભ્યાસ કરતી. ગુરૂકુળમાં આચાર્ય સાથે રહી શિક્ષણ મેળવતી. જે શિક્ષણ સહશિક્ષણ હતું. અથર્વવેદમાં કહેવાયું છે તેમ યુવતીએ બ્રહ્મચર્યમાં યોગ્ય તાલીમ લીધી હોય તો જ લગ્ન કરી શકે. ઉપનિષદ કાળમાં સ્ત્રી અને પુરૂષ બંનેને જુદા જુદા વિષયોનું શિક્ષણ અપાતું. ઘરઆંગણે પણ શિક્ષણ અપાતું. અનુવૈદિક યુગના કેટલાક સાહિત્યમાં સ્ત્રી આચાર્ય અને સ્ત્રી ઉપાધ્યાયોના ઉલ્લેખ છે. પરંતુ ધર્મશાસ્ત્રોના કાળમાં સ્ત્રી-શિષ્યાઓ અદશ્ય થઈ શિક્ષણક્ષેત્રે સ્ત્રી-પુરૂષ અસમાનતા સર્જાઈ. પ્રાચીનયુગમાં શિક્ષણક્ષેત્રે અસમાનતા સર્જાઈ ચૂકી હતી. કન્યાની લગ્નવય જેમ જેમ નીચી જતી ગઈ તેમ તેમ સ્ત્રીશિક્ષણનું પ્રમાણ ઉત્તરોત્તર ઘટતું ગયું. મધ્યયુગમાં એ શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું હતું.

અઢારમી સદીમાં અંતમાં પણ સ્ત્રીશિક્ષણ પ્રત્યે આવી જ ઉદાસીનતા અને પૂર્વગ્રહ પ્રવર્તતા હતા. આ સંદર્ભમાં ગ્રેને ટાંકી, ડૉ.નીરા દેસાઈ નોંધે છે તે અનુસાર ''ઓગણીસમી સદીના પ્રારંભમાં પણ ભારતમાં એ જ માન્યતા પ્રચલિત હતી કે છોકરીઓને જે કાંઈ શિક્ષણની આવશ્યકતા છે તે તેમને ઘરમાંથી જ મળી રહે છે.''

જો કે ઉચ્ચજ્ઞાતિઓ અને સમૃધ્ધ કુટુંબોમાં કન્યાને પ્રાથમિક શિક્ષણ ઘરઆંગણે અપાતું અને પ્રાથમિક શિક્ષણથી આગળ અભ્યાસની વ્યવસ્થા ન હતી. ઈ.સ.૧૦૦૦ થી ૧૮૦૦ સુધીમાં સ્ત્રીશિક્ષણ આપતી કોઈ સંસ્થા નહોતી. આમ છતાં ઉચ્ચશિક્ષણ મેળવેલું હોય તેવી કેટલીક સ્ત્રીઓનાં ઉદાહરણો જોવા મળે છે. સામાન્ય વર્ગ કે મધ્યમવર્ગમાં સ્ત્રીશિક્ષણનો અભાવ પ્રવર્તતો હતો. શૈક્ષણિક વિકાસની તકના અભાવના કારણે મધ્યમયુગની સ્ત્રીઓને પોતાનો વિકાસ સાધવાની સાનુકૂળતા મળતી નહોતી. આવા જ કારણોસર આજેય સ્ત્રીઓની શિક્ષણ અંગેની સ્થિતિમાં નોંધપાત્ર સુધારો આવ્યો નથી.

કોઈપણ સમાજમાં સ્ત્રીના સ્થાનમાં પરિવર્તન લાવવા માટે શિક્ષણ એ અતિ મહત્ત્વનું અને અસરકારક હથિયાર છે. શિક્ષણ દ્વારા વ્યક્તિના મનોવલણ, તર્કશક્તિનો વિકાસ થાય છે. સમાજમાં લોકોના મૂલ્યોમાં પરિવર્તન માટે ક્રાંતિ સિવાયનો બીજો રસ્તો તે શિક્ષણનો છે.

સ્ત્રીનો દરજ્જો તેમજ ભૂમિકામાં શિક્ષણ એ ખૂબ મોટો ફાળો ભજવ્યો છે. સ્ત્રીઓને બાળ ઉછેરનારીની ભૂમિકામાંથી બહાર લાવવા માટે શિક્ષણ એ અનિવાર્ય અને આવશ્યક પાસુ છે. શહેરીકરણ અને ઔદ્યોગિકરણને કારણે પણ સ્ત્રીશિક્ષણનો ફેલાવો થયો.

સ્ત્રીશિક્ષણની મહત્તા સમજાવતા ડૉ.Phumtaફુમતાએ કહ્યું છે કે educate a man, you educate him alone, educate a  women, you educate whole generation.

ભારતમાં અને ગુજરાતમાં સ્ત્રીશિક્ષણનાં વ્યાપને વધારવા માટે પ્રયત્નો થઈ રહ્યા છે. છતાં આજે ગ્રામીણ પ્રદેશોમાં તે પ્રત્યે ઉદાસીનતા દેખાય જ છે. આ અભ્યાસ વિશ્વમાં સમગ્રતઃ શૈક્ષણિક સ્તર નીચું જ જોવા મળે છે. ભાગ્ય જ કોઈ સ્ત્રીએ સ્નાતક કક્ષાનું શિક્ષણ મેળવ્યું હશે.

પ્રસ્તુત અધ્યયનના ઉત્તરદાતાઓની વૈયક્તિક અને પ્રાથમિક વિગતો જેમાં ઉત્તરદાતાની ઉંમર, વૈવાહિક દરજ્જો, શિક્ષણ, આવક, વ્યવસાય, કુટુંબનું કદ, કુટુંબના સભ્યોની ઉંમર, શિક્ષણ, આવક, વ્યવસાય વગેરે માહિતી અહીં રજૂ કરવામાં આવી છે.

## કોષ્ટક નં. ૪.૧

## ઉંમર

| ક્રમ | ઉંમર | સંખ્યા | ટકા | સરેરાશ ઉંમર |
|---|---|---|---|---|
| ૧. | ૧૫ થી ૨૫ | ૩૨ | ૧૬.૦૦ | ૨૧ |
| ૨. | ૨૬ થી ૩૫ | ૯૨ | ૪૬.૦૦ | ૨૯ |
| ૩. | ૩૬ થી ૪૫ | ૪૭ | ૨૩.૫૦ | ૪૨ |
| ૪. | ૪૬ થી ૫૫ | ૨૫ | ૧૨.૫૦ | ૫૦ |
| ૫. | ૫૬ થી વધુ | ૦૪ | ૦૨.૦૦ | ૫૮ |
| ૬. | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ | |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે ૨૦૦ કુટુંબોના ઉત્તરદાતામાંથી ૨૬ થી ૩૫ વર્ષની વય ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૪૬% છે જે પ્રમાણ સૌથી વધુ છે. જયારે ૫૬ વર્ષથી વધુ વય ધરાવનાર ઉત્તરદાતાઓનું પ્રમાણ ૨% છે જે સૌથી ઓછુ છે. તેમજ ૧૫ થી ૨૫ ની વય ધરાવતા ૧૬%, ૩૬ થી ૪૫ વય ધરાવનાર ૨૩.૫૦% અને ૪૬ થી ૫૫ વર્ષની વય ધરાવનાર ઉત્તરદાતાઓનું પ્રમાણ ૧૨.૫૦% છે.

આમ સંશોધન ક્ષેત્રકાર્ય માટે અનુસૂચિત દ્વારા પ્રાપ્ત કરેલ માહિતીના ઉત્તરદાતાઓ મોટે ભાગે પુખ્તવયના જોવા મળે છે.

## કોષ્ટક નં. ૪.૨

## વૈવાહિક દરજ્જાની માહિતી

| ક્રમ | વૈવાહિક દરજ્જો | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | અપરિણીત | ૨ | ૦૧.૦૦ |
| ૨. | પરિણીત | ૧૮૯ | ૯૪.૫૦ |
| ૩. | વિધવા | ૬ | ૦૩.૦૦ |
| ૪. | છૂટાછેડા લીધેલ | ૨ | ૦૧.૦૦ |
| ૫. | ત્યક્તા | ૧ | ૦૦.૫૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ |

હિંદુ સમાજમાં લગ્નને ઉંચો સામાજિક દરજ્જો પ્રાપ્ત થયો છે લગ્ન સિવાયના કોઈ શારીરિક સંબંધ ને સમાજ માન્યતા આપતો નથી. બંધારણ મુજબ લગ્નવય નિશ્ચિત કરતો ધારો ઘડવામાં આવ્યો છે. જેમાં છોકરીને ૧૮ વર્ષ તેમજ  છોકરાની ૨૧ વર્ષની ઉંમર લગ્ન યોગ્ય ગણવામાં આવે છે. પંરતુ ગ્રામીણ સમાજમાં છોકરીના ૧૮ વર્ષ પહેલાજ લગ્ન કરી દેવામાં આવે છે. જેમાં ખાસ કરીને કોળી પટેલ સમાજે છોકરીને 'ઋતુસ્રાવ' ની શરૂઆત થાય એ પહેલાં જ લગ્ન કરી દેવામાં આવે છે.

સમિષ્ટના પસંદ કરેલા તમામ ઉત્તરદાતાઓમાંથી આપણે જોઈ શકીએ છીએ કે ૯૪.૫૦% એટલે કે ૧૮૯ ઉત્તરદાતા પરિણીત છે, જેમાં એકથી વધારે વાર લગ્ન થયા હોય તેવા ઉત્તરદાતા પણ સમાવિષ્ટ છે. આ સમુદાયમાં અપરિણીત કરતાં પરિણીતોની સંખ્યા વધુ જોવા મળે છે. જ્યારે વિધવા, ત્યક્તા છૂટાછેડા લઈને એકલી રહેતી બ્હેનોનું પ્રમાણ ઓછું જોવા મળે છે. કુલ ૨૦૦ ઉત્તરદાતામાં ૨ ઉત્તરદાતા એટલે ૦૧.૦૦% ઉત્તરદાતા છૂટાછેડા લઈને એકલા રહે છે. જ્યારે ૧ એટલે ૦૦.૫૦% ઉત્તરદાતા ત્યક્તા જોવા મળે છે.

સાણંદના કોળીપટેલ કુટુંબો છોકરા-છોકરીઓના લગ્ન બાવળા તાલુકા કે વિરમગામ સુધીમાં વધુ થતાં હોય છે. સૌરાષ્ટ્ર તરફ એમનો લગ્નવ્યવહાર જોવા મળતો નથી. તેનું કારણ એ પણ જોવા મળે છે કે સૌરાષ્ટ્રમાં વસતા કોળી પટેલ કુટુંબો કરતાં અહીના કુટુંબોની રહેણીકરણી, પહેરવેશ બધુ અલગ જોવા મળે છે.

કોળી પટેલ જ્ઞાતિમાં મામા-ફોઈના બાળકો વચ્ચે લગ્ન થતાં નથી પહેલાંતો વાહન વ્યવહારની સગવડો મર્યાદિત હતી આથી બળદ ગાડાનો ઉપયોગ થતો હતો. પરંતુ હાલના આધુનિક જમાનામાં ગામડામાં જાન લઈ જવા માટે ટ્રેક્ટર, મોટર વગેરેનો ઉપયોગ કરતાં થયા છે.

આમ કોળી પટેલ સમાજમાં ઉપરોક્ત સમગ્ર ચર્ચા પરથી કહી શકાય કે કન્યા કરતાં વરની ઉંમર મોટી હોય છે પરંતુ સ્ત્રીઓ અને પુરુષો એક કરતાં વધુ લગ્ન કરે છે. સરકારના કાયદાનો ભંગ હંમેશ થતો જોવા મળે છે. લગ્નની કાયદાની સાચી વયે લગ્ન થતા નથી. પરંતુ સ્ત્રી એકલી રહેતી નથી તે પણ એક થી બે વખત નાતરું કરી લેતી હોય છે. કેટલાક કિસ્સાઓમાં અપવાદ જોવા મળે છે પરંતુ તેની ટકાવારી ઓછી છે.

ભારતભરમાં શિક્ષણનો વ્યાપ વધારવા માટે પ્રાથમિક શિક્ષણને સરકારશ્રીએ મફત બનાવ્યું છે. તેમાં એ કન્યા શિક્ષણનો વ્યાપ વધે માટે ઉચ્ચ શિક્ષણ સુધી કન્યા શિક્ષણ મફત મળે એવી જોગવાઈ છે. આઝાદી બાદ સ્ત્રી શિક્ષણ બોહળુ બને  એ માટેના પ્રયત્નો થયા છે અને થઈ રહ્યા છે છતાં પણ હજી

ગ્રામીણ સમાજમાં પરિસ્થિતિ ઘણી જુદી જોવા મળી છે. કન્યા કેળવણી માટે ખાસ પ્રયત્નો ગુજરાત સરકાર દ્વારા થઈ રહ્યા છે છતાં એ કન્યાને શિક્ષણ આપવા પ્રત્યે કોળી પટેલ સમાજમાં ઉદાસીન વલણ હોય એવું જોવા મળે છે. સંશોધન કર્તાએ પસંદ કરેલ ઉત્તરદાતાના શિક્ષણનું સ્તર દર્શાવતી વિગતો નીચેના કોષ્ટક પરથી સ્પષ્ટ જોઈ શકાય છે.

## કોષ્ટક નં. ૪.૩

## શૈક્ષણિક સ્તર

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | અભણ | ૧૪૦ | ૭૦ |
| ૨. | લખી વાંચી શકે તેવા | ૪૦ | ૨૦ |
| ૩. | પ્રાથમિક | ૧૭ | ૮.૫૦ |
| ૪. | માધ્યમિક | ૩ | ૧.૫૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોષ્ટકના આધારે જોઈ શકાય છે કે કુલ ઉત્તરદાતામાંથી ૧૪૦ ઉત્તરદાતાઓ અભણ જોવા મળે છે. એટલે કે ૭૦% ઉત્તરદાતાઓ અભણ છે જ્યારે માત્ર લખી વાંચી શકે તેવા ૪૦(૨૦%) ઉત્તરદાતાઓ જોવા મળે છે. જ્યારે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ લીધુ હોય તેવા માત્ર ૧૭ અને ૩ ઉત્તરદાતાઓ જ જોવા મળે છે. આ ઉપરથી કહી શકાય છે કે કોળી પટેલ સમાજમાં સ્ત્રી શિક્ષણનું પ્રમાણ ખૂબજ ઓછું જોવા મળે છે. શિક્ષણનો અર્થ અહીં અક્ષરજ્ઞાનનાં સંદર્ભમાં લઈને વાત કરવામાં આવી છે. આજનાં યુગમાં અક્ષરજ્ઞાનની જાણકારીની આવશ્યકતાની ચર્ચા અસ્થાને છે.

## કોષ્ટક નં.૪.૪

## વ્યવસાયીક જોડાણ

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | વ્યવસાયમાં રોકાયેલ છે. | ૧૮૨ | ૯૧ |
| ૨. | વ્યવસાયમાં રોકાયેલ નથી | ૧૮ | ૦૯ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરનું કોષ્ટક જોતા જણાય છે કુલ ઉત્તરદાતામાંથી ૧૮૨ ઉત્તરદાતા એટલે ૯૧% બહેનોખેતી, ખેતમજૂરી, છૂટકમજુરી, પશુપાલન વગેરે કામોમાં વ્યસ્ત જોવા મળે છે. પોતાના કુટુંબની આર્થિક પરિસ્થિતિ સુધરે એ માટે પ્રયત્ન કરે છે પોતાના નાના બાળકોને મોટા બાળકના હવાલે મુકીને સ્ત્રીઓ મજૂરીએ જતી જોવા મળેલ છે.

જ્યારે ૯% ઉત્તરદાતા કોઈ પ્રકારનો વ્યવસાય કરતા નથી. કુટુંબની આર્થિક પરિસ્થિતિ સારી હોય તો સ્ત્રી કોઈ વ્યવસાય કરતી નથી. પરંતુ પોતાના ખેતરથી ઢોર માટે ચાર લાવવાનું, ખાવાનું આપવાનું વગેરે કામ કરતી જોવા મળે છે.

કોઈપણ સમાજના વિકાસનો આધાર તેની અર્થવ્યવસ્થા પર હોય છે. ભારતીય સમાજ વ્યવસ્થામાં પણ મુખ્ય ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એવા કર્યા છે. ધર્મ જેટલી જ મહત્વની સંસ્થા આર્થિક છે. દરેક સમાજને પોતાનો ચોક્કસ વ્યવસાય હોય છે. વ્યવસાયના પ્રકારમાં આજુબાજુના ભૌગોલિક પર્યાવરણ પર રહેલા છે. ઉત્તરદાતા કેવા પ્રકારના વ્યવસાયો સાથે જોડાયેલા છે તે તપાસવાનો પ્રયત્ન અહીં કરવામાં આવ્યો છે. કોળી પટેલ સમાજ એ મુખ્યત્વે ખેતી વિષયક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છે, શું સ્ત્રીઓ આ પ્રવૃત્તિ કે એ સિવાય બીજી અન્ય કોઈ આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિ કરે છે કે નહિ તે જાણવાનો પ્રયત્ન કરી ઉત્તરદાતાના વ્યવસાયો સાથે જોડાયેલ છે તે અહીં કોષ્ટકમાં દર્શાવવામાં આવ્યું છે.

**કોષ્ટક નં.૪.૫**

**વ્યવસાય**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ખેતી | ૯૭ | ૫૩.૩૦ |
| ૨. | ખેતમજુરી | ૪૭ | ૨૫.૮૨ |
| ૩. | ઈંટના ભઠ્ઠામાં | ૦૧ | ૦.૫૫ |
| ૪. | પશુપાલન | ૧૪ | ૩.૬૯ |
| ૫. | ઘરકામ | ૦૩ | ૧.૬૫ |
| ૬. | છૂટક મજૂરી | ૧૮ | ૯.૮૯ |
| ૭. | અન્ય | ૦૨ | ૧.૧૦ |
| ૯. | કુલ | ૧૮૨ | ૧૦૦.૦૦ |

કોળી જ્ઞાતિની મહિલાઓ પોતાના જ્ઞાતિના જ મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન સાથે મહદઅંશે જોડાયેલ હોય એવું જોવા મળે છે. કુલ એકમનાં ૫૩.૩૦% મહિલાઓ ખેતી સાથે જોડાયેલા છે. આ સિવાય તેઓ જો પોતાની જમીન ન હોય તો અન્યના ખેતરોમાં ખેતમજૂરી એ જતા હોય એવા ૯.૮૯% ઉત્તરદાતાઓ છે. જ્યારે પશુપાલન કરી ઘરમાં પુરક આર્થિક આવક કરતા હોય એવા ૭.૬૯% ઉત્તરદાતા છે. શિક્ષણનું પ્રમાણ ઓછુ હોવાથી બહારગામ ફેક્ટરીમાં નોકરી કરવા જતી હોય એવી મહિલાઓનું પ્રમાણ ઘણું જ ઓછુ છે.

**કોષ્ટક નં.૪.૬**

**માસિક આવક(રૂપિયા)**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૫૦૦ થી ૧૦૦૦ | ૧૫૭ | ૮૬.૨૬ |
| ૨. | ૧૦૦૧ થી ૧૫૦૦ | ૧૦ | ૦૫.૫૦ |
| ૩. | ૧૫૦૧ થી ૨૦૦૦ | ૧૧ | ૦૬.૦૪ |
| ૪. | ૨૦૦૧ થી વધુ | ૪ | ૦૨.૨૦ |
| | કુલ | ૧૮૨ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોષ્ટક પરથી જોવા મળે છે કે કુલ ઉત્તરદાતાઓ માંથી સૌથી વધુ આવક એટલે કે ૨૦૦૧ રૂા. થી વધુ હોય તેવા માત્ર ૪ ઉત્તરદાતાઓ જોવા મળે છે જ્યારે સૌથી વધુ ઉત્તરદાતાઓની આવક માત્ર રૂા. ૫૦૦ થી ૧૦૦૦ સુધી જોવા મળે છે, આવા ૧૫૭ ઉત્તરદાતાઓ એટલે કે ૭૮.૫૦% ઉત્તરદાતાઓ જોવા મળે છે. જ્યારે રૂા. ૧૦૦૧ થી ૧૫૦૦ સુધીની માસિક આવક હોય તેવા ૫.૫૦% ઉત્તરદાતાઓ અને રૂા. ૧૫૦૧ થી ૨૦૦૦ સુધીની માસિક આવક ધરાવતા હોય તેવા ૧૧ ઉત્તરદાતાઓ જ જોવા મળે છે.

## કોષ્ટક નં.૪.૭

## ગામવાર અભ્યાસમાં આવરી લીધેલ કુટુંબો અને કુટુંબકદ

| ક્રમ | ગામનું નામ | કુટુંબ સંખ્યા | કુટુંબ સભ્ય સંખ્યા | કુટુંબ કદ |
|---|---|---|---|---|
| ૧. | પીંપણ | ૧૫ | ૯૭ | ૬.૪૭ |
| ૨. | સોયલા | ૧૫ | ૧૦૪ | ૬.૯૩ |
| ૩. | શીયાવાડા | ૧૫ | ૧૦૧ | ૬.૭૩ |
| ૪. | ચરલ | ૧૫ | ૧૦૩ | ૬.૮૭ |
| ૫. | વસોદરા | ૧૬ | ૧૧૩ | ૭.૦૬ |
| ૬. | રસુલપુરા | ૧૫ | ૧૦૯ | ૭.૨૭ |
| ૭. | અમથાપુરા | ૧૫ | ૯૭ | ૬.૪૭ |
| ૮. | ડરણ | ૧૬ | ૧૦૭ | ૬.૬૯ |
| ૯. | કુંવાર | ૧૬ | ૧૧૭ | ૭.૩૧ |
| ૧૦. | પોપટપુરા | ૧૫ | ૯૪ | ૬.૨૭ |
| ૧૧. | કોદાળીયા | ૧૬ | ૧૧૨ | ૭.૦૦ |
| ૧૨. | માણકોલ | ૧૫ | ૯૯ | ૬.૬૦ |
| ૧૩. | નાની દેવતી | ૧૬ | ૧૦૨ | ૬.૩૭ |
| | કુલ | ૨૦૦ | ૧૩૫૫ | ૬.૭૭ |

ઉપરોક્ત કોષ્ટક ઉપરથી ફલિત થાય છે કે સંશોધન અભ્યાસ હેઠળ પસંદ કરાયેલ કોળી સમાજના ૨૦૦ કુટુંબોનું સરેરાશ કુટુંબ કદ ૬.૭૭ ટકા જેટલું જોવા મળે છે. જે ૨૦૦૧ ની વસતી ગણતરી મુજબ ગુજરાતનું કુલ કુટુંબ કદ ૫.૨૨ છે તેના કરતાં વધારે છે. આ પરિસ્થિતિ પાછળના મુખ્ય કારણોમાં સંયુક્ત કુટુંબની પ્રથા, ઓછું શિક્ષણ, સ્વાસ્થ્ય જાગૃતતાનો અભાવ, હિન્દુ ધર્મની માન્યતા મુજબ પુત્ર મોહ, પરિવાર કલ્યાણ કાર્યક્રમોની ઓછી અસરકારકતા, જાતિય શિક્ષણનો અભાવ, અન્ય સમાજ સાથેનો ઓછો સંપર્ક વગેરે પરિબળો જવાબદાર ગણાવી શકાય. સંશોધન અભ્યાસ દરમિયાન મુલાકાતી કુટુંબો સાથે ઔપચારિક વાતચીતમાં જાણવા મળ્યું હતુ કે આ કુટુંબના કદનું પ્રમાણે હવે ધીમે ધીમે ઘટતું જાય છે. કારણકે, હવે તેઓમાં ધીમી ગતિએ જાગૃતતા અને સભાનતા આવવાથી ઉપરોક્ત પરિબળોમાં ધીરે ધીરે હકારાત્મક પરિવર્તન આવી રહ્યું છે.

## કોષ્ટક નં.૪.૮
## કુટુંબના સભ્યોની ઉંમર

| વય જુથ | પુરૂષ | | સ્ત્રી | | કુલ | |
|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| ૦-૫ | ૬૫ | ૪.૮૦ | ૬૮ | ૫.૦૨ | ૧૩૩ | ૯.૮૧ |
| ૬-૧૪ | ૧૨૭ | ૩.૩૭ | ૧૦૧ | ૭.૪૫ | ૨૨૮ | ૧૬.૮૩ |
| ૧૫-૨૫ | ૧૯૬ | ૧૪.૪૬ | ૧૪૧ | ૧૦.૪૧ | ૩૩૭ | ૨૪.૮૭ |
| ૨૬-૩૫ | ૧૪૦ | ૧૦.૩૩ | ૧૩૦ | ૯.૫૯ | ૨૭૦ | ૧૯.૯૩ |
| ૩૬-૪૦ | ૧૩૬ | ૧૦.૦૪ | ૧૨૯ | ૯.૫૨ | ૨૬૫ | ૧૯.૫૬ |
| ૪૧-૬૦ | ૪૨ | ૩.૧૧ | ૪૬ | ૩.૩૯ | ૮૮ | ૬.૪૯ |
| ૬૧ - ઉપર | ૧૯ | ૧.૪૦ | ૧૫ | ૧.૧૧ | ૩૪ | ૨.૫૧ |
| કુલ | ૭૨૫ | ૫૩.૫૧ | ૬૩૦ | ૪૬.૪૯ | ૧૩૫૫ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટક ઉપરથી સ્પષ્ટ દેખાઈ આવે છે કે કોળી પટેલ જ્ઞાતિના અભ્યાસમાં આવરી લીધેલ ઉત્તરદાતાઓના કુટુંબના સભ્યોમાં યુવાવયના ૧૫-૩૫ સભ્યોની સંખ્યા સૌથી વધુ એટલે કે ૪૪.૮ ટકા જેટલી જોવા મળે છે. કુલ અભ્યાસમાં આવરી લીધેલ કુટુંબના સભ્યોમાં અડધાથી થોડા ઓછા વ્યક્તિઓ યુવા વયના છે, એટલે કે કુટુંબના અર્થોઉપાજનમાં ઉપયોગ બની શકે તેવા છે. ૦ થી ૧૪ વયના કુટુંબમાં બાળકોની સંખ્યા દ્વિતીય ક્રમે આવે છે જે કુલ સભ્ય સંખ્યાની ૨૬.૬૪ ટકા જેટલા છે. આ જુથ કુટુંબના અન્ય સભ્યો ઉપર અવલંબિત ગણાવી શકાય. કુલ સભ્ય સંખ્યાના ફક્ત ૨.૫૧ ટકા સભ્યોજ ૬૧ વર્ષથી ઉપરની વયજૂથમાં આવે છે. આ ચિત્ર ઉપરથી દેખાય છે કે આ સમાજમાં આરોગ્યસ્તર નબળુ હોવાને કારણે તેમજ સખત પરિશ્રમના કારણે સરેરાશ વય મર્યાદા ઓછી જોવા મળે છે. આ હકિકતની પાછળ આરોગ્યની બેદરકારી, સ્વાસ્થ્ય સુવિધાઓનો અભાવ, સખત પરિશ્રમ, વ્યસનો વગેરે ગણી શકાય.

## કોષ્ટક નં.૪.૯

## કુટુંબના સભ્યોનો વૈવાહિક દરજ્જો

| વય જુથ | પુરૂષ | | સ્ત્રી | | કુલ | |
|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| અપરિણીત | ૨૬૮ | ૧૯.૭૮ | ૧૨૦ | ૮.૮૬ | ૩૮૮ | ૨૮.૬૩ |
| પરિણીત | ૪૫૨ | ૩૩.૩૬ | ૪૯૬ | ૩૬.૬૦ | ૯૪૮ | ૬૯.૯૬ |
| વિધુર | ૫ | ૦.૩૭ | - | - | ૫ | ૦.૩૭ |
| વિધવા | -- | -- | ૯ | ૦.૬૬ | ૯ | ૦.૬૬ |
| ત્યક્તા | -- | -- | ૩ | ૦.૨૨ | ૩ | ૦.૨૨ |
| છૂટાછેડા લીધેલ | -- | -- | ૨ | ૦.૧૫ | ૨ | ૦.૧૫ |
| કુલ | ૭૨૫ | ૫૩.૫૧ | ૬૩૦ | ૪૬.૪૯ | ૧૩૫૫ | ૧૩.૫૫ |

ઉપરોક્ત કોષ્ટક ઉપરથી ફલીત થાય છે કે કોળી પટેલ સમાજની અંદર અભ્યાસમાં આવરી લીધેલ કુટુંબોની કુલ સભ્ય સંખ્યામાં ૬૯.૯૬ ટકા જેટલી વ્યક્તિઓ પરિણીત છે. જાતિ પ્રમાણે જોતા ૩૩.૩૬ ટકા પુરૂષો અને ૩૬.૬૦ ટકા સ્ત્રીઓનું પ્રમાણ પરિણીત જોવા મળે છે. અપરિણીત સભ્યોનું પ્રમાણ કુલ સભ્યોના ૨૮.૬૩ ટકા જેટલું છે. જાતિ પ્રમાણે પુરૂષોમાં ૧૯.૭૮ ટકા અને સ્ત્રીઓમાં ફક્ત ૮.૮૬ ટકા સ્ત્રીઓ અપરિણીત છે. આ પ્રમાણના તફાવત પાછળનાં કારણમાં કોળી પટેલનાં સમાજમાં દિકરીઓને નાની વયે પરણાવવાનું વલણ જવાબદાર જણાય છે. વિધુર, વિધવા, ત્યક્તા અને છુટાછેડા લીધેલ સભ્યોનું પ્રમાણ ૧.૪૦ ટકા જેટલું રહેલું જોવા મળે છે. આ સંખ્યા ઓછી હોવાનું કારણ કોળી સમાજમાં પુનઃલગ્નની છુટ અને સરળતા જવાબદાર છે. તે ઉપરાંત સરેરાશ વય મર્યાદાનું ઘટતું પ્રમાણ પણ વિધવા, વિધુર માટે જવાબદાર પરિબળ ગણાવી શકાય.

## કોષ્ટક નં.૪.૧૦

## કુટુંબના સભ્યોનું શિક્ષણ

| વય જુથ | પુરૂષ | | સ્ત્રી | | કુલ | |
|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| અભણ | ૩૨૧ | ૨૬.૨૭ | ૩૭૮ | ૩૦.૯૩ | ૬૯૯ | ૫૭.૨૦ |
| લખી વાંચી શકે તેવા | ૧૭૮ | ૧૪.૫૬ | ૧૧૯ | ૯.૭૪ | ૨૯૭ | ૨૪.૩૦ |
| પ્રાથમિક | ૧૦૪ | ૮.૫૦ | ૫૬ | ૪.૫૯ | ૧૬૦ | ૧૩.૦૯ |
| માધ્યમિક | ૩૧ | ૨.૫૪ | ૭ | ૦.૫૭ | ૩૮ | ૩.૧૧ |
| ઉચ્ચ માધ્યમિક | ૧૬ | ૧.૩૧ | ૨ | ૦.૧૬ | ૧૮ | ૧.૪૭ |
| સ્નાતક | ૭ | ૦.૫૭ | - | - | ૭ | ૦.૫૭ |
| ટેકનીકલ | ૩ | ૦.૨૫ | - | - | ૩ | ૦.૨૫ |
| કુલ | ૬૬૦ | ૫૪.૦૧ | ૫૬૦ | ૪૫.૯૯ | ૧૨૨૨ | ૧૦૦ |

★ ૦-૫ વર્ષના બાળકોને કુટુંબના સભ્યોના શિક્ષણની માહિતીમાં સમાવેશ કરેલ નથી.

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે કુટુંબના સભ્યોમાં અભણ સભ્યોનું પ્રમાણ ૫૭.૨૦% છે. જે સૌથી વધુ જોવા મળે છે. જ્યારે ટેકનીકલ શિક્ષણ મેળવેલ સભ્યોનું પ્રમાણ સૌથી ઓછુ છે. જે માત્ર ૦.૨૫% છે, લખી વાંચી શકે તેવા સભ્યોનું પ્રમાણ ૨૪.૩૦%, પ્રાથમિક ૧૩.૦૯%, માધ્યમિક ૩.૧૧%, ઉચ્ચતર માધ્યમિક ૧.૪૭% અને સ્નાતક સુધીનું શિક્ષણ મેળવવામાં કુટુંબના સભ્યોનું પ્રમાણ ૦.૫૭% છે. આમ કોળી સમાજમાં ધીરે ધીરે શિક્ષણનું પ્રમાણ વધતુ જતુ જોવા મળે છે. જેના માટે અન્ય સમાજ સાથેના સંપર્ક, શૈક્ષણિક સગવડોનો વિકાસ,  વિકાસલક્ષી સરકારી યોજના, સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા થયેલા પ્રયત્નોએ મહત્વનો ભાગ ભજવ્યો છે. તેમ છતાં સ્ત્રીઓમાં પુરૂષોના પ્રમાણમાં જોઈએ તેટલો શૈક્ષણિક વિકાસ થયો નથી.

## કોષ્ટક નં.૪.૧૧

### કુટુંબના હાલમાં અભ્યાસ કરતાં સભ્યોનું શિક્ષણ

| વય જુથ | પુરૂષ | | સ્ત્રી | | કુલ | |
|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| પ્રાથમિક | ૭૮ | ૪૪.૦૭ | ૪૫ | ૨૫.૪૨ | ૧૨૩ | ૬૯.૪૯ |
| માધ્યમિક | ૨૬ | ૧૪.૬૯ | ૬ | ૩.૩૯ | ૩૨ | ૧૮.૦૮ |
| ઉચ્ચ માધ્યમિક | ૧૩ | ૭.૩૪ | ૧ | ૦.૫૬ | ૧૪ | ૭.૯૧ |
| સ્નાતક | ૬ | ૩.૩૯ | - | -- | ૬ | ૩.૩૯ |
| ટેકનીકલ | ૨ | ૧.૧૩ | - | -- | ૨ | ૧.૧૩ |
| **કુલ** | **૧૨૫** | **૭૦.૬૨** | **૫૨** | **૨૯.૩૮** | **૧૭૭** | **૧૪.૪૮ *** |

* કુલ કુટુંબના સભ્યોની સંખ્યામાંથી ટકાવારી દર્શાવી છે. (૦-૫ વર્ષના બાળકો બાદ કરેલા છે.)

ઉપરોક્ત કોષ્ટક ઉપરથી જોઈ શકાય છે કે, હાલમાં કુટુંબના સભ્યોમાં અભ્યાસ કરતા હોય તેવા સભ્યોનું પ્રમાણ ૧૪.૪૮% છે. જેમાં પ્રાથમિક શાળામાં શિક્ષણ લેતા હોય તેવા બાળકોનું પ્રમાણ ૬૯.૪૯% છે. જે સૌથી વધુ પ્રમાણ જોવા મળે છે. જ્યારે ટેકનીકલ શિક્ષણનું પ્રમાણ ૧.૧૩% છે, જે શિક્ષણમાં સૌથી ઓછુ જોવા મળે છે. માધ્યમિક ૧૮.૦૮%, ઉચ્ચ માધ્યમિક ૭.૯૧%, સ્નાતક ૩.૩૯% શિક્ષણનું પ્રમાણ જોવા મળે છે. સ્ત્રીઓમાં સ્નાતક અને ટેકનીકલ કક્ષા સુધીનું શિક્ષણ મેળવવાનું પ્રમાણ જોવા મળતું નથી. જ્યારે માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક કક્ષા સુધીના શિક્ષણમાં નિમ્ન સંખ્યામાં શિક્ષણ મેળવવાનું પ્રમાણ જોવા મળે છે.

શિક્ષણ પ્રત્યેની જાગૃતતા અને સભાનતા આવવાથી ધીરે ધીરે હવે કોળી સમાજમાં પ્રાથમિક શાળામાં બાળકો દાખલ કરવાનું પ્રમાણ વધતુ જતુ જોવા મળે છે. તેમ છતાં નિયમિત અને સંપૂર્ણકક્ષા સુધીનું શિક્ષણ લેવાનું વલણ હજી સુધી આ વિસ્તાર કોળી સમાજ અપનાવતો થયો નથી.

કોષ્ટક નં.૪.૧૨

## કુટુંબની વાર્ષિક આવક(રૂપિયામાં)

| ક્રમ | ગામ | ખેતી | ખેતમજૂરી | છુટક મજૂરી | પશુપાલન | કડીયાકામ | ઈંટો પાડવા | ફેકટરીમાં મજૂરી | વેપાર | સારકારી નોકરી | અન્ય | કુલ | કુટુંબ દીઠ સરેરાશ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | પીપણ | ૧૫૧૫૩૧ | ૫૨૨૭૭ | ૮૩૦૯ | ૨૨૦૪ | ૧૪૨૦૨ | ૧૫૬૧ | ૧૫૨૦૭ | ૬૧૫૨ | ૪૯૩૫૨ | ૨૬૨૨૯ | ૩૨૭૦૨૪ | ૨૧૮૦૧.૬ |
| | | ૪૬.૩૪ | ૧૫.૯૯ | ૨.૫૪ | ૦૬૭ | ૪.૩૪ | ૦.૪૮ | ૪.૬૫ | ૧.૮૮ | ૧૫.૦૯ | ૮.૦૨ | ૮.૨૫ | |
| ૨. | સોયલા | ૧૭૧૧૮૨ | ૪૮૬૭૧ | ૧૯૦૧૩ | ૧૦૮૭ | - | ૩૫૮૪ | ૩૦૦૧૧ | ૩૨૨૨ | ૫૩૭૯૭ | - | ૩૩૦૫૬૭ | ૨૨૦૩૭.૦ |
| | | ૫૧.૭૮ | ૧૪.૭૨ | ૫.૭૫ | ૦.૩૩ | - | ૧.૦૮ | ૯.૦૮ | ૦.૯૭ | ૧૬.૨૭ | - | ૮.૩૪ | |
| ૩. | શીયાવાડા | ૧૬૦૦૦૮ | ૩૪૫૯૬ | ૧૧૯૪૭ | ૯૭૧ | ૫૨૧૬ | - | ૮૬૧૨૨ | ૨૭૬૨ | - | - | ૩૦૧૬૨૨ | ૨૦૧૦૮.૧૩ |
| | | ૫૩.૦૫ | ૧૧.૪૭ | ૩.૯૬ | ૦.૩૨ | ૧.૭૩ | - | ૨૮.૫૫ | ૦.૯૨ | - | - | ૭.૬૧ | |
| ૪. | ચરલ | ૧૪૫૨૫૭ | ૪૩૦૧૭ | ૬૦૦૩ | ૩૧૦૦ | - | ૩૧૧૬ | ૬૦૦૮૯ | ૩૧૩૭ | - | ૨૨૩૩૧ | ૨૮૬૦૫૦ | ૧૯૦૭૦.૦ |
| | | ૫૦.૭૮ | ૧૫.૦૪ | ૨.૧૦ | ૧.૦૮ | - | ૧.૯ | ૨૧.૦૧ | ૧.૧૦ | - | ૭.૮૧ | ૭.૨૧ | |
| ૫. | વસોદરા | ૧૭૫૩૮૭ | ૪૧૭૮૪ | ૧૪૦૧૩ | ૧૦૧૮ | ૧૦૦૧૪ | ૧૫૧૦ | ૧૨૧૩૪૭ | ૬૫૬૧ | ૫૭૯૨૭ | - | ૪૨૯૫૬૧ | ૨૬૮૪૭.૫૬ |
| | | ૪૦.૮૩ | ૯.૭૩ | ૩.૨૬ | ૦.૨૪ | ૨.૩૩ | ૦.૩૫ | ૨૮.૨૫ | ૧.૫૩ | ૧૩.૪૮ | - | ૧૦.૮૩ | |
| ૬. | રસુલપુરા | ૧૫૧૬૧૨ | ૫૫૯૫૭ | ૧૧૨૫૭ | - | ૧૫૭૬૧ | ૩૭૦૩ | ૧૫૦૩૬ | ૪૦૦૧ | - | ૧૭૯૦૯ | ૨૭૫૨૩૬ | ૧૮૩૪૯.૦૬ |
| | | ૫૫.૦૮ | ૨૦.૩૩ | ૪.૦૯ | - | ૫.૭૩ | ૧.૩૪ | ૫.૪૬ | ૧.૪૫ | - | ૬.૫૧ | ૬.૯૪ | |
| ૭. | અમથાપુરા | ૧૬૩૦૯૬ | ૩૩૭૬૯ | ૧૩૮૬૫ | ૨૧૬૩ | ૫૦૦૨ | ૧૫૪૨ | ૬૦૦૧૮ | ૧૩૧૨૭ | - | ૨૧૦૭ | ૨૯૪૬૮૯ | ૧૯૬૪૫.૯૩ |
| | | ૫૫.૦૮ | ૧૧.૪૬ | ૪.૭ | ૦.૭૩ | ૧.૭ | ૦.૫૨ | ૨૦.૩૭ | ૪.૪૫ | - | ૦.૭૧ | ૭.૪૩ | |

| ક્રમ | ગામ | ખેતી | ખેતમજૂરી | છુટક મજૂરી | પશુપાલન | કડીયાકામ | ઈંટો પાડવા | ફેકટરીમાં મજૂરી | વેપાર | સારકારી નોકરી | અન્ય | કુલ | કુટુંબ દીઠ સરેરાશ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮. | ડરણ | ૧૬૨૮૮૯ | ૪૦૭૮૩ | ૪૫૧૯ | ૧૧૮૫ | - | ૧૪૮૮ | ૪૫૩૩૬ | ૬૩૫૨ | - | | ૨૬૨૫૫૨ | ૧૬૪૦૯.૫ |
| | | ૬૨.૦૪ | ૧૫.૫૩ | ૧.૭૨ | ૦.૪૫ | - | ૦.૫૭ | ૧૭.૨૭ | ૨.૪૨ | - | - | ૭.૪૩ | |
| ૯. | કુંવાર | ૧૨૬૬૭૭ | ૪૩૬૧૨ | ૮૭.૦૧ | - | ૫૪૧૩ | ૧૫૨૦ | ૧૫૨૮૧ | ૬૭૯૩ | - | ૨૫૧૫૭ | ૨૩૩૧૫૪ | ૧૪૫૭૨.૧૨ |
| | | ૫૪.૩૩ | ૧૮.૭૦ | ૩.૭૩ | - | ૨.૩૨ | ૦.૬૫ | ૬.૫૫ | ૨.૯૧ | - | ૧૦.૭૯ | ૫.૮૯ | |
| ૧૦. | પોપટપુરા | ૧૩૦૫૦૩ | ૩૯૫૦૭ | ૧૨૦૦૬ | ૩૩૮૧ | - | ૩૧૫૯ | ૪૫૩૬૬ | - | - | - | ૨૩૩૯૨૨ | ૧૫૫૯૪.૮ |
| | | ૫૫.૭૯ | ૧૬.૮૬ | ૫.૧૩ | ૧.૪૪ | - | ૧.૩૫ | ૧૯.૩૯ | - | - | - | ૮.૯૦ | |
| ૧૧. | કોદાળીયા | ૧૪૪૭૧૮ | ૬૨૮૬૧ | ૨૪૨૫૫ | - | ૧૧૦૧૪ | ૧૬૩૧ | ૩૩૬૧૭ | ૩૧૯૩ | - | ૧૩૯૩૯ | ૨૯૬૨૨૮ | ૧૮૫૧૪.૨૫ |
| | | ૪૮.૮૫ | ૨૧.૫૬ | ૮.૧૯ | - | ૩.૭૨ | ૦.૫૫ | ૧૧.૩૫ | ૧.૦૮ | - | ૪.૭૦ | ૭.૪૭ | |
| ૧૨. | માણકોલ | ૧૮૫૧૦૩ | ૪૩૬૮૯ | ૧૮૩૨૭ | ૩૦૦૭ | ૫૦૦૧ | ૧૫૧૭ | ૧૩૯૧૧ | ૭૪૫૨ | - | - | ૨૭૮૦૦૭ | ૧૮૫૩૩.૮ |
| | | ૬૬.૫૮ | ૧૫.૭૧ | ૬.૫૯ | ૧.૦૮ | ૧.૮૦ | ૦.૫૫ | ૫.૦૦ | ૨.૬૮ | - | - | ૭.૦૧ | |
| ૧૩. | નાનીદેવતી | ૧૮૦૪૭૪ | ૪૦૦૫૬ | ૨૩૦૦૮ | ૪૬૫૮ | ૧૦૭૨૦ | ૪૫૮૨ | ૪૬૨૬૮ | ૩૦૧૨ | ૭૧૯૨૨ | ૩૧૭૭૮ | ૪૧૬૪૭૮ | ૨૬૦૨૯.૯૦ |
| | | ૪૩.૩૩ | ૯.૬૨ | ૫.૫૨ | ૧.૧૨ | ૨.૫૭ | ૧.૧૦ | ૧૧.૧૧ | ૦.૭૨ | ૧૭.૨૭ | ૭.૬૩ | ૧૦.૫૦ | |
| | કુલ | ૨૦૪૮૪૩૭ | ૫૮૧૫૭૯ | ૧૭૫૨૨૩ | ૨૨૭૭૪ | ૮૨૩૪૩ | ૨૮૯૧૨ | ૫૮૭૬૦૯ | ૬૫૭૬૪ | ૨૩૨૯૯૮ | ૧૩૯૪૫૦ | ૩૯૬૫૦૯૦ | ૧૯૮૨૫.૪૫ |
| | | ૫૧.૬૬ | ૧૪.૬૭ | ૪.૪૨ | ૦.૫૭ | ૨.૦૮ | ૦.૭૨ | ૧૪.૮૨ | ૧.૬૬ | ૫.૮૮ | ૩.૫૨ | ૧૦૦.૦૦ | |

સંશોધન અભ્યાસમાં આવરી લીધેલ કુટુંબોની વાર્ષિક આવક આવકના સ્ત્રોતો મુજબ વર્ગીકૃત કરતા ફલીત થાય છે કે ખેતી દ્વારા સૌથી વધારે એટલે કે ૫૧.૬૬ ટકા જેટલી આવક મેળવાય છે. જ્યારે સૌથી ઓછી આવક એટલે કે ૦.૫૭ ટકા જેટલી આવક પશુપાલન દ્વારા મેળવવામાં આવે છે. આ ઉપરોક્ત કોષ્ટકમાં સંશોધન અભ્યાસનાં ગામોમાં મુખ્ય વ્યવસાય ખેતી છે. પરંતુ અપુરતો વરસાદ જમીનના ભાગલા, ઘાસચારાનો અભાવ વગેરે તેમજ દૂધ સરકારી મંડળીઓના માળખાની અછત, વાહનવ્યવહારની અપુરતી સુવિધા વગેરે જેવા પરિબળોના કારણે ખેતીના વ્યવસાયની સાથે પશુપાલનનો વ્યવસાય ગતિશીલ બનવો જોઈએ પરંતુ તેમ ન થતાં પશુપાલનની વાર્ષિક આવક તદ્દન ઓછી જણાય છે. બીજી બાજુ ખેતીના વ્યવસાય સાથે સંશોધન અભ્યાસના કુટુંબો વધુ સંકળાયેલા હોવાથી તેઓ ખેતમજૂરી માંથી પણ આવક મેળવે છે જે ૧૪.૬૭ ટકા જેટલી છે. કુટુંબના સમગ્ર સભ્યો ખેતીના વ્યવસાયની સાથે ન સંકળાઈ રહેતા શિક્ષણના અભાવના કારણે તેમજ સાણંદ તાલુકામાં અને આજુબાજુમાં આવેલી ફેક્ટરીઓમાં મજૂરી કરવાનું વલણ પણ તેમનામાં વિકસેલું દેખાય છે. જેમાંથી તેઓ ૧૪.૮૨ ટકા જેટલી આવક મેળવે છે. જ્યારે છૂટક મજુરી દ્વારા ૪.૪૨ ટકા, કડિયાકામ દ્વારા ૨.૦૮ ટકા, ઈંટો પાડવાના વ્યવસાય માંથી ૦.૭૨ ટકા, વેપારમાંથી ૧.૬૬ ટકા આવક મેળવે છે. ઓછું શિક્ષણ, રોજગારી મળવાની ઓછી સંભાવના, ગરીબી, અજાગૃતતા વગેરે જેવા પરિબળોના કારણે તેઓ સરકારી નોકરી તરફ ધીમું વલણ જોવા મળે છે જેમાંથી તેઓ ૫.૮૮ ટકા જેટલી આવક જોવા મળે છે જ્યારે અન્ય વ્યવસાયો જેવા કે ખાનગી નોકરી, માલ હેર ફેર વાહન વ્યવહારનો વ્યવસાય, રીક્ષા ચલાવવાનો વ્યવસાય, દલાલી વગેરે વ્યવસાયોમાંથી ૩.૫૨ ટકા જેટલી આવક મળે છે.

સંશોધન અભ્યાસના કુલ ૧૩ ગામોમાંથી સૌથી વધુ આવકનો હિસ્સો ધરાવતા ગામો નાની દેવતી ૧૦.૫૦%, વસોદરા ૧૦.૮૩%, સોયલા ૮.૩૪% અને પીપણ ૮.૨૫% જોવા મળે છે. જેની પાછળના પરિબળોમાં સરકારી નોકરી, ખેતીમાં પિયતની ઉપલબ્ધતા, વાહનવ્યવહારની સુવિધા અને નજીકમાં ઔદ્યોગિક એકમો વગેરે જવાબદાર છે. જ્યારે બાકીના મોટાભાગના ગામોમાં ઉપરોક્ત પરિબળો અને ઉપરકરણોની ઉણપ જોવા મળે છે.

## કોષ્ટક નં.૪.૧૩

## ઉત્તરદાતાનાં કુટુંબનો વાર્ષિક ખર્ચ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | ગામ | ખોરાક | કપડા / પગરખાં | શિક્ષણ | મુસાફરી | આરોગ્ય | વ્યસન | સામાજિક ધાર્મિક | મોજશોખ | અન્ય | કુલ | કુટુંબ દીઠ સરેરાશ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | પીંપણ | ૧૩૬૦૪૭<br>૩૮.૦૦ | ૨૮૬૪૧<br>૮.૦૦ | ૧૪૩૨૨<br>૪.૦૦ | ૧૭૯૦૧<br>૫.૦૦ | ૭૧૬૦<br>૨.૦૦ | ૧૦૭૪૦<br>૩.૦૦ | ૨૦૧૨૨<br>૧૪.૦૦ | ૩૨૨૨૧<br>૯.૦૦ | ૬૦૮૬૩<br>૧૭.૦૦ | ૩૫૮૦૧૭<br>૮.૪૨ | ૨૩૮૬૭.૮ |
| ૨ | સોયલા | ૧૪૨૮૫૮<br>૩૯.૫૦ | ૨૫૩૧૬<br>૭.૦૦ | ૧૨૬૫૮<br>૩.૫૦ | ૧૮૦૮૩<br>૫.૦૦ | ૭૨૩૩<br>૨.૦૦ | ૧૪૪૬૬<br>૪.૦૦ | ૪૭૦૧૬<br>૧૩.૦૦ | ૩૨૫૫૫<br>૯.૦૦ | ૬૧૪૮૩<br>૧૭.૦૦ | ૩૬૧૬૬૮<br>૮.૫૧ | ૨૪૧૧૧.૨ |
| ૩ | શીયાવાડા | ૧૨૯૪૬૨<br>૪૦.૦૦ | ૨૨૬૫૫<br>૭.૦૦ | ૯૭૦૯<br>૩.૦૦ | ૧૧૩૨૮<br>૩.૫૦ | ૬૪૭૩<br>૨.૦૦ | ૧૨૯૪૬<br>૪.૦૦ | ૪૬૯૩૪<br>૧૪.૫૦ | ૩૨૩૬૫<br>૧૦.૦૦ | ૫૧૭૮૪<br>૧૬.૦૦ | ૩૨૩૬૫૬<br>૭.૬૧ | ૨૧૫૭૭.૧ |
| ૪ | ચરલ | ૧૧૮૪૯૭<br>૪૦.૦૦ | ૧૭૭૫<br>૦.૬૦ | ૮૮૮૭<br>૩.૦૦ | ૧૪૮૧૨<br>૫.૦૦ | ૫૬૨૪<br>૨.૦૦ | ૮૭૮૭<br>૨.૯૭ | ૩૮૫૧૧<br>૧૩.૦૦ | ૨૩૬૯૯<br>૮.૦૦ | ૫૯૩૫૧<br>૨૦.૦૩ | ૨૯૬૨૪૩<br>૬.૯૭ | ૧૯૭૪૯.૫ |
| ૫ | વસોદરા | ૧૭૭૪૭૯<br>૩૭.૦૦ | ૩૮૩૭૩<br>૮૦૦ | ૧૯૧૮૬<br>૪.૦૦ | ૨૩૯૮૩<br>૫.૦૦ | ૯૫૯૩<br>૨.૦૦ | ૧૪૩૮૯<br>૩.૫૦ | ૬૭૧૫૨<br>૧૪.૫૦ | ૪૩૧૬૯<br>૯.૦૦ | ૮૬૩૩૯<br>૧૮.૦૦ | ૪૭૯૬૬૩<br>૧૧.૨૮ | ૨૯૯૭૮.૯ |
| ૬ | રસુલપુરા | ૧૧૪૮૦૬<br>૪૦.૦૦ | ૧૭૨૨૧<br>૫.૦૦ | ૧૧૪૮૦<br>૫.૦૦ | ૧૪૩૫૩<br>૪.૦૦ | ૫૭૦૨<br>૩.૦૦ | ૮૬૧૦<br>૩.૦૦ | ૪૦૧૮૨<br>૧૪.૦૦ | ૨૫૮૩૧<br>૯.૦૦ | ૪૮૭૯૨<br>૧૭.૦૦ | ૨૮૭૦૧૭<br>૬.૭૫ | ૧૯૧૩૪.૫ |
| ૭ | અમથાપુરા | ૧૧૩૮૭૯<br>૩૭.૯૯ | ૨૩૯૭૪<br>૮.૦૧ | ૧૧૯૮૭<br>૪.૦૦ | ૧૪૯૮૪<br>૫.૦૦ | ૫૯૯૪<br>૨.૦૦ | ૮૯૯૧<br>૩.૦૦ | ૪૧૯૫૬<br>૧૪.૦૦ | ૨૬૯૭૧<br>૯.૦૦ | ૫૦૯૪૬<br>૧૭.૦૦ | ૨૯૯૬૮૨<br>૭.૦૫ | ૧૯૯૭૮.૮ |

| ક્રમ | ગામ | ખોરાક | કપડા / પગરખાં | શિક્ષણ | મુસાફરી | આરોગ્ય | વ્યસનો | સામાજિક ધાર્મિક | મોજશોખ | અન્ય | કુલ | કુટુંબ દીઠ સરેરાશ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮. | ડરણ | ૧૧૧૨૧૮<br>૩૭.૦૦ | ૨૩૪૧૦<br>૮.૦૦ | ૧૪૬૩૪<br>૫.૦૦ | ૮૭૮૦<br>૩.૦૦ | ૫૮૫૪<br>૩.૦૦ | ૮૭૮૧<br>૨.૦૦ | ૩૮૦૪૮<br>૧૩.૦૦ | ૨૬૩૪૧<br>૯.૦૦ | ૫૫૬૦૯<br>૧૯.૯૦ | ૨૯૨૬૭૯<br>૬.૮૯ | ૧૮૨૯૨.૪ |
| ૯. | કુંવાર | ૯૩૨૬૪<br>૩૬.૦૦ | ૧૯૬૩૪<br>૧૧.૦૦ | ૯૮૧૭<br>૩.૦૦ | ૧૨૨૭૨<br>૫.૦૦ | ૪૯૦૯<br>૨.૦૦ | ૭૩૬૩<br>૩.૦૦ | ૩૪૩૬૦<br>૧૪.૦૦ | ૨૨૦૮૯<br>૯.૦૦ | ૪૧૭૨૩<br>૧૭.૦૦ | ૨૪૫૪૩૧<br>૫.૭૭ | ૧૫૩૩૯.૪ |
| ૧૦. | પોપટપુરા | ૧૧૧૪૬૨<br>૩૮.૦૦ | ૨૩૪૬૬<br>૮.૦૦ | ૧૧૭૩૩<br>૩.૦૦ | ૧૪૬૬૬<br>૪.૦૦ | ૫૮૬૬<br>૨.૦૦ | ૮૭૯૯<br>૪.૦ | ૪૧૦૬૬<br>૧૪.૦૦ | ૨૬૩૯૯<br>૯.૦૦ | ૪૯૮૬૫<br>૧૭.૦૦ | ૨૯૩૩૨૨<br>૬.૯૦ | ૧૯૫૫૪.૮ |
| ૧૧. | કોદાળીયા | ૧૧૩૧૮૯<br>૩૬.૫ | ૨૩૮૨૯<br>૮.૫૦ | ૨૧૯૧૫<br>૪.૦૦ | ૧૪૮૯૫<br>૫.૦૦ | ૫૯૫૭<br>૨.૦૦ | ૮૯૩૬<br>૨.૦૦ | ૪૧૭૦૧<br>૧૫.૦૦ | ૨૬૮૦૮<br>૯.૦૦ | ૨૦૬૩૭<br>૧૭.૦૦ | ૨૯૭૮૬૭<br>૭.૦૧ | ૧૮૬૧૬.૭ |
| ૧૨. | માણકોલ | ૧૦૯૪૪૬<br>૩૮.૦૦ | ૨૩૦૪૧<br>૮.૦૦ | ૧૧૫૨૧<br>૩.૦૦ | ૧૪૪૦૧<br>૩.૦૦ | ૫૭૬૧<br>૪.૦૦ | ૮૬૪૦<br>૪.૦૦ | ૪૦૩૨૨<br>૧૩.૦૦ | ૨૫૯૨૧<br>૯.૦૦ | ૪૮૯૬૨<br>૧૭.૦૦ | ૨૮૮૦૧૫<br>૬.૭૭ | ૧૯૨૦૧.૦ |
| ૧૩. | નાનીદેવતી | ૧૬૨૫૮૮<br>૩૯.૦૦ | ૩૪૨૨૯<br>૬.૦૦ | ૧૭૧૧૫<br>૫.૦૦ | ૨૧૩૯૩<br>૪.૦૦ | ૮૫૫૭<br>૩.૦૦ | ૧૨૮૩૫<br>૩.૦૦ | ૫૯૯૦૨<br>૧૪.૦૦ | ૩૮૫૦૮<br>૯.૦૦ | ૭૨૭૩૭<br>૧૭.૦૦ | ૪૨૭૮૬૪<br>૧૦.૦૭ | ૨૬૭૪૧.૫ |
|  | કુલ | ૧૬૩૪૧૯૫<br>૩૮.૪૪ | ૩૨૧૫૬૮<br>૭.૫૬ | ૧૬૪૯૬૪<br>૩.૮૮ | ૨૦૧૮૫૧<br>૪.૭૫ | ૮૫૦૨૩<br>૨.૦૦ | ૧૩૪૨૮૩<br>૩.૧૭ | ૫૮૭૨૭૨<br>૧૩.૮૧ | ૩૮૨૮૭૭<br>૯.૦૦ | ૭૩૯૦૯૧<br>૧૭.૩૯ | ૪૨૫૧૧૨૪<br>૧૦૦.૦૦ | ૨૧૨૫૫.૬૨ |

ઉપરોક્ત કોષ્ટક ઉપરથી ફલિત થાય છે કે સંશોધન અભ્યાસના ગામોમાં સૌથી વધુ ખર્ચ અનુક્રમે ખોરાક પાછળ ૩૮.૪૪ ટકા સામાજિક-ધાર્મિક વિધિ-વિધાનો પાછળ ૧૩.૮૧ ટકા અને અન્ય એટલે કે બળતણ, વ્યવસાય, મકાન ખરીદી, સમારકામ, જમીન ખરીદી, દેવાની ભરપાઈ વગેરે પાછળ ૧૭.૩૯ ટકા વાર્ષિક ખર્ચ થતો જોવા મળે છે. જ્યારે શિક્ષણ અને આરોગ્ય જેવી મૂળભુત પાયાની જરૂરિયાતો પાછળ અનુક્રમે ૩.૮૮ ટકા અને ૨.૦૦ ટકા જેટલો વાર્ષિક ખર્ચ કરે છે. વ્યસન અને મોજશોખ પાછળ અનુક્રમે ૩.૧૭ ટકા અને ૯.૦૦ ટકા જેટલાં નાણાં વ્યય થતાં જોવા મળે છે. જ્યારે કપડાં અને પગરખાં પાછળ ૭.૫૬ ટકા અને મુસાફરી પાછળ ૪.૭૫ ટકા જેટલો ખર્ચ કરે છે.

ઉપરોક્ત અંકો ઉપરથી જોઈ શકાય છે કે કોળી પટેલ સમાજમાં શિક્ષણ અને આરોગ્ય જેવી મૂળભૂત જરૂરિયાતો ને પ્રાધાન્ય ન આપતાં સામાજિક-ધાર્મિક ક્રિયાકાંડો, મોજશોખ, વ્યસન જેવી બાબતોને પ્રાધાન્ય મળતું જોવા મળે છે. આમ પરંપરાગત રૂઢિચુસ્ત સમાજ રૂપે કોળી સમાજની જ્ઞાતિ ઉપસી આવે છે. ભારતીય ગ્રામ વ્યવસ્થામાં બાહ્ય પરિબળો એ પોતાનું પ્રભુત્વ વધાર્યું છે. તે બાબત મોજશોખ પાછળના મોટાખર્ચનું કારણ ગણી શકાય. ઉપભોગતાવાદની પ્રભાવિતતા પણ આ સમાજને આકર્ષિ રહી છે.

સમષ્ટિમાં સમાવાયેલ તમામ ગામોમાં વાર્ષિક આવકના પ્રમાણમાં વધઘટ જોવા મળે છે. પરંતુ ખર્ચની દૃષ્ટિએ જોતા લગભગ બધાજ ગામોનું ખર્ચનું માળખું સરખું જોવા મળે છે.

અભ્યાસમાં જે ઉત્તરદાતાઓ લેવાયા છે તે શિક્ષણ અને સામાજિક સ્તરની દૃષ્ટિએ મધ્યમ વર્ગ કે તેથી નિમ્નવર્ગ ધરાવે છે. તેમની વિશિષ્ટ સામાજિક, સાંસ્કૃતિક વ્યવસ્થાને પરિણામે સ્ત્રી ઉત્તરદાતાઓ સામાજિકરણ વિશિષ્ટ રીતે થયું છે. તેથી આગળની ચર્ચામાં આપણે તેના સામાજિકરણની વિશિષ્ટ પરિસ્થિતિનો ખ્યાલ મેળવીશું.

કોળી પટેલ સમાજની મહિલાઓમાં શિક્ષણનું સ્તર નીચું છે, કુટુંબનું કદ મોટું છે અને સમાજની રૂઢિગત પરંપરાઓને તેઓ હાલ પણ વળગીને રહે છે. સરકારની મફત શિક્ષણની યોજનાની અસરોથી આ સમાજની સ્ત્રીઓમાં પણ શિક્ષણની શરૂઆત થઈ છે જે ઘણું સારું છે. ખેત/ખેતમજૂરીની કામગીરીમાં રોકાયેલ પુરૂષવર્ગનું પ્રમાણ વધારે છે. આકાશી ખેતીને કારણે તેમની જે મજૂરી છે તેની સામે તેમની આવક ઓછી છે. આવક કરતા ખર્ચ વધે છે અને તેથી આ સમાજના લોકો દેવામાં ડુબેલા જોવા મળે છે. કોળી સમાજની મહિલાઓ પણ સતત કામગીરી કરવા છતાં તેમના માટે આજની મોંઘવારી સાથે તાલ મેળવવો મુશ્કેલ છે.

## કોષ્ટક નં.૪.૧૪

## શિક્ષણ અને સંગઠનમાં  જોડાણ

| ક્રમ | શિક્ષણ | સંગઠનમાં જોડાણ | |
|---|---|---|---|
| | | હા | ના |
| ૧. | અભણ | ૧૪ | ૧૨૬ |
| ૨. | લખી વાંચી શકે તેવા | ૩૨ | ૦૦૮ |
| ૩. | પ્રાથમિક | ૦૯ | ૦૦૮ |
| ૪. | માધ્યમિક | ૦૧ | ૦૦૨ |
| | કુલ | ૫૬ | ૧૪૪ |

ઉપરોક્ત કોષ્ટકના આધારે દર્શાવી શકાય કે સંગઠનમાં જોડાયેલ કુલ ૫૬ બહેનો માંથી લખી વાંચી શકે એવી તેવી બ્હેનોનું પ્રમાણ ૫૭.૧૪% છે. જે સૌથી વધુ છે. જ્યારે માધ્યમિક સુધીનું શિક્ષણ મેળવેલી હોય તેવી બ્હેનોનું પ્રમાણ ૧.૭૯% છે. જે સૌથી ઓછું છે, જ્યારે અભણ બહેનોનું પ્રમાણ ૨૫% જોવા મળે છે. પ્રાથમિક સુધીનુ શિક્ષણ મેળવ્યુ હોય તેવી બહેનોનું પ્રમાણ ૧૬.૦૭% છે. આમ સંગઠનમાં જોડાવવા માટે શિક્ષણ એ મહત્વનું પરિબળ અથવા એકમ ગણાવી શકાય. જે તેમની વિચારસરણી ઉપર અસર કરતું પાસુ છે.

## કોષ્ટક નં.૪.૧૫

## ઉંમર અને સંગઠનમાં જોડાણ

| ક્રમ | ઉંમર | સંગઠનમાં જોડાણ | |
|---|---|---|---|
| | | હા | ના |
| ૧. | ૧૫ થી ૨૫ | ૧૧ | ૨૧ |
| ૨. | ૨૬ થી ૩૫ | ૩૭ | ૫૫ |
| ૩. | ૩૬ થી ૪૫ | ૦૬ | ૪૧ |
| ૪. | ૪૬ થી ૫૫ | ૦૨ | ૨૩ |
| ૫. | ૫૬ થી વધુ | -- | ૦૪ |
| કુલ | | ૫૬ | ૧૪૪ |

ઉપરોક્ત કોષ્ટક ઉપરથી સ્પષ્ટ થાય છે કે કુલ ૨૦૦ કુટુંબોમાંથી ૫૬ કુટુંબો એટલે કે ૨૮% કુટુંબો સંગઠનમાં જોડાયેલ છે. જ્યારે ૧૪૪ કુટુંબો એટલે કે ૭૨% સંગઠનમાં જોડાયેલા નથી જેમાં સૌથી વધુ ૨૬ થી ૩૫ વયની બહેનો સંગઠનમાં જોડાયેલ છે. જે સંગઠનમાં જોડાયેલી કુલ બહેનોના ૬૬.૦૭% છે. જ્યારે સૌથી ઓછી ૪૬ થી ૫૫ ની વયમર્યાદાવાળી બહેનો છે. કે જે ૩.૫૭% છે. જ્યારે ૧૫ થી ૨૫ ની વયમર્યાદા ૧૯.૩૪%, ૩૬ થી ૪૫ ની વયમર્યાદામાં ૧૦.૭૧% બહેનો સંગઠનનું સભ્યપદ ધરવાતી જોવા મળે છે.

આમ બહેનોની સંગઠનમાં જોડાવવાની ઉંમર ૨૬ થી ૩૫ વર્ષ સુધીની સૌથી વધુ જોવા મળે છે. જે વ્યવસાય, શિક્ષણ અને કામ કરવાની સક્રિય તકના કારણે જોવા મળે છે.

પિતૃસત્તાક સમાજને કારણે શહેરી વિસ્તાર કે ગ્રામીણ વિસ્તારમાં રહેતી મહિલાનું જીવન ઘરકામ સાથે વણાયેલું હોય છે. ઉપરાંત ઘરની આર્થિક સ્થિતિને સધ્ધર બનાવવા માટે તે બહાર કામ પણ કરે છે, આમ તે બેવડી ભૂમિકા ભજવે છે. આર્થિક ઉપાર્જન માટે શહેરમાં રહેતી શિક્ષિત મહિલા એ નોકરી કરે છે, જ્યારે ગ્રામીણ મહિલા છૂટક મજૂરી કે ખેતમજૂરી વગેરે કરતી હોય છે.

સાણંદ વિસ્તારના ગામોની આ બહેનો પણ ઘરકામ, બાળ ઉછેર ઉપરાંત ઘરની આર્થિક સ્થિતિ સુધરે એ માટે પ્રયત્ન કરતી જોવા મળેલ છે.

# પ્રકરણ-૫
# કોળી પટેલ મહિલાઓની સામાજિક આર્થિક જાગૃતિ

★ પ્રસ્તાવના

★ આર્થિક સ્વાતંત્ર

★ ગૃહકાર્યમાં પુરૂષોની ભાગીદારી અને ગૃહકાર્યની ઓળખ

★ શિક્ષણ પ્રત્યેની અભિરૂચિ

★ પ્રસાર માધ્યમોનો ઉપયોગ અને અસર

★ સામાજિક-ધાર્મિક રીત-રિવાજોમાં સ્ત્રી

- ઋતુસ્રાવ
- લગ્ન ઉંમર
- દહેજ પહેરામણી
- લગ્ન વિચ્છેદ
- સ્ત્રી-પુરૂષ પસંદગીના ધોરણો
- કન્યા વિક્રય
- વિધવા વિવાહ

★ જ્ઞાતિપંચ અને તેના કાર્યો

★ સ્ત્રીઓની નિર્ણયમાં ભાગીદારી

**પ્રસ્તાવના :**

મનુષ્ય વિશાળ માનવસમાજનો સભ્ય છે. એક સામાજિક માનવી તરીકે એણે જે તે સમાજમાંથી પ્રતિષ્ઠિત માન્યતાઓ, વિધિ-નિષેધો, રીતિરિવાજો, ટેવો, જ્ઞાન-કલા સાહિત્યનો વારસો મેળવ્યો છે. આ સાંસ્કૃતિક પરિપાટી એના જીવન ઘડતરમાં, જીવનશૈલીમાં તેમજ વર્તનવ્યવહારમાં સતત પ્રતિબિંબિત થતી હોય છે એ જ એની આગવી અને અગમ્ય ઓળખ બને છે. સામાજિકરણની પ્રક્રિયા દ્વારા વ્યક્તિને આ આગવી ઓળખ પ્રાપ્ત થાય છે. સંસ્કૃતિ અને અત્યંત વ્યાપક અને સંકુલ ખ્યાલ છે.

સમાજશાસ્ત્રીઓના મતે કોઈપણ સમાજનો વિકાસ તપાસવો હોય તો તે સમાજમાં સ્ત્રીઓનું શું સ્થાન છે? તે પહેલું તપાસવું. તેના પરથી તે સમાજ કેટલો વિકાસશીલ છે તે જોઈ શકાય પછી તે સુધરેલો હોય કે પછાત હોય, સવર્ણોનો હોય કે પછી નિમ્ન ગણાતી જ્ઞાતિઓનો હોય, કારણ સ્ત્રીઓ હંમેશ દરેક સમાજમાં એક અલગ, આગવા સ્વરૂપે જ જોવા મળી છે પછી તે કોઈપણ સમાજની હોય.

વિકાસનો પ્રશ્ન અને એમાંએ ખાસ કરીને સ્ત્રીઓનો સમાજમાં આર્થિક ફાળો આજે પણ ચર્ચાનો વિષય છે. ૧૯૬૦ થી સંયુક્ત રાષ્ટ્રસંઘની આગેવાની હેઠળ વિવિધ અભિગમોને અમલમાં મૂકવામાં આવ્યા હતા. વિકાસની યોજનામાં સ્ત્રીઓની સદંતર અવગણના કરવામાં આવતી હતી. ઉત્પાદનનાં સંસાધનો ઉપર પણ તેમણે કોઈ જ અંકુશ મેળવ્યો નથી. પરંપરાગત સમાજમાં પુરૂષોના આધિપત્યમાં તેઓનું સ્થાન સીડીના છેલ્લા પગથિયે છે અને તેમ છતાં તેઓ ખેતીપ્રધાન સમાજમાં વસતિનો સૌથી મહત્ત્વનો હિસ્સો સ્ત્રી અને પુરૂષ એ બંને અલગ અલગ વ્યક્તિત્વ ધરાવે છે. સમાજમાં બન્નેનું સરખું જ મહત્ત્વ હોવું જોઈએ પરંતુ વાસ્તવિક રીતે સામાજિક, આર્થિક કે શિક્ષણના ક્ષેત્રે ખૂબ જ ભિન્નતા જોવા મળે છે.

સ્ત્રી-પરૂષ કાર્ય અસમાનતા અંગે એક દાયકા પહેલાં સંયુક્ત રાષ્ટ્ર સંઘના નીચે મુજબના આંકડાઓ રજૂ કરેલ જે પરિસ્થિતિ સ્પષ્ટ કરે છે. (''આનંદી'' વર્ષ : ૨૦૦૩)

૧. સ્ત્રીઓ દુનિયાના કુલ કામના ૬૭% કામ કરે છે.

૨. સ્ત્રીઓ દુનિયાના કુલ કામના ૧૦% આવક મેળવે છે.

૩. સ્ત્રીઓ દુનિયાની કુલ મિલકતોના ૧% જેટલી મિલકત ધરાવે છે.

આમ સ્ત્રી અને પુરૂષ બંને ઉત્પાદન કાર્ય અને સામાજિક જીવનમાં પોતાની ભૂમિકા ભજવે છે છતાં સ્ત્રીઓનો ફાળો ઔપચારિક ગણાય છે.

એંગલ્સે દર્શાવ્યું છે તેમ સમાજ માટે બે જ આધારશીલાઓ હોય છે, ઉત્પાદન અને સંતાનોત્પતિ. આમ નવજીવન અને જીવન ટકાવવાની ભૌતિક જરૂરિયાતો બંનેની પ્રણેતા સ્ત્રી છે.

ઉત્પાદક કામમાં જોવા લાયક વયજૂથમાં આવતી ભારતની વસતિમાં દર હજારે પરૂષે માત્ર બસો દસ સ્ત્રીઓ બહાર જઈ આર્થિક ઉપાર્જન કરે છે. (સેન્સસ - ૧૯૯૧) ગૃહકાર્યને ઉત્પાદકશ્રમ ગણવામાં આવતો નથી. આથી જ મોટાભાગની ભારતીય ગ્રામીણ નારી આર્થિક ક્ષેત્રે પુરૂષને આધીન જીવતી જ ગણાય.

દસમી પંચવર્ષીય યોજના(૨૦૦૨-૨૦૦૭) એ સામાજિક-આર્થિક પરિવર્તનના માધ્યમ તરીકે 'સ્ત્રીઓને અધિકાર સંપન્ન કરવાની દિશામાં મુખ્ય પ્રતિબધ્ધતા દર્શાવી. કુટુંબમાં અને સમાજમાં લૈંગિક અસમાનતાને કારણે સ્ત્રીઓનું સ્વાતંત્ર્ય ઘણીવાર છીનવાઈ જાય છે તેમ જણાવાયું હતું. ભારતને વસતિશાસ્ત્રની દૃષ્ટિએ જોઈએ તો ઘણી અસમાનતા છે. ૨૦૦૧ ની વસતિ ગણતરીમાં સ્ત્રીઓની સંખ્યા ૪૯૬૪૫૩૫૫૬ ની છે. જ્યારે પુરૂષોની સંખ્યા ૫૩૨૧૫૬૭૭૨ છે.

સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું હોવું, નબળું આરોગ્ય વગેરે માટે લોકમાનસમાં રહેલી પિતૃસત્તાક સમાજની માનસિકતા કામ કરે છે. આ મનોવલણમાં પરિવર્તન આવશે તો જ સ્ત્રીઓના માન, મોભો કે તે અધિકાર સંપન્નતા કરી શકશે.

૨૦૦૧માં ભારતમાં પરૂષની સાક્ષરતા દર ૭૫.૮૫% ની તુલનામાં સ્ત્રી સાક્ષરતા દર ૫૫.૧૦% હતી. અને આપણે ગુજરાતનો સાક્ષરતા દર ૬૯.૦૧ છે. પુરૂષ સાક્ષરતાનો દર જોઈએ તો ૭૯.૦૭ છે. સ્ત્રી સાક્ષરતાનો દર ૫૭.૦૮ છે. સાણંદનો પુરૂષ સાક્ષરતાનો દર ૭૭.૧% છે. જ્યારે મહિલાઓનો ૪૫.૭% જેટલો છે. તાલુકાનો કુલ સાક્ષરતાનો દર ૬૨.૧% છે. આમ સ્ત્રી-પુરૂષના સાક્ષરતા દર જોઈએ તો ઘણો મોટો તફાવત જોવા મળે છે. આ તફાવતની અસર તેના આર્થિક, સામાજિક પરાવલંબન પર પડ્યા વિના રહેતી નથી. સ્ત્રીના આર્થિક પરાવલંબનની સીધી અસર તેના કુટુંબનાં મહત્ત્વનાં નિર્ણયોની ભાગીદારી ઉપર પણ પડે છે.

સામાન્યતઃ સ્ત્રીઓને કુટુંબમાં આર્થિક રીતે બોજારૂપ ગણવામાં આવે છે. ભારતમાં કુટુંબના વડા તરીકેનું સ્થાન ૧૦% જેટલા જ કુટુંબોમાં સ્ત્રીઓનું જોવા મળે છે. કુટુંબોમાં જમીન કે અન્ય સ્થાવર માલમિલ્કતની માલિકી ઉપર મુખ્યત્વે કુટુંબના પુરૂષ વ્યક્તિઓનું જ નામ જોવા મળે છે. (યોજના, ૨૦૦૫, ચટ્ટોપાધ્યાય અરૂંધતિ)

પ્રસ્તુત પ્રકરણમાં કોળી પટેલ સ્ત્રીઓની સામાજિક, આર્થિક જાગૃતિનો અભ્યાસ કરવાનો મુખ્ય હેતુ સંશોધકનો એ છે કે સામાજિક-આર્થિક પરિસ્થિતિ તેના સ્થાન અને ભૂમિકા - દરજ્જાઓ ઉપર શું અસર વર્તાવે છે.

## કોષ્ટક નં.૫.૧

## મિલ્કતની વિગત

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | મિલ્કત ધરાવે છે. | ૭૬ | ૩૮.૦૦ |
| ૨. | મિલ્કત ધરાવતા નથી | ૧૨૪ | ૬૨.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોષ્ટકને આધારે જોઈ શકાય છે કે કુલ ઉત્તરદાતાઓમાંથી ૭૬ ઉત્તરદાતાઓને પોતાના નામે મિલ્કત છે એટલે કે ૩૮% ઉત્તરદાતા પાસે મિલ્કત પોતાના નામે છે જ્યારે ૬૨% ઉત્તરદાતાઓને પોતાના નામે કોઈ મિલ્કત નથી. આ ૬૨% ઉત્તરદાતાઓ એટલે કે ૧૨૪ ઉત્તરદાતાઓ ને પોતાના કુટુંબના અન્ય સભ્યોના નામે કે વડીલ પુરૂષ કે વડીલ સ્ત્રીના નામે મિલ્કત છે તેવું જોવા મળે છે.

## કોષ્ટક નં.૫.૨

## મિલ્કતનો પ્રકાર

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ખેતી લાયક જમીન | ૨૦ | ૨૬.૩૧ |
| ૨. | મકાન | ૪૪ | ૫૭.૯૦ |
| ૩. | બેંક બેલેન્સ | ૧૨ | ૧૫.૮૦ |
| ૪. | દાગીના | ૩૬ | ૪૩.૩૭ |
| | કુલ | ૭૬ | |

★ એક કરતા વધારે પ્રકારની મિલ્કત સ્ત્રી નામે જોવા મળી હતી.

ઉપરોક્ત કોષ્ટકને આધારે જોઈ શકાય છે કે કુલ ઉત્તરદાતામાંથી ૭૬ ઉત્તરદાતાઓ પાસે મિલ્કત જોવા મળે છે તેમાંથી ૨૦ ઉત્તરદાતાઓ પાસે પોતાના નામે ખેતીલાયક જમીન જોવા મળે છે. જ્યારે બીજા ૪૪, ૧૨ અને ૩૬ ઉત્તરદાતાઓ પાસે મિલ્કતમાં અનુક્રમે મકાન, બેંક બેલેન્સ અને દાગીના પોતાના નામે જોવા મળ્યા છે.

શહેરી સમાજ હોય કે ગ્રામીણ સમાજમાં આર્થિક સત્તા મોટે ભાગે પુરૂષો ભોગવતા જોવા મળ્યા છે. સ્ત્રીઓ પોતે બેવડી ભૂમિકા ભજવતી હોય છે. આર્થિક ઉપાર્જન કરીને પોતે પોતાની જરૂરિયાત મુજબના નાણાં પોતાની પાસે રાખે પણ છે. પરંતુ કુટુંબની મોટાભાગની મિલ્કત પુરૂષો પાસે હોય છે. આ જ હકીકત  એ પિતૃસત્તાક સમાજનું લક્ષણ સુચવે છે.

**કોષ્ટક નં.૫.૩**

**આવક-ખર્ચની સત્તા**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | કમાનાર મોટા પુત્ર પાસે | ૨૦ | ૧૦.૦૦ |
| ૨. | વડીલ સ્ત્રી પાસે | ૩૬ | ૧૮.૦૦ |
| ૩. | વડીલ પુરૂષ પાસે | ૧૦૮ | ૫૪.૦૦ |
| ૪. | પોતાની પાસે | ૩૬ | ૧૮.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ |

ઘરનો સંયુક્ત મુખ્ય વ્યવસાય ખેતી હોવાને કારણે મોટાભાગની કમાણી ઘરમાં ભેગી જોવા મળે છે. દરેક સભ્ય ખર્ચ માટે ઘરના વડીલ પુરૂષો પાસે નાણાં માંગતા હોય છે. ૫૪% એટલે કે ૧૦૮ ઉત્તરદાતાના ઘરમાં મુખ્ય કમાણી ઘરના પુરૂષ પાસે હોય છે. જ્યારે ૩૬ એટલે ૧૮% ઉત્તરદાતાઓના ઘરની કમાણી વડીલ સ્ત્રી પાસે રાખતા જોવા મળે છે. આ સિવાય ૩૬ ઉત્તરદાતાઓ તેમની કમાણી પોતાની પાસે રાખે છે.

આ પરથી સાબિત થાય છે કે પુરૂષપ્રધાન સમાજમાં સ્ત્રીઓ મજુરી કામ કરતી હોવા છતાં કમાણીનો મુખ્ય હિસ્સોતો પુરૂષો પાસે જ રહે છે. સ્ત્રીઓ જરૂરિયાત મુજબ પોતાની ઈચ્છા હોય અને ખર્ચ કરવો હોય તો વડીલો પાસેથી માંગી લે છે.

## કોષ્ટક નં.૫.૪

## ઈચ્છા મુજબ ખર્ચ કરવાની સત્તા

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ઈચ્છા મુજબ ખર્ચ કરી શકે છે. | ૯૬ | ૫૨.૦૦ |
| ૨. | ઈચ્છા મુજબ ખર્ચ કરી શકતા નથી | ૧૦૪ | ૪૮.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ |

સમગ્ર ઉત્તરદાતાઓમાંથી મોટાભાગના ઉત્તરદાતા ખેતમજુરી, છુટક મજુરી કરી આર્થિક ઉપાર્જન કરે છે. ઉપરાંત ઘરના અન્ય સભ્યોને આર્થિક ઉપાર્જન કરતા હોય તેમાંથી તેમને નાણાં મળે છે જેમાં ૯૬ ઉત્તરદાતા એટલે ૫૨% ઉત્તરદાતાઓ પોતાની મરજી મુજબ ખર્ચ કરી શકે છે. જ્યારે ૪૮% એટલે ૧૦૪ ઉત્તરદાતા પોતે મરજી મુજબ ખર્ચ કરી શકતા નથી.

આ ઉપરથી સાબિત થાય છે કે ગ્રામીણ સમાજમાં રહેતી બહેનો મજુરી કામ કરીને પોતાની જરૂરિયાત મુજબ ખર્ચ કરી શકે છે.

પ્રાચીન સમયથી જ સ્ત્રીઓની ભૂમિકા માત્ર ઘર સાથે જ સંકળાયેલ જોવા મળી છે. ઉત્તરોતર તેની ભૂમિકા તેમજ દરજ્જામાં ચઢાવઉતાર આવ્યા છે. આ સાથે જ બહેનોની પોતાની માન્યતામાં પણ બદલાવ જોવા મળે છે.

પરિવારના સભ્યો તેની ઉપેક્ષા કરે તે તેને ગમતુ નથી. પોતે શિક્ષિત ન હોવા છતાં આ માન્યતામાં બદલાવ આવ્યો હોય એવું જોવા મળેલ છે.

સમગ્ર ઉત્તરદાતાઓમાંથી ૭૬% ઉત્તરદાતાઓ તેઓ તેમના ઘરમાં તેમણે કરેલ ઘરકામની ગણતરી કુટુંબનાં સભ્યો કરે તેવુ ઈચ્છે છે. જ્યારે ૪૮ ઉત્તરદાતા એટલે ૨૪% ઉત્તરદાતા એવુ માને છે કે આદર્શ ગૃહિણી તરીકેની ગણતરી થાય કે ન થાય, કામ કરવું એ સ્ત્રીની ફરજ છે. સ્ત્રીનાં કામની કોઈ ગણતરી કરતું નથી આપણો અવતાર એવો છે એટલે કામ કરીએ એવું બહેનો જણાવતી હોય છે.

શહેરી સમાજમાં સ્ત્રી આર્થિક ઉપાર્જન માટે નોકરી કરતી હોય છે આ સાથે જ ઘરકામ પણ કરતી હોય છે પરંતુ તેના આ કામની ઉપેક્ષા ન થાય એ પણ ઈચ્છા તે ધરાવતી હોય છે જ્યારે ગ્રામીણ અલ્પ શિક્ષિત સમાજમાં સ્ત્રી ઘરકામને તેના જીવન સાથે જ ગૂંથી લેતી જોવા મળે છે. પોતાના દિનચર્યા ઘરના કામથી જ શરૂ થાય છે. ઉપરાંત ખેતરનું કામ પણ કરતી હોય છે. ઘરમાં જેઠ જેઠાણી કે સાસુ સસરા રહેતા હોય છે. આમ ભેગું હોય તો સ્ત્રીઓ આખો દિવસ ઘરમાં કામ કરતી હોય છે. જો ખેતી

હોય તો તેની ખેતર પર જવાનુ કામ પણ કરે છે છતાં તેના કામની કોઈ ગણે છે કે નહિ તેની પરવા રાખતી નથી.

**કોષ્ટક નં.૫.૫**

**કામની ગણતરી કયા સ્વરૂપે સ્વીકારાય તેમ ઈચ્છે છે**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | સારી ગૃહિણી | ૨૬ | ૧૭.૧૦ |
| ૨. | કુટુંબના સભ્યો સારું વર્તન કરે | ૩૪ | ૨૨.૩૬ |
| ૩. | અમારા વખાણ કરે - જશ આપે - મારે નહી | ૬૬ | ૪૩.૪૨ |
| ૪. | મહત્ત્વનાં નિર્ણયોમાં ભાગીદારી મળે | ૩૭ | ૨૪.૩૪ |
| | કુલ | ૧૫૨ | |

★ એક કરતા વધારે જવાબ મળ્યા છે.

ઉપરની માહિતી જોતા જણાય છે કે ૬૬ ઉત્તરદાતા સ્ત્રીઓ પોતે આખો દિવસ જે કામ કરે તેના બદલામાં કુટુંબના સભ્યો પાસે સારા વ્યવહારની આશા રાખે છે. ઉપરાંત તેઓને કુટુંબનાં મહત્ત્વનાં નિર્ણયોમાં ભાગીદારી મળે - તેઓની ગણતરી સારી ગૃહિણી તરીકે થાય કે અન્ય સભ્યોનું તેઓ પ્રત્યેનું વલણ સારું રહે તેનાથી ઉત્તરદાતાઓ સંતુષ્ટ બને છે. આમ સામાન્ય વર્ગની ભારતીય સ્ત્રીની અપેક્ષાઓ હક્કો કરતાં લાગણી જેવી ભાવનાત્મક બાબતોને પ્રાધાન્ય આપતી જોવા મળે છે.

**કોષ્ટક નં.૫.૬**

**વસ્તુ ખરીદવા માટેનાં આધારિતપણાંની વિગતો**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | આધારિત છે. | ૯૬ | ૪૮ |
| ૨. | આધારિત નથી | ૧૦૪ | ૫૨ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

પોતાની જરૂરીયાત પ્રમાણે વસ્તુ ખરીદવા માટે ૯૬ ઉત્તરદાતાઓએ બીજાને પૂછવું પડે છે. પોતાની જરૂરિયાતની વસ્તુ ખરીદવા બીજાને પૂછવું પડે છે જેમાં તેઓને ઘરના વડીલ સ્ત્રી-પુરૂષને પૂછવુ પડે છે, જ્યારે ૧૦૪ ઉત્તરદાતાઓ પોતાની જરૂરિયાતની વસ્તુ ખરીદવા માટે કોઈની પરવાનગી લેવી પડતી નથી. તેઓ પોતાની ઈચ્છા અનુસાર જરૂરિયાત પ્રમાણે વસ્તુની ખરીદી કરી શકે છે.

ખરીદી માટે મોટેભાગે પરણિત ઉત્તરદાતાઓ પોતાના પતિની પરવાનગી લે છે. જે પિતૃસત્તાક સમાજ વ્યવસ્થાની માનસિકતા સૂચવે છે.

**કોષ્ટક નં.૫.૭**

**ઘરકામમાં પુરૂષોની મળતી મદદ**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | મદદ કરે છે. | ૧૨૦ | ૬૦.૦૦ |
| ૨. | મદદ કરતા નથી | ૮૦ | ૪૦.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટકને આધારે માલૂમ પડે છે કે કુલ ઉત્તરદાતામાંથી ૧૨૦ ઉત્તરદાતાઓ જણાવે છે કે પુરૂષો તેમને કામમાં મદદ કરે છે, જ્યારે ૮૦ ઉત્તરદાતાઓ ને પુરૂષો તેમના કામમાં મદદ કરતા નથી. આમ આ ઉપરથી જોઈ શકાય છે કે કોળી પટેલ સમાજમાં સ્ત્રી-પુરૂષો સાથે કામ કરે છે.

**કોઠા નં.૫.૮**

**મદદનો પ્રકાર**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | બાળકોને સાચવવામાં | ૨૫ | ૨૦.૮૩ |
| ૨. | રસોઈ કામમાં | ૦૭ | ૫.૮૩ |
| ૩. | સાફ-સફાઈ | ૧૯ | ૧૫.૮૩ |
| ૪. | ઢોર સાચવવા | ૨૭ | ૨૨.૫૦ |
| ૫. | સામાજિક પ્રસંગોમાં | ૬૭ | ૫૫.૮૩ |

★ એક થી વધુ જવાબો

ઉપરોક્ત કોષ્ટક પરથી જોવા મળે છે કે કુલ ઉત્તરદાતામાંથી જે ૧૨૦ ઉત્તરદાતાઓને પુરૂષ કામમાં મદદ કરે છે તેમાંથી ૨૫ ઉત્તરદાતાઓને એટલે કે ૨૦.૮૩% ને બાળકો સાચવવામાં મદદ કરે છે જ્યારે રસોઈ કામમાં, સાફ સફાઈમાં, ઢોર સાચવવામાં અનુક્રમે ૭, ૧૯ અને ૨૭ ઉત્તરદાતાઓને પુરૂષો કામમાં મદદ કરે છે. જ્યારે ૬૭% ઉત્તરદાતાઓને પુરૂષો સામાજિક કામમાં મદદ કરે છે. એટલે કે કુલ ઉત્તરદાતાઓમાંથી ૫૫.૮૩% ઉત્તરદાતાઓને પુરૂષો સામાજિક કાર્યોમાં મદદરૂપ બને છે.

## કોષ્ટક નં.૫.૯

## બાળકોનાં અભ્યાસમાં અભિરૂચિ

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | બાળકોને અભ્યાસમાં મદદરૂપ થાય છે. | ૧૪૮ | ૭૪.૦ |
| ૨. | બાળકોને અભ્યાસમાં મદદરૂપ થતા નથી | ૫૨ | ૨૬.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટકને આધારે જોઈ શકાય છે કે કુલ ઉત્તરદાતાઓમાંથી ૧૪૮ ઉત્તરદાતાઓ એટલે કે ૭૪% ઉત્તરદાતાઓ પોતાના કુટુંબના બાળકોને ભણાવે છે. જ્યારે ૫૨ ઉત્તરદાતાઓ એટલે કે ૨૬% પોતાના બાળકોને ભણાવતા નથી. આ ઉપરથી કહી શકાય કે કોળી પટેલ સમાજમાં આજે પણ શિક્ષણ પ્રત્યે કાળજી રાખતા નથી કે તે પ્રત્યેની અભિરૂચિ વાલી તરીકેની કેળવાયેલ નથી.

બાળકોને સામાન્ય રીતે ભણવા મૂકવાની ઉંમર વિશે પૂછતાં જે ઉત્તરદાતાઓ(૧૪૮) બાળકોને ભણવા મોકલે છે. તેઓના મંતવ્ય જોઈએ તો ૬ વર્ષની ઉંમરે ૯૬% વાલીઓ તેમને ભણવા મૂકે છે. જ્યારે ૪% લોકો ૫ વર્ષની ઉંમરે પોતાના બાળકોને શાળામાં નામ દાખલ કરાવે છે. માત્ર નામ દાખલ કરે અને બાળક શાળાએ ન પણ જતું હોય તેવું પણ જોવા મળે છે.

## કોષ્ટક નં.૫.૧૦

## બાળકોને શિક્ષણ ન આપવાના કારણો

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | નાના બાળકોને સાચવવાના હોવાથી | ૫૨ | ૨૬.૦૦ |
| ૨. | ખેતી / ઘરકામમાં મદદની જરૂર હોવાથી | ૪૮ | ૨૪.૦૦ |
| ૩. | છોકરીઓને ભણાવવાનું જરૂરી નથી | ૭ | ૩૫.૦૦ |
| ૪. | બાળકને ભણાવવું જરૂરી લાગતુ નથી | ૫ | ૨.૫૦ |
| ૫. | નબળી આર્થિક પરિસ્થિતિ | ૧૪ | ૭.૦૦ |
| | કુલ | ૫૨ | |

★ એકથી વધુ જવાબો મળેલ છે.

ઉપરોક્ત કોષ્ટકને આધારે જોઈ શકાય છે કે કોળી સમાજમાં બાળકોને શિક્ષણ ન આપવાના

કારણોમાં વ્યવસાય કરી શકે તેવા સ્ત્રી-પુરૂષ કામે જતા હોવાથી નાના બાળકોને સાચવણી મોટા બાળકના સિરે હોય છે. જેના કારણે શિક્ષણ ન લેતા હોય તેવા બાળકોનું પ્રમાણ ૨૬% છે. ખેતી, ઘરકામમાં જરૂરી મદદ માટે ૨૪%, તેમજ છોકરીઓને ભણાવવાનું જરૂરી નથી તેવુ વલણ ૩.૫૦% અને નબળી આર્થિક પરિસ્થિતિને લીધે બાળકને ન ભણાવતા ૭% ઉત્તરદાતાઓ જોવા મળે છે. આમ કોળી સમાજમાં સ્ત્રીઓ પ્રત્યેની સભાનતા, જાગૃતતા ઓછી છે. પોતાના બાળકો અક્ષરજ્ઞાન માત્ર મેળવે એવુ ઈચ્છે છે. પરંતુ કોઈ ડીગ્રી મેળવે કે બહાર શહેરમાં જઈને ભણે એવું ઈચ્છતા નથી. પોતે એમજ માને છે કે અમારી જાતને વળી ભણીને શું કરવુ આખરે તો મજુરી જ કરવાની છે.

વ્યક્તિના વ્યક્તિત્વનું ઘડતર કુટુંબ અને શિક્ષણ સંસ્થા દ્વારા થાય છે. બાળક નાનું હોય ત્યારે કુટુંબ તેનું ઘડતર કરે છે. જ્યારે થોડું મોટુ થતા શિક્ષણ સંસ્થા દ્વારા સમાજની જરૂરિયાત પ્રમાણે વ્યક્તિનું ઘડતર થાય છે. સમાજનો સભ્ય/નાગરિક બનાવે છે. આમ શિક્ષણ એ સામાજિકરણની પ્રક્રિયામાં મહત્વની ભૂમિકા ભજવે છે. આમ કુટુંબો વડીલો શિક્ષણ પ્રત્યે સજાગ કે જાગૃત હોય તેની અસર બાળકો ઉપર પડે જ છે. આપણે અગાઉ જોયુ તેમ ગ્રામ્ય સમાજમાં કુટુંબોનું શિક્ષણનું સ્તર ઓછુ છે. પ્રમાણ આપણે ખાસ જોવું જ જોઈએ. એમાંય ખાસ કરીને કન્યાઓના શિક્ષણનો વ્યાપ વધારવા માટે કુટુંબીજનોનાં શું વણલ છે, એ જોવા માટે અહિં પ્રયત્ન કર્યો છે જેની વિગત નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

## કોષ્ટક નં.૫.૧૧

## ઉત્તરદાતાઓ છોકરીઓને ભણાવે છે કે નહિ તેની વિગત

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | છોકરીઓને ભણાવે છે | ૧૧૬ | ૫૮.૦૦ |
| ૨. | છોકરીઓને ભણાવવા માંગતા નથી | ૮૪ | ૪૨.૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

કુલ ઉત્તરદાતામાંથી ૧૧૬ ઉત્તરદાતાઓ પોતાના કુટુંબની છોકરીઓને ભણાવે છે અથવા શાળાએ મોકલે છે જ્યારે ૮૪ ઉત્તરદાતાઓ પોતાના કુટુંબની છોકરીઓને ભણવા શાળાએ મોકલતા નથી. આ ઉપરથી કહી શકાય છે કે આજે આટલા વર્ષો પછી પણ સ્ત્રી-પુરૂષમાં તફાવત રાખવામાં આવે છે. વળી આ વિસ્તાર શહેરી વિસ્તારની નજીક હોવા છતાં પણ આવું જોવા મળે છે જે દર્શાવે છે કે આ સમજમાં આજે પણ સ્ત્રીનું મહત્વ ઓછું જોવા મળે છે. એટલે કે સ્ત્રીનું મહત્વ ઘરકામ અથવા મજૂરી માટે જ આંકવામાં આવે છે.

## કોષ્ટક નં.૫.૧૨

## છોકરીઓને શા માટે ભણાવવી જોઈએ - અભિપ્રાયો

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ભણવાથી તેનો વિકાસ થશે તે જાગૃત બનશે | ૯૬ | ૮૨.૭૬ |
| ૨. | લગ્ન કરવામાં મુશ્કેલી નહી પડે | ૭૭ | ૬૬.૩૮ |
| ૩. | સમાજમાં બધા ભણાવતા હોવાથી | ૧૧ | ૯.૪૮ |
| | કુલ | ૧૧૬ | |

★ એક થી વધારે જવાબો મળેલ છે.

કુલ ઉત્તરદાતામાંથી ૧૧૬ ઉત્તરદાતાઓ છોકરીઓને ભણવા માટે શાળાએ મોકલે છે જેના તેઓ જુદા-જુદા કારણો દર્શાવે છે. જેમાં મુખ્ય કારણ એ છે કે ભણવાથી તેનો વિકાસ થશે અને જાગૃત બનશે આવુ કુલ ૧૧૬ ઉત્તરદાતામાંથી ૯૬ ઉત્તરદાતા એટલે કે ૮૨.૭૬% ઉત્તરદાતાઓ માને છે.

જ્યારે બીજા કારણોમાં લગ્ન કરવામાં મુશ્કેલી નહી પડે તેવું ૭૭ કુટુંબો / ઉત્તરદાતાઓ માને છે, જ્યારે સમાજનાં બીજા લોકો ભણાવતા હોવાથી તેઓ ભણાવે છે તેવું ૧૧ ઉત્તરદાતાઓ માને છે.

આમ સ્ત્રી શિક્ષણ શા માટે તેના કારણો ઉત્તરદાતાઓએ પોતાના મતે જણાવ્યા છે, જે કુટુંબોમાંથી બાળકો ભણાવવામાં નથી આવતા તેઓના મંતવ્યો અત્રે દર્શાવ્યા છે.

**કોષ્ટક નં.૫.૧૩**

**છોકરીઓને ન ભણાવવાનાં અભિપ્રાયો**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | છોકરીઓને ભણાવવી ન જોઈએ તેવું સમાજ કહે છે માટે | ૧૬ | ૧૯.૦૫ |
| ૨. | તમે માનો છો છોકરીઓને ન ભણાવવી જોઈએ | ૧૧ | ૧૩.૧૦ |
| ૩. | તમારા વડીલો માને છે કે છોકરીને ન ભણાવાય | ૬૧ | ૭૨.૬૨ |
| ૪. | ભણાવવાથી છોકરીઓ બગડી જાય છે | ૬૭ | ૭૯.૭૬ |
| | કુલ | ૮૪ | |

★ એક થી વધુ જવાબો મળેલ છે.

ઉપરોક્ત કોષ્ટકને આધારે જોઈ શકાય છે કે કુલ ઉત્તરદાતામાંથી ૮૪ ઉત્તરદાતાઓ પોતાના કુટુંબની છોકરીઓને ભણાવતા નથી તેના કારણો તેઓ જુદા જુદા દર્શાવે છે જેમાં સૌથી વધુ ૬૭ ઉત્તરદાતાઓ માને છે કે છોકરીઓને ભણાવાથી તેઓ બગડી જાય છે. જ્યારે સૌથી ઓછા ૧૧ ઉત્તરદાતાઓ પોતે જ માને છે કે છોકરીઓને ભણાવવી ન જોઈએ. જ્યારે વડીલો છોકરીઓને ભણાવવી ન જોઈએ તેવુ માનતા હોય તેવા ૬૧ ઉત્તરદાતાઓ છે. આમ આ બધા ઉપરથી કહી શકાય છે કે આ સમાજમાં આજે પણ સ્ત્રી પ્રત્યેની જાગૃતિ ઓછી જોવા મળે છે.

## કોષ્ટક નં.૫.૧૪

## ભણવાની ઈચ્છા

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૧૪૦ | ૭૦.૦૦ |
| ૨. | ના | ૬૦ | ૩૦.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટકના આધારે જોઈ શકાય છે કે કુલ ઉત્તરદાતામાંથી ૧૪૦ ઉત્તરદાતાઓ જણાવે છે કે તેમને ભણવા માટે તક મળે તો તેઓ ભણવા તૈયાર છે. જ્યારે ૬૦ ઉત્તરદાતાઓ ભણવા માટે તક મળે તો પણ ભણવા તૈયાર નથી. આથી જે ઉત્તરદાતાઓ ભણવા માટે તૈયાર છે તેઓને રાત્રીશાળા, જીજીછ(સર્વ શિક્ષા અભિયાન)વગેરે દ્વારા તેમને શિક્ષણ અપાય તેવું ગોઠવાવવું જોઈએ.

## કોષ્ટક નં.૫.૧૫

## ભણવાથી શું ફાયદો થાય છે તે વિશેના અભિપ્રાય

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | નોકરી આર્થિક ઉપાર્જન સરળ બને છે. | ૨૭ | ૧૩.૫૦ |
| ૨. | ભણવાથી સમાજમાં દરજ્જો આબરૂ વધે છે | ૧૭૫ | ૮૭.૫૦ |
| ૩. | ભણવાથી સમજદારી વધે છે | ૨૮ | ૧૪.૦૦ |
| ૪. | ભણવાથી પોતાને થતા અન્યાય સામે લડી શકાય | ૧૮૨ | ૯૧.૦૦ |
| | કુલ | ૨૦૦ | |

★ એક થી વધુ જવાબો મળેલ છે.

ઉપરોક્ત કોષ્ટકને આધારે જોઈ શકાય છે કે ઉત્તરદાતાઓ ભણવાથી ફાયદો થાય છે તેવું તેઓ ચોક્કસ પણે માન છે. ભણવાથી સૌથી વધુ ફાયદો સમાજમાં દરજ્જો અને આબરૂ વધે છે અને પોતાને થતા અન્યાય સાથે લડી શકાય છે. તેવુ અનુક્રમે ૧૭૫ અને ૧૮૨ ઉત્તરદાતાઓ માને છે જ્યારે

ભણવાથી નોકરી, આર્થિક ઉપાર્જન સરળ બને છે, તથા સમજદારી વધે તેવુ અનુક્રમે ૨૭ અને ૨૮ ઉત્તરદાતાઓ માને છે. સાંપ્રત યુગમાં શિક્ષણના વધતા મહત્ત્વનો સ્વીકાર થતો અત્રે જોવા મળે છે.

**કોષ્ટક નં.૫.૧૬**

**વર્તમાનપત્ર આવે છે કે નહિ**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૨૪ | ૧૨.૦૦ |
| ૨. | ના | ૧૭૬ | ૮૮.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટકના આધારે જોઈ શકાય છે કે કુલ ૨૦૦ ઉત્તરદાતામાંથી માત્ર ૨૪ ઉત્તરદાતાના ઘરે જ વર્તમાનપત્ર આવે છે, જ્યારે ૧૭૬ ઉત્તરદાતાને ઘરે વર્તમાનપત્ર આવતું નથી. ગ્રામ્ય પ્રદેશમાં વર્તમાનપત્રનું મહત્ત્વ આજે પણ વધારે દેખાતું નથી. તેનું એક મહત્ત્વનું કારણ આર્થિક બાબત છે તેવું નિરીક્ષણથી સ્પષ્ટ દેખાઈ આવતું હતું.

**કોષ્ટક નં.૫.૧૭**

**વર્તમાનપત્ર વાંચે છે કે નહિ**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | નિયમિત | ૦૩ | ૧૨.૫૦ |
| ૨. | ક્યારેક | ૨૧ | ૮૭.૫૦ |
| | કુલ | ૨૪ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોષ્ટકને આધારે જોઈ શકાય છે કે કુલ ઉત્તરદાતામાંથી ૨૪ ઉત્તરદાતાને ત્યાં વર્તમાનપત્ર આવે છે. તેમાંથી માત્ર ૩ ઉત્તરદાતાજ નિયમિત વાંચે છે. જ્યારે ૨૧ ઉત્તરદાતા ક્યારેક - ક્યારેક સમયની અનુકૂળતાએ વર્તમાનપત્ર વાંચે છે. વર્તમાનપત્ર એ સમાજના સાંપ્રત પ્રવાહની સાથેનો વ્યક્તિનો નાતો દર્શાવે છે તેમ માનવામાં આવે છે, પરંતું દરેક સમાજને પોતાની અગ્રતા હોય છે. અત્રે ગ્રામીણ સમાજની અગ્રતામાં વર્તમાનપત્રનું ખાસ મહત્ત્વ નથી તેમ સાબિત થાય છે.

સાંપ્રત યુગમાં વર્તમાનપત્રોનું સ્થાન હવે રેડીયો અને ટેલિવિઝન લેતા જોવા મળે છે. અભ્યાસક્ષેત્રનાં સંદર્ભમાં જોઈએ તો કુલ ઉત્તરદાતામાંથી ૬૮ ઉત્તરદાતાઓ સમાચાર કે મનોરંજન માટે

રેડિયો સાંભળતા જોવા મળે છે. જ્યારે ૧૩૨ ઉત્તરદાતાઓ રેડિયો સાંભળતા ન હતા. જ્યારે ટેલિવિઝનનાં સંદર્ભમાં જોઈએ તો કુલ ઉત્તરદાતામાંથી ૧૨૪ ઉત્તરદાતાઓ ટેલિવિઝનના કાર્યક્રમ જુએ છે જ્યારે ૭૬ ઉત્તરદાતાઓ ટેલિવિઝન જોતા નથી. અત્રે જોવા મળે છે કે ઉત્તરદાતાનો સંદેશાવ્યવહારના માધ્યમો સાથેનો સંબંધ દર્શાવવામાં આવ્યો છે. ઘણાં સામાજિક અભ્યાસોએ આ માધ્યમો પરિવર્તનનાં વાહકો છે તે સાબિત કરેલ છે. આથી ઉત્તરદાતાઓનાં વલણો - અભિગમો પર આ માધ્યમોની અસરકારકતા આ સમાજમાં ઓછી છે તેમ સ્પષ્ટપણે જણાય છે.

ઉત્તરદાતાઓ જે કાર્યક્રમો ટેલિવિઝનમાં જુએ છે તે ટેલિવિઝનના કેવા કાર્યક્રમોને અગ્રતા આપે છે તે હવે પછીના કોષ્ટકમાં દર્શાવવામાં આવ્યું છે.

**કોષ્ટક નં.૫.૧૮**

**મનપસંદ ટેલિવિઝન કાર્યક્રમો**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | સમાચાર | ૫૦ | ૪૦.૩૨ |
| ૨. | ગીતો | ૪૬ | ૩૭.૧૦ |
| ૩. | રોમેન્ટીક ફિલ્મ | ૪૭ | ૩૭.૯૦ |
| ૪. | જાસૂસી ફિલ્મો / ધારાવાહિકો | ૦૩ | ૬.૩૮ |
| ૫. | સામાજિક કાર્યક્રમો | ૨૫ | ૫૩.૧૯ |
| ૬. | ઐતિહાસિક કાર્યક્રમો | ૯ | ૧૯.૧૫ |
| ૭. | ધાર્મિક કાર્યક્રમો | ૪૭ | ૩૭.૯૦ |
| | કુલ | ૧૨૪ | |

★ એક થી વધુ જવાબો મળેલ છે.

ઉપરોક્ત કોષ્ટકને આધરે જોઈ શકાય છે કે કુલ ઉત્તરદાતામાંથી ૧૨૪ ઉત્તરદાતા ટેલિવિઝનના કાર્યક્રમ જોવે છે તેમાં તે જુદા-જુદા કાર્યક્રમો જેવા કે સમાચાર, ગીતો, ફિલ્મ, જાસૂસી કાર્યક્રમ, સામાજિક, ઐતિહાસિક, ધાર્મિક, ધારાવાહિક કે ફિલ્મ વગેરે કાર્યક્રમો જુએ છે. જેમાં સૌથી વધુ ૫૦ ઉત્તરદાતાઓ એટલે કે ૪૦.૩૨% ઉત્તરદાતાઓ સમાચાર જુએ છે અને સૌથી ઓછા ૩ ઉત્તરદાતાઓ જાસૂસી કાર્યક્રમો જુએ છે. જ્યારે ગીતો, ફિલ્મો અને ધાર્મિક કાર્યક્રમો જોતા ઉત્તરદાતાઓ અનુક્રમે ૪૬, ૪૭ અને ૪૭ જોવા મળે છે. આ પરથી કહી શકાય છે કે આ સમાજ ધાર્મિક ધારાવાહિક તથા સમાચાર જોવાનું પ્રમાણ વધારે જોવા મળે છે.

## કોષ્ટક નં.૫.૧૯

## બહારગામ જવાના મુખ્ય કારણો

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | તીર્થ સ્થળોનાં દર્શનાર્થે | ૪૩ | ૨૧.૫૦ |
| ૨. | જોવા લાયક સ્થળોમાં ફરવા માટે | ૧૧ | ૫.૫૦ |
| ૩. | સંબંધીને મળવા / લગ્ન પ્રસંગોમાં | ૧૪૪ | ૭૨.૦૦ |
| ૪. | ખરીદી માટે | ૩૯ | ૧૯.૫૦ |
| | કુલ કુટુંબો | ૨૦૦ | |

★ એક થી વધુ જવાબ મળેલ છે.

ઉપરોક્ત કોષ્ટકમાં ઉત્તરદાતા બહારગામ મુખ્ય કયા કારણોસર જાય છે તે પૂછતા જાણવા મળ્યું છે કે ૭૨% ઉત્તરદાતા સંબંધીને મળવા લગ્ન પ્રસંગોમાં જાય છે. જ્યારે ૧૯.૫૦% ઉત્તરદાતા ખરીદી માટે, ૧૧% ઉત્તરદાતા દર્શન માટે, ૧૦.૧૦% ઉત્તરદાતા તીર્થ સ્થળોએ ફરવા માટે અને ૫.૫૦% ઉત્તરદાતા જોવા લાયક સ્થળોમાં ફરવા માટે જાય છે. સંસ્થા દ્વારા પ્રવાસમાં હજી સુધી કોઈ ગયેલ નથી.

## કોષ્ટક નં.૫.૨૦

## ફુરસદનાં સમયે કરવામાં આવતી પ્રવૃત્તિ

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ઘરમાં સાફસફાઈ - ઘરકામ | ૪૩ | ૨૧.૫૦ |
| ૨. | ભરત ગૂંથણ | ૦૨ | ૧.૦૦ |
| ૩. | પાડોશી સાથે વાતો | ૩૨ | ૧૬.૦૦ |
| ૪. | ધાર્મિક પુસ્તકો વાંચવા- સાંભળવા | ૦૭ | ૩.૫૦ |
| ૫. | ટેલિવિઝન જોવું | ૧૨૨ | ૬૧.૦૦ |
| ૬. | આરામ | ૨૨ | ૧૧.૦૦ |
| | કુલ | ૨૦૦ | |

★ એક થી વધુ જવાબો મળેલ છે.

ઉપરના કોષ્ટક પરથી જાણવા મળે છે કે નવરાશના સમયમાં સૌથી વધુ ૬૧% ઉત્તરદાતા ટી.વી. જોઈને સમય પસાર કરે છે જ્યારે સૌથી ઓછા ૧% ઉત્તરદાતા ભરત ગૂંથણ કરીને સમય પસાર કરે છે. જ્યારે બાકીના ૩૮% ઉત્તરદાતા નવરાશના સમયમાં ઘરની સાફસૂફી/ઘરકામ, પાડોશી સાથે વાતો કરી, ધાર્મિક પુસ્તકો કોઈની પાસે વાંચી સાંભળીને, અને આરામ કરીને સમય પસાર કરે છે.

આમ ઘણા ઓછા ઉત્તરદાતા નવરાશના સમયમાં કંઈક ઉપયોગી કામ કરતા જોવા મળ્યા છે.

**કોષ્ટક નં.૫.૨૧**

**સામાયિક વાંચનની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | વાંચન કરે છે | ૦૩ | ૧.૫૦ |
| ૨. | વાંચન કરતા નથી | ૧૯૭ | ૯૮.૫૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટકને આધારે જોઈ શકાય છે કે કુલ ઉત્તરદાતામાંથી માત્ર ૩ ઉત્તરદાતા જ સામાયિક નું વાંચન કરતા જોવા મળે છે. જ્યારે ૧૯૭ એટલે કે ૯૮.૫૦% ઉત્તરદાતા કોઈપણ પ્રકારનું સામાયિક વાંચતા નથી. જે ત્રણ ઉત્તરદાતા સામાયિક વાંચે છે તેમાં તેઓ ધાર્મિક સામાયિક, સ્ત્રીઓને લગતા સામાયિક અને વાર્તાઓ વાંચતા જોવા મળે છે.

આજના માહિતીના યુગમાં માહિતીના સ્ત્રોત ગણી શકાય કે પરિવર્તનના વાહક કહી શકાય તેવા લેખીત સ્ત્રોતના વાહક સામાયિકોનો નગણ્ય ઉપયોગ એ આ મહિલાઓની પરિસ્થિતિ વર્તમાન પ્રવાહની સાથે કદમ નહીં મીલાવી શકવાના એક કારણરૂપે આપણે ગણી શકીએ.

## કોષ્ટક નં.૫.૨૨

## કઈ પ્રવૃત્તિમાં તમને જોડાવવાનું ગમે

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | રાજકીય | ૦૩ | ૧.૫૦ |
| ૨. | આર્થિક ઉપાર્જન | ૧૫ | ૭.૫૦ |
| ૩. | સેવાકીય અને કલ્યાણકારી પ્રવૃત્તિ | ૦૨ | ૧.૦૦ |
| ૪. | ધાર્મિક સંગઠન | ૧૬ | ૮.૦૦ |
| ૫. | સામાજિક પ્રવૃત્તિઓ | ૧૭ | ૮.૫૦ |
| ૬. | સર્જનાત્મક પ્રવૃત્તિ | ૨૭ | ૧૩.૫૦ |
| ૭. | પ્રવાસ | ૯ | ૪.૫૦ |
| ૮. | વાંચન-ટી.વી.-રેડિયો વગેરે | ૭૮ | ૩૯.૦૦ |
| ૯. | નવીન પ્રવૃત્તિઓમાં રસ નથી | ૪૬ | ૨૩.૦૦ |
| | કુલ | ૨૦૦ | |

★ એક થી વધુ જવાબો મળેલ છે.

ઉપરોક્ત કોષ્ટકને જોતા જણાય છે કે ઉત્તરદાતાઓ તેમની ફુરસદનો ઉપયોગ એક કરતા વધારે પ્રવૃત્તિમાં જોડાઈને વિતાવે છે. કોઈપણ વ્યક્તિ એક સરખુ એકજ કામ કરે તો તેમાં નિપુણતા આવે છે. પરંતુ કેટલીક વખત તેને તે કરવામાં કંટાળો પણ આવી શકે છે જેની અસર કાર્યક્ષમતા ઉપર પણ પડી શકે છે. આ કોષ્ટકમાં ઉત્તરદાતાને ઘરકામ સિવાય મળતા ફુરસદના સમયનો ઉપયોગ એ કઈ પ્રવૃત્તિઓમાં વિતાવે છે તે જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. જેથી તે ઘરકામ સિવાય અન્ય પ્રવૃત્તિઓથી એના જીવનમાં આવતી અસરકારક વર્તણુંક તપાસવાનો પ્રયત્ન કર્યો છે. મોટાભાગના ઉત્તરદાતા તેમનો ફુરસદનો સમય વાંચન-ટી.વી. જોવું, રેડીયો સાંભળવાની પ્રવૃત્તિમાં વિતાવે છે.

સ્ત્રીઓનાં પ્રશ્નોને અસરકારક રીતે રજૂ કરવામાં કયા માધ્યમનો મહત્ત્વનો ફાળો રહેલો છે તે વિશે ઉત્તરદાતાએ જણાવેલા મંતવ્યો જોઈએ તો

## કોષ્ટક નં.૫.૨૩

## સ્ત્રીઓના પ્રશ્નોને વાચા આપતા સંચારમાધ્યમો

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | રેડીયો | ૨ | ૧.૦૦ |
| ૨. | ટેલિવિઝન | ૧ | ૦.૫૦ |
| ૩. | ફિલ્મ | ૨ | ૧.૦૦ |
| ૪. | છાપેલ સાહિત્ય | ૬૮ | ૩૪ |
| ૫. | સંસ્થા દ્વારા સામાજિક કાર્યકર દ્વારા | ૧૨૭ | ૬૩.૫૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે સ્ત્રીઓ ને સ્પર્શતા પ્રશ્નોની રજુઆત સૌથી વધુ ૬૩.૫૦% ઉત્તરદાતાઓને સંસ્થા દ્વારા સામાજિક કાર્યકર દ્વારા થાય છે. જ્યારે સૌથી ઓછુ ૦.૫૦% ઉત્તરદાતાઓને ટેલિવિઝન દ્વારા થાય છે. બાકીના ૩૪.૦૦% ઉત્તરદાતાઓને સમાચારપત્રો અને પત્રીકાઓ દ્વારા, ૧.૦૦% ઉત્તરદાતાઓને રેડીયો તથા ફિલ્મ દ્વારા થાય છે.

કુટુંબના સામાજિક કે ધાર્મિક પ્રસંગોમાં ૭૨.૦૦% ઉત્તરદાતાઓ ફોટા પડાવે છે. જ્યારે ૨૮% ઉત્તરદાતાઓ ફોટા પડાવતા નથી તેવું સંશોધન ક્ષેત્રમાંથી જાણવા મળેલ છે.

ભૌતિક સંશાધનોના વધતા જતા વ્યાપને કારણે શહેરી કે ગ્રામીણ સમુદાય તે તરફ વધુને વધુ ખેંચતો જાય છે. પોતાના કુટુંબના સામાજિક, ધાર્મિક પ્રસંગોમાં ફોટા પડાવવુ કે વીડીયો શુટીંગ કરવું હવે શહેરી સમાજમાં ખુબજ સામાન્ય બનતુ જાય છે. ઘણી વખત આર્થિક રીતે પરવડે છે કે નહિ તેનીયે પરવા કરતા નથી.

આધુનિકરણ તેમજ ભૌતિકવાદને કારણે દેખીતું પરિવર્તન વધારે જોવા મળે છે. જેને કારણે અનુકરણ પણ વધતુ જોવા મળે છે. શહેરમાં આર્થિક પરિસ્થિતિ સારી હોય તો તે પોતાના ઘરના સામાજિક-ધાર્મિક પ્રસંગોએ ઘણા પૈસા બગાડતા હોય છે. સમાજમાં મોભો વધારવાના આર્થિક પરિસ્થિતિને જોતા લોકો અનુકરણ વધુ કરતા જોવા મળે છે. સાણંદના કોળી પટેલમાં પણ આવીજ અસર હોય એવુ જોવા મળેલ છે.

કુલ ઉત્તરદાતામાં ૧૧૬ ઉત્તરદાતા એટલે ૫૮% કુટુંબો પોતાના સામાજિક  ધાર્મિક પ્રસંગોએ વિડીયો શુટીંગ કરાવતા નથી કારણ કે તેઓ ખર્ચને પહોંચી વળતા નથી. મોટાભાગના કુટુંબો લગ્નમાં

ફોટા પડાવે છે, લગ્નબાદ સ્ટુડીયોમાં જઈને પડાવી આવે છે. પરંતુ વિડીયો શુટીંગ માત્ર ૮૪ કુટુંબો એટલે ૪૨% લોકો જ કરાવે છે. ગામમાં દરબાર, પટેલ, ઠાકોર વસ્તીની વચ્ચે જયારે કોળી પટેલ વસતા હોય ત્યારે વિડીયો, ફોટોગ્રાફી કરાવતા હોય એવું જોવા મળેલ છે. માત્ર કોળી પટેલની વસ્તીવાળા ગામોમાં આ જોવા મળતું નથી.

**કોષ્ટક નં.૫.૨૪**

**દેવ-દેવીની પૂજાની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | શ્રી ખોડિયાર માતા | ૭૮ | ૩૯.૦૦ |
| ૨. | શ્રી ચામુંડા માતા | ૧૨૦ | ૬૦.૦૦ |
| ૩. | શ્રી મેલડીમાં | ૧૬ | ૯.૫૦ |
| ૪. | શ્રી કૃષ્ણ ભગવાન | ૭૦ | ૩૫.૦૦ |
| ૫. | શ્રી શંકર ભગવાન | ૩૦ | ૧૫.૦૦ |
| | કુલ | ૨૦૦ | |

★ એક થી વધુ જવાબો મળેલ છે.

ઉપરોક્ત કોષ્ટક પરથી જાણવા મળે છે કે ધાર્મિક તહેવારોમાં ૬૦% ઉત્તરદાતાઓ ચામુંડામાતા તથા ૩૯% ઉત્તરદાતાઓ ખોડિયારમાતાની પુજા કરે છે. બાકીના ૯.૫૦% ઉત્તરદાતાઓ મેલડીમાંની પુજા કરે છે.

કોળી પટેલ સમાજએ હિંદુ સંસ્કૃતિના બધાજ દેવ-દેવીઓને માનતો જોવા મળે છે. બધામાં શ્રદ્ધા ધરાવે છે. એ આધારે વાર-તહેવાર કરે છે ઉપવાસ રાખે છે. પરંતુ તેઓ સૌથી વધારે આસ્થા ચામુંડા માતાજીમાં રાખે છે. માતાજીના નૈવેધ ધરાવે છે. સામાજિક કે આરોગ્યના પ્રશ્નના ઉકેલ માટે માતાજીની બાધા પણ રાખે છે. અને જો એ અનુસાર કાર્ય પૂર્ણ થાય તો માતાજીને કપડા, રૂપિયા વગેરેનો પ્રસાદ પણ ચઢાવે છે. આ માતાજીના પરમ ઉપાસક હોય એવા ભુવાઓ પણ જોવા મળે છે.

હિંદુ સંસ્કૃતિમાં દેવી-દેવતાઓનું મહત્વ ખુબજ છે. સામાન્ય રીતે બધાજ વ્યક્તિઓ દેવી-દેવતાઓનું નિયમિત ધ્યાન, પૂજન ન કરી શકે છતાં તેમના રોજીંદા કામોને સરળ કરવા અથવા તેના નિરાકરણ માટે માતાજીની ભક્તિ કરતા અનુયાયીઓની મદદ લે છે. તેમના કૌટુંબિક જીવનમાં 'ભુવા'ઓનું એક અગ્રીમ સ્થાન હોય છે. વૈજ્ઞાનિક જ્ઞાનના અભાવને કારણે ભૂવાઓએ ગ્રામીણ સમુદાયના લોકો ઉપર પોતાનું સામ્રાજ્ય જમાવ્યુ હોય એવું જોવા મળે છે. જેનો અનુભવ સંશોધનકર્તાને પોતાના અભ્યાસ ક્ષેત્રમાં થયેલ છે.

૫૬% ઉત્તરદાતાઓના ગામમાં ભુવા નથી અને ૪૪% ઉત્તરદાતાઓના ગામમાં ભુવા છે. પરંતુ આ સમાજના લોકો પોતાના ગામમાં જ હોય તો જે ગામમાં હોય તે ગામમાં જઈને પોતાની શારીરિક, આર્થિક, સામાજિક વિટંબણાઓનું સમાધાન કરતાં હોય છે.

કોળી પટેલ સમાજમાં શિક્ષણનું પ્રમાણ ઓછુ હોવાને કારણે ભુવા ઉપર વિશ્વાસ વધુ મુકતા હોય છે. એવુ જોવા મળે છે.

**કોષ્ટક નં.૫.૨૫**

**ભૂવાઓ પાસે કરાવવામાં આવતા કાર્યો**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | બાધા રાખવા માટે | ૧૪૨ | ૭૧.૦૦ |
| ૨. | નડતર માટે | ૧૫૧ | ૭૫.૫૦ |
| ૩. | બાળકની માંદગી માટે | ૬૯ | ૩૪.૫૦ |
| ૪. | ઘરના સભ્યોની માંદગી માટે | ૧૭૧ | ૮૫.૫૦ |
| ૫. | સંતાન પ્રાપ્તિ માટે | ૧૦૨ | ૫૧.૦૦ |
| | કુલ | ૨૦૦ | |

★ એકથી વધુ જવાબો મળેલ છે.

ઉપરોક્ત કોષ્ટક ઉપરથી જાણવા મળે છે કે ૮૫.૫૦% ઉત્તરદાતાઓ ઘરના સભ્યોની માંદગી માટે ભૂવા પાસે જાય છે. જ્યારે ૭૫.૫૦%, ૭૧.૦૦%, ૩૪.૫૦% અને ૪.૫૦% ઉત્તરદાતાઓ અનુક્રમે નડતર માટે, બાધા રાખવા માટે, બાળકની માંદગી માટે અને અન્ય માટે ભૂવા પાસે જાય છે.

ઉપરોક્ત બાબતો આજના યુગમાં પણ ભુવાઓ (Magico Religious Healer)નું મહત્ત્વ ગ્રામીણ સમાજમાં છે તે પ્રસ્થાપિત કરે છે.

ભારતમાં વસવાટ કરનાર નાગરિક એ બિનસાંપ્રદાયિક રાજ્યનો નાગરિક છે એ ઈચ્છે તે ધર્મને અને તે અનુસાર દેવી-દેવતાઓની આરાધના કરી શકે છે એ માટે તેને કોઈ રોકી શકતુ નથી દેવી-દેવતાઓની ભક્તિ કરીને સમુદાયના લોકો પોતાના જીવનમાં આવતી વિટંબણાઓમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કરે છે. આને આપણે આસ્થા પણ કહી શકીએ છીએ પરંતુ માતાજીને પોતાની તકલીફોમાંથી મુક્ત કરવા માટેનું આહ્‌વાન કરી તેને ભોગ ચઢાવવાનું કે ધરાવવાની જે વાત કરીએ છીએ એને અંધશ્રદ્ધા કહેવામાં આવે છે. આ સમાજ વાર- તહેવારે, સામાજિક પ્રસંગોના ઉકેલ માટે

ઘરના ઝઘડાઓમાં, આરોગ્યના પ્રસંગે માતાજીને ભોગ ધરાવવાનું વલણ ધરાવે છે કે નહિ તે તપાસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

કુલ ઉત્તરદાતામાંથી ૮૦.૦૦% ઉત્તરદાતાઓ માતાજીને પશુ બલિનો ભોગ ધરાવે છે. જ્યારે ૨૦.૦૦% ઉત્તરદાતાઓ માતાજીને પશુ બલિનો ભોગ ધરાવતા નથી. માતાજીને તેઓ અનાજ કે નાણાંનો ભોગ પ્રસાદી તરીકે ચઢાવે છે. પોતાના ઘરે, ભૂવાના ઘરે કે માતાજીના સ્થાનકે જઈને આ સમાજના લોકો ભોગ ધરાવતા હોય તેવું જોવા મળ્યા છે. કેટલીક વખત માતાજીના ભોગમાં બકરાને પણ રમતો મુકવાનો રિવાજ આ સમાજમાં જોવા મળે છે. આ બકરાને કોઈ રોકતું નથી કે એને કોઈ મારતુ પણ નથી. આ બકરાને છૂટો મુક્યો કે માતાજીના ખોળે રમતો મુક્યો હોય એવું જોવા મળે છે.

શિક્ષણનું સ્તર વધે તો સમાજનો વિકાસ ઝડપી બને, જેથી સામજિક પરિવર્તન આવી શકે છે. જે સમાજમાં આજે શિક્ષણનું સ્તર નીચુ, નિરક્ષરતાનું પ્રમાણ વધુ હોય તો તે સમાજમાં વિકાસનો દર કે પરિવર્તન ધીમુ જોવા મળે છે. નિરક્ષરતાને કારણે સામાજિક માન્યતાઓ, વલણો ધાર્મિક માન્યતાઓ જરાય લવચીક પણુ જોવા મળતુ નથી. સમષ્ટિના લોકો પોતાની આર્થિક પરિસ્થિતિનો કે આવનારા ભવિષ્યનો વિચાર કર્યા વિના સામાજિક રીતરિવાજો કે ધાર્મિક માન્યતા પાછળ ખર્ચ કરતા જોવા મળે છે, કોળી પટેલ સમાજ એ રૂઢિગત ગ્રામીણ સંસ્કૃતિમાં જીવનારો વર્ગ છે. આ જ્ઞાતિમાં નિરક્ષરતાનું પ્રમાણ વધુ જોવા મળે છે, આ સમાજમાં માતાજીને ભોગ ધરાવવાનો રિવાજો જોવા મળે છે પરંતુ આ રિવાજ પાછળ કયા કારણો જવાબદાર છે એ જોવાનો પ્રયત્ન નીચે દર્શાવેલ કોષ્ટકમાં કરવામાં આવ્યો છે.

**કોષ્ટક નં.૫.૨૬**

**ભોગ ધરાવવાના કારણો**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | માતાજી આપણુ કામ કરે છે માટે | ૧૬૦ | ૧૦૦.૦૦ |
| ૨. | સાજા રાખવા માટે | ૧૪૫ | ૯૦.૬૨ |
| ૩. | માતાજીને રીજવવા માટે | ૧૬૦ | ૧૦૦.૦૦ |
| ૪. | માંદગી નિવારવા માટે | ૭૦ | ૪૩.૭૫ |
| ૫. | સુખ શાંતિ માટે | ૭૨ | ૪૫.૦૦ |
| ૬. | શ્રદ્ધાથી | ૧૫૯ | ૯૯.૩૭ |
| | કુલ | ૧૬૦ | |

★એકથી વધુ જવાબો મળેલ છે.

ઉપરોક્ત કોષ્ટક પરથી જાણવા મળે છે કે માતાજી આપણુ કામ કરે છે માટે અને માતાજીને રીજવવા માટે બધાજ ઉત્તરદાતાઓ ભોગ ધરાવે છે. જ્યારે સાજા રાખવા માટે ૯૦.૬૨% ઉત્તરદાતાઓ, માંદગી નિવારવા માટે ૪૩.૭૫% ઉત્તરદાતાઓ, સુખ શાંતિ માટે ૪૫.૦૦% ઉત્તરદાતાઓ અને શ્રદ્ધાથી ૯૯.૩૭% ઉત્તરદાતાઓ ભોગ ધરાવે છે.

૨૧ મી સદીએ માહિતી વિસ્ફોટ કે જ્ઞાન વિસ્ફોટની સદી છે. નીત્યનવીન વૈજ્ઞાનિક શોધોને કારણે વિશ્વ જાણે એકદમ નજીક આવી ગયું છે. ભૌતિકવાદ વધી રહ્યો છે. શહેરમાં તેનો પ્રભાવ સવિશેષ જોવા મળે છે. ગ્રામીણ સમુદાયને પણ આનો ચેપ લાગ્યો છે. પરંતુ આ ચેપ થોડો ધીમો છે. બાહ્ય સંશોધનોના વપરાશમાં ફેરફાર દેખાય છે. વર્ષોથી માનેલી માન્યતાઓમાં બદલાવ ઓછો દેખાય છે. આજે પણ ગ્રામીણ સમાજમાં માનસિક કે શારીરિક બિમારીઓમાં પ્રેતાત્માઓ અથવા વળગાડની માન્યતા જોવા મળે છે, ભૂતપલિતમાં માન્યતા ધરાવે છે.

**કોષ્ટક નં.૫.૨૭**

**ભૂતપ્રેતની માન્યતા**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ભૂત-પ્રેત, ડાકણમાં માને છે. | ૧૩૬ | ૬૮.૦૦ |
| ૨. | ભૂત-પ્રેત, ડાકણમાં માનતા નથી | ૬૪ | ૩૨.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટક પરથી જાણવા મળે છે કે ભૂતપ્રેતમાં માનનારા ૬૮.૦૦% ઉત્તરદાતાઓ છે જ્યારે ૩૨.૦૦% ઉત્તરદાતાઓ ભૂતપ્રેતમાં માનતા નથી.

**કોષ્ટક નં.૫.૨૮**

**ઋતુ સ્રાવ દરમિયાનના પ્રતિબંધ**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૧૭૨ | ૮૬.૦૦ |
| ૨. | ના | ૨૮ | ૧૪.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટક પરથી જોવા મળે છે કે બીજા સમાજની જેમ આ સમાજમાં પણ સ્ત્રીઓ માસિક ધર્મમાં હોય ત્યારે જુદા જુદા પ્રતિબંધ હોય છે. કુલ ઉત્તરદાતામાંથી ૧૭૨ ઉત્તરદાતા જણાવે છે કે તેઓ

જ્યારે માસિક ધર્મમાં હોય ત્યારે પ્રતિબંધ હોય છે, જ્યારે ૨૮ ઉત્તરદાતા જણાવે છે કે કોઈ પણ પ્રકારનો પ્રતિબંધ હોતો નથી. આ પ્રતિબંધમાં તેઓ મંદિરમાં ન જઈ શકે, ઘરના કામ ના કરી શકે વગેરે જોવા મળે છે.

અનેક સામાજિક - સાંસ્કૃતિક નિષેધો માનવીએ પોતાની આર્થિક-સામાજિક-સાંસ્કૃતિક પરિસ્થિતિ ને લક્ષમાં લઈ બનાવેલા છે. માસિક ધર્મના દિવસોમાં સ્ત્રીઓ ને વધારે ભારે કામ ન કરવું પડે તેવી સમજણથી પ્રતિબંધો બનાવવામાં આવ્યા હશે પરંતુ તે પછીથી તેમાં જડતા અને ખોટી રીતે ધાર્મિક બાબતોનો ઉમેરો થતા તે વિકૃત સ્વરૂપના બન્યા છે તેવુ સમાજમાં જોવા મળે છે. અહી સ્ત્રીઓ પરના પ્રતિબંધો (માસિક સમયના) ની યોગ્ય-અયોગ્યતા પરના ઉત્તરદાતાના વલણો અત્રે દર્શાવ્યા છે.

ઋતુ સ્ત્રાવ દરમિયાન લાદવામાં આવતા પ્રતિબંધોને ૭૮.૪૯% ઉત્તરદાતાઓ આ પ્રતિબંધને અયોગ્ય માને છે. જ્યારે ૨૧.૫૧% ઉત્તરદાતાઓને આ પ્રતિબંધને યોગ્ય માને છે.

સમાજના પ્રતિબંધો ને સ્ત્રીઓ અમુક સમયે અનિષ્ટને પણ અનિવાર્ય ગણીને પોતાની લાગણીઓ કુંઠીત કરી દેતી જોવા મળે છે. અહીં પણ જે સ્ત્રીઓ પોતાના પરના પ્રતિબંધોને યોગ્ય ગણાવે છે તેના મનના કોઈ ખુણે આ પ્રતિબંધો પ્રત્યે વિરોધ તો છે પણ સમાજનો હાર્દ તે રજુ કરવા દેતો નથી. તેમ અનુભવથી જણાયુ હતું.

સ્ત્રી અને પુરૂષ બન્ને શરીર બંધારણથી અલગ પડે છે. સ્ત્રીની શરીર રચનામાં પ્રજનન અંગો ખૂબ મહત્વની ભૂમિકા ભજવે છે જેને આધારે તેના સામાજિક, આર્થિક દરજ્જામાં ફેરફાર જોવા મળે છે. સ્ત્રીના શરીરમાંથી દર માસે એક સ્ત્રીબીજ છુટુ પડે છે. આ વખતે જો પુરૂષ સાથે શારીરિક મિલન થાય તો સ્ત્રી ગર્ભવતી બની શકે છે.

સમગ્ર ઉત્તરદાતાઓ એવું માને છે કે ઋતુ સ્ત્રાવ દરમિયાન કોઈપણ ધાર્મિક કાર્ય કે રસોઈ થઈ શકે નહિ. સ્ત્રીઓ પરનાં પ્રતિબંધોને યોગ્ય ગણાવનાર બધાજ ઉત્તરદાતાઓ તેનું કારણ પ્રણાલી છે એટલે કરીએ છીએ અને સ્ત્રી અશુદ્ધ બને છે એટલે પ્રતિબંધ હોવા જોઈએ તેવો મત પ્રદર્શિત કરે છે. જ્યારે પ્રતિબંધોને અયોગ્ય ગણનાર ઉત્તરદાતાઓ ''એક બાજુ બેસવાનું ગમતુ નથી.'' અને ''શરીરની રચના એમા આભડછેડ ન હોય'' તેવું કારણ દર્શાવે છે.

હિંદુ સંસ્કૃતિ અનુસાર સગર્ભા સ્ત્રીને અમુક ધાર્મિક સંસ્કારમાંથી પસાર થવું આવશ્યક છે. આ ધાર્મિક વિધિઓ ગર્ભસ્થ બાળકને સંસ્કાર સિંચનનું કાર્ય કરે છે તેવી માન્યતા પણ પ્રવર્તમાન છે. અભ્યાસ વિશ્વમાં ઉત્તરદાતાઓ સ્ત્રીનાં ગર્ભધારણ સમય દરમિયાન કેવા પ્રકારની ધાર્મિક વિધિઓ કરે છે. તે અંગેના ખ્યાલો અત્રે રજૂ કર્યા છે.

## કોષ્ટક નં.૫.૨૯

## ગર્ભ અને પ્રસૂતિ દરમ્યાનની ધાર્મિક ક્રિયાઓ

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | સિમંતની વિધી | ૨૦૦ | ૧૦૦.૦૦ |
| ૨. | માતાના માંડવા | ૫૪ | ૨૫.૦૦ |
| | કુલ | ૨૦૦ | |

★ એક થી વધુ જવાબો મળેલ છે.

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે સ્ત્રીને ગર્ભ રહી ગયા બાદ પ્રસૂતિ થાય ત્યાં સુધીમાં બધાજ ઉત્તરદાતાઓ સીમંતની વિધી કરાવે છે. આ ઉપરાંત ૨૫.૦૦% ઉત્તરદાતાઓ માતાના માંડવાની ધાર્મિક ક્રિયા કરાવે છે.

કોળી પટેલ સમાજમાં પણ સ્ત્રીનો સીમંત ભરવામાં આવે ત્યારે જુદા-જુદા પ્રકારની વિધિ થતી જોવા મળે છે. જેમાં મુખ્યત્વે ત્રણ વિધી જોવા મળે છે માતા ને નૈવેદ્ય કરવા, જમણવાર રાખવો અને સગા-વ્હાલાઓને સીમંતમાં બોલાવવા.

## કોષ્ટક નં.૫.૩૦

## સીમંતની વિધી કરવાના કારણો

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | પ્રસુતિમાં અડચણ | ૧૦૬ | ૫૩.૦૦ |
| ૨. | બાળક ખોડખાંપણવાળુ જન્મે | ૨૫ | ૧૨.૫૦ |
| ૩. | બાળકનું ગર્ભમાં જ મૃત્યુ થાય | ૧૭૦ | ૮૫.૦૦ |
| | કુલ | ૨૦૦ | |

★ એક થી વધુ જવાબો મળેલ છે.

ઉપરના કોષ્ટક પરથી જાળવા મળે છે કે જો આ સીમંતની વિધિ ન થાય તો બાળકનું મૃત્યુ થાય તેવું લગભગ બધાજ(૮૫%) ઉત્તરદાતાઓ માને છે. આ ઉપરાંત ૫૩.૦૦% ઉત્તરદાતાઓ પ્રસુતિ સમયે કશીક અડચણ ઉભી થાય તેવી માન્યતા ધરાવે છે. જ્યારે ૧૨.૫૦% ઉત્તરદાતાઓના મતે બાળક ખોડખાંપણવાળુ જન્મે તેવી દૃઢ માન્યતા ધરાવતા જોવા મળે છે. આ પરથી જોઈ શકાય છે કે આ સમાજમાં આજે પણ અંધશ્રદ્ધાનું પ્રમાણ વધુ જોવા મળે છે.

સગર્ભાવસ્થા દરમ્યાન સ્ત્રીના આહાર-પોષણની કાળજી રાખવી જોઈએ. માતા દ્વારા બાળકને પોષણ મળે છે.

### કોષ્ટક નં.૫.૩૧

### ગર્ભવતી સ્ત્રીઓના ખોરાકમાં ફેરફાર

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ઘરમાં જે હોય તે ખાય | ૧૧ | ૫.૫૦ |
| ૨. | વધારે પોષણયુક્ત વાળુ આપવું | ૧૮૪ | ૯૨.૦૦ |
| ૩. | વડીલો કહે તે પ્રમાણે | ૦૫ | ૨.૫૦ |
| ૪. | નર્સ / ડૉક્ટરના મત મુજબ | ૧૨ | ૬.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ |

ગર્ભવતી સ્ત્રીને કેવા પ્રકારનો ખોરાક આપો છો તેવા પ્રશ્નના જવાબમાં આ કોષ્ટક પરથી જાણવા મળ્યુ છે કે ૯૨.૦૦% ઉત્તરદાતાઓ વધારે પોષણવાળો ખોરાક આપવો તેવું દર્શાવે છે. જ્યારે ૫.૫૦% ઉત્તરદાતાઓનું કહેવું છે કે ઘરમાં જે હોય તે ખાય છે, અને ૨.૫૦% ઉત્તરદાતાઓ વડીલો કહે તે પ્રમાણે ખોરાક આપે છે.

### કોષ્ટક નં.૫.૩૨

### પ્રસુતિની વિગત

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | દાયણ પાસે | ૬૨ | ૩૧.૦૦ |
| ૨. | ડોક્ટર પાસે (ઘરમાં) | ૫૬ | ૨૮ |
| ૩. | ઘરમાં | ૭૫ | ૩૭.૫૦ |
| ૪. | દવાખાનામાં | ૬૭ | ૩૩.૫૦ |
| | કુલ | ૨૦૦ | |
| | | | |

★ એક થી વધુ જવાબો મળેલ છે.

સુવાવડ ક્યાં અને કોની પાસે કરાવો છો તેવા પ્રશ્નના જવાબમાં ૩૭.૫૦% ઉત્તરદાતાઓ

ઘરમાં જ સુવાવડ કરાવે છે. જયારે ૩૩.૫૦% ઉત્તરદાતાઓ દવાખાનામાં સુવાવડ કરાવે છે. ૩૧.૦૦% ઉત્તરદાતાઓ દાયણ પાસે, ૨૮% ઉત્તરદાતાઓ ડોક્ટર પાસે પ્રસુતિ કરાવે છે.

**કોષ્ટક નં.૫.૩૩**

**પ્રસુતિ બાદ સુતક પાળવાની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | સવા મહિના સુધી | ૧૭૨ | ૮૬.૦૦ |
| ૨. | બાર દિવસ | ૦૮ | ૦૪.૦૦ |
| ૩. | ૨૧ દિવસ | ૨૦ | ૧૦.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે અમુક ઉત્તરદાતા સ્ત્રીઓ સુવાવડ બાદ સવા મહિના સુધી સૂતક પાળે છે. જ્યારે ૮ ઉત્તરદાતા સ્ત્રીઓ બાર દિવસ સુધી અને ૨૦ ઉત્તરદાતા સ્ત્રીઓ ૨૧ દિવસ સુધી સૂતક પાળે છે.

**કોષ્ટક નં.૫.૩૪**

**બાળકના જન્મ પછીની ધાર્મિક ક્રિયાઓ**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | છઠ્ઠીની વિધી | ૧૯૨ | ૯૬.૦૦ |
| ૨. | બારસની વિધી | ૮ | ૦૪.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ |

બાળકના જન્મ પછી કોળી પટેલ સમાજમાં મુખ્યત્વે બે વિધી થતી જોવા મળે છે. જેમાં છઠ્ઠીની વિધી અને બારસની વિધી થતી જોવા મળે છે. કુલ ઉત્તરદાતામાંથી ૧૯૨ ઉત્તરદાતા બાળકના જન્મ પછી છઠ્ઠીની વિધી કરતા જોવા મળ્યા છે અને ૮ ઉત્તરદાતા બારસની વિધી કરતા જોવા મળ્યા છે.

કોળી પટેલ સમાજમાં પુત્રનું મહત્વ સવિશેષ જોવા મળે છે. કુલ ૨૦૦ ઉત્તરદાતામાંથી ૧૪૪ ઉત્તરદાતા એટલે કે ૭૨% ઉત્તરદાતાઓ પુત્રના જન્મ વખતે પેંડા વહેંચી પોતાની ખુશાલી વ્યક્ત કરે છે, જ્યારે બાકીના ૫૬% ઉત્તરદાતાઓ પેંડા સિવાય મીઠાઈ, પતાસા, ગોળ વગેરે વહેંચે છે. આ પરથી કહી શકાય છે અન્ય સમાજોની જેમ આ સમાજમાં પણ પુત્રનું મહત્વ પુત્રી કરતા સવિશેષ જોવા મળે છે.

પુત્ર જન્મની કામના આજે પણ દરેક સમાજમાં ઓછા-વત્તા પ્રમાણમાં જોવા મળે છે. ગ્રામીણ સમુદાયમાં આ ઈચ્છા પ્રબળ જોવા મળે છે.

પુત્રીના જન્મ વખતે ૧૧૨ ઉત્તરદાતાઓ એટલે કે ૫૬% ઉત્તરદાતાઓ જલેબી વેંચે છે, જ્યારે ૮૮ ઉત્તરદાતાઓ અન્ય મિઠાઈઓ વહેંચે છે.

બાળકનાં જન્મ બાદ છઠ્ઠીનાં દિવસે કે એકવીસમા દિવસે બાળકની નામકરણ વિધી કરવામાં આવે છે. દરેક જ્ઞાતિમાં આ પ્રસંગ આનંદથી કરવામાં આવે છે. કોળી પટેલ સમાજમાં પણ આ વિધિને મહત્ત્વ અપાતું હોય તેવું સંશોધનકર્તાએ અભ્યાસના વિષયવસ્તુના હેતુ અનુસાર જાણ્યું છે. આ પ્રસંગ સાથે સીધો ધાર્મિક માન્યતાઓ સાંકળવામાં આવે છે. સામાજિક મુલ્ય વધુ જોવા મળતું હોય છે.

સાણંદ તાલુકાના કોળી પટેલ સમાજમાં પહેલુ બાળક કે બીજુ, ત્રીજુ બાળક હોય તો નામકરણની વિધી તો કરવામાં આવે છે પરંતુ પહેલુ કે બીજું બાળક હોય તો કુટુંબના સભ્યો તેમજ નજીકના સગાંને ભેગા કરે છે પરંતુ જ્યારે ચોથુ, પાંચમુ બાળક હોય તો આ ખર્ચ મર્યાદિત કરવામાં આવે છે.

**કોષ્ટક નં.૫.૩૫**

**નામકરણ વિધીમાં હાજરી**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ફોઈબા | ૧૮૨ | ૯૧.૦૦ |
| ૨. | નજીકના સગા | ૧૨૭ | ૬૩.૫૦ |
| ૩. | કુટુંબના સભ્યો | ૧૯૫ | ૯૭.૫૦ |
| ૪. | આડોશી પાડોશીઓ | ૪૫ | ૨૨.૫૦ |
| | કુલ | ૨૦૦ | |

★ એકથી વધુ જવાબો મળેલ છે.

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે નામકરણ વિધીમાં એક કરતા વધારે સભ્યોની હાજરી જોવા મળે છે. જેમાં સૌથી વધુ નામકરણ વિધીમાં કુટુંબના સભ્યોની હાજરી જોવા મળે છે જે ૯૭.૫૦% ઉત્તરદાતાઓ જણાવે છે જ્યારે સૌથી ઓછી હાજરી આડોશી-પાડોશીના સભ્યોની જોવા મળે છે જે ૨૨.૫૦% ઉત્તરદાતાઓ જણાવે છે. જ્યારે ફોઈબા ની હાજરી નામકરણમાં જોવા મળતી હોય તેવું ૯૧% ઉત્તરદાતાઓ જણાવે છે, જ્યારે નજીકના સગા-સંબંધીની હાજરી જોવા મળતી હોય તેવું ૬૩.૫૦% ઉત્તરદાતાઓ જણાવે છે.

## કોષ્ટક નં.૫.૩૬

## લગ્ન માટેની પસંદગી

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ઘરના વડીલો | ૧૮૮ | ૯૪ |
| ૨. | સમાજના અગ્રણી તરફથી | ૦૧ | ૦૨.૦૦ |
| ૩. | વેવાઈ તરફથી | ૨૧ | ૧૦.૫૦ |
| ૪. | અન્ય | ૩૨ | ૧૬.૦૦ |
| | કુલ | ૨૦૦ | |

★ એકથી વધુ જવાબો મળેલ છે.

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે આ સમાજમાં છોકરા-છોકરી માટે યોગ્ય પાત્ર લગ્ન માટે શોધવા માટે ૧૮૮ ઉત્તરદાતાના જણાવ્યા મુજબ ઘરના વડીલો જાય છે, ૨૧ ઉત્તરદાતાના જણાવ્યા મુજબ વેવાઈ તરફથી માંગા આવે છે, જ્યારે માત્ર ૧ ઉત્તરદાતાના જણાવ્યા પ્રમાણે સમાજના અગ્રણી જાય છે અને ૩૨ ઉત્તરદાતાના જણાવ્યા પ્રમાણે અન્ય લોકો જાય છે.

આઝાદ ભારતના બંધારણમાં હિંદુ લગ્ન ધારો અસ્તિત્વ ધરાવે છે. આ કાયદા પ્રમાણે ૧૮ અને ૨૧ વર્ષ કન્યા અને વરની નક્કી થયેલી છે. કાયદાની રૂએ પણ દીકરાની ઉંમર દીકરી કરતાં મોટી રાખવામાં આવે છે. જેમાં સ્ત્રીનું શરીર રચના, માનસિક પરિપકવતા પણ સંકળાયેલી છે આ જ રીતે દરેક સમાજના પોતાના આગવા નિયમો, ધોરણો હોય છે. એજ પ્રમાણે તેના જ્ઞાતિજનો વર્તતા હોય છે. કોળી પટેલ જ્ઞાતિમાં છોકરા છોકરીની પસંદગી કરતી વખતે ઉંમરનો તફાવત ધ્યાનમાં રાખવામાં આવે છે. પહેલી વખતના લગ્ન વખતે મોટેભાગે કન્યા નાની અને વર ઉંમરમાં મોટો હોય એવું વલણ જોવા મળે છે. જ્યારે બીજી વખત લગ્ન થાય ત્યારે ઉંમરનો તફાવત તો જોવાય છે.

## કોષ્ટક નં.૫.૩૭

## વર કન્યાની ઉંમરમાં તફાવત

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૨ વર્ષનો તફાવત | ૧૬૮ | ૮૪.૦૦ |
| ૨. | ૪ વર્ષનો તફાવત | ૨૪ | ૧૨.૦૦ |
| ૩. | ૬ વર્ષ કે તેથી વધુ | ૦૮ | ૦૪.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે લગ્ન કરનાર વર અને કન્યાની વચ્ચે ઉંમરમાં મોટો તફાવત જોઈ શકાતો નથી. કુલ ઉત્તરદાતામાંથી ૧૬૮ ઉત્તરદાતા જણાવે છે કે વર-કન્યાની વચ્ચે ઉંમરમાં માત્ર ૨ વર્ષનો તફાવત હોય છે. જ્યારે ૪ વર્ષનો તફાવત હોય તેવું જણાવતા ૨૪ ઉત્તરદાતાઓ છે અને ૬ વર્ષ કે તેથી વધુ તફાવત હોય તેવું જણાવતા ૮ ઉત્તરદાતાઓ જોવા મળે છે. આ ઉપરથી કહી શકાય છે કે આ સમાજમાં છોકરી-છોકરા બંને સરખા હોય ત્યારે લગ્ન થાય છે.

દરેક જ્ઞાતિમાં દીકરીને તેના લગ્ન પ્રસંગે તેને સોના-ચાંદીના દાગીના, વાસણ, કપડાં આપે છે. એક સામાજિક રિવાજ ગણવામાં આવે છે. સામાજિક રિવાજ મુજબ દીકરી પરણીને સાસરે જાય છે. પારકા ઘર જાય છે જે સ્થળે ઘરે તે અગાઉ ગઈ નથી ત્યાં એને તકલીફ ન પડે તે હેતુથી દીકરીને લગ્ન વખતે દાગીના, વાસણ આપવામાં આવે છે પરંતુ આ રિવાજમાં ધીમે ધીમે દેખાદેખી, હરિફાઈ વગેરે જોવા મળે છે. આ જ્ઞાતિમાં પણ કન્યાને તેના માતા-પિતા ચીજવસ્તુઓ આપે છે પોતાની યથાશક્તિ પ્રમાણે તેને ''પહેરામણી'' આપે છે.

**કોષ્ટક નં.૫.૩૮**

**લગ્ન પ્રસંગે કપડાં**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | બે જોડી | ૬૮ | ૩૪.૦૦ |
| ૨. | પાંચ જોડી | ૧૨૦ | ૬૦.૦૦ |
| ૩. | પાંચ જોડીથી વધારે | ૧૨ | ૦૬.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે છોકરા છોકરી માટે લગ્ન સમયે કેટલા જોડી કપડા લાવે છે. કુલ ઉત્તરદાતામાંથી ૧૨૦ ઉત્તરદાતા જણાવે છે કે પાંચ જોડી કપડા છોકરા-છોકરી માટે લાવે છે, જ્યારે બે જોડી કપડા લાવે છે તેવુ જણાવતા ૬૮ ઉત્તરદાતા છે અને પાંચ જોડીથી વધુ કપડા લાવતા હોય તેવા ૧૨ ઉત્તરદાતા છે. આમ સૌથી મોટી સંખ્યા ૫ જોડી કપડા આપતી જોવા મળે છે. જે વધી રહેલી દેખાદેખી કે સામાજિક મોભો વધારવાનો પ્રયત્ન ગણી શકાય.

અન્ય સમાજોને સામાન્ય લાગતા આ વ્યવહારોનું ગ્રામ સમાજમાં બહુ મહત્ત્વ હોય છે, અને સામાજિક મોભાને પ્રસ્તુત કરવા દેવા નીચે દબાઈને પણ આવા રિવાજો કોળી પટેલ સમાજ નિભાવે છે.

પિતૃસત્તાક સમાજ વ્યવસ્થાને કારણે દીકરીને લગ્ન બાદ પોતાના માતા-પિતાનું ઘર છોડીને સાસરીપક્ષે રહેવા આવવુ પડે છે. લગ્ન બાદ એ જ દીકરીનું સાચુ ઘર માનવામાં આવે છે. લગ્ન બાદ દીકરી પોતાના સાસરીના ઘરે ક્યારે અને કેટલો સમય રહેવા જાય છે એમા ફેરફાર હોય છે. શિક્ષિત સમાજ કે શહેરી સમાજમાં સમયની માંગને આધારે દીકરી લગ્ન કરીને તરતજ સાસરીના ઘરે રહેવા માટે જાય છે જ્યારે ગ્રામીણ સમુદાય લગ્નબાદ દીકરીને સાસરે મોકલવાની પરિસ્થિતિમાં તફાવત કેવો છે એ જોવાના પ્રયત્ન નીચે જણાવેલ કોષ્ટકમાં આવ્યો છે.

**કોષ્ટક નં.૫.૩૯**

**છોકરીઓને લગ્ન બાદ સાસરે વળાવવાનો સમય**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | તરતજ | ૬૮ | ૩૪.૦૦ |
| ૨. | આણા કરીને | ૧૩૨ | ૬૬.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે કોળી પટેલ સમાજમાં છોકરીને પરણાવ્યા બાદ ૬૬% ઉત્તરદાતા જણાવે છે કે છોકરી પરણ્યા બાદ આણુ કરીને સાસરે જાય છે, જ્યારે ૩૪% ઉત્તરદાતા જણાવે છે કે છોકરી તરતજ સાસરે જાય છે, આ પરથી કહી શકાય છે કે આ સમાજમાં આણાનો રિવાજ વધુ જોવા મળે છે.

લગ્ન વખતે સામાન્ય રીતે દીકરીની ઉંમર નાની હોય છે આથી બે-ત્રણ આણા ફરે કે વાર તહેવારી દીકરીને સાસરે મોકલવામાં આવે છે. આ સમયમાં જો દીકરી ગર્ભવતી બને તો તે પછીથી સાસરીમાં જ રહે છે. પછી આણાની રાહ જોવામાં આવતી નથી.

ભારતીય સંસ્કૃતિમાં દીકરીને ''પારકુ ધન'' પિતૃસત્તાક સમાજને કારણે ગણવામાં આવે છે. લગ્ન થાય ત્યાં સુધી તે માતા-પિતાને ત્યાં રહે છે ત્યાં માતા-પિતાનું ઘર તેનું પોતાનું ઘર માને છે. પછી લગ્ન કરી સાસરે જાય ત્યારે માતા-પિતા પોતાની મિલ્કતમાંથી દીકરીને સામાજિક રીત રિવાજ મુજબ આપે છે. સામાજિક રીતે માતા-પિતા જેટલુ આપે તેટલું દીકરી લઈને સાસરે જાય છે. કાયદા ભલે દીકરીને માતા-પિતાના મિલ્કતમાં દીકરા જેટલી હક્કદાર ગણી હોય પરંતુ સામાજિક રીત રિવાજ હજુ એટલા સંકુચિત છે દીકરીને માતા-પિતા દીકરા બરાબર ગણતા નથી. કોળી પટેલ સમાજમાં માતા-પિતા પોતાની દીકરીને સોના-ચાંદી કેટલા પ્રમાણમાં આપે છે એની વિગત નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

## કોષ્ટક નં.૫.૪૦

## દીકરીને લગ્ન વખતે આપવામાં આવતા સોનાં-ચાંદીની વિગત

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | શક્તિ પ્રમાણે | ૭૮ | ૩૯.૦૦ |
| ૨. | બે તોલા સોનું | ૨૮ | ૧૪.૦૦ |
| ૩. | ત્રણ તોલા સોનું | ૦૯ | ૪.૫૦ |
| ૪. | ત્રણ થી વધુ તોલા સોનું | ૨૭ | ૧૩.૫૦ |
| ૫. | ૫૦૦ ગ્રામ ચાંદી | ૩૬ | ૨૮.૦૦ |
| ૬. | ૧ કીલો ચાંદી | ૨૨ | ૧૧.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે છોકરીને પરણાવતી વખતે દાગીના કેટલા આપે છે. કુલ ઉત્તરદાતામાંથી સૌથી વધુ ઉત્તરદાતા જણાવે છે કે દરેક કુટુંબ પોતાની શક્તિ પ્રમાણે સોનું-ચાંદી આપે છે. જ્યારે સૌથી ઓછા ઉત્તરદાતા એટલે કે ૯ ઉત્તરદાતા જણાવે છે કે ત્રણ તોલા સોનું આપે છે. જ્યારે ૧ કીલો ચાંદી, ૫૦૦ ગ્રામ ચાંદી બે તોલા સોનું અને ત્રણ તોલાથી વધુ સોનું આપતા હોય તેવા અનુક્રમે ૨૨, ૩૬, ૨૮, ૨૭ ઉત્તરદાતા જોવા મળે છે. આ ઉપરથી કહી શકાય છે કે આ સમાજમાં દહેજ પ્રથાનું પ્રમાણ ઓછુ જોવા મળે છે.

લગ્ન સમયે દીકરીના પિયર તરફથી જે રીતે સોના-ચાંદીના દાગીના આપવામાં આવે છે એ પ્રમાણે સાસરીપક્ષ તરફથી સોના-ચાંદીના દાગીના આપવામાં આવે છે જે પહેરામણી કહેવામાં આવે છે. આ સમાજમાં કન્યાવિક્રય જોવા મળે છે લગ્ન વખતે દીકરાના માતા-પિતા વરપક્ષ પાસેથી નાણાં લેતા હોય છે. ઉપરાંત તેનો સોના-ચાંદીના દાગીના પણ લે છે. આ સમાજમાં વધુ કન્યા હોય તો તેને સાપનો ભારો ગણવામાં આવતી નથી. જો દીકરીના માતા-પિતા દીકરાના ઘરવાળા પાસેથી કાંઈ ન લે તો તેને 'મફતડી' જેવા ઉદ્‌બોધન પણ કરવામાં આવતા જોવા મળ્યા છે. પરંતુ લગ્ન વખતે સોના-ચાંદીના દાગીનાની જોડ અથવા વજન કેટલું હોય છે તે જોવાનો પ્રયત્ન અભ્યાસકર્તાએ નીચેના કોષ્ટકમાં કર્યો છે.

## કોષ્ટક નં.૫.૪૧

## દીકરાની વહુને કરવામાં આવતી પહેરામણી

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | એક તોલા | ૧૮ | ૯.૦૦ |
| ૨. | ઓછાં માં ઓછુ બે તોલા સોનુ | ૮૭ | ૪૩.૫૦ |
| ૩. | ૪ તોલા | ૧૯ | ૬.૫૦ |
| ૪. | ૫ તોલા | ૭ | ૩.૫૦ |
| ૫. | ૫૦૦ ગ્રામ ચાંદી | ૬૯ | ૩૪.૫૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે વહુને પરણતી વખતે ઓછામાં ઓછુ બે તોલા સોનું પહેરામણી કરતા હોય તેવા ૮૭ ઉત્તરદાતા છે, જ્યારે સૌથી ઓછા ઉત્તરદાતા ૭ જોવા મળે છે જે સૌથી વધુ ૫ તોલા સોનું પહેરામણી કરતું જોવા મળે છે. જ્યારે ૫૦૦ ગ્રામ ચાંદી પરણતી વખતે વહુને પહેરામણી કરતા હોય તેવા ૬૯ ઉત્તરદાતા છે. ઉપરોક્ત વિગતો સમાજનાં પ્રવર્તમાન કાયદાઓનું આજે પણ વર્ચસ્વ છે તેવું દર્શાવે છે.

## કોષ્ટક નં.૫.૪૨

## મોસાળપક્ષ કે સાસરીયા પક્ષ દ્વારા પહેરામણી

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૧૮૮ | ૯૪.૦૦ |
| ૨. | ના | ૧૨ | ૦૬.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટકના વિષ્લેષણ પરથી જોવા મળે છે કે કોળી પટેલ સમાજમાં લગ્નમાં મોસાળ પક્ષ કે સાસરીયા પક્ષમાં પહેરામણી કરવાનો રીવાજ હોય તેવું ૧૮૮ ઉત્તરદાતા જણાવે છે, જ્યારે માત્ર ૧૨ ઉત્તરદાતાના જણાવ્યા પ્રમાણે આ પહેરામણી કરવાનો રીવાજ નથી.

કોળી પટેલ સમાજની આર્થિક પરિસ્થિતિ એકંદરે મધ્યમ જોવા મળી છે. તેઓ ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા હોય છે એ પ્રમાણે જ તેમનું જીવનધોરણ પણ જોવા મળે છે.

લગ્ન પ્રસંગે વહુને પહેરામણી કરવા માટે જમીન ગીરવે મૂકીને કે વેચીને પહેરામણી કરતા જોવા મળે છે. એ પ્રમાણે પહેરામણી કરતા હોય છે પરંતુ શહેરી કરણને અસરને કારણે આપવા-લેવાની ચીજવસ્તુઓમાં પહેલાના રીવાજમાં પરિવર્તન જોવા મળે છે.

**કોષ્ટક નં.૫.૪૩**

**પહેરામણીની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ચુંદડી | ૭૨ | ૩૮.૩૦ |
| ૨. | સાડી | ૮૯ | ૪૭.૩૪ |
| ૩. | નાણા | ૦૫ | ૨.૬૬ |
| ૪. | સોના ચાંદીની વસ્તુ, વીંટી લક્કી વગેરે | ૨૦ | ૧૦.૬૪ |
| ૫. | ઘડીયાળ | ૦૨ | ૧.૦૬ |
| | કુલ | ૧૮૮ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટકને આધારે જોઈ શકાય છે કે કુલ ઉત્તરદાતામાંથી ૧૮૮ ઉત્તરદાતાઓ જુદા-જુદા પ્રકારની પહેરામણી કરે છે જેમાં સૌથી વધુ ૮૯ ઉત્તરદાતાઓ પહેરામણી તરીકે સાડી આપે છે જ્યારે સૌથી ઓછા ૫ ઉત્તરદાતાઓ પહેરામણીમાં નાણાં આપે છે. જ્યારે ચુંદડી અને સોનાચાંદીની વસ્તુઓ આપતા હોય તેવા અનુક્રમે ૭૨ અને ૨૦ ઉત્તરદાતાઓ જોવા મળે છે. જ્યારે માત્ર ૨ ઉત્તરદાતાઓ જ પહેરામણીમાં ઘડીયાળ આપતા જોવા મળ્યા હતા.

કુલ ઉત્તરદાતામાંથી માત્ર ૧૨ ઉત્તરદાતાના જણાવ્યા પ્રમાણે છોકરીઓ બીજી જ્ઞાતિમાં સરળતાથી લગ્ન કરી શકે છે, જ્યારે ૧૮૮ ઉત્તરદાતા જણાવે છે કે છોકરીઓ બીજી જ્ઞાતિમાં લગ્ન કરી શકતી નથી. આ પરથી કહી શકાય કે કોળી પટેલ સમાજમાં જ્ઞાતિનું મહત્વ વધુ છે.

જ્ઞાતિમાંજ સ્ત્રી પોતાની મરજી ન હોય તેવા પુરૂષને લગ્નબાદ છોડી દઈ શકે કે નહીં તે વિશેના ઉત્તરદાતાના મંતવ્યો અત્રે દર્શાવ્યા છે.

ભારતીય બંધારણે સ્ત્રીને પુરૂષ જેટલી સમાનતા અને હક્કો આપ્યા છે પરંતુ વાસ્તવિક પરિસ્થિતિ બંધારણને અનુલક્ષીને જોવા મળે છે સ્ત્રીઓ હજીએ પુરૂષ પ્રધાન સમાજની માનસિકતા માંથી બહાર આવી શકતી નથી. આ પરિસ્થિતિ શહેરી સમાજ અને ગ્રામીણ સમાજ અલગ અલગ જોવા મળે છે. ગ્રામીણ સમાજમાં જ્ઞાતિ પ્રમાણે પણ માન્યતાઓ વલણોમાં ભિન્નતા જોવા મળે છે.

તળપદા કોળી પટેલ સમાજને સામાજિક, શૈક્ષણિક અને આર્થિક રીતે નબળો ગણવામાં આવે છે. બીજા સમાજમાં સ્ત્રીઓ પોતે પરણીને સાસરે આવે છે. પતિના ઘરના નિયમો મુજબ એને ત્યાં પોતાનું સમાયોજન સાધવું પડે છે. સ્ત્રીને સતત બાળપણથી જ ''તુ પારકી છે'' જેવા શબ્દોથી નવાજવામાં આવે છે. જેને લીધે તેનામાં સહન કરવાની માનસીકતા બંધાઈ ગઈ છે પરંતુ તેને અતિરેક વધી જતાં તે છૂટવાનો પ્રયત્ન કરે છે. આ સમાજમાં પણ સ્ત્રીને તેની મરજી મુજબ વર્તવાની છુટ છે કે નહિ તે જોવાનો પ્રયત્ન કર્યો છે. જે નીચેના કોષ્ટક માં જોઈ શકાય છે.

## કોષ્ટક નં.૫.૪૪

## સ્ત્રી છૂટાછેડા લઈ શકે કે નહિ તેની વિગત

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૧૪૮ | ૭૪.૦૦ |
| ૨. | ના | ૫૨ | ૨૬.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટકને આધારે જોઈ શકાય છે કે કુલ ઉત્તરદાતામાંથી ૧૪૮ એટલેકે ૭૪% ઉત્તરદાતા જણાવે છે કે સ્ત્રીને પોતાનો પતિ ગમતો ન હોય તો તે સમાજની રોક-ટોક (મંજૂરી વગર) છુટુ લઈ શકે છે, જ્યારે ૫૨ ઉત્તરદાતા જણાવે છે કે સ્ત્રીને પોતાનો પતિ ગમતો ન હોય તો તે પોતાની ઈચ્છાથી છૂટુ લઈ શકતી નથી.

## કોષ્ટક નં.૫.૪૫

## વડીલો દ્વારા લગ્નપાત્ર પસંદગીના કારણો

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | છોકરાઓને ખબર ન પડે | ૫૬ | ૨૮.૦૦ |
| ૨. | વડીલોની પસંદગી થાય તો કોઈ તકલીફ હોય તો કહી શકાય | ૧૧૨ | ૫૬.૦૦ |
| ૩. | અન્ય | ૩૨ | ૧૬.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટકને આધારે જોઈ શકાય છે કે કુલ ઉત્તરદાતામાંથી ૧૧૨ ઉત્તરદાતા જણાવે છે કે લગ્નમાં છોકરો-છોકરી ની પસંદગી જાતે કરતો નથી પરંતુ વડીલો દ્વારા પસંદગી કરવામાં આવે છે.

જેનું કારણ તેઓ જણાવે છે કે જો ભવિષ્યમાં તકલીફ થાય તો તે દૂર કરી શકાય છે. જ્યારે ૫૬ ઉત્તરદાતા જણાવે છે કે છોકરાઓને ખબર ન પડે.

**કોષ્ટક નં.૫.૪૬**

**લગ્નમાં છોકરાની પસંદગીનાં માપદંડો**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ભણેલો હોય | ૬૭ | ૩૩.૫૦ |
| ૨. | પૈસાદાર હોય | ૧૬૨ | ૮૧.૦૦ |
| ૩. | સારી નોકરી કરતો હોય | ૧૫૦ | ૭૫.૦૦ |
| ૪. | ખેતી લાયક જમીન વધુ હોય | ૭૦ | ૩૫.૦૦ |
| | કુલ | ૨૦૦ | |

★ એકથી વધુ જવાબો મળેલ છે.

ઉપરોક્ત કોષ્ટકને આધારે જોઈ શકાય છે કે લગ્ન માટે છોકરાની પસંદગી કરવાની હોય તો પસંદગીનાં ધોરણો અત્રે ઉત્તરદાતાઓ દ્વારા જુદા-જુદા દર્શાવાયા છે, જેમાં સૌથી વધુ ૧૬૨ એટલે કે ૮૧% ઉત્તરદાતાઓ જણાવે છે કે તેઓ છોકરો પૈસાદાર હોય તે જુએ છે, જ્યારે ૬૭ ઉત્તરદાતાઓ છોકરાનું ભણતર જોતા હોય છે. જ્યારે સારી નોકરી કરતો હોય અને ખેતી લાયક જમીન વધુ હોય તેવું અનુક્રમે ૧૬૨ અને ૭૦ ઉત્તરદાતા જોવા મળે છે.

**કોષ્ટક નં.૫.૪૭**

**લગ્નમાં છોકરીની પસંદગીનાં માપદંડો**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ઘરના કામકાજની સારી જાણકારી હોય | ૧૯૬ | ૯૮.૦૦ |
| ૨. | ભણેલી હોય | ૫ | ૨.૫૦ |
| ૩. | દેખાવડી હોય | ૧૪૭ | ૭૩.૫૦ |
| | કુલ | ૨૦૦ | |

★ એકથી વધુ જવાબો મળેલ છે.

ઉપરોક્ત કોષ્ટકને આધારે જોઈ શકાય છે કે કોળી પટેલ સમાજમાં લગ્નમાં છોકરીની પસંદગી કરવામાં મુખ્યત્વે છોકરી ઘરના કામકાજ સારી રીતે જાણતી હોય તેવી પસંદ કરવામાં આવે છે તેવું ૧૯૬ ઉત્તરદાતા જણાવે છે, જ્યારે દેખાવડી હોય તેવી છોકરી ની પસંદગી કરવામાં આવે તેવું ૧૪૭

ઉત્તરદાતા જણાવે છે અને છોકરી ભણેલી હોય તો પસંદ કરવામાં આવે છે તેવુ માત્ર ૫ ઉત્તરદાતાજ જણાવે છે.

ગ્રામીણ સમાજોમાં કૌટુંબિક પ્રશ્નોનાં ઉકેલ માટે આજેપણ પરંપરાગત સંસ્થાઓનું મહત્ત્વ છે તે વિષયક ઉત્તરદાતાઓનાં મંતવ્યો અત્રે દર્શાવવામાં આવ્યા છે.

**કોષ્ટક નં.૫.૪૮**

**કૌટુંબિક સમસ્યાનો ઉકેલ**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | કુટુંબના વડીલો દ્વારા સામસામા નાણા આપીને | ૧૪૭ | ૭૩.૫૦ |
| ૨. | સમાજના વડીલો દ્વારા | ૧૫૯ | ૭૯.૫૦ |
| ૩. | પંચ દ્વારા | ૧૯૬ | ૯૮.૦૦ |
| ૪. | સામાજિક સંસ્થાની મધ્યસ્થી | ૫ | ૨.૫૦ |
| ૫. | કોર્ટ દ્વારા | ૧૨ | ૬.૦૦ |
| | કુલ | ૨૦૦ | |

★ એકથી વધુ જવાબો મળેલ છે.

ઉપરોક્ત કોષ્ટકને આધારે જોઈ શકાય છે કે કૌટુંબિક ઝઘડામાં છૂટાછેડા તથા અન્ય સમસ્યાનો ઉકેલ તેઓ જુદી-જુદી રીતે લાવે છે. જેમાં સૌથી વધુ ૧૯૬ એટલે કે ૯૮% ઉત્તરદાતાઓ પંચ દ્વારા ઝઘડાનો ઉકેલ લાવે છે. જ્યારે સામ-સામે નાણા આપીને, સમાજ વડીલો દ્વારા, સામાજિક સંસ્થાની મદદથી અને કોર્ટ દ્વારા ઝઘડાનો ઉકેલ લાવતા હોય તેવા અનુક્રમે ૧૪૭, ૧૫૯, ૫ અને ૧૨ ઉત્તરદાતાઓ જોવા મળે છે.

હિંદુ સંસ્કૃતિમાં લગ્ન એ એક સંસ્થા છે. પિતૃસત્તાક સમાજમાં પુરૂષોનું સ્થાન સ્ત્રીઓ કરતા ઊંચુ ગણવામાં આવે છે. પરિણીત સ્ત્રીનું સાચુ આભુષણ એનો પતિ છે. પતિ વીના તેનું જીવન વિરાન હોય તેવું જોવા મળે છે. કોળી પટેલ સમાજમાં પોતાના પતિના અવસાન બાદ ધાર્મિક કે સામાજિક પ્રસંગોમાં તેની હાજરીની નોંધ કેવી રીતે લેવાય છે તે જણાવવાનો પ્રયત્ન અધ્યયનકર્તાએ સંશોધનમાં કર્યા છે જેની વિગત નીચે મુજબ છે.

## કોષ્ટક નં.૫.૪૯

## વિધવા સ્ત્રીની પ્રસંગોમાં હાજરીને કેવી માનવામાં આવે છે

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હાજરી શુભ | ૮ | ૪.૦૦ |
| ૨. | હાજરી અશુભ | ૧૩૨ | ૬૬.૦૦ |
| ૩. | હાજરીથી કોઈ ફેર પડતો નથી | ૬૦ | ૩૦.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટકને આધારે જોઈ શકાય છે કે ૧૩૨ એટલે કે ૬૬% ઉત્તરદાતા એવુ માને છે કે સામજિક, ધાર્મિક શુભ પ્રસંગોમાં જે સ્ત્રીના પતિનું અવસાન થયું હોય તે સ્ત્રીની હાજરીને શુભ ગણવામાં આવતી નથી. ૬૦ ઉત્તરદાતાઓના એટલે કે ૩૦% ઉત્તરદાતાઓને માટે વિધવા સ્ત્રીની હાજરીથી સામાજિક પ્રસંગે કોઈ ફરક પડતો નથી. જ્યારે ૮ ઉત્તરદાતા તેની હાજરીને શુભ માને છે. જેમા તેના શિક્ષણનો પ્રભાવ જોવા મળે છે.

ભારત પુરૂષ પ્રધાન દેશ છે. કુટુંબ સમાજમાં તેના નિર્ણયને સર્વોપરી નિર્ણય તરીકે ગણવામાં આવે છે. સ્ત્રીએ બેવડી કે ત્રેવડી ભૂમિકા ભજવતી હોવા છતાં તેનું સ્થાન પુરૂષ પછી જ ગણવામાં આવે છે. સમાજમાં આપણે જોઈએ તો શિક્ષિત સમાજ હોય કે અશિક્ષિત શહેરી સમાજ હોય કે ગ્રામીણ સમાજ ઘરવિહોણી કે સત્તાવિહોણી છે. પોતે પોતાની ઈચ્છા મુજબ વર્તી શકતી નથી. કારણ એ એટલુ જ છે એ પુરૂષ કરતાં શારીરિક બંધારણીય રીતે ભિન્ને છે. પોતે સૃષ્ટિના સર્જક તરીકેની મહત્વની ભૂમિકા ભજવે છે પરંતુ સર્જક હોવા છતાં તે મુક્ત વાતાવરણ ભોગવી શકતી નથી. આ પરિસ્થિતિ હાલના તબક્કે શહેરી સમાજમાં થોડા સુધારો આવ્યો છે. પરંતુ ગ્રામીણ અશિક્ષિત સમાજમાં મહિલાઓ સ્વતંત્રતા ભોગવી શકતી નથી. કોળી પટેલ સમાજમાં સ્ત્રી-પુરૂષ બન્ને લગ્ન કરી શકે છે અને છૂટાછેડા પણ લઈ શકે છે. આ અંગે ઉત્તરદાતાના પોતે શું મંતવ્ય ધરાવે છે એ જાણવાનો પ્રયત્ન કોષ્ટક નં. ૧૦૭માં કરેલ છે.

## કોષ્ટક નં.૫.૫૦

### પુરૂષ કેટલી વખત લગ્ન કરી શકે છે

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | બે વખત | ૧૨ | ૦૬.૦૦ |
| ૨. | ઈચ્છા મુજબ | ૧૮૮ | ૯૪.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટક પરથી જોવા મળે છે કે કોળી પટેલ સમાજમાં પુરૂષ પોતાની ઈચ્છા મુજબ લગ્ન કરી શકે છે તેવુ ૧૮૮ ઉત્તરદાતાઓ જણાવે છે, જ્યારે માત્ર ૧૨ ઉત્તરદાતાના જણાવ્યા મુજબ પુરૂષ બે વખત લગ્ન કરી શકે છે.

ભારતીય સમાજ વ્યવસ્થામાં જ્ઞાતિ એ એક સ્તર છે. દરેક જ્ઞાતિનું આગવું બંધારણ હોય છે. આ બંધારણ તે જ્ઞાતિના દરેક સભ્યને વર્તવા માટે નિતીનિયમો ઘડેલો હોય છે. જેમાં દીકરા-દીકરીના લગ્ન માટે પણ તે હોય છે. દરેક જ્ઞાતિજનો પોતાની જ જ્ઞાતિમાં લગ્ન કરે એવું અલેખિત નિયમ હોય છે. પરંતુ કેટલીક વખત છોકરા-છોકરી પુખ્ત થતા કોઈના કોઈ કારણે વિજાતીય આકર્ષણને વશ થઈ લગ્ન કરવા માટે પ્રેરાય છે. આ સમાજમાં પણ જો કોઈ છોકરા-છોકરી લગ્ન કરે તો ઘરના વડીલો તેમજ જ્ઞાતિબંધુઓ પ્રતિભાવ આપે છે. એ જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

## કોષ્ટક નં.૫.૫૧

### છોકરી-છોકરો બહિર્લગ્ન કરે તેના પ્રત્યાઘાત

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | કૌટુંબિક બહિષ્કાર | ૧૭૭ | ૮૮.૫૦ |
| ૨. | જ્ઞાતિનો વિરોધ | ૧૩૯ | ૬૯.૫૦ |
| ૩. | કાંઈ નહિ | ૩૩ | ૧૬.૫૦ |
| | કુલ | ૨૦૦ | |

★ એકથી વધુ જવાબો મળેલ છે.

ઉપરોક્ત કોષ્ટકમાં સંશોધન કર્તાને ઉત્તરદાતા તરફથી એક કરતાં વધારે જવાબો મળ્યા છે. ઉત્તરદાતાની જ્ઞાતિમાં કોઈ છોકરા-છોકરી પરજ્ઞાતિમાં લગ્ન કરે તો ૮૯.૫૦% ઉત્તરદાતાઓ જણાવે છે કે

તેમાં જેતે કુટુંબનો બહિષ્કાર થાય છે. જયારે ૬૯.૫૦% ઉત્તરદાતાઓ એવુ જણાવે છે જ્ઞાતિ દ્વારા વિરોધ થાય છે. જયારે માત્ર ૧૬.૫૦% ઉત્તરદાતાઓએ કોઈ પ્રતિ ન આપ્યો. આ કોષ્ટક પરથી એ તારણ પર આવી શકીએ કે જ્ઞાતિ બહારના લગ્ન ને તે અંગેના વ્યહારનો સ્વીકાર થતો નથી.

સામાન્યતઃ તળપદા કોળી સમાજમાં બાળવિવાહનું ચલણ જોવા મળે છે. નાની વયમાં લગ્નના કારણે લગ્નના શરૂઆતમાં વર્ષો વરવધુ ઉપર સામાજિક જવાબદારીઓનો બોજ વધી જાય તે હેતુથી સમાજે આવા પ્રકારની રીત રિવાજો પ્રણાલીરૂપે સ્વીકાર્યો હશે એમ જ્ઞાતિના વડીલો સાથેની વારંવારની મુલાકાતો અને ચર્ચા ફલિત થાય છે.

સામાન્ય રીતે કોળી પટેલ સમાજ વાર તહેવારે કે કુટુંબના સારામાઠા પ્રસંગોમાં વધુને તેડી લાવવામાં આવે છે. ઘરના કોઈ ને કોઈ કામમાં તેને પલોટવાનો પ્રયત્ન થાય છે.

ઉત્તરદાતાઓ પાસેથી મળેલ વિગત મુજબ બે થી ત્રણ આણા ફેરવાય છે. આણાનો અર્થ પિયરથી થોડા સમય માટે સાસરીપક્ષમાં રહેવું પિયરથી જ્યારે સાસરે વળાવવામાં આવે ત્યારે બે થી ત્રણ જોડી કપડાં અને શક્તિ મુજબના દાગીના લઈને મોકલવામાં આવે છે. બાલ્યાવસ્થા પસાર કરતી બાલિકાને (માસિક ધર્મમાં ન આવતી હોય તેવી) સાસરીમાં સાસુ સાથે જ રાખવામાં આવે છે. આણાના સમયમાં જો વહુ ગર્ભવતી બને તો તે પછીથી બીજા આણા ફરતી નથી, અને સાસરીમાં રહી જાય છે. આમ, સામાજિક નિયમો દ્વારા સમાજની વ્યવસ્થાને વધુ દઢ બનાવવા માટે જુદા-જુદા પ્રકારના રિત રિવાજોનું પાલન કરાવાતુ રહે છે.

સામુદાયિક સુસંચાલન માટે સમાજે ઉભી કરેલી આગવી ન્યાયિક વ્યવસ્થા તે જાતીપંચ છે. વિકાસશીલ જાતિઓમાં આ પંચોનું પ્રભુત્વ આજે પણ જોવા મળે છે. સમાજના અને કુટુંબના આંતરિક પ્રશ્નોના ઉકેલ માટે ઉભી થયેલ આ સંસ્થાના અસ્તિત્વ ને તેના કાર્ય વિષે અભ્યાસ હેઠળની જ્ઞાતિની મહિલાઓએ દર્શાવેલ તેમના મંતવ્યો નીચે દર્શાવેલ કોષ્ટક નંબર ૫.૫૦ માં જણાવેલ છે. બધા જ ઉત્તરદાતાએ એટલે ૧૦૦% ઉત્તરદાતાએ જ્ઞાતિપંચ છે તેમજ તે જ્ઞાતિના વિવિધ પ્રશ્નોના ઉકેલ માટે અને તે એક સામાજિક સ્થાનિક નિયંત્રકની ભૂમિકા ભજવે છે. એમ દર્શાવ્યુ છે. જ્ઞાતિ પંચના કાર્યો વિષેની કોળી પટેલ મહિલાઓની સમજ નીચે મુજબ છે.

## કોષ્ટક નં.૫.૫૨

## જ્ઞાતિપંચનાં કાર્યો

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | જ્ઞાતિનું બંધારણ બનાવવુ અને પળાવવી | ૧૧૮ | ૫૯.૦૦ |
| ૨. | કૌટુંબિક ઝઘડાઓ હલ કરવા | ૧૩૧ | ૬૫.૫૦ |
| ૩. | સામાજિક કુરિવાજો બંધ કરવા | ૧૨૧ | ૬૦.૫૦ |
| ૪. | જ્ઞાતિના વિકાસ માટે પ્રયત્ન કરવા | ૧૧૯ | ૫૯.૫૦ |
| | કુલ | ૨૦૦ | |

★ એકથી વધુ જવાબો મળેલ છે.

ઉપરોક્ત કોષ્ટકમાં એક કરતાં વધારે જવાબો પ્રાપ્ત થયેલ છે જેમાં ૨/૩ જેટલાં ઉત્તરદાતાઓ કૌટુંબિક પ્રશ્નોને હલ કરવા અને સામાજિક કુરિવાજોને બંધ કરાવવા તેવા કાર્યોને જ્ઞાતિપંચના કાર્યો જણાવ્યા છે. ૫૯% જેટલા ઉત્તરદાતાઓએ જ્ઞાતિપંચ બંધારણ ઘડતર અને અમલીકરણ તેમજ જ્ઞાતિના વિકાસના કાર્યો માટે કાર્ય કરે છે તેમ જણાવે છે. ઉપરોક્ત વિગતો જ્ઞાતિપંચની અગત્યતા અને મહત્ત્વ આ સમાજની અંદર આજે પણ વ્યાપ્ત છે તે ઉજાગર કરે છે.

ભારતીય સંસ્કૃતિમાં કુટુંબ વ્યવસ્થાનું આગવું મહત્વ છે. સ્ત્રી પુરૂષ બન્ને લગ્ન દ્વારા જોડાય છે. લગ્ન એ માત્ર બે આત્મા સાથેનો મિલન વાત હિંદુ સંસ્કૃતિમાં નથી પંરતુ તેનું જોડાણ તેના કુટુંબીજનો સાથે પણ થાય છે. પુરૂષપ્રધાન સમાજ સ્ત્રી પરણીને સાસરે આવે છે. લગ્ન માટે દીકરી-દીકરાની પસંદગી ઉપર તેની આર્થિક સામાજિક સ્થિતિ ઉપર વધુ ભાર મુકાય છે. જીવન સાથીની પસંદગીના ધોરણો મુજબ જ વ્યવસ્થા ગોઠવેલી હોય છે. જેમાં દરેક સમાજમાં કુટુંબના વડીલો, જ્ઞાતિના આગેવાનો વગેરેનું ઘણું મહત્વ હોય છે. પ્રસ્તુત અધ્યયનમાં કોળી પટેલ સમાજમાં યુવાન છોકરાઓ-છોકરીઓ યોગ્ય પાત્રની પસંદગી માટે કેવા ધોરણો હોય છે એ જાણવાનો પ્રયત્ન કર્યો છે.

## કોષ્ટક નં.૫.૫૩

## સમાજમાં થતા લગ્નો

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | મા બાપની પસંદગીથી | ૧૯૬ | ૯૮.૦૦ |
| ૨. | છોકરા-છોકરીની પસંદગીથી | ૨૧ | ૧૦.૫૦ |
| ૩. | અન્ય સગાઓની પસંદગીથી | ૨૫ | ૧૨.૫૦ |
| | કુલ | ૨૦૦ | |

★ એકથી વધુ જવાબો મળેલ છે.

ઉપરોક્ત કોષ્ટક નં. ૧૨૦ ને જોતા જણાયછે કે કોળી પટેલ સમાજના રિવાજ મુજબ ૧૯૬ ઉત્તરદાતાઓએ એટલે કે ૯૮.૦૦% ઉત્તરદાતાઓએ મા-બાપ જ દીકરા-દીકરી માટે યોગ્ય પાત્રની પસંદગી કરે છે જેને છોકરા-છોકરીઓ માન્ય રાખે છે. સૌથી ઓછી ટકાવારી જોઈએ તો તે છોકરા-છોકરીઓએ જાતે પસંદ કર્યા હોય એમની છે. જે ૨૧ જણા જ છે. એટલે કે કુલ ઉત્તરદાતામાંથી ૧૦.૫૦% ઉત્તરદાતા એવો જવાબ આપે છે. અન્ય સગાઓ દ્વારા પાત્રની પસંદગી થતી હોય એવા ૧૨.૫૦% છે એટલે કે કુલ ઉત્તરદાતાઓમાં ૨૫ ઉત્તરદાતાએ મુજબના જવાબ આપ્યા છે.

દરેક જ્ઞાતિઓમાં બે વિજાતીય વ્યક્તિઓ વચ્ચે લગ્ન ગોઠવાઈ છે. જે માટે બન્ને કુટુંબ સામાજિક, આર્થિક સ્તર જોવામાં આવે છે. આ સ્તરને ધ્યાનમાં રાખી લગ્ન ગોઠવાઈ છે. કોળી પટેલ સમાજમાં કન્યા પક્ષ વરપક્ષ પાસેથી નાણાં લે છે કન્યાવિક્રયની પ્રથા જોવા મળે છે. આથી દીકરી વાળાની જેમ દીકરાવાળાને ખર્ચ થતો હોય છે. પરંતુ અંદાજીત ખર્ચ કેટલો હોઈ શકે એ સંશોધનકર્તાએ ઉત્તરદાતા પાસે જાણવાનો પ્રયત્ન કર્યો જે નીચે કોષ્ટકમાં દર્શાવવામાં આવેલ છે.

## કોષ્ટક નં.૫.૫૪

## છોકરાના લગ્નમાં ખર્ચવામાં આવતા નાણાં

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૨૦ હજારથી ઓછા | ૧૨ | ૦૬.૦૦ |
| ૨. | ૨૧ થી ૩૦ હજાર | ૫૨ | ૨૬.૦૦ |
| ૩. | ૩૧ થી ૪૦ હજાર | ૩૨ | ૧૬.૦૦ |
| ૪. | ૪૦ થી વધુ | ૧૦૪ | ૫૨.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે ૧૦૪ ઉત્તરદાતા એટલે કે ૫૨% એ ૪૦ થી વધારે નો ખર્ચ દર્શાવેલ છે. ૫૨ ઉત્તરદાતા એટલે કે ૨૬% ઉત્તરદાતા ૨૧ થી ૩૦ હજારનો ખર્ચ થાય છે એમ જણાવે છે. ૩૧ થી ૪૦ હજાર જેટલો ખર્ચ થાય છે. આમ લગ્ન દરેક કુટુંબ પોતાના આર્થિક સગવડ પ્રમાણે કરે છે. ૨૦ હજારથી વધુ ખર્ચ કરતાં જોવા મળે છે. દરેક કુટુંબ સમાજમાં પોતાનો મોભો જળવાયેલો રહે એ પ્રમાણે લગ્ન પ્રસંગોમાં ખર્ચ કરતા જોવા મળે છે.

દરેક સમાજની સુવ્યવસ્થા જળવાયેલી રહે એ જ્ઞાતિપચો દ્વારા નિતિનિયમો બનાવવામાં આવે છે જેને સૌ જ્ઞાતિજનો અનુસરતા હોય છે. કોળી પટેલ સમાજમાં છોકરાના પક્ષ તરફથી લગ્ન વખતે નાણાં આપતા હોય છે જે આપણે અગાઉ જોયું. આ નાણાં કન્યાપક્ષવાળાની ઈચ્છા હોય તે મુજબના માંગતા હોય છે. જ્ઞાતિપંચ દ્વારા આ ંઅગે નિયમો પણ ઘડવામાં આવ્યા છે. છતાં આ રિવાજ મુજબ ઘણા કુટુંબોમાં વ્યવહાર થતો હોય છે. આ વ્યવહાર યોગ્ય છે કે નહી એ જાણવાનો પ્રસ્તુત અધ્યયન પ્રયાસ કરાવમાં આવ્યો છે જે કોષ્ટકમાં જોઈ શકાય છે.

**કોષ્ટક નં.૫.૫૫**

**કન્યાવિક્રય પ્રથાની યોગ્યતા**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ખોટી પ્રથા છે | ૧૯૬ | ૯૮.૦૦ |
| ૨. | કહેવુ મુશ્કેલ છે | ૪ | ૨.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ભૂતકાળની સમાજ વ્યવસ્થા પ્રમાણે જો અત્યારે આપણે ચાલીએ તો તે જડ વલણ કહેવાય. જેમ-જેમ સમય પસાર થાય તેમ-તેમ વ્યક્તિમાં કે તે જે સમાજમાંથી આવે છે તેને તેના જ કેટલાક નિયમો અંગે સુધારો થવો જોઈએ એવું તે માનવા લાગે છે એમ ઉપરોક્ત સ્પષ્ટપણે બતાવે છે. કુલ ઉત્તરદાતામાંથી ૧૯૬ એટલે કે ૯૮.૦૦% ઉત્તરદાતાઓને આ રિવાજ બિલકુલ ખોટો લાગે છે જ્યારે માત્ર ચાર ઉત્તરદાતા એટલે ૨% ઉત્તરદાતાને આ રિવાજ અંગે પોતાનું કંઈક કથન આપી શકે એટલા સક્ષમ નથી. આથી આ કોષ્ટક પરથી કહી શકાય છે કે કોળી પટેલ સમાજમાં કન્યા વિક્રયની જે પ્રથા છે ખોટી છે જે અંગે સુધારો લાવવો જોઈએ.

પ્રાચીન સમયમાં સ્ત્રીએ પોતાના સ્થાન દરજ્જા અને ભૂમિકામાં અનેક ચઢાવ-ઉતાર જોયા છે. સ્ત્રીઓ માટેના મતાધિકારથી લડતથી શરૂ કરીને કામની પરિસ્થિતિ સુધારવા માટેની લડતો, સ્ત્રીઓ

પરની હિંસા સામે લડતો વગેરે અનેક લડતો મહિલાઓએ કરી છે. ભારત સહિત દુનિયાના અનેક દેશોમાં સ્ત્રીઓના અધિકારને માનવ અધિકાર તરીકે સ્વીકારવા માટેની લડતો ધર્માંધતા અને રૂઢિ ચુસ્તતા સામેની લડતોએ ઘણુ જોર પકડ્યુ છે. આઝાદ ભારતના બંધારણ દ્વારા મળેલા કાયદાકીય જોગાઈઓ દ્વારા પણ સ્ત્રીએ માનવઅધિકાર પ્રાપ્ત કર્યો છે. પરંતુ પરિણીત સ્ત્રીને મળેલ વારસો વાતારવણ તેમજ પોતાની સ્ત્રી તરીકેની આગવી ઓળખના મહત્ત્વ વિષે પરિણીત સ્ત્રી પોતે સમજે એવું વાસ્તાવિક વાતારવણ હજી તેને સાંપડ્યુ છે નહી અથવા તે પોતે પોતાની જાતે પતિ સમાન સ્થાન ધરાવે છે કે નહિ તે જાણવાનો પ્રયત્ન કોષ્ટક નંબર ૧૨૪ માં કરવામાં આવ્યો છે.

**કોષ્ટક નં.૫.૫૬**

**લગ્નજીવનમાં પતિ-પત્નીનો મોભો/સ્થાન**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | પતિનો મોભો વધુ ઉંચો છે | ૧૮૮ | ૯૪.૦૦ |
| ૨. | બંને સમાજમાં સમાન મોભા ધરાવે છે | ૧૨ | ૦૬.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

આજના યુગમાં સ્ત્રી-પુરૂષ ને સમાન ગણવામાં આવે છે. જે દરેક સમાજમાં જોવા મળતું નથી તેવું જ  કોળી પટેલ સમાજમાં પણ છે આ સમાજમાં પતિના મોભાને વધુ ઉંચો ગણવામાં આવે છે. તેવુ ૧૮૮ ઉત્તરદાતા જણાવે છે, જ્યારે માત્ર ૧૨ ઉત્તરદાતાજ પતિ-પત્નીનો મોભો સમાન છે તેવુ જણાવે છે. આ પરથી કહી શકાય છે કે આ સમાજમાં પતિનું વર્ચસ્વ વધુ જોવા મળે છે.

કુટુંબ બે તે તેથી વધુ સભ્યોનો સમુહ છે જેમાં પતિ-પત્ની વચ્ચે જાતીય સંબંધ હોય છે જે બાળઉછેર માટે પુરતો હોય છે. આ સમુહના સભ્યોમાં કેટલાક સભ્યો લગ્ન સંબંધથી, રક્ત સંબંધથી, દત્તકના સંબંધથી જોડાયેલા હોય છે. આ બધાજ સભ્યો એકજ નિવાસ સ્થાનમાં રહે છે. કુટુંબ એ પાયાની સાર્વત્રિક સામાજિક સંસ્થા છે. જેનુ મુખ્ય કાર્ય પ્રજોત્પતિ અને સામાજિકરણનું છે. (જોષી વિદ્યુત - ૧૯૯૭)

અધ્યયનના ઉત્તરદાતાઓમાં કુટુંબનો શું હેતુ  છે તે નીચે મુજબ જોઈ શકાય છે.

**કોષ્ટક નં.૫.૫૭**

**કુટુંબ જીવનના મુખ્ય હેતુઓ**

| ક્રમ | વિગત સંખ્યા | ટકા | |
|---|---|---|---|
| ૧. | પ્રજોત્પતિ અને જાતીય આનંદ | ૧૮૫ | ૫૨.૫ |
| ૨. | સમાજમાં સામાજિક આર્થિક કાર્યો પરિપૂર્ણ કરવા | ૧૯૬ | ૯૮.૦૦ |
| ૪. | કુટુંબના સભ્યોમાં પારિવારિક આનંદ | ૨૭ | ૧૩.૫૦ |
| | કુલ | ૨૦૦ | |

★ એકથી વધુ જવાબો મળેલ છે.

૯૮% ઉત્તરદાતાઓ કુટુંબના કાર્યો વિષે જણાવતાં સમાજના સામાજિક અને આર્થિક કાર્યોને પરિપૂર્ણ કરવાને કુટુંબનો મૂળભૂત હેતુ ગણાવે છે. જ્યારે પ્રજોત્પતિ અને જાતીય આનંદ ને કુટુંબના મૂળભૂત હેતુ તરીકે ગણાવતા અભિપ્રાયો ૫૨.૫% ઉત્તરદાતા તરફથી મળ્યા છે. ફક્ત ૧૩.૫% ઉત્તરદાતાઓએ કુટુંબને પારિવારીક આનંદ મેળવવા ના હેતુ માટે છે તેમ પણ જણાવ્યુ છે. વિશ્લેષણ દ્વારા જાણવા મળતા કાર્યો તે કુટુંબના મુળભુત કાર્યો સાર્વત્રિક છે જેની સમજ બધાજ સમાજો જાણે છે પરંતુ વ્યક્ત કરવાની રીત અલગ અલગ હોય છે.

પિતૃસત્તાક સમાજવ્યવસ્થાને કારણે સમાજમાં પુરૂષ તરીકે પતિને જે વ્યવહારિક છૂટછાટ વધુ જોવા મળે છે જે છૂટછાટ દીકરી તરીકે સ્ત્રી ને કે પત્ની તરીકે સ્ત્રીને મળતી નથી. પરિણીત સ્ત્રીને પોતાના સાસરી પક્ષની મર્યાદામાં રહીને જ પોતાના અસ્તિત્વને ટકાવી રાખવાનું હોય છે. પુરૂષને આધીન સ્ત્રી એવી વિભાવના આજે પણ ગ્રામીણ તેમજ શહેરી સમાજમાં જોવા મળે છે. પતિની હયાતીમાં સ્ત્રી સૌભાગ્યવતી છે. જ્યારે પતિના અવસાન પછી સ્ત્રી વિધવા તરીકે જોવા મળે છે. સામાજિક પ્રસંગે પણ તેની હાજરી અશુભ માનવામાં આવે છે. આવી પરિસ્થિતિમાં  તે સ્ત્રીનું જીવન દોહ્યલું જોવા મળે છે. વિધવા પુનઃલગ્ન માટે ઘણા સમાજ સુધારકો કામ કર્યુ છે. આ અંગે પરિવર્તન પણ આવ્યુ છે. પરંતુ કોળી સમાજમાં આ અંગે કેવા વલણ છે તે જાણવાનો પ્રયત્ન અહી કરવામાં આવ્યો છે.

**કોષ્ટક નં.૫.૫૮**

**વિધવા વિવાહ અંગેની માન્યતા**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | થવા જોઈએ | ૧૨૮ | ૬૪.૦૦ |
| ૨. | ન થવા જોઈએ | ૭૨ | ૩૬.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

વર્તમાન સામાજિક, આર્થિક પરિસ્થિતિ સાથે તાલમેલ મિલાવવા માટે ઘણા સમાજના નીતિ નિયમોમાં માન્યતાઓ ધીમે ધીમે પરિવર્તન આવે છે પરંતુ આ પરિવર્તન ઘણું ધીમું છે. ઉપરોક્ત કોષ્ટકને જોતા તરત ખ્યાલ આવશે કે ૬૪% ઉત્તરદાતાઓ એટલે કે કુલ ઉત્તરદાતાઓમાંથી ૧૨૮ ઉત્તરદાતા એવુ માને છે વિધવા વિવાહ થવા જ જોઈએ. જે એક સામાજિક પરિવર્તન સૂચવે છે એવુ કહી શકાય માત્ર ૩૬% એટલે કે ૭૨ ઉત્તરદાતા કોઈને કોઈ કારણસર વિધવા વિવાહ ન થવા જોઈએ એવું માને છે.

આ કોષ્ટક ઉપરથી એવું તારણ ચોક્કસ આપી શકાય છે કે કોળી સમાજના નાગરિકો પણ હવે વિધવા વિવાહની વાત સ્વીકારવા માટે પોતાની તૈયારી બતાવે છે.

જ્ઞાતિપંચ કાર્યો અને તેના મહત્વથી બધાજ ઉત્તરદાતાઓ જાણકાર છે સામાજિક વિખવાદો માટે આજના આધુનિક સમયમાં પણ કોળી પટેલ જ્ઞાતિમાં જ્ઞાતિપંચ મહત્વને સ્વીકારાય છે. તેમજ બધાજ ઉત્તરદાતા માને છે કે જ્ઞાતિપંચના દ્વારા મુકાયેલ નિષેધો કે નિયમોનું પાલન ન થતાં જ્ઞાતિપંચ તેઓને દંડી શકે છે. સાણંદ તાલુકાના ૪૨ પરગણા કોળી પટેલ સમાજ નામે ઓળખાતું સામાજિક સંગઠન અસ્તિત્વ ધરાવે છે તેનુ લેખિત બંધારણ પણ અસ્તિત્વ ધરાવે છે, અને આ જ્ઞાતિપંચ સમાજથી વિરોધી જતાં કે સમાજના કાયદાઓનું ઉલ્લંઘન કરતા કુટુંબ કે વ્યક્તિઓને કેવા પ્રકારની સજા કે દંડ કરે છે તે જાણવાનો પ્રયત્ન અત્રે કરેલ છે.

## કોષ્ટક નં.૫.૫૯

## પંચે બનાવેલ નિયમોના ભંગ અંગેના પગલા

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | નાણાકીય દંડ | ૧૪૮ | ૭૪.૦૦ |
| ૨. | જ્ઞાતિ બહાર મુકવા | ૧૧૮ | ૫૯.૦૦ |
| | કુલ | ૨૦૦ | |

★ એકથી વધુ જવાબો મળેલ છે.

ઉપરોક્ત કોષ્ટક પરથી જણાય છે કે નાણાંકીય દંડ કરવો કે વ્યકિત કુટુંબને સમાજ બહાર મુકવા સુધી જ્ઞાતિપંચ દંડ કરતુ હોય છે. ટકાવારી ની દૃષ્ટિએ જોઈએ તો ૭૪% એટલે કે ૧૪૮ ઉત્તરદાતાઓ જ્ઞાતિપંચ દ્વારા વિવિધ પ્રશ્નો અંગે નાણાંકીય દંડ લે છે એમ જણાવેલ છે. ઉપરાંત ૧૧૮ ઉત્તરદાતાઓ ૫૯% એ જ્ઞાતિપંચ દ્વારા જ્ઞાતિ બહાર મુકે છે તેમ પણ જણાવ્યુ છે.

જ્ઞાતિપંચ એ એક સામાજિક સંસ્થા તરીકે કાર્યરત હોય છે જ્યારે પંચાયત એ વૈધાનિક સંસ્થા છે. આ બન્ને વચ્ચેના કાર્ય અને રચના સંબંધીત તફાવતો ઉત્તરદાતાઓના મતે જ્ઞાતિપંચ એ પોતાની જ્ઞાતિ પુરતુ સીમિત હોય છે જેને લઈને કોઈપણ પ્રશ્નનો ઉકેલ જલ્દીથી અને સરળતાથી આવે છે. જ્યારે ગ્રામ પંચાયત સમગ્ર ગામના વિકાસ માટે કામ કરે છે અને તેમાં દરેક જ્ઞાતિના સભ્યોની સહભાગીદારી હોય છે.

જ્ઞાતિપંચ દ્વારા હસ્તક્ષેપ કરાતાં પ્રશ્નોમાં મખ્યત્વે પતિ-પત્નીના કૌટુંબિક ઝઘડાઓ, વારસાગત મિલ્કત અંગે ના પ્રશ્નો આ ઉપરાંત જ્ઞાતિના પરંપરાગત પ્રથાઓ, રૂઢિઓ, માન્યતાઓ મુલ્યોના ધોરણભંગના પ્રશ્નોના નિવારણ કરવામાં આવતા હોય છે. જ્ઞાતિપંચ દ્વારા આવા પ્રશ્નોના ઉકેલ ન મળે તો તેઓ શું કરે છે તે નંબર ૧૩૨માં જોવા મળે છે.

## કોષ્ટક નં.૫.૬૦

## જ્ઞાતિપંચ દ્વારા ઉકેલ ન આવેલ ઝઘડાનો વિકલ્પ

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ગામના અગ્રણી પાસે | ૧૩૧ | ૬૫.૫૦ |
| ૨. | સગા સંબંધી પાસે | ૮ | ૪.૦૦ |
| ૪. | કોર્ટ-પોલીસ દ્વારા | ૧૧૮ | ૫૯.૦૦ |
| | કુલ | ૨૦૦ | |

★ એકથી વધુ જવાબો મળેલ છે.

ઉપરોક્ત કોષ્ટકમાં જોવા મળે છે કે ગામની અંદર જ્ઞાતિપંચ મારફત જે ઝઘડાઓનું નિવારણ નથી આવતુ જેમ કે અન્ય જ્ઞાતિ સાથેના ઝઘડાઓ પશુઓના ભેલાણના પ્રશ્નો, ધાક ધમકીના પ્રશ્નો વગેરે પ્રશ્નોમાં ગામના અગ્રણીઓ પાસે મોટેભાગે ૬૫.૫૦% ઉત્તરદાતાઓ જતાં હોય છે. ત્યારબાદ કોર્ટ કચેરી કે પોલીસ ફરીયાદ નોંધાવતા હોયછે. કોર્ટ કચેરી અને પોલીસની ફરિયાદમાં ઉત્તરદાતાઓના મનમાં એક વિશિષ્ટ પ્રકારનો ડર હોય છે. જે ડરને કારણે ઉત્તરદાતાઓ કોર્ટ કચેરી કે પોલીસ પાસે જવાનું પસંદ કરતાં નથી.

પિતૃસત્તાક સમાજ વ્યવસ્થામાં સ્ત્રીઓના સ્થાન અને દરજ્જો નીચો જોવા મળે છે. દરજ્જો નીચો હોવાના કારણો ઘણા જોવા મળે છે જેમકે સામાજિક, આર્થિક પરાવલંબન વગેરે કુટુંબના મહત્વના નિર્ણયોમાં સ્ત્રીની હાજરીની અગત્યતા રહેતી નથી. ક્યાંય એકાંતમાં કે ઘરના ખૂણામાં સ્ત્રીઓના નિર્ણયો પુછવામાંઆવે છે ઘરના વડીલો કે પુરૂષો સભ્યો બેઠા હોય તો સ્ત્રીની હાજરી નોંધ લેવાતી નથી શહેરી તેમજ ગ્રામીણ સમાજ વધતા ઓછા અંશે પ્રતિબિંબ એકસરખુ જોવા મળે છે. કોળી પટેલ સમાજમાં સ્ત્રીઓને ઘરના નિર્ણયો લેવામાં પૂછવામાં આવે છે કે નહી તે અંગે જાણવાનો પ્રયત્ન કર્યો છે. જ્ઞાતિપંચમાં પણ પુરૂષો નિર્ણય લેતા હોય છે.

કુલ ઉત્તરદાતાઓમાંથી ૮૬% ઉત્તરદાતાઓ એટલે કે ૧૭૨ ઉત્તરદાતાઓએ એવુ જણાવ્યુ છે કે ઘરના નિર્ણયો લેતી વખતે તેમને પુછવામાં આવે છે પરંતુ આ નિર્ણયો લેતી વખતે અન્ય પુરૂષ સભ્યો કે સ્ત્રીની હાજરી રહેતી નથી. અન્યની હાજરીમાં સ્ત્રી પાસે જાહેરમાં નિર્ણય કે અભિપ્રાય લેવામાં આવતો નથી.

કોળી પટેલ સમાજમાં સ્ત્રીઓને ઘરના અગત્યના કામકાજ કે નિર્ણયોમાં પુછવામાં આવે છે તેવું ૧૭૨ ઉત્તરદાતાએ જણાવ્યું છે. આમ આ સમાજમાં સ્ત્રીઓને અગત્યનાં નિર્ણયો દરમ્યાન પુછવામાં આવે છે એ વાત સાચી પરંતુ બધા પુરૂષ સભ્યો બેઠા હોય ત્યાં નહિં પરંતુ ઘરની અંદર અલગ રૂમ હોય કે પતિ-પત્ની એકલા હોય ત્યારે અને એમાં પણ જો સ્ત્રી પોતાના સાસુ-સસરા સાથે રહેતી હોય ત્યારે સાસુની મંજુરી લેવામાં આવે છે. નવપરિણીત મહિલાને જલ્દીથી ઘરની બાબતમાં પુછાવમાં આવતું નથી. આમ સ્ત્રીઓના નિર્ણયો જે બાબતોમાં લેવામાં આવે છે એની માહિતી નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક નં.૫.૬૧**

**કુટુંબના મહત્વના નિર્ણયોમાં અભિપ્રાય**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | નવી મિલ્કત ખરીદતી વખતે | ૧૨૨ | ૭૦.૯૩ |
| ૨. | છોકરા-છોકરીની સગાઈ વખતે | ૧૪૩ | ૮૩.૧૪ |
| ૩. | ધાર્મિક વિધી વખતે | ૧૪૨ | ૮૨.૫૬ |
| | કુલ | ૧૭૨ | |

★ એકથી વધુ જવાબો મળેલ છે.

ઉપરોક્ત કોષ્ટકમાં ઉત્તરદાતાની એક કરતાં વધારે જવાબો પ્રાપ્ત થયા છે. કોષ્ટક પરથી જોતા આપણને જણાય છે કે દીકરા-દીકરીની સગાઈ નક્કી કરવાની હોય કે ધાર્મિક વિધી વખતે સ્ત્રીઓ પાસે નિર્ણયની અપેક્ષા રખાય છે. ૮૩.૧૪% ઉત્તરદાતાએ છોકરા-છોકરીની સગાઈ વખતે ૮૨.૫૬% ઉત્તરદાતાએ ધાર્મિક વિધી વખતે પોતાનો નિર્ણય લેવામાં આવે છે એવું જણાવ્યુ છે. આ પરથી સાબિત થાય છે કે કોળી પટેલ સમાજમાં સ્ત્રીઓને મહત્વના નિર્ણયો પુછવામાં આવે છે.

# પ્રકરણ-૬
# કોળી પટેલ મહિલાઓની કાયદાકીય-રાજકીય જાગૃતિ / સભાનતા

- ★ લગ્ન વયમર્યાદા
- ★ લગ્ન સમયની નાણાંકીય લેવડ-દેવડ
- ★ પુનઃલગ્ન - સ્ત્રી અને પુરુષોના સંદર્ભમાં
- ★ છુટાછેડા - ભરણપોષણ વિષયક કાનુની જોગવાઈઓ
- ★ પોલીસ કામગીરીની જાણકારી
- ★ કોર્ટની કામગીરીની જાણકારી
- ★ મફત કાનુની સહાય
- ★ પતિની ગેર હયાતીમાં વારસાઈ
- ★ રાજકારણ પ્રત્યેની રુચી
- ★ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં સ્ત્રીઓની રુચી અને અધિકારો

**પ્રસ્તાવના :**

આધુનિક સમાજની એક મહત્ત્વની લાક્ષણિકતા એ છે કે સમાજ પરિવર્તન માટે તે કાયદાકીય જોગવાઈ પર વધુ આધાર રાખે છે. ભારતનું બંધારણ તેના આમુખમાં વચનબધ્ધ થતાં જણાવે છે કે તે તેના બધા નાગરિકો માટે  સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય, વૈચારિક અભિવ્યક્તિ, માન્યતાઓ, શ્રધ્ધા અને ધર્મની સ્વતંત્રતા દરજ્જા અને તકની સમાનતા, બધા વચ્ચે ભાઈચારો કેળવવાની, વ્યક્તિગત માનમોભો જાળવવાની અને દેશની એકતાની બાંયધરી આપે છે. બંધારણમાં આપેલ રક્ષણ અને હક્કો માટે ઉપલા અને મધ્યમ વર્ગની શહેરી સ્ત્રીઓમાં જ્ઞાન વધતું જતું જોવા મળે છે. તે આધારે પોતે ન્યાય મેળવવા ઝઝુમતા જોવા મળે છે. પરંતુ ગ્રામીણ વિસ્તારોમાં આ પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે.

સામાજિક પુનઃરચના વિકાસ અને રાષ્ટ્ર ઘડતર જેવા કામોને મહત્ત્વના સામાજિક  પરિવર્તનની જરૂર હોય છે. આ માટે કાયદો એક મહત્ત્વનું સાધન ગણાય છે. સ્વતંત્ર ભારતના બંધારણમાં સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગોને કાયદાઓ વડે રક્ષણ આપવામાં આવ્યું છે.

ભારતમાં અંગ્રેજકાળ દરમ્યાન હિંદુઓ હિંદુ કાયદા પ્રમાણે અને મુસલમાનો મુસ્લિમ કાયદા પ્રમાણે ચાલતા હતા. આજે પણ ઘણો ખરો વ્યવહાર ધર્મ આધારિત કાયદાઓ પ્રમાણે ચાલે છે. પરિણામે આર્થિક અને સામાજિક અવરોધો કે સમાજનો વિકાસ સ્થગિત થતો હોય એવું લાગે છે.

ઓગણીસમી સદીની શરૂઆત થતાં જ આપણે ત્યાં સ્ત્રીઓને લગતાં કાયદાઓ માટે પ્રયત્નો થવા લાગ્યા હતા. ૧૮૨૯ નો સતીપ્રથા નાબૂદીનો ધારો અને ૧૯૫૬નો હિંદુ વિધવાના પુનઃલગ્નનો કાયદો આ દિશામાં મહત્ત્વનાં સોપાન ગણાવી શકાય.

વિધવા પુનઃલગ્નના કાયદા પર ૧૮૫૬ જનમત ઉપરવટ જઈને ઘડાયો હોવાથી તેની લાગણીને માન આપી જનરલ લૉર્ડ બેન્ટીકે એક વર્ષ બાદ ૧૮૫૭ થી જ વિધવા પુનઃલગ્ન ધારા પર પ્રતિબંધ આવ્યો.

૨૦મી સદીની શરૂઆત હિંદુ વિધવા સ્ત્રીઓની કફોડી સ્થિતિને કારણે ૧૯૩૭માં ધ હિંદુ વિમેન્સ રાઈટસ ટુ પ્રોપર્ટી એક્ટ પસાર કરવામાં આવ્યો. આ કાયદા દ્વારા વિધવાઓની આર્થિક પરતંત્રતા થોડી ઓછી થઈ પરંતુ કાયદાની ક્ષતિને કારણે વારસામાં આ વિધવા સ્ત્રીઓએ તેમની મિલ્કત પરના હક્કનો કાબુ ગુમાવ્યો. મુસલમાન સમાજમાં સુધારા દાખલ કરવાના પ્રયત્નોને પરિણામે ૧૯૩૯માં મુસલમાન સ્ત્રીઓને તલાક આપવાનો અધિકાર આપવામાં આવ્યો હતો. સ્વતંત્રતાની લડતમાં સ્ત્રીઓની સક્રિય ભાગીદારીએ સ્વતંત્રતા બાદ સ્ત્રીઓની કાયદાકીય સમાનતા અને સ્ત્રીમુક્તિના પ્રશ્નને સરળ બનાવી દીધો. સ્ત્રીઓના ઉતરતા દરજ્જાનું કારણ, બદલાતા જતા સમયની સાથે સ્ત્રીઓની માંગણીને પહોંચી વળવા કાયદાકીય વ્યવસ્થાની અધુરપ હોવાનું મનાયું. કાયદાકીય હક્કો વગર સ્ત્રી સમાનતા હકીકત પર જુલમ અને અન્યાય થાય છે. હિંદુ કોડ બીલ ૧૯૫૫ દ્વારા સ્ત્રીઓનો કાયદાકીય દરજ્જો સુધારવાનો પ્રથમ પ્રયત્ન કરવામાં આવ્યો. આ ખરડાને

રાષ્ટ્રપતિ ડૉ.રાજેન્દ્રપ્રસાદજી સમગ્રરૂપે સ્વીકારવા માટે તૈયાર નહોતા. આથી તબક્કાવાર પસાર કરવો પડ્યો હતો. પ્રથમ તબક્કામાં ૧૯૫૫ નો હિંદુ લગ્નધારો આવ્યો. આ કાયદાથી બુધ્ધિષ્ઠો, જૈનો તેમજ શીખો સહિત બધાજ હિંદુઓ માટે એક પત્નીત્વનો કાયદો અમલમાં આવ્યો અને બહુપત્નીત્વ ગુનો ગણાયો. ત્યારપછી મુસલમાનોને બાદ કરતાં ખ્રિસ્તી તેમજ પારસીમાં પણ એક પત્નીત્વનો ધારો લાગુ કરાયો. આ કાયદાથી સ્ત્રીઓની અગણિત યાતનાઓનો અંત આવ્યો. ઉપરાંત ૧૯૫૪ના ખાસ લગ્નધારા અન્વયે લગ્નના બંને પક્ષોએ ઓછામાં ઓછા ૩૦ દિવસ પહેલા લગ્ન અધિકારીને સૂચના આપવી જરૂરી બનાવી કાયદાનો અમલ સરળ બનાવાયો.

બીજા તબક્કામાં છોકરીની ઓછામાં ઓછી અઢાર વર્ષની વય અને છોકરાની વય એકવીસ વર્ષ નક્કી કરવામાં આવી. આ કાયદાના ભંગને ગુનો ઠેરવવામાં આવ્યો. આથી શિક્ષણનું પ્રમાણ વધ્યું છતાં આજે આપણે ઘણા સમાજમાં છોકરી, છોકરાના મા-બાપ ૧૮ વર્ષ અને ૨૧ વર્ષથી નાની ઉંમરમાં તેમના લગ્ન કરી દે છે. લગ્ન માટે જુદા જુદા કારણો બતાવે છે. ગ્રામીણ વિસ્તારમાં કાયદેસરની લગ્ન કરતાં વહેલા લગ્ન થતાં હોય એવા કિસ્સા વધુ જોવા મળે છે.

૧૯૫૫ના હિંદુલગ્નધારાથી બધા હિંદુઓને એક સરખો લાગુ પડતો છૂટાછેડાનો કાયદો અમલમાં આવ્યો. ૧૯૪૬માં હિંદુ સ્ત્રીઓનો અલગ રહેઠાણ અને ભરણપોષણનો ધારો દાખલ કરવામાં આવ્યો. આ કાયદો અમલમાં આવતા કેટલાંક રાજ્યો હિંદુઓને છૂટાછેડાની મંજૂરી આપી.

૧૯૫૫ના ધારકા હેઠળ પતિ-પત્ની બન્નેને નીચેના વિવિધ કારણોસર છૂટાછેડા મેળવવાનો હક્ક આપવામાં આવ્યો. ૧. વ્યભિચાર ૨. ધર્માંન્તર ૩. ગાંડપણ ૪. અસાધ્ય કુષ્ટરોગ ૫. ચેપી રોગ ૬. ત્યાગ કરવો ૭. સાત વર્ષ કે તેથી વધુ સમયની અલગતા ૮. વૈવાહિક હક્કની પુનઃપ્રાપ્તિના હુકમનામા પાળવામાં નિષ્ફળતા આ ઉપરાંત પત્ની બે વધારાના મુદ્દાઓને લઈ છૂટાછેડા મેળવી શકે છે. પ્રથમ જ્યારે પતિએ એક કરતાં વધુ પ્તની કરી હોય અને જે જીવિત હોય તેવા કારણોસર અને બીજું જો પતિ બળાત્કાર, અકુદરતી સંબંધ કે અનૈતિકતાના ગુનાઓમાં અપરાધી ઠર્યો હોય તેવા કારણોમાં પત્નીને છૂટાછેડા લેવાનો હક્ક મળે છે. ઠોસ પુરાવાઓ હોવા છતાં આપણે જોઈએ છીએ કે કોર્ટમાં જલ્દી ચુકાદો મળતો નથી.

ભારતની ઘણી હાઈકોર્ટોના ચુકાદાથી ઘણીવાર એવું દૃષ્ટિપાત થાય છે કે સ્ત્રીઓએ પતિ કે નોકરી બેમાંથી કોઈ એકની પસંદગી કરી લેવી જોઈએ. ભારતના બંધારણ હેઠળ દરેક નાગરિકને પોતાની પસંદગીનો વ્યવસાય કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. મુસ્લિમ કાયદામાં પતિને લગ્ન વિચ્છેદનો અબાધિત હક્ક આપવામાં આવ્યો છે. એક મુસલમાન પત્નીને મુસ્લિમ કાયદા હેઠળ છૂટાછેડા લેવાનો હક્ક નથી. ૧૯૫૬નો હિંદુ દત્તક અને ભરણપોષણનો કાયદો ધાર્મિક કારણોસર દત્તક લેવા પર ભાર ન આપતાં બિનસાંપ્રદાયિક

કારણો પર વધુ ભાર આપે છે. પુત્ર કે પુત્રી કોઈપણ દત્તક લઈ શકે છે. પરંતુ પત્નીની મરજી વિના એકલો પતિ દત્તક આપી કે લઈ શકતો નથી. ઉપરાંત કાયદાના નવા સુધારા પ્રમાણે કુંવારી, વિધવા કે છૂટાછેડા પામેલી સ્ત્રી સંતાનને દત્તક લઈ શકે છે. પતિ જો સંન્યાસી થઈ ગયો હોય તો તેવા કિસ્સાઓમાં આ કાયદો પરિણીત સ્ત્રીઓને બાળક દત્તક લેવાનો અધિકાર આપે છે. આ કાયદા દ્વારા સ્ત્રીને તેના પરાવલંબી દરજ્જામાંથી ઉંચે લઈ તેને તેની વ્યક્તિગત હેસિયત પર દત્તક લેવાની છૂટ મળી છે. ૧૯૫૬નો હિંદુ સગીરપણા અને વાલીપણાના ધારા પ્રમાણે અઢારવર્ષ સુધીનું બાળક સગીર છે અને પુત્ર તેમજ અપરણિત પુત્રીના કુદરતી વાલી પ્રથમ તેમના પિતા અને પછી માતા ગણાય છે. પાંચ વર્ષની અંદરના બાળકના કિસ્સામાં ફક્ત માતાનો પ્રથમ વાલી તરીકેનો હક્ક સ્વીકારાયો છે.

ભરણપોષણનો હક્ક દરેક ધર્મના વ્યક્તિગત કાયદાનો ભાગ હોઈ બધા ધર્મના લોકો માટે એક સરખો નથી. હિંદુઓમાં પતિ કે પત્ની જેની પોતાના ભરણપોષણ માટેની સ્વતંત્ર આવક નથી તે સામી વ્યક્તિ સામે ખાધા-ખોરાકીનો દાવો માંડી શકે છે. દાવાની રકમ આપનારની તેમજ અરજદારની આવક અને મિલ્કતને ધ્યાનમાં રાખીને કોર્ટ રકમ નક્કી કરે છે. ભરણપોષણની રકમ નક્કી કરતી વખતે કોર્ટ બન્ને પક્ષના પ્રતિષ્ઠા અને દરજ્જો દાવો કરનારની વ્યાજબી જરૂરિયાતો અને પતિની જવાબદારી તેમજ ફરજ જેવાં પાસાઓને ધ્યાનમાં લે છે. પરંતુ સ્ત્રી વ્યભિચારીણી પુરવાર થાય તો તેનો હક્ક ગુમાવે છે. ધ સ્પેશ્યલ મેરેજ એક્ટમાં ફક્ત પત્નીને કાયમ ખાધાખોરાકી આપવાની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત ઘરેલુ હિંસાનો કાયદો પણ સ્ત્રી રક્ષણ માટે અતિ અગત્યનો સાબિત થાય છે.

આમ બંધારણમાં કાયદાકીય રીતે સ્ત્રીઓને હક્ક છે. પરંતુ સામાજિક દષ્ટિએ સ્ત્રીઓની પરિસ્થિતિ આજે પણ કફોડી છે. કોળી પટેલ સમાજની સ્ત્રીઓમાં કેવી પરિસ્થિતિ છે અને તેમની સામાજિક પરિસ્થિતિ શું છે તે દર્શાવવામાં આવેલ માહિતીઓ પરથી જોવા મળશે.

ગ્રામીણ સમાજોમાં લગ્ન સમયે કન્યાપક્ષ તરફથી સાસરીપક્ષને આપવામાં આવતા રોકડ રકમ, સોના-ચાંદીના દાગીના. વાસણો, રાચરચીલું વગેરેને કરિયાવર તરીકે ઓળખવામાં આવે છે. જેને કાયદાકીય ભાષામાં 'સ્ત્રીધન' તરીકે ઓળખવામાં આવે છે. જેના પર સ્ત્રીનો હક્ક માનવામાં આવે છે. સ્ત્રી ઈચ્છે તે રીતે તે વાપરી શકે છે. કેટલાક સંજોગોમાં  છૂટાછેડા જેવી ઘટનાઓમાં આ વસ્તુઓ વરપક્ષ તરફથી પરત મેળવવામાં આવતી હોય છે. કોળી પટેલ સમાજમાં કરિયાવરનું મહત્વ કન્યાવિક્રયને કારણે જોવા મળતુ નથી. પરંતુ લગ્નબાદ કન્યા સાથે તેની સાસરીવાળાનો વ્યવહાર કેવો હોય છે તે જોવું અગત્યનું છે તે સંદર્ભે તે પરિસ્થિતિનો તાગ મેળવવા મળેલ વિગતો નીચે મુજબ છે.

## કોષ્ટક નં. ૬.૧

## કરિયાવર ન લાવનાર સ્ત્રી પ્રત્યે વ્યવહાર

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | સારો | ૭૬ | ૩૮.૦૦ |
| ૨. | મધ્યમ | ૧૨૪ | ૬૨.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટક જોતા જણાય છે કે કરિયાવરને કારણે ખરાબ વ્યવહાર થતો હોય છે તેવું એક પણ ઉત્તરદાતાએ જણાવ્યુ નથી. બધા જ ઉત્તરદાતા કરિયાવરના કારણે સાસરાપક્ષ તરફથી થતા વ્યવહારમાં કશોજ નોંધપાત્ર ફેરફાર થતો નથી તેમ જણાવે છે.

ઉપરોક્ત જવાબો મેળવવા સંશોધનકર્તાએ જુદી-જુદી રીતે પ્રશ્નો પૂછી કરિયાવર ન લાવનાર સ્ત્રી પ્રત્યેના વલણ વિશે જાણવા પ્રયત્ન કર્યો હતો, પરંતુ પોતાના ઘર-સમાજની છાપ સારી ઉપજાવવાના હેતુથી જવાબો યોગ્ય નહોતા મળ્યા તેવું સંશોધકનું નિરીક્ષણ છે.

હિંદુ ધર્મમાં એકપત્નીત્વ કે એકપતિત્વનો ધારો અમલમાં છે. આ જ વાતને ભારતના બંધારણ દ્વારા કાયદાકીય રક્ષણ મળેલ છે. બધી જ્ઞાતિઓ નિયમોનું પાલન કરતી જોવા મળે છે. જ્ઞાતીય રિવાજો કે માન્યતાઓને જે તે જ્ઞાતિના લોકો ચુસ્તપણે પાલન કરતા હોય છે. કોળી પટેલ જ્ઞાતિમાં કન્યાવિક્રયની પ્રણાલી જોવા મળે છે. દીકરાવાળા દીકરીને લગ્ન વખતે નાણાં આપતાં હોય છે. આ જ્ઞાતિના પુરૂષો એક કરતાં વધુ પત્નીઓ રાખી શકે છે કે નહી એ જાણવા માટેનો પ્રયત્ન સંશોધનકર્તાએ કર્યો જેની મળેલ માહિતી નીચે મુજબનું કોષ્ટક દર્શાવે છે.

## કોષ્ટક નં.૬.૨

## બહુપત્નિત્વની વિગત

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | એક કરતા વધુ પત્ની રાખી શકે છે | ૧૧૬ | ૫૮.૦૦ |
| ૨. | એક કરતા વધુ પત્ની રાખી શકતા નથી | ૮૪ | ૪૨.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટક જોતાં જણાશે કે કુલ ઉત્તરદાતાઓ માંથી ૫૮.૦૦% ઉત્તરદાતાઓએ પોતાની સમાજમાં પતિઓ બીજી પત્નીઓ રાખી શકે છે એમ જણાવેલ છે જયારે ૪૨% ઉત્તરદાતાઓએ પતિઓ બીજી પત્ની રાખી શકતા નથી એવુ જણાવેલ છે. એ ઉપરથી જાણી શકાય છે કોળી પટેલ સમાજમાં પત્ની બિમાર હોય કે પુત્ર ન થતા એવા સંજોગો પતિ બીજી વખત ફુલહાર કરે છે અને પહેલી પત્નીને પણ કેટલીક સાથે રાખતા હોય છે. આ જ્ઞાતિમાં
શિક્ષણનું પ્રમાણ ઓછુ હોવાને કારણે ઘણા કુરિવાજો જોવા મળે છે.

કોળી સમાજમાં કન્યા વિક્રયની પ્રથા પ્રચલિત છે. જે વિષે આપણે અગાઉ જોયુ જમીન વેંચી કે ગીરો મુકીને પણ દીકરાના લગ્ન માટે દીકરીવાળાને નાણાં આપે છે. આ સિવાય કપડાં, દાગીના વગેરે પણ આપવામાં આવે છે. પ્રસ્તુત કોષ્ટકમાં લેવડ દેવડ અંગેની જાણકારી મળવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

## કોષ્ટક નં.૬.૩

## લગ્ન સમયે નાણાંની લેવડ દેવડ

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૧૫૬ | ૭૮.૦૦ |
| ૨. | ના | ૪૪ | ૨૨.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટક ઉપરથી જોઈ શકાય છે કે કોળી સમાજમાં લગ્ન સમયે છોકરા કે છોકરી બન્નેના ઘરવાળા તરફથી નાણાંની લેવડ દેવડ થાય છે. છોકરાવાળા તરફથી નાણાં આપવામાં આવે છે. ૧૫૬

ઉત્તરદાતા એમ જણાવે છે લેવડ દેવડ થાય છે. એટલે કે ૭૮% મતે તે થાય છે. જ્યારે ૨૨% એટલે કે ૪૪ ઉત્તરદાતાના મતે આવી લેવડ દેવડ થતી નથી કે પોતાને જાણ નથી એવું જણાવે છે.

ઉપરોક્ત વિગતો પરથી સ્પષ્ટ જણાય છે કે નાણાંકીય લેવડદેવડ સમગ્ર અભ્યાસ વિશ્વમાં થાય છે. પરંતુ તે કાયદેસર છે કે કાયદાનો ભંગ કરનાર કૃત્ય છે તે વિષયક ઉત્તરદાતાની જાણકારી હવેના જવાબમાં જાણવા મળેલ હકીકત જોઈએ તો તેવા પ્રશ્નના જવાબમાં નાણાંકીય લેવડ દેવડ કરે છે તો તે કાયદાનો ભંગ કરે છે ? કે નહીં તેના જવાબમાં સમાજે ઘડેલા નિયમોએ સર્વોપરિ નિયમ હોય છે. એવુ જે તે સમાજના બધાજ લોકો માનતા હોય છે. સૌથી પહેલા જ્ઞાતિના રિવાજોને પ્રાધાન્ય મળે છે પછી જ ભારતના બંધારણ મળેલ કાયદાઓની મદદ લેવાનું વિચારવામાં આવે છે. સમાજે ઘડેલા નિયમોના ભંગ વિષે વિચારણાનો ભાગ્યેજ વિચારે છે. પહેલા સમાજ પછી બંધારણીય કાયદા તેવી સમજ જોવા મળે છે. કોળી સમાજ દીકરાના લગ્ન વખતે જે નાણાંકીય લેવડ દેવડ કરી નિયમનો ભંગ કરે છે. જે જાણે છતાં કરે છે કારણ એવુ જાણવા મળે છે કે સમાજમાં રહીએ એટલે સમાજમાં જે નક્કી કર્યુ હોય તેતો માનવુ પડે. એટલે જાણતાં હોવા છતાં પણ તે સામાજિક કુરિવાજોને અનુસરે છે.

દહેજ લેવાથી પોલીસ સ્ટેશનમાં જઈને ફરિયાદ કરી શકાય તેવા પ્રશ્નના જવાબમાં
કન્યાપક્ષ તરફથી વરપક્ષને રોકડ રકમ, રાચરચીલું જે તેમની માંગણી મુજબ આપવામાં આવે છે તેને 'દહેજ' કહેવામાં આવે છે. કન્યાપક્ષ તરફથી જે આપવાનો રિવાજ એ રીતે સામાજિક રીતે અસ્તિત્વમાં આવ્યો હશે કારણકે સાસરે આવ્યા પછી દીકરી આર્થિક રીતે પરાવલંબી ન રહે પરંતુ ધીરે ધીરે આ માંગ વધતી ગઈ ઘણીવાર દીકરીઓના મોતનું કારણ બનતું હતું. આથી આઝાદ ભારતના બંધારણમાં આ અંગે દહેજ પ્રતિબંધક ધારો ઘડવામાં આવ્યો છે પરંતુ સમાજમાં આ અંગે જાગૃતિ પ્રવર્તતી નથી અને જાણકારી હોય તો તે અંગે લોકો અભાનતા કેળવી સંવેદનશીલ બનતા નથી કોળી પટેલ સમાજમાં લોકો આ અંગે સરકારી કચેરી કે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી શકે છે તે જાણવાનો પ્રયાસ કર્યો. કુલ ૧૫૮ ઉત્તરદાતાઓમાંથી ૧૧૬ ઉત્તરદાતાઓ એટલે કે ૭૩.૪૧% ઉત્તરદાતાના મતે દહેજ આપવું કે લેવુ ગુનો છે અને તે અંગે પોલીસ સ્ટેશનમાં જઈને ફરીયાદ થઈ શકે જ્યારે ૪૨ ઉત્તરદાતાઓ એટલે કે ૨૬.૫૮% ઉત્તરદાતા દહેજના બંધારણીય કાયદા અંગેની જાણ નથી એટલે કે આ અંગે પોલીસમાં જઈને ફરિયાદ ન કરી શકાય એવુ માને છે.

દહેજ લેનાર કે આપનાર સજાને પાત્ર છે તો તેને કોર્ટ દ્વારા સજા કરાવી શકે છે ખરી ? તેના જવાબમાં આપણે ઉપરોક્ત પ્રશ્નમાં જોયુ એ મુજબ દહેજ અંગે પોલીસ ફરિયાદ થઈ શકે તેવું ઉત્તરદાતાઓ જાણે છે પરંતુ આ કોષ્ટકમાં આપણે જોઈ શકીએ છે કે ઘરેજ અંગે કન્યાપક્ષ કે વરપક્ષને સજા થઈ શકે કે નહી તેમાં ૧૦૬ ઉત્તરદાતા એટલે કે ૯૧.૩૭% ઉત્તરદાતા એવુ જણાવે છે કે સજા થઈ શકે નહિ જ્યારે ૧૦ ઉત્તરદાતા એટલે ૮.૬૨% એવુ જણાવે છે કે દહેજ આપવાથી કે લેવાથી સજા થઈ શકે છે.

આથી આપણે કહી શકીએ કે માત્ર કાયદાઓ ઘડી કાઢવાથી સ્ત્રીના સ્થાન ભૂમિકામાં પરિવર્તન આવી શકશે એવુ નથી તેના માનવ તરીકેની ગરિમા ટકાવી રાખવા માટે સૌ શિક્ષીત સમાજ સભાન થવું પડશે તો જ ગ્રામીણ અશિક્ષિત સમાજને આગળ લાવી શકીશું.

દરેક સમાજમાં દીકરા-દીકરીના લગ્ન તેમના જ્ઞાતિએ નક્કી કરેલ પુખ્તતાની વય પ્રમાણે કરે છે. પોતાના દીકરા-દીકરી કોઈ એવુ કામ ન કરે જેમાનથી તેમની બદનામી થાય. બાહ્ય શારીરિક દેખાવને વધુ મહત્વ આપે છે.

ભરતીય બંધારણમાં હિંદુ લગ્ન ધારા મુજબ છોકરાની લગ્નની વય ૨૧ વર્ષ અને છોકરીઓની લગ્ન ૧૮ વર્ષ નક્કી કરવામાં આવે છે. આ પહેલા જો કોઈ છોકરા-છોકરીના લગ્ન થાય તો તે માટે બાળલગ્ન પ્રતિબંધક ધારા હેઠળ ગુનો બને છે. આ કાયદાની વય મુજબ કે કોળી સમાજે નક્કી કરેલા તે અંગેની માહિતી નીચેના કોષ્ટકમાં કરવામાં આવી છે.

**કોષ્ટક નં.૬.૪**

**કાયદા મુજબ લગ્નવય મર્યાદાનો સ્વિકાર**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૬૮ | ૩૪.૦૦ |
| ૨. | ના | ૧૩૨ | ૬૬.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

બંધારણે હિંદુ લગ્નધારા મુજબ નક્કી કરેલી વયઓ ૧૮ અને ૨૧ છે. એ મુજબ પોતાની જ્ઞાતિમાં લગ્ન થાય છે. એ અંગે જાણવાનો પ્રયાસ ઉપરોક્ત કોષ્ટકમાં કરવામાં આવતા જાણવા મળ્યુ છે કે ૧૩૨ એટલે ૬૬% ઉત્તરદાતા જણાવે છે કે એ વય મુજબ લગ્ન થતા નથી જ્યારે ૬૮ ઉત્તરદાતાઓ એટલે કે ૩૪% ઉત્તરદાતા જણાવે છે કે એ વય મુજબ લગ્ન થયા છે.

આમ ભારતીય બંધારણે આપેલા કાયદાની જાણકારી નો અભાવ તેમજ કાયદાના કડક અમલ ન થવાને કારણે કુમળી વયે દીકરા-દીકરીના લગ્ન થતા જોવા મળે છે.

નક્કી કરેલી વય મર્યાદા પહેલા લગ્ન કરીએ કે કરાવતા પકડાઈ જઈએ તો કોઈ ગુનો બને છે તેના જવાબમાં ઉત્તરદાતાઓ પાસે પૂરતી જાણકારી ન હોવાથી તેમજ જ્ઞાતિના રિવાજોને સર્વોપરિ માનતા હોવાને કારણે બાળલગ્ન થતા જોવા મળે છે. લગ્નવયના કાયદામાં જણાવેલ વયમર્યાદા પહેલા લગ્ન કરીએ અને તે કરાવતાં પકડાઈ જઈએ તો ગુનો થાય છે એ અંગે ઉત્તરદાતાએ પોતાના મંતવ્યો નીચે મુજબ રજૂ કર્યા છે.

૬૮.૦૦ એટલે કે ૧૩૬ ઉત્તરદાતા કાયદાની વયમર્યાદા પહેલાં લગ્ન કરાવતાં અધિકારીઓને હાથે પકડાઈ જઈએ તો ગુનો બને એમ જણાવે છે. જ્યારે ૩૨% એટલે ૬૪ ઉત્તરદાતા એવુ જણાવે છે કે એ વયમર્યાદા પહેલા લગ્ન કરીએ કે કરાવીએ તો કોઈજ ગુનો બનતો નથી તમામ ઉત્તરદાતાઓમાંથી ૩૨% ઉત્તરદાતાઓ આ અંગે કોઈ બંધારણીય જોગવાઈઓ છે એવુ જાણતા નથી આ એમની કાયદાકીય જાગૃતિનો અભાવ સૂચવે છે તેમ કહી શકાય.

આપણે જોયું એ પ્રમાણે ૬૮% ઉત્તરદાતાઓને ખબર છે કે નાનીવયના લગ્ન તે ગુનો બને છે. અને ગુનો કરે છે તેમાં છોકરા-છોકરીના માતા-પિતા સજાને પાત્ર થાય છે. એવી માહિતી પણ ધરાવતાં ૮૯% (૧૩૬ કુલ પૈકી) ઉત્તરદાતાઓ છે, જ્યારે ૪૭ ઉત્તરદાતા એટલે ૩૪.૫૬ ઉત્તરદાતા ગુનો બને એ ખબર છે. પરંતુ સજા વિષયક કે અન્ય કોઈ જાણકારી તેમની પાસે નથી. જેઓ જાણકારી ધરાવે છે (૪૭ ઉત્તરદાતા) તેઓના મતે પરણાવનાર મા-બાપ સજાને પાત્ર થાય છે. આ ૪૭ ઉત્તરદાતાઓ પૈકી જેલની સજા વિષે જાણતા કેટલા ઉત્તરદાતા છે તે નીચેના કોષ્ટકમાં દર્શાવ્યું છે.

## કોષ્ટક નં.૬.૫

## લગ્નવય મર્યાદાના કાયદાના ઉલ્લંઘનનુ પરિણામ

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | જેલની સજા થઈ શકે | ૩૭ | ૭૮.૭૨ |
| ૨. | જેલની સજા ન થઈ શકે | ૧૦ | ૨૧.૨૮ |
| | કુલ | ૪૭ | ૧૦૦ |

બંધારણીય કાયદાની લગ્નની વય એ ૧૮ વર્ષ અને ૨૧ વર્ષ છે એ કાયદાની રૂએ જોઈએ તો એ પહેલા કોઈ લગ્ન કરે તો તે ગુનો જણાય છે. એ વિષે આપણે લગાઉ જોયું ગુનો થતો હોય એવી જાણકારી ઉત્તરદાતાઓ જણાવે છે પરંતુ જેલની સજા થઈ શકે છે. એ જાણકારી ૪૭ ઉત્તરદાતા પૈકીના ૭૮.૭૨ ઉત્તરદાતાઓને છે જ્યારે ૨૧.૨૮% ઉત્તરદાતા ઓ કાયદાનો ભંગ કરનાર વ્યક્તિને જેલની સજા થઈ શકે છે જાણકારી ધરાવતાં નથી.

અધ્યયનના ક્ષેત્ર વિસ્તાર સંશોધનકર્તાએ નિરીક્ષણ દ્વારા અનુભવ્યુ છે કે જ્યાં બાળલગ્ન થતાં હોય તો ગામના અન્ય લોકો પણ તે લગ્ન અંગેની માહિતી જલ્દી આપતા નથી જ્ઞાતિજનો આ અંગે બિલકુલ ખુલ્લો અભિપ્રાય આપતાજ નથી.

આથી કાયદાની જાણકારીનો તો અભાવ છે અને જે જાણે છે ગુનો કરીએ છીએ અને સજા થશે એવી ભીલિતો તો ચોક્કસ ધરાવે છે.

**કોષ્ટક નં.૬.૬**

**સ્ત્રી પુનઃલગ્નની શક્યતા**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | સ્ત્રી ફરીથી લગ્ન કરી શકે છે | ૬૮ | ૩૪.૦૦ |
| ૨. | સ્ત્રી ફરીથી લગ્ન કરી શકતી નથી | ૧૩૨ | ૬૬.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટક જણાવે છે કે ૬૬% એટલે કે ૧૩૨ ઉત્તરદાતા એવી માન્યતા ધરાવે છે કે એક વખત પતિનું અવસાન થાય સ્ત્રી વિધવા થાય પછીથી એ ફરી વખત લગ્ન કરી શકતી નથી. જ્યારે ૩૪% એટલે કે ૬૮ ઉત્તરદાતા ફરી લગ્ન થઈ શકે એવી માન્યતા ધરાવે છે.

આ પરથી તારણ કાઢી શકીએ છીએ કે પિતૃસત્તાક સમાજ વ્યવસ્થા વિધવા સ્ત્રીને બીજી વખતના લગ્ન માટે માન્યતા આપતી નથી. આ વલણ તેના પૂર્વગ્રહિત વલણને સૂચવે છે.

ઉત્તરદાતાઓ ક્યારે પોલીસ સ્ટેશનમાં ગયા છે તેના જવાબમાં ૧૨૦ એટલે ૬૦% ઉત્તરદાતાઓ પોલીસ સ્ટેશન કદી ગયા નથી. જ્યારે ૮૦ ઉત્તરદાતાઓ એટલે ૪૦% ઉત્તરદાતાઓ પોલીસ સ્ટેશનમાં ગયા છે એવું જણાવે છે.

અગાઉના કોષ્ટકમાં આપણે જોઈ ગયા એ મુજબ ઉત્તરદાતા બંધારણીય કાયદા કે તેની જોગવાઈઓથી પરિચિત નથી. ઘરના, કુટુંબીજનોને સૌથી પહેલાં ગામના આગેવાનો કે જ્ઞાતિપંચ સામે ફરિયાદ ત્યારબાદ જ પોલીસ સ્ટેશન જતા હોય એવું જોવા મળ્યુ છે. મોટેભાગે તેઓ શા માટે પોલીસ સ્ટેશનમાં ગયા છે તે જાણવાનો પ્રયાસ અહી પ્રસ્તુત કોષ્ટકમાં કરવામાં આવ્યો છે.

## કોષ્ટક નં.૬.૭
## પોલીસ સ્ટેશનમાં જવાના કારણો

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | કૌટુંબિક ઝઘડામાં | ૨૭ | ૩૩.૭૫ |
| ૨. | ગામના ઝઘડામાં | ૩૮ | ૪૭.૫૦ |
| ૩. | પોતાને માટે ફરીયાદી તરીકે | ૧૩ | ૧૧.૨૫ |
| ૪. | અપરાધી તરીકે | ૨ | ૨.૫૦ |
| | કુલ | ૮૦ | ૧૦૦ |

અહી આપેલ કોષ્ટકમાં ૩૮ જેટલા એટલે ૪૭.૫૦% ઉત્તરદાતાઓ પોલીસ સ્ટેશનમાં ગામના ઝઘડાના નિકાલ માટે પોલીસ સ્ટેશનમાં ગયા છે. જ્યાં પોતાની જ્ઞાતિનો પ્રશ્ન નથી એટલે કુટુંબ પર તેની કોઈ અસર જોવા મળતી નથી. જ્યારે ૨૭ ઉત્તરદાતાઓ એટલે ૩૩.૭૫% કૌટુંબિક ઝઘડાઓના ભાગરૂપે પોલીસ સ્ટેશને ગયા છે. જ્યારે સૌથી ઓછી ટકાવારી જોઈએ ૧૬.૨૫% એટલે ૧૩ ઉત્તરદાતાઓ પોતાના અંગત કેસને લઈને પોલીસ સ્ટેશન માં ગયા છે. જ્યારે પોતે અપરાધી હોય અને બીજા તેમના પર ફરીયાદ લખાવી હોય એવા ૨ ઉત્તરદાતા એટલે ૨.૫૦% છે.

દરેક સમાજે તેના સુચારી વહીવટ માટે વણલેખ્યા નિયમો બનાવેલા હોય છે. આ નિયમો પ્રમાણે તે સમાજ લોકો વર્તે છે. તે મુજબ ન વર્તે તો દંડ કે સજાની જોગવાઈ સમાજે નક્કી કરેલી હોય છે. મોટેભાગે આ કાયદાનું પાલન તે જ્ઞાતિના લોકો કરે છે. પરંતુ બંધારણીય કાયદાની જાણકારી કોળી પટેલ બ્હેનોમાં ઓછી છે એ આપણે અગાઉ જોયુ પોતાને ત્યાં જ્યારે સમાજ પાસેથી ન મળે ત્યારે અંતિમ હથિયાર તરીકે કોર્ટનો આશરો લે છે પરંતુ તે આશરો કયા કારણોસર લે છે તે નીચે મુજબના કોષ્ટકમાં દર્શાવેલ છે.

## કોષ્ટક નં.૬.૮

## કોર્ટની કામગીરી

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ઝઘડાનું નિવારણ | ૧૨૭ | ૬૩.૫૦ |
| ૨. | ગુનેગારને સજા | ૧૨૭ | ૬૩.૫૦ |
| ૩. | સમાજમાં કાયદાને જાળવવા | ૦૨ | ૧.૯૦ |
| ૪. | નવા કાયદા બનાવવા | ૦૧ | ૦.૫૦ |
| ૫. | ખબર નથી | ૧૬ | ૮.૦૦ |
| | કુલ | ૨૦૦ | |

★ એકથી વધુ જવાબો મળેલ છે.

ઉપરોક્ત કોષ્ટકમાં એક કરતાં વધુ જવાબો પ્રાપ્ત થયા છે. જેમાં સૌથી વધારે એટલે ૬૩.૫૦% એટલે ૧૨૭ ઉત્તરદાતાઓ ઝઘડાના નિવારણ કે ગુનેગારને સજા આપવાની કામગીરી કોર્ટ કરે છે. જ્યારે ૮% એટલે ૧૬ ઉત્તરદાતા કોર્ટની કામગીરીની ખબર નથી જ્યારે ૧ ઉત્તરદાતા નવા કાયદા કોર્ટ ઘડે છે. અને સમાજમાં કાયદાઓનું રક્ષણ કરવાનું કામ કોર્ટનું છે એમ જણાવે છે.

આ કોષ્ટક ઉપરથી ફલિત થાય છે ગુનેગારને સજા કરવા માટેનું કામ કોર્ટ કરે છે. બીજી કોઈ વિશેષ જાણકારી તેઓ ધરાવતા નથી.

સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ ભારત એક લોકશાહી, બિનસાંપ્રદાયીક રાષ્ટ્ર તરીકે અસ્તિત્વમાં આવ્યું. આઝાદી બાદ જે નૂતન ભારતનું સંવિધાન અસ્તિત્વમાં ઉદારમતવાદ બિનસાંપ્રદાયીકતા તેમજ સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વ પર આધારિત નવી સમાજવાદી ઢબની સમાજ રચના કરવાનો નિર્ણય કર્યો. ભારતીય સંવિધાનમાં સ્ત્રીઓને સ્થાન ભૂમિકાને પુરૂષ સમાજ દરજ્જો પ્રાપ્ત થાય એવા સુધારાત્મક કાયદાઓ ઘડવામાં આવ્યા. એક નૂતન સમાનતા મૂલક સમાજવાદી ઢબની સ્વતંત્રતા અને બંધુત્વ આધારિત વ્યવસ્થા ઉભી કરવી હોય તો સમાજના શોષિત વર્ગમાં જેમાં સ્ત્રીઓનો પણ સમાવેશ થાય છે તેનું ઉત્થાન કરવુ જરૂરી છે. સ્ત્રીઓ માટે મિલ્કત અંગેનો કાયદો, ગર્ભધારણ અંગેનો કાયદો, ઘરેલુ હિંસા વગેરે અનેક કાયદાઓ અસ્તિત્વમાં છે છતાં હજી બ્હેનોની સ્થિતિ ઘણી નબળી છે. હજી તે ઘણા દબાણોથી ઘેરાયેલી છે. તેના મતે જ્ઞાતિના જ રીવાજો દ્વારા પસંદ કરે છે તેનેજ એ સર્વોપરિ ગણે છે. જ્ઞાતિ સિવાય બંધારણીય છૂટાછેડાના વિષે કોળી સમાજની ગ્રામીણ મહિલા જાણકારી ધરાવે છે કે તે જાણવાનો પ્રયાસ અધ્યયનકર્તાએ કરી છે.

જ્ઞાતિ રીવાજ સિવાય બંધારણ કાયદાની જાણકારી ધરાવે છે. ૧૫૨ ઉત્તરદાતા એટલે ૭૬% ઉત્તરદાતાઓ જાણે છે કે કોર્ટ દ્વારા પતિ-પત્ની વચ્ચેના કૌટુંબિક ઝઘડાઓનો અંત છૂટાછેડા દ્વારા લાવી શકાય. જ્યારે ૪૮ એટલે ૨૪% ઉત્તરદાતા કોર્ટમાં મળતા છૂટાછેડાની માહિતી ધરાવતા નથી તેઓને કોર્ટ એટલે તાલુકા કક્ષાએ આવેલ કોર્ટની ખબર છે. જીલ્લાની સેશન્સ કોર્ટ કે હાઈકોર્ટ વગેરેની માહિતી ધરાવતા નથી.

પરિણીત સ્ત્રીને જ્યારે પોતાનું જીવન સાસરીપક્ષમાં અસલામત ભર્યું, રૂંધાયેલુ, અત્યાચાર કે હિંસાવાળુ લાગે ત્યારે છૂટાછેડા મેળવવા માટે સામાજિક સંસ્થા કે કોર્ટનું પગથિયું ચઢે છે. એ પણ જ્યારે તે એના અંગે જાગૃત હોય તો જ તે કોર્ટ સુધી પહોંચી છે કેટલીક વખત તો ન્યાય મેળવવાની પ્રક્રિયા સંવેદનહીન અને અતિશય લાંબી લાગતી હોવાને કારણે તે ત્યાં સુધી પણ પહોંચતી નથી. આર્થિક રીતે સક્ષમ ન હોયને કુટુંબીજનો કે અન્ય સભ્યોના તાબા હેઠળ જીવવાનું છે ત્યારે કોર્ટ સુધી તો કેમ જવા આવી માન્યતાને કારણે સ્ત્રીઓ ઘરેલું હિંસા સામે ચુપકીદીનું વલણ અપનાવે છે. સામાજિક કાર્યકર કે પોતાની સુઝ કે જાણકારી થી સ્ત્રી કોર્ટ સુધી પહોંચે છે. પરંતુ કોર્ટ કચેરીની કામગીરી કેવા પ્રકારની હોય છે તેની માહિતીથી તે અજાણ હોય એવુ પણ બનતુ હોય છે. કોળી પટેલ સમાજમાં સ્ત્રીઓ છૂટાછેડા લેવા અંગે જે માહિતી ધરાવે છે એમાં ભરણપોષણ કોની પાસેથી માંગી શકે આ જાણવાનો પ્રયત્ન પ્રસ્તુત કોષ્ટક ૧૬૧ માં કરેલ છે.

**કોષ્ટક નં.૬.૯**

**છૂટાછેડા લીધેલ સ્ત્રીઓને કોર્ટ ભરણ-પોષણ કોની પાસેથી અપાવે છે**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | પતિ પાસેથી | ૧૮૮ | ૯૪.૦૦ |
| ૨. | ખબર નથી | ૧૨ | ૦૬.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત ટેબલ પરથી જોઈ શકાય છે કે જે સ્ત્રીઓએ છૂટાછેડા લીધા હોય તેમને ભરણપોષણ પતિ પાસેથી મળે છે તેવુ ૧૮૮ એટલે કે ૯૪% ઉત્તરદાતા જણાવે છે. જ્યારે૧૨ ઉત્તરદાતાને તેની જાણકારી નથી.

આમ જન્મથી મૃત્યુ સુધી પોતાના ઘરની શોધમાં સ્ત્રીને પોતાને કાયદા દ્વારા મળેલ હક્કથી પણ તે વંચિત રહે છે.

ભારતના બંધારણમાં રોજગારી અને દિવાની એમ બે પ્રકારના ગુનાઓ માટે કાયદાની જોગવાઈ કરવામાં આવેલી છે. ઘરેલુ ઝઘડાઓમાં ખૂન ખરાબી ન થઈ હોય તો દિવાની ગુનો લાગુ પડે છે. જે અંગે ફરીયાદ તાલુકા સેશન્સ કોર્ટ તેમજ જીલ્લામાં ફરિયાદ થઈ શકે છે.

આ અંતર્ગત સિવિલ કોર્ટ સ્ત્રી, પુરૂષ કોઈપણ ફરિયાદ કરી યોગ્ય કાર્યવાહી થયા મુજબ ન્યાય મેળવી શકે છે. જે માટે સમય અને નાણાં ખર્ચવા પડતાં હોય છે. પરંતુ મહિલાઓ તેમજ અનુસૂચિત જાતિ, જનજાતિ અને બાળકો કે વિકાસના હાંસિયામાં પાછળ રહી જવા પામ્યા છે તેઓ ઝડપી અને ખર્ચ વગર ન્યાય મેળવી શકે એવી ખાસ જોગવાઈ કોર્ટમાં કરવામાં આવેલી છે. જેને મફત કાનુની સહાય કેન્દ્ર ઓળખવામાં આવે છે. જેના મુખ્ય ચેરપર્સન જે તે કોર્ટના નામદાર જજ હોય છે. આ કેન્દ્રમાં અરજી કરવા માટે સ્ટેમ્પ ડ્યૂટી પણ ભરવી પડતી નથી. પ્રસ્તુત અધ્યયનમા આ અંગેની માહિતી મેળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો જેની વિગત નીચે કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક નં.૬.૧૦**

**કોર્ટના મફત કાનુની સહાયકેન્દ્રની જાણકારી**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૧૨ | ૦૬.૦૦ |
| ૨. | ના | ૧૮૮ | ૯૪.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

કોષ્ટક જોતા દર્શાવે છે કે ૧૮૮ ઉત્તરદાતા એટલે કે કુલ ઉત્તરદાતાઓમાંથી ૯૪% ઉત્તરદાતાને તાલુકા કક્ષા ની કોર્ટમાં ચાલતા લીગલ એડ સેન્ટરની જાણકારી ધરાવતા નથી. જ્યારે માત્ર ૬% એટલે કે ૧૨ ઉત્તરદાતાને સેન્ટરની જાણકારી છે. આ કોષ્ટક પરથી સાબિત મહિલા હોવા છતા મહિલાઓને પોતાને થતા અન્યાય સામે લડવા માટે સરકારશ્રી તરફથી મફત કાયદાકીય સહાય આપવામાં આવે છે તેની તેમને જાણ નથી અને સમાજમાં ન્યાય મેળવવાના વલખાં મારે છે અને બિચારી હોવાની જીંદગી જીવે છે.

સમાજના નબળા ગણાતા વર્ગોના ઉત્કર્ષ માટે ભારતીય બંધારણમાં અનુસૂચિત જાતિ, જનજાતિ તેમજ મહિલાઓને વિશેષ અધિકાર આપવામાં આવ્યા છે. જેથી કરીને તેઓ વિકાસના હાંસિયા પાછળ ન ધરેલાય જાય.

બંધારણીય કાયદાની જાણકારી મહદઅંશે શહેરી સમાજ તેમજ શિક્ષિત સમાજોમાં વધુ જોવા મળે છે જયરે ગ્રામીણ સમાજમાં કાયદાનાં લાંબા હાથની જાણકારી ઘણી ઓછી જોવા મળે છે. એમાંય ગ્રામીણ મહિલાઓ તો વિકાસની કડીથી પાછળ રહી છે. અને ખબર પડતી નથી અને ખબર હોય છે તો જ્ઞાતિય રિવાજ અને કુટુંબની મર્યાદાઓને કારણે એ કરી શકતી નથી. પ્રસ્તુત અધ્યયનમાં મહિલાઓને કોર્ટમાં મફત કાનુની સહાય કેન્દ્રની જાણકારી છે કે નહી તે જાણવાનો પ્રયાસ કર્યો છે.

**કોષ્ટક નં.૬.૧૧**

**મફત કાનૂની સહાય કોને મળે છે**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | સ્ત્રીને | ૬ | ૫૦.૦૦ |
| ૨. | બાળકોને | ૬ | ૫૦.૦૦ |
| | કુલ | ૧૨ | |

★ એક કરતા વધારે જવાબો મળેલ છે.

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે ૫૦% મહિલાઓને સહાય મળી શકે તેમ જણાવે છે, જ્યારે ૬૬.૬૭% ઉત્તરદાતાઓને બાળકોને પણ મફત કાનુની સહાય મળી શકે તેવી જાણકારી ધરાવે છે. આમ સમાજન નબળા વર્ગોમાં સ્ત્રી અને બાળકો ગણાય છે. તેવી જાણકારી આ ૬% મહિલાઓ ધરાવે છે.

પ્રવર્તમાન કાયદાઓ વિષયક સભાનતા જાણવા જુદા જુદા કાયદાઓ અને તે કાયદાઓની સ્ત્રી વિષયક જોગવાઈઓ કોળી પટેલ બ્હેનો સભાન છે કે નહી તે જાણી તેમની કાયદાકીય જાગૃતિની કક્ષા નક્કી કરવાનો પ્રયત્ન કરતા, રાત્રિ દરમ્યાન સ્ત્રીઓની ધરપકડ થઈ શકે છે કે નહિ તે જાણવાનો પ્રયત્ન કરતા એક પણ ઉત્તરદાતાએ આ બાબતની સભાનતા દર્શાવી ન હતી તે પ્રમાણે અત્રે પુરૂષ પોલીસ દ્વારા મહિલાની ધરપકડ થઈ શકે નહીં તે વિષયક માહિતીની ચકાસણી કરતા નીચે મુજબની પરિસ્થિતિ જોવા મળી હતી.

**કોષ્ટક નં.૬.૧૨**

**સ્ત્રી ગુનેગારને પુરૂષ પોલીસ પકડીને લઈ જઈ શકે કે નહીં**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ધરપકડ કરી શકે | ૧૪૦ | ૭૦.૦૦ |
| ૨. | ધરપકડ ન કરી શકે | ૬૦ | ૩૦.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કોઈ સ્ત્રી કાયદા વિરૂદ્ધનું કામ કરે તો તે ગુનેગાર બને છે. પોલીસ ફરીયાદ થયા બાદ પોલીસ ખાતા દ્વારા ગુનેગાર ની ધરપકડ થાય છે. ધરપકડ માટે સ્ત્રીઅને પુરૂષ ગુનેગાર ને પકડવા સ્ત્રી પોલીસ કે પુરૂષ પોલીસ જ આવી શકે એ અંગે ઉત્તરદાતા

પાસેથી માહિતી મેળવતાં જાણવા મળ્યુ છે કે ૧૪૦ ઉત્તરદાતા એટલે ૭૦% ઉત્તરદાતાઓને સ્ત્રી પોલીસ દ્વારા સ્ત્રી ગુનેગારને પકડી શકાય એ ખબર નથી જ્યારે ૬૦ ઉત્તરદાતા એટલેકે ૩૦% ઉત્તરદાતાઓને ખબર છે સ્ત્રી ગુનેગારની ધરપકડ સ્ત્રી પોલીસ દ્વારા જ થઈ શકે છે.

આ પરથી ફલીત થાય છે કે સ્ત્રીઓને કાયદા દ્વારા વિશેષ રક્ષણ આપવામાં આવ્યુ હોવા છતાં તે અંગેની પૂર્ણ જાણકારી તેઓ રાખતા નથી. સ્ત્રી ગુનેગાર હોય તો પુરૂષ પોલીસ કાર્યવાહી દ્વારા સ્ત્રીની ધરપકડ થઈ શકતી નથી.

લગ્ન અને ધર્મ બાબતોનો નિકાલ કોળી પટેલ સમાજમાં જ્ઞાતિપંચ દ્વારા જ લાવવામાં આવે છે. મધ્ય ગુજરાતમાં કોળી પટેલ સમાજની સ્થિતિમાં ધીમે ધીમે સુધારો આવતો જાય છે. જ્ઞાતિના રિવાજો ની બહાર તેઓ જતા નથી પરંતુ ક્યારેક કોક સંજોગો માં જવુ પડે ત્યારે કોઈક અન્ય જ્ઞાતિબંધુની મદદ કે સંસ્થાની મદદ કોર્ટનો આશરો લે છે કે નહી જાણવાનો પ્રયાસ અહી સંશોધનકર્તાએ કર્યો છે.

**કોષ્ટક નં.૬.૧૩**

**જ્ઞાતિપંચ વિરુદ્ધ સ્ત્રી પુરુષને પુખ્ત ઉંમરે લગ્ન કરવા હોય તો તે કોર્ટનો આશરો લઈ શકે કે નહી**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૧૨૮ | ૬૪.૦૦ |
| ૨. | ના | ૭૦ | ૩૬.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટક જોતા જણાય છે કે કોર્ટ દ્વારા લગ્નની મંજુરી મેળવી શકાય છે એવો કાયદો છે એવી જાણકારી ૧૨૮ ઉત્તરદાતાઓ એટલે કે ૬૪% ઉત્તરદાતા જાણે છે જ્યારે ૭૨ ઉત્તરદાતા એટલે ૩૬% ઉત્તરદાતા આવા કાયદા અંગે માહિતી ધરાવતા નથી.

પુરાણિક કાળથી પરિણીત સ્ત્રીને તેના પતિની અર્ધાંગીની ગણવામાં આવે છે પતિના સુખ દુઃખમાં તેનુ સર્વસ્વ સમાયેલુ હોય છે. એનુ અલગ અસ્તિત્વ એની પોતાની કોઈ કોઈ મિલ્કત હોઈ શકે એવુ એ સમયમાં હતુ ત્યારબાદ ઘણા યુગો પસાર થયા સ્ત્રીના આ અસ્તિત્વ અંગે જુદી જુદી સ્થિતિની રજુઆત થાય. સ્ત્રીને માનવ તરીકેનું ગૌરવ અપાવવા તેમજ તેની ભૂમિકાની ગરિમ જાળવવા માટે આપણા આઝાદ ભારતના બંધારણમાં જોગવાઈઓ કરાવમાં આવી. પરંતુ પુરૂષપ્રધાન સમજમાં રહેતી સ્ત્રી નાનપણમાં પિતાને ઘરે ''પારકી થાપણ'' ના રૂપે પતિના ઘરે વહુ રૂપે તેમજ

ઘડપણમાં દીકરાના હાથ નીચે દબાતી આવી છે. એ કાયદાના ઉપયોગ દ્વારા પોતાના હક્કની માંગણી ત્યારે કરે જ્યારે તેના પતિનું અવસાન થાય છે. ત્યારે કુટુંબીજનો નિરાધાર લાચારીની સ્થિતિમાં જીવન વિતાવે છે. બંધારણીય મિલ્કત મળ્યો હોવા છતા ગ્રામીણ કોળી પટેલ સમાજની વિધવા મહિલાઓ આ કાયદા અંગે પોતાના પતિના કુટુંબીજનો પાસેથી મિલ્કત નો દાવો કરી શકે કે નહી તે જાણવાનો પ્રયાસ કોષ્ટકમાં કર્યો છે.

**કોષ્ટક નં.૬.૧૪**

**પતિના મૃત્યુબાદ પતિની મિલ્કતમાંથી વારસાઈ હક્ક મળી શકે**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૧૦૨ | ૫૧.૦૦ |
| ૨. | ના | ૯૮ | ૪૯.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટકમાં જોઈ શકાય છે. પતિના જીવતાં પત્ની પોતાની મિલ્કત એટલે પતિની મિલ્કત શું છે કેવી છે એની કોઈ માહિતી રાખતી નથી આથી મૃત્યુ પછી પણ તેમાં કોનો હક્ક છે અને કેવી રીતે મળી શકે તેની માહિતી તેની પાસે હોય એવુ લાગતુ નથી. કોષ્ટકમાં આંકડા બતાવે છે. કુલ ઉત્તરદાતાઓમાંથી ૫૧% એટલે ૧૦૨ ઉત્તરદાતાઓને ખબર છે કે પતિના મૃત્યુ બાદ તેની મિલ્કતમાંથી હક્ક મળે છે. પરંતુ તે પતિની હયાતીમાં જ સંપૂર્ણ માહિતી તેમજ કયા દસ્તાવેજોની માહિતી રાખવી જોઈએ એ ખબર નથી જ્યારે ૪૯.૦૦% ઉત્તરદાતા એટલે ૯૮ ઉત્તરદાતાઓને પતિના વારસામાંથી સ્ત્રીને કોઈ હક્ક મળી શકે એ જ ખબર નથી. સસરા, જેઠ વગેરેની સાથે રહી પોતાનું દુઃખીયારુ જીવન પસાર કરે છે. હંમેશા તે એવું જ માને છે કે બધુ સુખ માથે છત્તર હોય ત્યારે જ હોય એટલે પતિની હયાતી બધુ સુખ હોય છે.

આપણે અગાઉ જોયુ એ મુજબ સ્ત્રીને પોતાનું અલગ અસ્તિત્વ હોય શકે એવી માન્યતા કોળી પટેલ સમાજની સ્ત્રીઓને નથી જે આપણે કોષ્ટકમાં જોઈ ગયા. સ્ત્રી પોતાના પતિની મિલ્કતમાંથી તેના મૃત્યુ બાદ વારસાઈ મેળવી શકે છે તેવી ૫૦% થી વધારે ઉત્તરદાતાને જાણકારી આજરીતે પિતાની મિલ્કતમાં સ્ત્રીનો હિસ્સો હોઈ શકે કે નહીં તે વિષયક જાણકારી મેળવતા મળેલ માહિતી અત્રે કોષ્ટકમાં દર્શાવી છે.

**કોષ્ટક નં.૬.૧૫**

**પિતાની મિલ્કતમાંથી પરિણીત સ્ત્રીને કાયદાકીય રીતે ભાગ મળી શકે**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૯૯ | ૪૯.૫૦ |
| ૨. | ના | ૧૦૧ | ૫૦.૫૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

સામાન્ય રીતે હિન્દુ સમાજમાં લગ્ન પછીથી સ્ત્રીને પિતાના કુટુંબનો હિસ્સો માનવામાં નથી આવતી પંરતુ ૫૦% ઉત્તરદાતાઓને જાણકારી છે કે સ્ત્રીને પિતાની મિલ્કતમાંથી પણ હક્ક મળી શકે છે. આમ આર્થિક બાબતોનું વધતુ મહત્વ આ સમાજની જાગૃતિને અસરકર્તા બનતુ અત્રે દેખાય છે.

કોઈપણ સ્ત્રી પરણ્યા પછી બાળકની માતા બને છે. અને લગ્ન બાદ થયેલ બાળકને સમાજ સ્વીકૃતિ આપે છે. પરિણીત મહિલા પોતે ઈચ્છે ત્યારે અને તેટલી વખત ગર્ભવતી બની શકે એવી જોગવાઈ PNDT એક્ટ આધારે તેને મળેલ છે. ગર્ભધારણ કે ગર્ભપાત કરાવવા પરિણીત સ્ત્રીનો પોતાનો હક્ક છે. આ માટે સાસુ-સસરા કે પતિ કોઈપણ તે અંગે બળજબરી કરી શકે નહિ તેના નિર્ણયનેજ અંતિમ નિર્ણય નેજ ડોક્ટર પણ માને છ. સ્ત્રીને તેની મરજી વિરૂદ્ધ ગર્ભધારણ કોઈ દબાણ કરી શકે.

આ કાયદાને ગર્ભધારણ અધિકાર કહેવામાં આવે છે. આ કાયદાની જાણ ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરતી કોળી પટેલ મહિલાઓને છે કે નહી તે જાણવાનો પ્રયાસ સંશોધનકર્તાએ કોષ્ટકમાં કરેલ છે.

**કોષ્ટક નં.૬.૧૬**

**પરિણીત સ્ત્રી પોતાની ઈચ્છા મુજબ ગર્ભ રાખી શકે કે નહીં**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૬૦ | ૩૦.૦૦ |
| ૨. | ના | ૧૪૦ | ૭૦.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટકમાં જોઈ શકાય છે કે ૧૪૦ ઉત્તરદાતા એટલે ૭૦% ઉત્તરદાતા ગર્ભ સ્ત્રી માત્ર પોતાની મરજી થી રાખી શકે છે. તેની જાણ નથી જ્યારે ૩૦% એટલે કુલ ઉત્તરદાતાઓમાંથી માત્ર ૬૦ ઉત્તરદાતાને ખબર ગર્ભ રાખવા અંગે સ્ત્રી મરજી હોવી જરૂરી છે.

આ કોષ્ટકમાં પ્રાપ્ત થયેલ વિગતોને આધારે અનુમાન લગાવી શકાય કોળી પટેલ સમાજની મહિલા ગર્ભધારણ અંગેના કાયદા જાણકારી થી અજાણ છે.

ગર્ભધારણ એ સ્ત્રીનો પોતાનો અધિકાર છે. એજ રીતે ગર્ભપાત કરાવવો કે નહી એ સ્ત્રીનો પોતાનો અધિકાર છે. ઉપરાંત PNDT એક્ટ  અન્વયે ગર્ભપાત કરાવવા માટે દાબ-દબાણ કરનાર સ્ત્રીના પતિ, સાસુ કે અન્ય સાસરીયા કે કોઈપણ પક્ષના દબાણ કરનાર વ્યક્તિને સજા થઈ શકે, એ માટે જેલની સજા તેમજ ૧૦,૦૦૦ સુધીના દંડની પણ જોગવાઈ છે.

આ કાયદા અંગેની જાણકારી તો ૭૦% ઉત્તરદાતાને નથી. આ કાયદાનો ભંગ કરનાર તેના સ્વજનોને કોઈ સજા થઈ શકે છે કે નહી તેવી માહિતી તેમની પાસે છે કે નહી તે હવે પછીના કોષ્ટકમાં બતાવવામાં આવેલ છે.

**કોષ્ટક નં.૬.૧૭**

**ગર્ભપાત અંગેના પરિણીત સ્ત્રીના અધિકાર વિષયક જાણકારી**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૧૨૫ | ૬૨.૫૦ |
| ૨. | ના | ૭૫ | ૩૭.૫૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

અગાઉના કોષ્ટકમાં જોયુ તે મુજબ સ્ત્રીને આ કાયદા પોતાના મળતા હક્કની જાણ નથી તેની પૂર્તિ આ કોષ્ટકમાં થાય છે. ૧૨૫ ઉત્તરદાતા એટલે ૬૨.૫૦ ઉત્તરદાતાઓ એવો જવાબ આપ્યો છે કે સાસરીપક્ષ તરફથી દાબ-દબાણ થઈ શકે છે. ૩૭.૫૦% એટલે ૭૫ ઉત્તરદાતા દબાણ ન કરી શકે એમ જણાવે છે.

આ બન્ને કોષ્ટકને અંતે એ તારણ પર આપણે આવી શકીએ કે સમષ્ટિમાં સમાવેશ કરાયેલ નમૂનાઓને ગર્ભધારણ અંગેના બંધારણીય કાયદાની જાણકારીનો અભાવ છે.

ભારતીય બંધારણમાં સ્ત્રી અધિકારના રક્ષણ માટે ઘણા મહત્વના કાયદાઓ અસ્તિત્વમાં છે. જેમાં ઘરેલું હિંસા, ગર્ભધારણ, બળાત્કાર વગેરે કાયદાઓ છે. જે કાયદાની મદદ સ્ત્રી ના શરીર તેની મરજી વિરૂદ્ધ કોઈપણ વર્તન તે અંગે તે કોર્ટ સમક્ષ અરજી કરી શકે છે. એવી જોગવાઈ છે.

આ અંગે અધ્યયન વિસ્તારની કોળી પટેલ મહિલાઓની શી સમજ છે તે જાણવાનો પ્રયાસ કર્યો છે.

## કોષ્ટક નં.૬.૧૮

## મરજી વિરૂદ્ધ પતિ જાતિય સંબંધ બાંધે તો તે ગુનો બને છે

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ના | ૧૨૬ | ૬૩.૦૦ |
| ૨. | હા | ૭૪ | ૩૭.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટક સૂચવે છે કે ૧૨૬ ઉત્તરદાતા એટલે ૬૩% ઉત્તરદાતાઓને સ્ત્રીના આ કાયદાઓની સમજ નથી. જ્યારે ૭૪ ઉત્તરદાતા એટલે ૩૭% ઉત્તરદાતાઓને આ કાયદા દ્વારા સ્ત્રીના રક્ષણ સૂચવતા કાયદાની સમજ છે.

મહિલાઓની વહીવટમાં અને રાજકારણમાં ભાગીદારી કે તેનું સહભાગીપણું વધે તેને પુરૂષો માન દરજ્જો આપવા માટે કે તે સમકક્ષ બને તેવી તકો ઉભી કરવા આપણા બંધારણના પંચાયત ધારામાં ઘણા સુધારાઓ થાય છે. ભારતના બંધારણમાં ૭૩ માં સુધારા અધિનિયમ ૧૯૯૨ થી પંચાયતોને લગતનો ભાગ-૯ દાખલ કરવામાં આવ્યો છતા મહિલાઓની સક્રિય ભાગીદારી અનુભવ ઘણા ઓછા છે. આજ સ્થિતિ વિશ્વના કેટલાક વિકસિત દેશમાં પણ છે. આથી ગ્રામીણ સમુદાયમાં રહેતા મહિલાઓની તો શું હશે એ જાણવાનો પ્રયત્ન અધ્યયનકર્તાએ કોષ્ટકમાં કર્યો છે.

## કોષ્ટક નં.૬.૧૯

## રાજકરણમાં સ્ત્રીઓની ઓછી ભાગીદારીના કારણો

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | સ્ત્રીઓની અસમાન સ્થિતિ | ૧૧૧ | ૫૫.૫૦ |
| ૨. | મહિલા પોતે રાજકારણમાં ભાગ લેતી નથી | ૧૧૮ | ૫૯.૦૦ |
| ૩. | ભારતની સમાજ વ્યવસ્થા | ૧૧૦ | ૫૫.૦૦ |
| ૪. | વ્યવસાય (ઘરની) જવાબદારી | ૧૩૭ | ૬૮.૫૦ |
| | કુલ | ૨૦૦ | |

★ એકથી વધુ જવાબો મળેલ છે.

આ કોષ્ટકમાં ઉત્તરદાતાઓ પાસે એક કરતાં વધારે જવાબો મળ્યા છે. એમાં આપણે જોઈ શકીએ છીએ સ્ત્રીઓની ભૂમિકા કે જવાબદારી ઘરના વહીવટ ચલાવવાની છે એ રાજકારણમાં વહીવટ કરી નહી શકે એવું વલણ અથવા માન્યતા સ્પષ્ટ દેખાય છે. સૌથી વધુ એટે ૬૮.૧૪ જણા ઘરની જવાબદારી સ્ત્રીઓને સીરે હોવાથી તે આ જવાબદારી લઈ શકતી નથી. જ્યારે ૫૯.૦૦% મહિલા ઉત્તરદાતાએ જવાબ આપ્યો મહિલા પોતે પણ રાજકારણનો અઘરી અથવા કંટાળાજનક પ્રવૃત્તિ ગણીને આગળ આવી તક લેતી નથી. જ્યારે ૫૫.૫૦% એ એવો જવાબ આપ્યો કે પુરૂષ પ્રધાન સમાજ વ્યવસ્થા હોવાને સ્ત્રી પોતે ગામનો કે પંચાયતનો વહીવટ સ્ત્રી કરે સ્વીકાર્ય હોતુ નથી.

આ પરથી તારણ નીકળી શકે સ્ત્રી પોતાને મળેલ અબળા નારીનો વારસો એ જ એને કોઈપણ ક્ષેત્રમાં આગળ આવવા માટે જવાબદાર જેમાં પુરૂષપ્રધાન સમાજ વ્યવસ્થા છે.

પંચાયતરાજની સ્થાપનાનો મૂળભૂત હેતુ સત્તાનું લોકશાહી વિકેન્દ્રીકરણ કરવાનો છે. ગુજરાત સરકારે ૧ લી જાન્યુઆરી ૧૯૬૩ ના રોજ ગેઝેટમાં પ્રસિદ્ધ કરી પંચાયત અધિનિયમ ૧૯૬૧ કાયદો અમલમાં આવ્યા પરંતુ ભારત સરકારે બંધારણના ૭૩ માં સુધારા દ્વારા સૂચવાયેલ નવી બાબતોને આવરી લેવા ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ તા. ૧૫-૪-૯૪ થી અમલ માં છે જેને અન્વયે પંચાત કક્ષાએ ૩૩% મહિલા અનામત બેઠકો આપવામાં આવી છે.

ગ્રામ પંચાયતએ ગ્રામ્ય કક્ષાએ સ્થાનિક સ્વરાજ છે એ વાત ગાંધીજીએ પણ જણાવી છે. ગામમાં વસતા ૧૮ વર્ષથી ઉપરના તમામ નાગરિકો ચૂંટણીમાં પોતે ઉભા રહી શકે છે. કે પોતાનો મત આપી શકે છે. મતદાનનો અધિકાર તેમને બંધારણીય રીતે મળેલ છે. હક્ક કોઈ છીનવી શકે નહી. આ હક્ક પ્રાપ્ત થયો છે એ કાયદાકીય વાસ્તવિક પરિસ્થિતિ છે. પરંતુ અધ્યયનના વિસ્તારના ઉત્તરદાતાઓ પંચાયતની ચૂંટણીમાં સક્રિય ભાગીદારી ભજવે છે કે તે જાણવાનો પ્રયત્ન કર્યો છે.

**કોષ્ટક નં.૬.૨૦**

**તમે પંચાયતની ચૂંટણીમાં ભાગ લીધો છ**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૪૮ | ૨૪.૦૦ |
| ૨. | ના | ૧૫૨ | ૭૬.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટક પરથી જોવા મળે છે ૭૬% એટલે કે કુલ ૧૫૨ ઉત્તરદાતાઓ કદી ચૂંટણીમાં ભાગ લીધો નથી. બહેઓને ફક્ત મત આપવાના પોતાના અધિકારનો ઉપયોગ પણ કર્યો છે તે પણ

અન્યની દોરવણી નીચે જ્યારે કુલ ૨૪% એટલે ૪૮ જેટલા ઉત્તરદાતાઓએજ પંચાયતની થતી ચૂંટણીમાં પોતાનો રસ દાખવી તેમાં ભાગ લીધો છે.

પંચાયતની ચૂંટણીમાં ફક્ત ૨૪% બહેનો જ ભાગીદાર બનતી જોવા મળે છે. આ વિગત તેમની રાજકીય ઉદાસીનતા દેખાડે છે તેમ કહેવા કરતા પુરૂષ પ્રધાન સમાજમાં અમુક બાબતોથી સ્ત્રીઓએ અળગાજ રહેવુ જોઈએ તેના રૂઢીગત મૂલ્યોને વધારે જવાબદાર ગણી શકાય. જે ૨૪% બહેનો પંચાયતની ચૂંટણીમાં ભાગ લે છે તેઓનું વિશ્લેષણ કરા કોષ્ટક મુજબનું ચિત્ર ઉપસ્થિત થાય છે.

**કોષ્ટક નં.૬.૨૧**

**ચુંટણીમાં ભાગીદારી**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ઉમેદવારી નોંધાવીને સરપંચ કે ઉપસરપંચ કે સભ્ય તરીકે | ૭ | ૧૪.૫૮ |
| ૨. | પ્રચાર કરીને | ૩૮ | ૭૯.૧૭ |
| ૩. | અન્યના દબાણથી | ૧૧ | ૨૨.૯૨ |
| | કુલ | ૪૮ | |

★ એકથી વધુ જવાબો મળેલ છે.

કુલ ૪૮ બહેનોમાંથી ફક્ત સાત બહેનો છે જેમણે ઉમેદવારી નોંધાવી છે. અને સક્રીયતાથી નોંધાવી છે. જ્યારે ૧૧ બહેનો (૨૨.૯૨%) તો સ્ત્રી અનામતના કારણે પંચાયતમાં ગયા હતા તેમ જણાવે છે, તેઓને પંચાયત કે તેના કામમાં કોઈ રસ નથી તેઓના કુટુંબીજનો પંચાયતના સમગ્ર કામો સંભાળે છે. જ્યારે ૭૯.૧૭% બહેનો સક્રીયથી પંચાયતના ચૂંટણી પ્રચાર કાર્યોમાં જોડાય અને પોતાના રાજકીય હક્કો નો ઉપયોગ કરે છે. આમ સમગ્ર ઘણું ઉદાસીન જણાય છે કે કુલ ૨૦૦ ઉત્તરદાતાના ૮૧% ઉત્તરદાતાઓ સ્થાનિક ચૂંટણીમાં પણ રસ દાખવતા નથી.

ગ્રામ સ્વરાજનું સ્વપ્ન સાકર કરવા અને સત્તાનું વિકેન્દ્રીકરણનું ધ્યેય હાંસલ કરવા પંચાયતી રાજ સક્ષમ માધ્યમ છે. ત્રિસ્તરીય પંચાયત રાજમાં ૭૩ માં બંધારણીય સુધારા અધિનિયમ ૧૯૯૨ થી ૩૩% મહિલા અનામત બેઠકોની જોગવાઈ કરવામાં આવી છે. રાજકીય ક્ષેત્રે મહિલાઓની ભાગીદારી વધારવાનો ઉમદા પ્રયાસ છે. મહિલાઓ રાજકીય ક્ષેત્રે સક્રિય રીતે પોતાની તાકાત, હિંમત, જ્ઞાન બતાવી શકે એ જરૂરી છે. ઘરની ચલાવનારી નારી પંચાયતના વહીવટ ને પણ સારી રીતે ચલાવી શકે અવી દીર્ઘ દૃષ્ટિ રહેલી છે. સુચારૂ સંચાલન માટે એ સમગ્ર છે એને તક આપવાની જરૂર હતી જે આ સુધારાથી મળી.

પરંતુ ખરેખર, કાયદાકીય થયેલ સુધારાથી ગ્રામીણ મહિલા એમાંય ખાસ કોળી પટેલ મહિલા એ વિષે જાણકારી ધરાવે છે કે નહી તે જાણવાનો પ્રયાસ કોષ્ટકમાં કરવામાં આવેલ છે.

**કોષ્ટક નં.૬.૨૨**

**સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં સ્ત્રી અનામત વિષયક જાણકારી**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૨૧ | ૧૦.૫૦ |
| ૨. | ના | ૧૧૭ | ૫૮.૫૦ |
| ૩. | સાંભળ્યુ છે પણ ખ્યાલ નથી | ૬૨ | ૩૧.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટકને જોતા જણાય છે કે સ્ત્રીમાં કાયદાકીય કે રાજકીય જોગવાઈઓનું પ્રમાણ ઘણુ ઓછું છે. ગ્રામીણ કોળી પટેલ મહિલાની જીંદગી ઘરના કામમાં કે ખેતીકામમાં બાળ ઉછેર માં વ્યતીત થાય છે. ૮૯.૦૦% મહિલાઓને પંચાયતોની ચૂંટણીમાં મહિલા કેટલી અનામત બેઠકો રાખવામાં આવે છે તે વિષે બીલકુલ માહિતી નથી. જ્યારે ૧૦.૫૦% ઉત્તરદાતાઓને પંચાયતના અધિનિયમ સુધારા કર્યા બાદ ૩૩% મહિલા અનામત બેઠકો ગ્રામ પંચાયત સ્તરે તાલુકા સ્તરે કે જીલ્લા પંચાયત સ્તરે રાખવામાં આવી છે તેની જાણકારી છે.

સમગ્ર વિશ્વમાં કે ભારતમાં આપણે જોઈએ કુલ વસ્તીનો અડધો હિસ્સો મહિલાઓની હસ્તીનો છે. છતાં પણ મહિલાઓ સામાજિક, આર્થિક અને રાજકીય ક્ષેત્રે સમાન અધિકાર ભોગવતી નથી. આ સમાન અધિકાર ન ભોગવવા પાછળ ઘણા પરિબળો જવાબદાર છે. આજે વિશ્વ સ્ત્રી પુરુષને સમાન તમામ દરજ્જાઓ ભોગવી શકે એ માટેના વાતાવરણનું નિર્માણ થઈ રહ્યુ છે. એ માટે સરકારી, બિનસરકારી સંસ્થાઓ વગેરે પ્રયત્ન કરે છે.

મહિલાઓ ઘરની ચાર દિવાલ છોડી બહારની દુનિયામાં પોતાના જ્ઞાન, તાકાતનો ઉપયોગ કરે એ બહું જરૂર બાબત છે. એનું જીવન માત્ર ઘર જ અને તેની સાથે જોડાયેલી વાતો જ હોય તો તે મહિલા સશક્તિકરણ નથી. તેને અન્ય જ્ઞાનવિજ્ઞાન, રાજકારણ, ધાર્મિક, સામાજિક બદલાવની વાતો પણ કરે કે તેમાં ભાગ લેતી થાય. અધ્યયન હેઠળના ઉત્તરદાતાઓ રાજકીયક્ષેત્રની વાતો પોતાની અન્ય સહેલીઓ કે ગ્રામજનો સાથે કરે છે કે નહિ તે જાણવાનો પ્રયત્ન અહી કરેલ છે.

**કોષ્ટક નં.૬.૨૩**

**રાજકારણ વિષે ચર્ચા**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | વારંવાર | ૫૨ | ૨૬.૦૦ |
| ૨. | ભાગ્યેજ | ૯ | ૪.૫૦ |
| ૩. | કોઈપણ નોંધપાત્ર બનાવ બને ત્યારે | ૧૧૧ | ૫૫.૫૦ |
| ૪. | કદી નહી | ૨૮ | ૧૪.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટકના સંખ્યાત્મક વિગતોનું વિવરણ કરીએ તો માલુમ પડે છે કે ૬૦.૦૦% મહિલાઓ કોઈ નોંધપાત્ર કે ગામમાં કોઈ વિશિષ્ટ બનાવ બને ત્યારે કરે છે. જ્યારે ૨૬% મહિલાઓ પોતાને તક મળે સમય મળે ત્યારે કરે છે. પરંતુ જે મહિલાઓ ચર્ચા કરે છે તે પંચાયતના પોતે સભ્ય હોય કે તેમના પતિ

ભારતમાં ત્રિસ્તરીય પંચાયતરાજ વ્યવસ્થામાં મહિલાઓની ભાગીદારી વધારવા માટે જે વ્યવસ્થાઓ દેશમાં મહિલાઓના ઉત્થાન માટે કરવામાં આવતું ક્રાંતિકારી પગલું છે. આ વ્યવસ્થાને કારણે ગ્રામીણ અને શહેરી વિસ્તારોના સ્થાનિક સ્વશાસન માટે દેશની લગભગ ૧૪ લાખ મહિલાઓ લોકોના પ્રતિનિધિ તરીકે જુદા જુદા અધિકાર કર્તવ્ય અને ફરજ મળી છે. ઘણા સ્થળોએ મહિલાઓને મળેલ આ તકનો સક્ષમતા થી ઉપયોગ કર્યો છે અને સિદ્ધ કરી બતાવ્યુ છે કે રાજકીય વહીવટમાં પણ મહિલાઓ પુરૂષો જેટલી જ સક્ષમ છે. છતાં આનુ પ્રમાણ ઘણુ ઓછુ છે. ઘણા ગ્રામીણ ક્ષેત્રોમાં મહિલા રાજકરણની વાતને પોતાની આલિપ્ત ગણતી જોવા મળે છે. શિક્ષણનો અભાવ કે પુરતી જાણકારીનો અભાવ તેમાં જોવા મળતો હોય છે. આવા પ્રસ્તુત અધ્યયનમાં ઉત્તરદાતા પોતાની પંચાયત શુ માહિતી ધરાવે છે અથવા આ અંગે કોઈ સાથે ચર્ચા, વિચારણા કરે છે કે નહી તે જાણવાનો પ્રયાસ નીચેના કોષ્ટકમાં કરેલ છે.

## કોષ્ટક નં.૬.૨૪

## રાજકારણ વિશે સૌથી વધુ ચર્ચા કોની સાથે કરો છો

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | કુટુંબના સભ્યો | ૧૮ | ૧૦.૪૭ |
| ૨. | સગા-સંબંધીઓ | ૧૦૧ | ૫૮.૭૨ |
| ૩. | મિત્રો | ૯૧ | ૫૨.૯૦ |
| ૪. | પાડોશીઓ | ૬૩ | ૩૬.૬૩ |
| ૫. | રાજકીય કાર્યકરો | ૫૭ | ૩૩.૧૪ |
| ૬. | અન્ય | ૦૮ | ૪.૬૫ |
| | કુલ | ૧૭૨ | |

★ એકથી વધુ જવાબો મળેલ છે.

અગાઉ કોષ્ટકમાં આપણે જોયુ એ મુજબ ઉત્તરદાતાઓ ચૂંટણી અંગેની ચર્ચાઓ પાડોશી સાથે, મિત્રો સાથે કે રાજકીય કાર્યકરો સાથે કરે છે. એ પણ જ્યારે ગામમાં, તાલુકામાં ચૂંટણીનું વાતાવરણ હોય ત્યારે જ કરે છે બાકી રોજબરોજનાં જીવનમાં તેઓ રાજકારણની વાત કરતાં નથી. હવે આપણે અધ્યયનમાં જ્યારે કોળી પટેલ સમાજની મહિલાઓ પોતાની ઉમેદવારી ચૂંટણીમાં નોંધવાની તક સાંપડે તો કોનો ટેકો લેશે તે અંગે જાણવાનો પ્રયત્ન કરેલ છે. તેની વિગત નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે.

## કોષ્ટક નં.૬.૨૫

## પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારીની તક મળે તો તમે કોનો ટેકો લેશો

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | કોઈ સ્વૈચ્છિક સંસ્થાનો | ૧૬ | ૦૮.૦૦ |
| ૨. | જ્ઞાતિનો | ૧૮૪ | ૯૨.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટક પરથી ફલિત થાય છે કુલ ૨૦૦ ઉત્તરદાતાઓમાંથી ૧૮૪ ઉત્તરદાતાઓ એટલે ૯૨% ઉત્તરદાતાઓ કોઈપણ ચૂંટણી વખતે પોતાની જ્ઞાતિનો ટેકો લેવાનું વધુ પસંદ કરે છે. એ ટેકાને જ અગ્રિમતા આપવાનું વલણ ધરાવે છે. જ્યારે માત્ર ૧૬ ઉત્તરદાતાઓ સ્વૈચ્છિક સંસ્થાનો ટેકો લેવા અંગેનો અભિપ્રાય ધરાવે છે. જેની ટકાવારી જોવા જઈએ તો ૮% જેટલી છે.

આથી ઉપરોક્ત ઉપરથી આપણે તારણ કાઢી નિષ્કર્ષ આપી શકીએ ચૂંટણી જેવા રાજકીય બાબતોમાં જ્ઞાતિજનો પોતાના જ્ઞાતિજનોનો જ ટેકો લેવાનું સવિશેષ પસંદ કરે છે.

ભારતના ઈતિહાસમાં અનેક સ્ત્રીઓનો ઉલ્લેખ તેમની સામાજિક નિસ્બતને લઈને કરાવમાં આવેલો છે. ઋષિ પરંપરાથી શરૂ કરી અર્વાચીન સમય સુધીમાં અનેક સ્ત્રીઓને આજે પણ આપણે યાદ કરીએ છીએ. ભારતની આઝાદી અને ત્યાર પછીના સમયમાં વૈશ્વિક ફલક પર ભારતનું પ્રતિનિધિત્વ કરનાર મહિલાઓ રાજકારણમાં આવી છે અને સફળતાને વરી છે. અત્રે ભારતના એકમાત્ર સ્ત્રી વડાપ્રધાન કોણ બન્યુ હતું. તે વિશેની જાણકારી મેળવી સ્ત્રીઓની રાજકીય જાગૃતિ ચકાસવાના પ્રયત્ન કરતા મળેલ વિગતો અત્રે દર્શાવવી છે.

**કોષ્ટક નં.૬.૨૬**

**આપણા દેશમાં કોઈ સ્ત્રી વડાપ્રધાન થયા હોય તેની જાણકારી**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૧૬૦ | ૮૦.૦૦ |
| ૨. | ના | ૪૦ | ૨૦.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે કુલ ૨૦૦ કુટુંબોમાંથી ૧૬૦ કુટુંબો એટલે કે ૮૦% કુટુંબો જાણે છે કે આપણા દેશમાં કોઈ સ્ત્રી વડાપ્રધાન થયા હતા. જ્યારે ૨૦% કુટુંબોને તેની જાણ નથી. આ પરથી કહી શકાય છે કોળી પટેલ સમાજમાં આજે પણ જાગૃતિ નું પ્રમાણ ઘણુ ઓછુ જોવા મળે છે. જે ૮૦% ઉત્તરદાતાઓ જાણે છે તે દરેકને જાણ છે કે ઈન્દિરા ગાંધી આપણા દેશના સ્ત્રી વડાપ્રધાન હતા.

ઉપસંહાર :

ઉપરોક્ત પ્રકરણમાં બંધારણ અને સ્ત્રીઓનો કાયદાકીય દરજ્જો વિશેની ચર્ચા કરતા કોળી પટેલ સમાજની સ્ત્રીઓમાં લગ્ન જ્ઞાતિ અને રીતરિવાજો મુજબ સ્ત્રીઓના લગ્નજીવન અને પિતૃસત્તાક સમાજમાં સ્ત્રીઓની અવદશામાં કાયદા અને બંધારણની જાગૃતિ અને જાણકારીનો અભાવ આજે પણ જોવા મળે છે.

જેના કારણ સઘન પ્રયત્નો છતાં કોળી પટેલ સમાજની સ્ત્રીઓ આજે પણ પછાત છે.

# પ્રકરણ-૭
# અભ્યાસનાં તારણો અને નિષ્કર્ષો

★ **તારણો અને નિષ્કર્ષો**

- અભ્યાસ વિશ્વનું વસતિ ચિત્ર
- આર્થિક પરિસ્થિતિ અને પરિવર્તન
- રૂઢિઓ અને પરિવર્તન
- સ્વાસ્થ્ય - સાંસ્કૃતિક નિષેધો
- કાયદાકીય અને રાજકીય જાગૃતિ

★ **સમાજ કાર્યકરના દરમ્યાનગીરીનાં ક્ષેત્રો**

પ્રસ્તુત અભ્યાસમાંથી નિષ્પન્ન થતાં તારણો અત્રે દર્શાવી સંશોધક દ્વારા જે ઉત્કલ્પનાઓ બાંધવામાં આવી હતી, તેની કસોટી કરવામાં આવી છે. સમાજકાર્યના સંશોધક હોવાને નાતે અત્રે અભ્યાસ અને ક્ષેત્રકાર્ય પરથી તારવેલ જરૂરી સૂચનો અને કાર્યક્રમો દર્શાવી આ પ્રકરણની પૂર્ણાહુતિ કરી છે.

## ➢ અભ્યાસનાં તારણો અને નિષ્કર્ષો :

### અભ્યાસ વિશ્વનું વસતિ ચિત્ર :

અભ્યાસમાં સમાવિષ્ટ ઉત્તરદાતાઓ ૧૫ કે તેથી વધુ ઉંમર ધરાવતી બહેનો જ છે. અભ્યાસ વિષયને અનુરૂપ સામાજિક - આર્થિક પ્રવૃત્તિઓ સાથે સંલગ્ન મહિલાઓજ વિષયને ન્યાય આપી શકે. માટે ૧૫ કે તેથી વધુ વયની સ્ત્રીઓને પસંદ કરવામાં આવી હતી. વયની રીતે જોઈએ તો સૌથી મોટું જૂથ ૨૬ થી ૩૫ વયનું છે. જે કુલ ઉત્તરદાતાના ૪૬.00% છે જ્યારે બીજા ક્રમે ૩૬ થી ૪૫ નું વયજૂથ ૨૩.૫૦% છે. સૌથી ઓછા ઉત્તરદાતાઓ ૫૬ થી વધારે વય ધરાવનાર વયજૂથના છે. જે ફક્ત ૨% જ છે. આમ પસંદ કરાયેલ લગભગ બધા જ ઉત્તરદાતાઓ પુખ્તવયના છે.

સરેરાશ ઉંમર પરથી સ્પષ્ટ થાય છે કે, મોટાભાગના ઉત્તરદાતા પુખ્તવયના હોઈ સામાજિક, સાંસ્કૃતિક, રાજનૈતિક બાબતોથી પરિચિત છે.

ક્ષેત્રકાર્ય દરમ્યાન અને લાંબા સમયથી આ ભૌગોલિક ક્ષેત્રમાં કામનો અનુભવ હોવાને લીધે ઉત્તરદાતાઓના શૈક્ષણિક સ્તર વિશે કહી શકાય કે, જે ઉત્તરદાતાઓ કુલ કુટુંબમાંના સભ્યોમાં સ્ત્રી સાક્ષરતાનું પ્રમાણ ૯.૭૪% છે. લખી વાંચી શકતા હતા. તેવા ઘણા ઉત્તરદાતાઓ, મહાવરાના અભાવે આજે લખવા વાંચવા પણ સક્ષમ નથી. ટકાવારીની દૃષ્ટિએ જોઈએ તો ૨૦% ઉત્તરદાતાઓ સાક્ષર છે. જ્યારે અનુક્રમે ૮.૫૦% અને ૧.૫૦% ઉત્તરદાતાઓએ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ લીધેલું છે. બાકીના ૭૦% ઉત્તરદાતાઓ નિરક્ષર છે. કુટુંબના સભ્યોમાં શિક્ષણનું પ્રમાણ જોઈએ તો ૪૨.૮૦% છે. જેમાં કુલ ૧૪૮ કુટુંબો પોતાનાં બાળકોને છ વર્ષની ઉંમરે શાળાએ અભ્યાસ માટે મોકલે છે. સરકાર તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓના સ્ત્રીશિક્ષણના પ્રયાસોના લીધે ૧૧૬ ઉત્તરદાતાઓએ જણાવ્યું કે પોતાની છોકરીઓને ભણવાથી તેનો વિકાસ થાય, જાગૃતિ આવે, લગ્ન કરવામાં કે પાત્રની પસંદગીમાં મુશ્કેલી ન પડે, એવાં કારણોસર ભણાવે છે. ભણાવવાના ફાયદાઓમાં સામાજિક દરજ્જામાં વધારો તેમજ અન્યાય સામે લડવાની શક્તિ વધે છે.

રાજ્યના સૌથી મોટા શહેરની નજીકના તાલુકાઓમાં આ સ્થિતિને સમાજની રૂઢિચુસ્તતા અને શિક્ષણ તરફની ઉદાસીનતા સ્પષ્ટપણે રજૂ કરે છે.

આમ, સમગ્ર ઉત્તરદાતાઓમાં શિક્ષિતોનું પ્રમાણ જૂજ છે, મોટાભાગના ઉત્તરદાતાઓ પ્રાથમિક સુધી જ શિક્ષણ મેળવેલું છે. સાણંદ તાલુકાનું સ્ત્રીશિક્ષણ પ્રમાણ ૪૫.૯૮%(૨૦૦૧ સેન્સસ) છે, તેના પ્રમાણમાં પણ ખૂબ જ ઓછું શિક્ષણનું પ્રમાણ જોવા મળે છે.

ઉપરોક્ત અંકો સંશોધકની ઉત્કલ્પના કોળી પટેલ સ્ત્રીઓમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ નહીંવત્ છે તેની પુષ્ટી કરે છે.

કોળી પટેલ સમાજમાં સામાન્ય રીતે સ્ત્રીની લગ્ન ઉંમર ૧૫ થી ૧૬ વર્ષની જોવા મળે છે, તેવું ક્ષેત્રકાર્યને આધારે જોવા મળ્યું છે. અહીં પસંદ કરેલ ઉત્તરદાતાઓમાંથી ફક્ત બે જ (૧%) ઉત્તરદાતા અપરિણીત જોવા મળ્યા છે. આમ, સામાજિક રીતરિવાજોથી લગભગ બધા જ ઉત્તરદાતાઓ સારી રીતે પરિચિત હતા તેમ તેમના વૈવાહિક દરજ્જા પરથી કહી શકાય.

**આર્થિક પરિસ્થિતિ અને પરિવર્તન :**

આર્થિક દરજ્જો વ્યક્તિની સામાજિક બાબતોને પણ અસર કરે છે. તેમ પૂર્વ અભ્યાસોથી સાબિત થઈ ચૂક્યું છે. આથી વ્યક્તિની આર્થિક પરિસ્થિતિ સમજવાથી સામાજિક દરજ્જો - ભૂમિકા તેના નિર્ણયની અસરકારકતા અને અન્ય સામાજિક, રાજનૈતિક બાબતો સમજવી સરળ બનશે. માટે ઉત્તરદાતાની આર્થિક પરિસ્થિતિમાં સમજવા માટે તેના આર્થિક દરજ્જાને સમજવાનો પ્રયત્ન કરતાં જણાવ્યું છે કે ૯૧% ઉત્તરદાતાઓ ઘરકામ ઉપરાંત કોઈને કોઈ વ્યવસાયમાં રોકાયેલા છે. પરંતુ અહીંયાં આર્થિક સધ્ધરતા વધારવા કરતાં જીવન ટકાવવાનો સંઘર્ષ વધારે અગત્યનો છે. ઘરની ખેતીમાં મદદ કરવી, કે પોતે જ ખેતી કરતા ૫૩.૩૮% ઉત્તરદાતાઓ છે. જ્યારે ૪૭ ઉત્તરદાતાઓ(૨૫.૮૨%) ખેતમજૂરી સાથે જોડાયેલ છે. આમ, મહત્તમ ઉત્તરદાતાઓ પ્રાથમિક ક્ષેત્ર સાથે જોડાઈ પોતાનું ગુજરાન ચલાવવામાં કુટુંબને ઉપયોગી બને છે. આ ઉપરાંત અલ્પપ્રમાણમાં કુટુંબો ઈંટના ભઠ્ઠામાં, નોકરી, પશુપાલન, ઘરકામ તથા છૂટકમજૂરી જેવા વ્યવસાયો સાથે સંકળાયેલા છે.

ઉત્તરદાતાની આવક એ કુટુંબની પૂરક આવક રૂપે જોવા મળે છે. માસિક આવકનું ચિત્ર જોતાં ૭૮% ઉત્તરદાતાઓ રૂા.૫૦૦ થી ૧૦૦૦ સુધી મેળવતા જોવા મળે છે. જ્યારે ૧૦૦૧ થી વધુ માસિક આવક પ્રાપ્ત કરતા ૨૫ ઉત્તરદાતાઓ(૧૨.૫૦%) છે. આથી કહી શકાય કે ઉત્તરદાતાઓનું કુટુંબને આર્થિક પ્રદાન ઘણું ઓછું છે.

ઉત્તરદાતાના કુટુંબની વાર્ષિક આવકના સ્ત્રોતો મુજબ સ્પષ્ટ દેખાય છે ખેતી દ્વારા સૌથી વધારે આવક એટલે કે ૫૧.૬૬% જેટલી આવક ખેતી દ્વારા મેળવાય છે. જ્યારે સૌથી નાનો આવકનો (૦.૫૭%) સ્ત્રોત તે પશુપાલન છે. તેમજ કુટુંબના વાર્ષિક ખર્ચની વિગત જોતા

૩૮.૪૪% ખોરાક પાછળ, સામાજિક-ધાર્મિક વિધિ વિધાનો પાછળ ૧૩.૮૧% ખર્ચ કરવામાં આવે છે. આથી કહી શકાય કે મૂળભૂત જરૂરી પોતાને બાદ કરતા બિનઉત્પાદક ક્ષેત્રોમાં વધુ ખર્ચ થતો જોવા મળે છે.

ઉત્તરદાતાના નામે કોઈપણ મિલકત હોય તેવા ૭૬ ઉત્તરદાતાઓ છે. જેમાં ખેતીલાયક જમીન, મકાન, બેંક બેલેન્સ અને દાગીનાનો સમાવેશ થાય છે. જ્યારે મોટાભાગના એટલે કે ૧૨૪ ઉત્તરદાતાના નામે કોઈપણ પ્રકારની મિલકત જોવા મળતી નથી. કુટુંબની કમાણી કોની પાસે રહે છે, તે જાણતાં એવી માહિતી પ્રાપ્ત થાય છે કે, મોટાભાગે ૧૨૮ કુટુંબમાં સ્ત્રીની કમાણી પુરૂષો પાસે રહે છે, જ્યારે ૭૨ કુટુંબોમાં સ્ત્રીઓ પાસે કમાણી રહેતી જોવા મળે છે. જે દર્શાવે છે કે પ્રવર્તમાન અર્થવ્યવસ્થા પુરુષપ્રધાન છે. પરંતુ ૯૬ ઉત્તરદાતાઓ કુટુંબની કમાણીમાંથી પોતાની ઈચ્છા મુજબ ખર્ચ કરી શકવાની સ્વતંત્રતા ધરાવતા જોવા મળે છે.

અભ્યાસ હેઠળના કુલ ઉત્તરદાતામાંથી ૧૨૦ ઉત્તરદાતાને તેમનાં કામોની અંદર કુટુંબના પુરુષો બાળકોને સાચવવામાં, રસોઈકામમાં, ઢોર સાચવવા તથા અન્ય કાર્યો કરવામાં મદદરૂપ બને છે. એટલે કે કોળી પટેલ સમાજમાં અન્ય શ્રમિક જ્ઞાતિઓની જેમ સ્ત્રી-પુરૂષો સાથે કામ કરતાં જોવા મળે છે.

**સામાજિક ગતિશીલતા :**

દૈનિક સમાચારોથી અવગત રહેતા ફક્ત ૨૪ ઉત્તરદાતાઓનાં કુટુંબ છે કે જેમને ત્યાં દૈનિક સમાચારપત્ર આવે છે. પરંતુ તેમાંના માત્ર ૩ ઉત્તરદાતા જ તેનું નિયમિત વાંચન કરે છે. જે તેમના કાર્યબોજને તેમજ કૌટુંબિક જવાબદારીથી ઉત્પન્ન થયેલી ઉદાસીનતાને દર્શાવે છે.

મનોરંજનનાં માધ્યમોમાં જોઈએ તો ૬૮ ઉત્તરદાતાઓના ઘરમાં રેડિયો, ૧૨૪ ટી.વી. જેવા આધુનિક મનોરંજનનાં દશ્ય-શ્રાવ્ય ઉપકરણોનો ઉપયોગ થતો જણાય છે. જેમાં મુખ્યત્વે ફિલ્મો - ફિલ્મી ગીતો અને અન્ય મનોરંજક કાર્યક્રમો જ વધારે જોવાય-સંભળાય છે. અભ્યાસ હેઠળનાં ૧૪૪ કુટુંબો સંબંધીઓને મળવા, લગ્નપ્રસંગોમાં જવાના કારણોસર મુખ્યત્વે બહાર જતા જાણવા મળે છે.

ઉત્તરદાતાઓમાંથી મોટાભાગના એટલે કે ૧૨૨ ઉત્તરદાતાઓ ફુરસદનો સમય ટી.વી. જોઈને પસાર કરે છે. અન્ય કારણોમાં પણ કોઈ ઉત્પાદક પ્રવૃત્તિ જોવા નથી મળતી. આધુનિક ઉપકરણોની અસર અહીં ઊંડાણ સુધી પ્રસરેલી જોવા મળે છે. તક મળે તો અન્ય પ્રવૃત્તિ સાથે જોડાણ વિશે પૂછતાં ૭૮ ઉત્તરદાતા પોતાની પસંદગી વાંચન, ટી.વી., રેડિયો સાથે સમય પસાર

કરવાનું દર્શાવ્યું છે. જ્યારે ૨૩% ઉત્તરદાતાઓએ કોઈ જ પસંદગી દર્શાવી નથી. સમૂહ માધ્યમોના વિસ્ફોટના સમયમાં આ પરિસ્થિતિ મેગાસીટીથી ૩૦ થી ૪૦ કિલોમીટરની ત્રિજ્યાના ગ્રામ પ્રદેશની જોવા મળે છે.

સ્ત્રી પ્રશ્નોની અસરકારક રજુઆતના માધ્યમ તરીકે ૧૨૭(૬૩.૫૦%) ઉત્તરદાતાઓએ સંસ્થા અને સામાજિક કાર્યકર્તાને ગણાવ્યા છે, જે સ્વૈચ્છિક સંસ્થાઓ અને સામાજિક કાર્યકર્તાઓની સ્ત્રીઓના પ્રશ્નો સંદર્ભેની પ્રતિબધ્ધતા દર્શાવે છે.

ઘરના સામાજિક કે ધાર્મિક પ્રસંગોમાં ૧૪૪ કુટુંબો ફોટોગ્રાફી કરાવે છે. તેમજ ૭૬ કુટુંબો વિડીયો શુટીંગ કરાવતા જણાયા છે. જે આધુનિકરણ કે અન્ય સમાજોના સંપર્કના કારણે થતું અનુકરણ દર્શાવે છે.

ધાર્મિક વલણોમાં જોઈએ તો ૧૨૦ ઉત્તરદાતાઓ તહેવારોમાં દશામા, ૭૮ ખોડીયારમાતાની પૂજા કરે છે, ૮૮ ઉત્તરદાતાઓનાં ગામોમાં ભુવાઓ છે અને ૧૧૨ ઉત્તરદાતાઓનાં ગામમાં ભૂવા(મંત્ર-તંત્ર કરનાર)
ન હોવાથી જે ગામમાં ભૂવાઓ હોય છે ત્યાં જઈ તેમની શારીરિક-આર્થિક તેમજ સામાજિક વિટંબણાઓનાં સમાધાનના પ્રયત્નો કરે છે. ભૂતપ્રેતની માન્યતામાં પણ હજુ પરિવર્તન આવેલ જોવા નથી મળતું. ૧૩૬ જેટલા ઉત્તરદાતાઓ પરંપરાને(અંધશ્રધ્ધા) અનુસરી જુદાં જુદાં પરંપરાગત વિધિ વિધાનો કરાવે છે.

સામાજિક, ધાર્મિક પ્રસંગો અને બીમારીના સમયે શારીરિક સ્વાસ્થ્ય તેમજ શાંતિ મેળવવાના હેતુથી બલી ચઢવાતા કે અન્ય ભોગ ધરાવતા જોવા મળે છે. ૨૧મી સદીમાં જઈ રહેલા દેશની આ વાસ્તવિકતા છે કે શારીરિક સુખાકારી માટે પણ આજે અભૌતિક શક્તિઓ પરનો વિશ્વાસ અખંડ છે.

લગ્નવિષયક રિવાજો જોઈએ તો છોકરા-છોકરીઓ માટે પાત્રની પસંદગી ઘરના વડીલો દ્વારા થતી હોય તેવું ૯૪% ઉત્તરદાતા જણાવે છે. પરંતુ કોઈ એક જ સ્ત્રોત દ્વારા પાત્ર પસંદગીનું કાર્ય થતું નથી, જે માટે અન્ય સગાંવહાલાં અને અગ્રણીઓ પણ ભાગ ભજવતાં જોવા મળે છે. છોકરા-છોકરીઓ દ્વારા જાતે જ પાત્રની પસંદગી કરવામાં આવે છે, તેવું એક પણ ઉત્તરદાતાએ જણાવ્યું નથી. જે સમાજની રૂઢિચુસ્તતા રજૂ કરે છે. છોકરા-છોકરીના પસંદગીનાં ધોરણોમાં છોકરાના સંબંધમાં જોઈએ તો બધા જ ઉત્તરદાતાઓ આર્થિક સધ્ધરતા અને ભણતરને મહત્ત્વનું ગણે છે. જ્યારે છોકરીની પસંદગીમાં દેખાવ અને ઘરનાં કામકાજની જાણકારીને અગત્યતા આપવામાં આવે છે.

કોળી પટેલ જ્ઞાતિઓમાં વર-કન્યા વચ્ચેની ઉંમરનો તફાવત બહુ મોટો રાખવામાં આવતો નથી. તેવું મોટાભાગના ઉત્તરદાતા જણાવે છે. દીકરા-દીકરીનાં લગ્ન સમયે અમુક નક્કી કરેલ સોનું-ચાંદી આપવું પડે છે તેવું ૧૨૨(૬૧%) ઉત્તરદાતાઓ જણાવે છે.

આ ઉપરાંત દીકરા-દીકરીને વસ્ત્રો તેમજ દીકરા-દીકરીના મોસાળ પક્ષ કે સાસરિયા પક્ષમાં પહેરામણી કરવાનો રિવાજ પણ જોવા મળે છે. આ ઉપરાંત લગ્ન બાદ આણાનો રિવાજ છે તેવું બહુમતી ઉત્તરદાતા(૬૬%) જણાવે છે. આ સામાજિક રિવાજો સમાજને દેવામાં ઘસડી જતા દેખાય છે. ક્ષેત્રકાર્યના આધારે સંશોધનકર્તાએ આ સમાજમાં વારંવાર દહેજ સંબંધના પ્રશ્નો ઊભા થતા જોયા છે. આધુનિક સમયની અસરના કારણે દેખાદેખી અને સામાજિક મોભો ઊંચો બતાવવા માટે પણ લગ્નની અંદર મોટા ખર્ચાઓ થતા જોવા મળે છે.

જ્ઞાતિ બહાર છોકરીઓ સરળતાથી લગ્ન કરી શકતી નથી, તેવું લગભગ બધા જ (૯૪%) ઉત્તરદાતાઓ જણાવે છે. જે જ્ઞાતિનું વર્ચસ્વ અને સ્ત્રીની પરાધીનતા દર્શાવે છે. પરંતું કોળી પટેલ જ્ઞાતિમાં સ્ત્રીઓ છૂટાછેડા મેળવવા માટે પહેલ કરે તો તેને સમાજ માન્ય રાખે છે, તેવું ૭૪% ઉત્તરદાતાઓનું મંતવ્ય છે. આ ઉપરાંત કન્યા વિક્રયની પ્રથા હોવાથી સ્ત્રીઓને પુનઃલગ્નની છૂટ છે, અને તેમાં જ્ઞાતિનો હસ્તક્ષેપ હોતો નથી, તેવું ૨/૩ કરતાં વધારે ઉત્તરદાતાઓનું મંતવ્ય છે. છૂટાછેડાનાં કારણોમાં જોઈએ તો ઉત્તરદાતાઓના મતે પત્ની ગમતી નથી(૪૪.૫૦%), ચારિત્ર પર શંકા છે(૪૦.૫૦%), આર્થિક કારણોને લઈને તેમજ જાતિય કારણો જેવા બહુવિધ કારણોથી છૂટાછેડા અપાય છે. છૂટાછેડા આપવાની સત્તા જુદાં-જુદાં સામાજિક સંગઠનો પાસે છે તેમ બધા જ ઉત્તરદાતાઓ સ્વીકારે છે અને એક કરતાં વધારે રીતે છૂટાછેડા મેળવી શકાય તેમ જણાવે છે. ૧૪૯(૭૪.૫૦%) જ્ઞાતિપંચ, ૧૨૭(૬૩.૫૦%) કુટુંબના વડીલો મારફતે છૂટાછેડા થઈ શકે છે તેમ જણાય છે. જ્યારે અનુક્રમે ૧૮ અને ૩ ઉત્તરદાતાઓ કોર્ટ દ્વારા કે સામાજિક સંસ્થા દ્વારા છૂટાછેડાઓ અપાય છે તેવું જણાવે છે. આ સમસ્યાઓના ઉકેલ માટે જેમ જ્ઞાતિપંચનું વર્ચસ્વ જોવા મળે છે. તેજ રીતે કૌટુંબિક ઝઘડાઓ અને અન્ય કૌટુંબિક સમસ્યાઓના હલમાં પણ નાત પંચની ભૂમિકા ઘણી મહત્ત્વની રહે છે. આ સાથે સાથે કૌટુંબિક અને સમાજના વડીલો પણ ભૂમિકા ભજવતા જોવા મળે છે. સમગ્ર ચિત્ર એવું ઉપસે છે કે હજુ પોલીસ, કોર્ટ જેવી વૈદ્યાનિક સંસ્થાઓ કરતા પરંપરાગત સંસ્થાઓ વધુ વર્ચસ્વ ધરાવે છે.

વિધવાઓની સામાજિક-ધાર્મિક પ્રસંગોની હાજરીને હજુ સુધી આ સમાજ અશુભ માને છે તેમ ૨/૩ ઉત્તરદાતાઓ માને છે. જે સ્ત્રીઓનું પરંપરાગત સ્થાન નીચું છે તેમ જણાવે છે. ત્યારે ૩૦% જેટલા ઉત્તરદાતાઓના મતે વિધવાઓની હાજરીનો કોઈ વાંધો નથી. અન્ય વ્યક્તિ જેમજ તેમનું સ્થાન છે તેમ જણાવે છે, જે સામાજિક વિધારોમાં આવેલ પરિવર્તનને દર્શાવે છે.

લગ્ન માટે પાત્ર પસંદગી(પુરૂષ પસંદગી)ના બદલાતા ધોરણો આ સમાજમાં દેખાય છે. જેમકે કૌટુંબિક સધ્ધરતાને બધાજ ઉત્તરદાતાઓ(૯૯.૫%) અગત્યતા આપે છે. તેવી જ રીતે દેખાવને પણ અગત્યતા અપાય છે. પરંતુ શિક્ષણને પણ (૫૧.૫૦%) ઉત્તરદાતાઓ મહત્ત્વ આપે છે. જે આ સમાજમાં વિકસતા જતાં નવા મૂલ્યોનું દર્શન કરાવે છે. આ જ રીતે કન્યા પસંદગીના ધોરણોમાં પણ પરિવર્તન આવી રહ્યું છે. પરંતુ હજુ આ ધોરણોમાં રૂઢિચુસ્તતા વધારે દેખાય છે.

ભારતીય જ્ઞાતિ વ્યવસ્થામાં લગ્ન માટેના જ્ઞાતિ દ્વારા નક્કી કરવામાં આવેલા ગોળ(સંબંધ વર્તુળ) બહાર લગ્ન કરતા લોકોએ કૌટુંબિક અને જ્ઞાતિના બહિષ્કારનો સામનો કરવો પડે છે તેમ અનુક્રમે ૮૮.૫૦% અને ૬૯.૫૦% ઉત્તરદાતાઓ જણાવે છે.

જ્ઞાતિપંચનું વર્ચસ્વ તે ગ્રામીણ સમુદાયનું એક આગવું લક્ષણ છે. શહેરીકરણના કારણે સામાજિક બંધનો શહેરીજનોમાં ગ્રામીણ પ્રદેશ કરતા ઓછા પ્રભાવી જોવા મળે છે તેવું પૂર્વ અભ્યાસોથી સાબિત થઈ ચૂક્યું છે. આ જ્ઞાતિપંચના કાર્યો વિશેની ઉત્તરદાતાઓની સમજ જોઈએ તો, જ્ઞાતિપંચ કૌટુંબિક પ્રશ્નોને હલ કરવાનું કામ કરે છે તેવું ૨/૩ ઉત્તરદાતાઓ જણાવે છે. જ્યારે બંધારણ ઘડતરને તેને પળાવવાનું કામ જ્ઞાતિનું છે તેમ ૫૯% ઉત્તરદાતાઓ જણાવે છે અને સામાજિક કુરિવાજો બંધ કરાવવા અને જ્ઞાતિના વિકાસના કામોને જ્ઞાતિના કાર્યો જણાવતા અનુક્રમે ૬૦.૫૦% અને ૫૯.૫૦% ઉત્તરદાતાઓ છે.

કોળીપટેલ જ્ઞાતિમાં કન્યા વિક્રયની પ્રથા છે જેને લગભગ બધાજ(૯૮%) ઉત્તરદાતા ખોટી પ્રથા ગણે છે. આ બાબત વિચારવા જેવી છે. સામુહિક રીતે આ પ્રથાનો વિરોધ થતો નથી. તે પણ નગ્ન સત્ય છે તેમ ક્ષેત્રીય અનુભવ પરથી સંશોધનકર્તાનું તારણ છે. કુટુંબના પ્રાથમિક કાર્યોમાં ઉત્તરદાતા આ એક કરતા વધુ કામો કુટુંબના ગણાવે છે. જેમકે સમાજના આર્થિક-સામાજિક કાર્યોની પૂર્તિ માટે (૯૮%), પ્રજોત્ત્પતિ અને જાતિય આનંદ માટે (૫૨.૫%) અને કુટુંબના પારિવારિક આનંદ(૧૩.૫૦%) માટે કુટુંબ જરૂરી છે તેમ જણાવ્યું હતું.

કૌટુંબિક કલેશના ઉકેલ માટે જ્ઞાતિપંચ(૭૫%) અને કુટુંબના સભ્યો(૭૨.૫૦%) જ મદદરૂપ બને છે તેવું જાણવા મળે છે. જે કુટુંબ અને જ્ઞાતિ જે સમાજની પાયાની સંસ્થાઓનું આજે પણ મહત્ત્વ ટકી રહ્યું છે તેમ દેખાડે છે. પરંતુ પ્રશ્નનો ઉકેલ ન મળે તો ૫૯% ઉત્તરદાતાઓના મતે કાનૂની સંસ્થાઓ પોલીસ, કોર્ટની મદદને પણ હવે આવકારવામાં આવે છે.

ઉપરોક્ત સમગ્ર વિગતો પરથી કોળીપટેલ સમાજ વિકાસના સંક્રાતિ કાળમાંથી પસાર થઈ રહ્યો છે તેમ જણાય છે. પરંપરાગત સંસ્થાઓ, ગોળ-જ્ઞાતિ, જ્ઞાતિપંચ વિષે આજે પણ સમાજમાં આદરભાવ ટકી રહ્યો છે. પરંતુ ઉત્તરદાતાઓની પોતાની સમજ મુજબ પણ તેઓ વ્યક્તિગત

નિર્ણયોમાં અન્યનો હસ્તક્ષેપ જલ્દી સ્વીકારતા નથી તેમ પણ જણાયું છે. ધીમે ધીમે વ્યક્તિગત ધોરણે સ્ત્રીઓ પોતાનો મત પ્રદર્શિત કરતી થઈ છે, જે તેઓના રૂઢિચુસ્ત પરંપરાગત સમાજમાં બદલાવની એક નિશાની છે.

**સંગઠન :**

પ્રસ્તુત અભ્યાસના કુલ ઉત્તરદાતાના ૫૬ ઉત્તરદાતાઓ કોઈને કોઈ પ્રકારનાં સંગઠન સાથે જોડાયેલ છે. જેમાંના ૪૨ ઉત્તરદાતાઓ શિક્ષિત છે. જ્યારે ૧૪૪ ઉત્તરદાતાઓ કોઈપણ સંગઠન સાથે જોડાયેલા નથી. વયજૂથ પ્રમાણે જોઈએ તો મોટાભાગના(૫૦ ઉત્તરદાતા) ૧૫ થી ૩૫ વયજૂથના છે.

**સ્વાસ્થ્ય - સાંસ્કૃતિક નિષેધો અને પરિવર્તન :**

ઉત્તરદાતામાંથી મોટાભાગના એટલે કે ૧૭૨ ઉત્તરદાતાઓએ હજુ નિષેધોનું પાલન કરવું પડે છે. તેમાં તેઓ માસિકધર્મમાં હોય ત્યારે તેમને સામાજિક, ધાર્મિક વિધિ વિધાનોમાં ભાગ ન લેવો - કાપણી-રોપણી જેવા ખેતી કામોમાં ન જોડાવું તેવા નિષેધો પાળવા પડે છે.
આ નિષેધોને યોગ્ય ન માનતા ઉત્તરદાતાની સંખ્યા ૧૩૫ છે. જેઓ નિષેધ અયોગ્ય હોવાના કારણરૂપે શારીરિક રચનાનો ભાગ છે તેમજ અલિપ્તતા યોગ્ય લાગતી નથી તે કારણો દર્શાવે છે.

હિંદુધર્મમાં સામાન્ય રીતે ગર્ભવતી સ્ત્રીઓને થતા સંસ્કારો જેવા કે શ્રીમંત વિધિ, માતાજીના માંડવા(પૂજા) કરવામાં આવે છે. આ સંસ્કારો ન થાય તો તેની આડઅસરોરૂપે કુટુંબ પર વિપત્તિ આવે તેમજ ગર્ભવતીસ્ત્રીઓને પ્રસૂતિમાં મુશ્કેલી ઊભી થાય તેવું બધાજ ઉત્તરદાતાઓ માને છે અને તે પાળતા જણાય છે. આધુનિક સ્વાસ્થ્ય સેવાઓનો પ્રચાર પ્રસાર પછી પણ સમાજમાં આપી શ્રધ્ધા(અંધશ્રધ્ધા)ની અસર અહીં દેખાય છે.

ગર્ભવતીસ્ત્રીઓના ખોરાક સંબંધે જાણકારી મેળવતા ૯૨% ઉત્તરદાતાઓ ગર્ભવતીઓને વધારે પોષણયુક્ત ખોરાક આપવો જોઈએ તેમ દર્શાવે છે. ગર્ભાવસ્થા દરમ્યાન સ્થાનિક સરકારી નર્સ કે ખાનગી દવાખાનામાં જઈ ૧૮૦ ઉત્તરદાતાના કુટુંબમાં ગર્ભવતી સ્ત્રીઓની જરૂરી તપાસ-સારવાર કરાવવામાં આવે છે. જે આધુનિક આરોગ્ય સુવિધાના પ્રચાર-પ્રસારની અસર રૂપે દેખાય છે. સામાન્ય રીતે સ્ત્રીઓની પ્રસૂતિ ઘરમાં થતી જોવા મળે છે. ગંભીર જરૂરિયાત હોય તોજ દવાખાનામાં કરાવાય છે. તદ્‌ઉપરાંત પ્રસૂતિ વખતે દાયણ ડૉક્ટર અને કુટુંબના સ્ત્રીસભ્ય પાસે પ્રસૂતિ કરાવવામાં આવે છે. પ્રસૂતિ બાદ ૧૭૨ ઉત્તરદાતાઓના મતે સવા મહિના સુધી પ્રસૂતાને સૂતક પાળવાનું હોય છે જે પ્રસૂતાને આરામ આપવાના કારણસર સાંસ્કૃતિક રૂપે સ્વીકારાયેલું જોવા મળે છે. તેમજ બાળકના જન્મ પછી નામકરણ વિધિ પણ બધાજ કુટુંબોમાં થાય છે.

૧. ગર્ભાવસ્થા દરમ્યાન સ્થાનિક સરકારી નર્સ કે ખાનગી દવાખાનામાં જઈ ૧૮૦ ઉત્તરદાતાના કુટુંબમાં ગર્ભવતી સ્ત્રીઓની જરૂરી તપાસ-સારવાર કરાવવામાં આવે છે જે આધુનિક આરોગ્ય સુવિધાના પ્રચાર પ્રસારની અસરરૂપે દેખાય છે.

અન્ય હિંદુ સમાજોની જેમ કોળી સમાજમાં પણ પુત્રજન્મનું વિશેષ મહત્ત્વ હોવાને લીધે પુત્રજન્મ થાય તો ૭૨% ઉત્તરદાતાઓનાં કુટુંબોમાં પેંડા વહેંચવામાં આવે છે. જ્યારે પુત્રીજન્મમાં ૧૧૨ કુટુંબો જલેબી વહેંચે છે. જે સમાજના લિંગભેદના ખ્યાલને સ્પષ્ટપણે રજૂ કરે છે.

લગ્નવય વિષયક કાયદાઓથી પ્રસ્થાપિત લગ્નવય પુરૂષની ૨૧ અને સ્ત્રીની ૧૮ નક્કી કરવામાં આવેલ છે. પરંતુ સામાન્ય હિંદુ સમાજની જેમ પુરૂષ સ્ત્રી કરતા મોટો હોવો જોઈએ તેમ બધાજ ઉત્તરદાતાઓ માને છે, પરંતુ ૮૯% ઉત્તરદાતાઓ આ ભેદ ૨ વર્ષ જેટલો જ હોવો જોઈએ તેમ જણાવે છે, જે પતિ-પત્નીની એકમેકને સમજવા માટેની પરિપક્વતા હોવી જોઈએ તે બાબતનો સ્વીકાર હવે થતો જાય છે તેમ દર્શાવે છે.

**કાયદાકીય અને રાજકીય જાગૃતિ :**

લગ્ન સમયે છોકરા કે છોકરીના પક્ષ દ્વારા આપવા કે લેવામાં આવતાં નાણાં પર કાયદાકીય બાધ મૂકવામાં આવેલ છે. કોળીપટેલ સમાજમાં આ પ્રકારની નાણાંકીય લેવડદેવડ કરી શકાય તેવું ૭૮%(૧૫૮) ઉત્તરદાતાઓ માને છે. પરંતુ નાણાંકીય લેવડદેવડ તે કાયદાકીય ભંગ છે. તેમ ઉપરોક્ત ૭૮% ના ૭૧.૭૫% ઉત્તરદાતાઓને ખબર છે. જે તેઓની વિસ્તરતી જતી કાયદાકીય સમજનું પ્રમાણ છે. આ માટેની કાયદાકીય જોગવાઈથી ૭૩% ઉત્તરદાતાઓ પરિચિત છે. જે પોલીસ સ્ટેશનમાં જઈ દહેજ વિરૂધ્ધ ફરિયાદ કરી શકાય તેમ જણાવે છે. કોર્ટમાં દહેજ લેનારને સજા મળી શકે તેવું ૧૦ ઉત્તરદાતાઓનું મંતવ્ય છે. જ્યારે ૧૦૬ ઉત્તરદાતાઓ પોલીસ કામગીરી અને કોર્ટની કામગીરી વચ્ચેનો ભેદ હજી સુધી સમજી શકયા નથી.

ભારતીય બંધારણે ઘડેલા કાયદા મુજબ નક્કી કરેલ લગ્નવય મર્યાદા અંગે બધા જ ઉત્તરદાતાઓ માહિતગાર છે. પરંતુ આ લગ્નવય મુજબ તેઓની જ્ઞાતિમાં લગ્ન થતાં નથી. તેમ ૬૬% ઉત્તરદાતાઓ જણાવે છે. કુલ ઉત્તરદાતાના ૬૮% ઉત્તરદાતાઓ આ કાર્ય, એ ગુનાહિત કાર્ય છે તેમ જાણે છે. પરંતુ તેમાંના ફક્ત ૪૭(૩૪.૫૬%) ઉત્તરદાતાઓ જ આ ગુનો કોને લાગુ પડે તેમ જાણે છે અને તેઓની જાણકારી છે કે આ ગુનો પરણનારના મા-બાપને લાગી શકે, તે સંપૂર્ણપણે સાચી છે. આમ બાળલગ્નને ગુના થાય છે, તે સજાપાત્ર છે તેવી સભાનતા ધરાવતા ઉત્તરદાતાઓની સંખ્યા ઘણી ઓછી છે. જે કાયદાના અમલીકરણની ઢીલાશના પરિણામે છે, તે જે અભ્યાસ અને ક્ષેત્રીય અનુભવથી જાણવા મળેલ છે.

તદ્‌ઉપરાંત સમાજની રૂઢિગતગત માન્યતાઓની પક્કડ પણ જોવા મળે છે. લગ્નવય નક્કી કરતા ધારાને પણ અહીં અવગણતો જોવા મળે છે. જે રૂઢીચુસ્ત ગ્રામીણ સમાજની માનસિકતા પ્રદર્શિત કરે છે. કાયદાની રચના અને સ્વીકૃતિ તે બંને તદ્દન ભિન્ન બાબતો છે તેમ ફળીભૂત થાય છે.

પોલીસ સ્ટેશન એ એક એવું સરકારી માળખુ છે. જેનાથી બધી જ વ્યક્તિઓ દૂર રહેવા ઈચ્છતી હોય છે. સામાન્ય રીતે પોલીસ ખાતાથી દૂર રહેવું જોઈએ. તેવો કોળીપટેલ સમાજનો અભિગમ જોવા મળે છે, તાલુકાના પોલીસ સ્ટેશનની મુલાકાત કેટલા ઉત્તરદાતાએ લીધી છે? એ જાણવાનો સંશોધનકર્તાએ પ્રયત્ન કર્યો. તેમાંથી જાણવા મળ્યું છે કે, મુખ્યત્વે ગામના અને કૌટુંબિક ઝઘડાઓને કારણે, અનુક્રમે ૩૮ અને ૨૭ ઉત્તરદાતાઓએ પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી છે. ૧૩ ઉત્તરદાતાઓએ અપરાધી તરીકે પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી છે.

આ સમગ્ર બાબતો પરથી પોલીસ તંત્રની કાર્યવાહી અને પોલીસ સ્ટેશન સાથે પરિચય ઉત્તરદાતાઓને નથી છતાં એક રૂઢીચુસ્ત સમાજમાં રહેતી સ્ત્રીઓ માટે ૪૦%(૮૦) ઉત્તરદાતાઓ પોલીસ સ્ટેશન ગયા છે. જે ધ્યાનાકર્ષક વાત છે.

કોર્ટની કામગીરી વિષે ઉત્તરદાતાની સમજણ જોઈએ, તો ૬૩.૫૦% ઉત્તરદાતાઓના મતે ઝઘડાઓનું નિવારણ અને ગુનેગારને સજા, તે કોર્ટની મુખ્ય કામગીરી છે. સમાજમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા કે નવા કાયદાઓના ઘડતર માટે કોર્ટ છે. તેવી સમજ અનુક્રમે ૧% અને ૦.૫% ઉત્તરદાતાઓમાં જ છે. ૧૬ જેટલા એટલે કે ૮% ઉત્તરદાતાઓએ ‘કોર્ટની કામગીરીથી તેઓ વાકેફ નથી’ તેમ જણાવ્યું છે.

ઉપરોક્ત બાબતથી જણાય છે કે ઝઘડાનું નિવારણ અને ગુનેગારની સજા આ જ કામ કોર્ટનું છે. આ સિવાય કોર્ટની કોઈ કામગીરી હોતી નથી, તેવી ઉત્તરદાતાઓની ઓછી સમજણ જોવા મળે છે.

પતિ-પત્ની વચ્ચેના સંબંધોને પૂરા કરવા માટે, સમાજ દ્વારા પંચને અધિકાર આપવામાં આવે છે કે, પંચ પોતાના વિવેકના આધારે, કોઈ કૌટુંબિક વિવાદ, છૂટાછેડા સુધી પહોંચે ત્યારે સ્ત્રી-પુરુષના પતિ-પત્ની તરીકેના કૌટુંબિક જીવનને પૂરું કરીને બન્નેને છૂટા પાડી શકે છે. આ પ્રક્રિયા કોર્ટ દ્વારા પણ થઈ શકે, તેવી જાણકારી ૨/૩ થી વધારે (૭૬%) ઉત્તરદાતાને છે, તેમ જાણવા મળ્યું છે. સામાજિક પંચોની અસરો જેમ જેમ ઓછી થતી જાય છે, તેમ તેમ વૈધાનિક સંસ્થાઓની જાણકારી અને પ્રભાવ વધી રહ્યો છે. તેમ આ બાબત પરથી સ્પષ્ટ થાય છે. છૂટાછેડા બાદ સ્ત્રીને ભરણપોષણ માટે પતિ તરફથી ખાધા-ખોરાકી મળી શકે; તેવું ૯૪% સ્ત્રીઓ જાણે છે, તેનો મતલબ કે છૂટાછેડા

અપાવનાર સંસ્થા વૈદ્યાનિક હોય કે સામાજિક, સ્ત્રીઓને ખાધા-ખોરાકી મળી શકે છે, તેવી જાણકારી બહેનોની જાગૃતિનાં દર્શન કરાવે છે.

કોર્ટની અંદર ચાલતાં કાનૂની સહાયકેન્દ્ર વિશે ફક્ત ૧૨ બહેનો જ જાણે છે, અન્ય ઉત્તરદાતાઓ આવા પ્રકારની સહાયની જાણકારીથી વંચિત છે. જ્યારે આ સહાય કોને મળી શકે; તે વિષયક જાણકારીમાં સ્ત્રીઓ અને બાળકોને મફત કાનૂની સહાય મળી શકે છે, તેવું કાનૂની સહાય કેન્દ્રોની જાણકારી ધરાવતા ઉત્તરદાતા(૧૨ ઉત્તરદાતા) જણાવે છે.

કાયદા વિરૂધ્ધનું કૃત્ય કરતાં, મહિલાઓની ધરપકડ પુરુષ કર્મચારી દ્વારા થઈ શકે નહીં, તેની જાણકારી મેળવતાં ૩૦% મહિલાઓ પાસેથી સાચો ઉત્તર મળ્યો હતો કે પુરુષ પોલીસ કર્મચારી દ્વારા મહિલાઓની ધરપકડ ન થઈ શકે. આમ સ્ત્રીઓને આપવામાં આવેલ વૈધાનિક સવલતોથી અજાણ તેઓ ઉત્તરદાતાનો મોટો વર્ગ જોવા મળ્યો હતો.

લગ્ન જેવા સામાજિક રિવાજ સંદર્ભે, જ્ઞાતિપંચ વિરૂધ્ધ જઈ કોઈ સ્ત્રી કે પુરુષ પુખ્ત ઉંમરે લગ્ન કરવા ઈચ્છે, તો તેઓને કોર્ટનો આશરો મળી શકે, તેવી જાણકારી ૨/૩ ઉત્તરદાતાઓએ આપી હતી. આમ સાંપ્રત સમાજમાં વધતી જતી વૈદ્યાનિક સંસ્થાઓની અસર કોળી સમાજ પર થઈ રહી છે, તેમ જણાય છે.

પરિણીત સ્ત્રીને પતિના મૃત્યુ બાદ તેની મિલ્કતના વારસાઈ હક્ક મળી શકે કે નહી તેમજ પિતાની મિલ્કતમાં પરિણીત સ્ત્રીનો હક્ક રહે છે કે નહિ તે વિષે ૫૦% મહિલાઓના મતે ઉપરોક્ત પરિસ્થિતિઓમાં મહિલાઓનો પિતા અને પતિની મિલ્કતમાં હક્ક હોય છે, તેમ જાણવા મળ્યું.

ઉપરોક્ત હકીકત સમાજમાં આર્થિક બાબતોનું વધતું મહત્ત્વ અને કાયદાકીય જાગૃતિનો સીધો સંબંધ છે, તેવું પ્રસ્થાપિત કરે છે.

પરિણીત સ્ત્રીને, કાયદા દ્વારા, તેની ઈચ્છા મુજબ ગર્ભધારણનો હક્ક આપવામાં આવેલ છે. આ હક્ક વિષે કુલ ઉત્તરદાતામાંથી ૩૦% ઉત્તરદાતાઓ ગર્ભધારણના કાયદા અંગેની જાણકારી ધરાવે છે. જ્યારે ૭૦% ઉત્તરદાતાઓ આ પ્રકારના હક્કથી પરિચિત નથી. ગર્ભપાત અંગે પરિણીત સ્ત્રીને સાસરીપક્ષ તરફથી દાબદબાણ કરી શકાય કે નહીં તે વિષે ૬૨.૫૦% ઉત્તરદાતાઓના મતે સાસરિયાંઓ દાબદબાણ કરી શકે છે, તેમ જણાવવામાં આવ્યું. જ્યારે ૩૭.૫૦% ઉત્તરદાતાઓના મંતવ્ય મુજબ સાસરીપક્ષ તરફથી આ પ્રકારનું દાબદબાણ ન થઈ શકે તેમ જણાવાયું. સંશોધનકર્તાના અનુભવ મુજબ ગર્ભપાતની બાબતમાં મહિલાઓ સ્વતંત્ર નિર્ણય લઈ શકવા સક્ષમ હોતી નથી. કાયદાકીય જોગવાઈઓ કરતાં સામાજિક બંધનો, માન્યતાઓ અને વલણથી દબાયેલી જોવા મળે છે.

પરિણીત સ્ત્રીની મરજી વિરૂધ્ધ, તેના પતિ દ્વારા જાતિય સંબંધ બાંધવા માટે દબાણ કરવામાં આવે તો તે ગુનો બને છે. તેવું ફક્ત ૩૭% ઉત્તરદાતાઓએ જણાવ્યું છે. જ્યારે ૬૩% ઉત્તરદાતાઓ જાતિય સંબંધ પતિ ઈચ્છે ત્યારે તે બાંધી શકે, તેવો તેનો હક્ક છે એવું માને છે. સામાન્ય હિંદુ સ્ત્રીઓની ''પતિ પરમેશ્વર''ની અર્પિત ભાવના ઘણી બળવત્તર હોય છે, તેવું સ્પષ્ટ જણાય છે.

પંચાયતોમાં સ્ત્રીઓની ભાગીદારી પુરુષોની તુલનામાં ઓછી છે. તેનાં કારણોરુપે ઉત્તરદાતાઓ મુખ્યત્વે (૬૮.૫૦%) ઘરની જવાબદારીને ગણાવે છે જ્યારે મહિલાઓ પોતે જ રાજકારણમાં ભાગ લેવા નથી ઈચ્છતી, તેવો ૬૯% ઉત્તરદાતાઓનો મત છે. આ ઉપરાંત તેઓની અસમાન સ્થિતિ અને સમાજવ્યવસ્થાને ૫૫% ઉત્તરદાતાઓ ઉપરોક્ત પરિસ્થિતિને કારણભૂત ગણે છે. પુરુષપ્રધાન સમાજવ્યવસ્થામાં સ્ત્રીઓના ઉછેરમાં જ તેઓ વહીવટી ક્ષમતા ધરાવતી નથી, એવી માન્યતા આજે ૨૧મી સદીમાં પણ ગ્રામીણ સમાજમાં આપવામાં આવે છે. પંચાયતની ચૂંટણીમાં ભાગ લીધો હોય તેવા કુલ ૨૪% ઉત્તરદાતાઓ છે. જ્યારે ૭૬% ઉત્તરદાતાઓએ પંચાયતની ચૂંટણીમાં સક્રિય ભાગ લીધો નથી. ૨૪% ઉત્તરદાતાઓએ પંચાયતની ચૂંટણીમાં સક્રિય ભાગ લીધો છે. તેમાંના ૨૨.૯૨% એટલે કે ૧૧ ઉત્તરદાતાઓએ અન્યોનાં દબાણને કારણે પંચાયતની ચૂંટણીમાં ભાગ લીધો છે. ફક્ત ૭ ઉત્તરદાતાઓએ જ પંચાયતમાં હોદ્દેદાર તરીકે ઉમેદવારી કરી હોય તેવા છે. આ સમગ્ર ચિત્ર ઉત્તરદાતાઓની પંચાયત તરફની ઉદાસીનતાનાં દર્શન કરાવે છે. ક્ષેત્રીય અનુભવ પરથી સંશોધનકર્તાએ અનુભવ્યું છે કે, મહિલા અનામતના કારણે ઈચ્છતા ન હોવા છતાં પુરુષોએ સ્ત્રીઓને મુખવટા તરીકે પણ સત્તા પર રાખવી પડે છે. સમય જતાં આશા રાખી શકાય કે સ્ત્રીઓ પોતાનામાં રહેલી વહીવટી કુશળતાઓનો ઉપયોગ રાજકીય વહીવટમાં પણ કરતી થશે. આમ આ હકીકતો જે હાલ નિરાશાવાદી ચિત્ર ઊભુ કરે છે તેમાંથી જ આશાનું નવું કિરણ જન્મી શકે.

ગ્રામસ્વરાજની સંસ્થાઓનાં પંચાયતી રાજના ૭૩મા બંધારણીય સુધારાએ આમુલ પરિવર્તનનું કાર્ય કરી, મહિલાઓને ચૂલાથી ચોરા સુધી આવવાની તક પૂરી પાડી છે. સંશોધન ક્ષેત્રમાં મહિલાઓ માટેની પંચાયતમાં અનામત બેઠકો વિષયક જાગૃતિનો ખ્યાલ મેળવીએ તો, ફક્ત ૨૧ એટલે કે (૧૦.૫૦%) ઉત્તરદાતાઓને પંચાયતમાં મહિલાઓ માટે કેટલી બેઠકો અનામત રાખવામાં આવે છે તેની જાણકારી છે. પંચાયતમાં સ્ત્રી અનામત આપવામાં આવી છે તે હકીકતથી વાકેફ ઉત્તરદાતાનું પ્રમાણ વધારે જોવા મળી શકે પરંતું કેટલા ટકા અનામત આપવામાં આવેલ છે તે જવાબ સાચો નથી મળતો.

ઉત્તરદાતાઓ રાજકારણ વિષે વારંવાર ચર્ચા કરતાં હોય છે તેવું ૨૯% ઉત્તરદાતાઓએ જણાવ્યું છે. જ્યારે મોટાભાગના ઉત્તરદાતાઓ એટલે કે ૫૫.૫૦% ઉત્તરદાતાઓએ નોંધપાત્ર બનાવ બને તો જ તેઓ રાજકારણ વિશે ચર્ચા કરતા હોય છે તેમ જણાવ્યું છે. જ્યારે ૧૪% મહિલાઓ રાજકારણ વિશે ક્યારેય ચર્ચા કરતી નથી. 'મહિલાઓનું ક્ષેત્ર નથી' તેવો ઉત્તરદાતાઓનો મહદ્અંશે ખ્યાલ છે, તેમ સ્પષ્ટ થાય છે.

ઉત્તરદાતાઓ રાજકારણ વિશેની મોટાભાગે સગાસંબંધી કે મિત્રો(બહેનપણી) સાથે ચર્ચા કરતા જોવા મળે છે. જેની સંખ્યા ૫૦% થી વધુ છે જ્યારે ૧/૩ જેટલા ઉત્તરદાતાઓ રાજકારણને લગતી ચર્ચા રાજકીય કાર્યકર્તા કે પાડોશીઓ સાથે કરે છે. પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારીની તક મળે તો ૯૨% ઉત્તરદાતાઓ તેમાં જ્ઞાતિનો સાથ સહકાર લેવા ઈચ્છે છે. ફક્ત ૮% ઉત્તરદાતાઓ જ સ્વૈચ્છિક સંગઠનોની મદદથી ચૂંટણી લડવાની ઈચ્છા દર્શાવે છે.

અત્યાર સુધીમાં ભારતના વડાપ્રધાન તરીકે કોઈ મહિલાએ ભૂમિકા ભજવી છે તેવું ૮૦% ઉત્તરદાતાઓ જણાવે છે.

ઉપરોક્ત તમામ બાબતો મહિલાઓની રાજકીય અને કાયદાકીય જાગૃતિને પ્રસ્તુત કરે છે. જે ફલિત કરે છે કે પરંપરાગત, રૂઢિચુસ્ત સમાજરચનામાં ધીમે ધીમે પરિવર્તન આવતું જાય છે. આ પરિવર્તનમાં વાહકો તરીકે શિક્ષણ આર્થિક બાબતોનું વધતું મહત્ત્વ, માળખાકીય સુવિધાઓમાં વધારો, સંચારમાધ્યમોનું વિસ્તરણ કારણભૂત દેખાય છે. જે સ્ત્રીઓ પોતાને સંતતિ ઉત્પન્ન કરવાનું સાધન અને ઘરકામ અને બાળઉછેર જ તેની દૈવિક ફરજો છે, તેવું માનતી હતી તે ખ્યાલોમાં ધીમે પરંતુ મક્કમ ગતિ સુધારો આવતો હોય તેવું જણાય છે.

## ➢ સમાજકાર્યકરનાં દરમ્યાનગીરીનાં ક્ષેત્રો :

સાણંદ તાલુકાની મહિલાઓ સાથે સંસ્થાગત રીતે કામ કરી તે મારા સંશોધકાર્યનો વિષય બનાવ્યો. આ કામ કરતાં મને જે લાગ્યું કે એ વિષયોને લઈને મહિલાઓ સાથે કામ કરી શકાય કે જેથી કરી તેમનાં સામાજિક, આર્થિક, રાજકીય જાગૃતિનાં સ્તર ઊંચા આવી શકે.

**સામાજિક જાગૃતિ :**

- મહિલાઓમાં સામાજિક જાગૃતિ લાવવા માટે, મહિલાઓમાં શિક્ષણનું પ્રમાણ વધવું જોઈએ. તેમનામાં શિક્ષણ પ્રત્યે જે ઉદાસીનતા છે, એ દૂર કરવી જોઈએ. ગામમાં પૂરતાં ધોરણોની શાળાઓ હોવી જોઈએ. ૧ થી ૭ ધોરણ બાદ ૮ મા ધોરણમાં અભ્યાસ માટે તાલુકા કક્ષાએ બાળા પહોંચી શકે એ માટે જ્ઞાતિપંચો કે અન્ય સ્વૈચ્છિક સંગઠનો કે સરકારશ્રીની દરમ્યાનગીરીથી યાતાયાતની વ્યવસ્થા થવી જોઈએ.

- શિક્ષણનું પ્રમાણ વધવાથી અંધશ્રધ્ધા, વહેમ વગેરે જેવા સામાજિક કુરિવાજો છે એ દૂર કરી શકાશે.
- છોકરીના માસિક ધર્મની શરૂઆત પહેલાં કે તરત જ તેને પરણાવી પુણ્ય કમાવવાની કે પોતાનો આર્થિક બોજો હળવો કરવાની જે માન્યતા છે તે દૂર કરવી જોઈએ.
- ભણેલ છોકરી કે સમાજમાં ભણીને આગળ આવી હોય તેવી છોકરીઓનું અભિવાદન સમાજના પંચો દ્વારા થવું જોઈએ.
- દીકરી;દીકરા જેટલી જ શારીરિક માનસિક સક્ષમતા ધરાવે છે, અને દીકરીએ કુળનો તારક બની શકે છે, એવી સમજણ વધે. સ્ત્રીઓમાં પોતા પ્રત્યેની સભાનતા વધે એવા પ્રયાસો થવા જોઈએ.
- પુત્ર ઈચ્છાની ઝંખનાને કારણે કુટુંબના કદમાં જે વધારો થઈ રહ્યો છે. એ અંગે પરિણીત સ્ત્રી-પુરુષને જાગૃત કરવા માટે પ્રયત્નો કરવા.
- દીકરા-દીકરી; એટલે કે બાળકની જાતિ નક્કી કરવામાં પુરુષવર્ગ જવાબદાર છે, એવી સમજણ વધે એ માટે સ્વૈચ્છિક સંગઠનો દ્વારા તાલીમનું આયોજન ખાસ કરીને ગ્રામીણ ક્ષેત્રે કામ કરતી દાયણબહેનોએ આપવી જોઈએ.

**રાજકીય જાગૃતિ :**

- પોતાનો મત આપવાનો અધિકાર છે એ સમજે
- મતદાન ખાનગી રીતે હોય એના પર કોઈનું દબા દબાણ ન હોઈ શકે એ સમજે
- ૩૩% મહિલા અનામતના કાયદાનો સક્રિય રીતે ઉપયોગ કરવો જોઈએ. ચૂંટણીમાં સ્વેચ્છાએ ભાગીદારી નોંધાવી શકે એ માટે પંચાયત ક્ષેત્રે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે તેમનું સંકલન કરવું જરૂરી હોય એવું લાગે છે.
- રાજકીયક્ષેત્ર થતા ફેરફારો તેમજ પ્રવર્તમાન પ્રવાહો સાથે મહિલાઓ સતત સંકળાયેલી રહે એ માટે દરેક ગામમાં મહિલા પુસ્તકાલય કે વાંચનાલયનું આયોજન સરકારી ધોરણે કરવું જોઈએ અને જ્યાં આવી સુવિધાઓ ઉપલબ્ધ ન થાય ત્યાં મહિલા મંડળો, ભજનમંડળો કે યુવક મંડળો દ્વારા પુસ્તકાલય કે વાંચનાલય ઊભાં કરવા માટે પ્રેરિત કરવા જોઈએ.

**કાયદાકીય જાગૃતિ સંદર્ભે :**

- મહિલા પોતાના અધિકાર અને ફરજ અંગે સભાનતા કેળવતી થાય.
- ઘરેલુ અત્યાચાર સામે લડવા માટે, બંધારણીય કાયદાઓની મદદ લઈ શકે, એ માટે જાગૃતિ શિબિરોનું આયોજન કરવું જોઈએ.

- આ વિસ્તારમાં બાળલગ્નનો પ્રશ્ન ઘણો ગંભીર છે. તે ઉપરાંત કન્યા વિક્રય પણ ઘણા મોટા પ્રમાણમાં જોવા મળે છે. આથી ૧૮ વર્ષ પહેલાં દીકરીનાં લગ્ન કરતાં માતા-પિતાને કાયદાકીય જોગવાઈઓથી કડકપણે સજા કરાવવી જોઈએ. જેથી બાળલગ્નો અટકાવી શકાય અને કન્યાવિક્રય સંબંધી કાનૂની જોગવાઈઓનો પણ કડક અમલ તત્કાલીન અને સઘન થવો આવશ્યક છે.
- ગ્રામીણ મહિલા સંગઠનો વધુ સક્રિય રીતે કાયદાની પકડ લઈને કાર્ય કરતાં થાય એ માટે કાર્ય કરવું જોઈએ.

# પરિશિષ્ઠ

- ★ તળપદા કોળી પટેલ જ્ઞાતિ બંધારણ
- ★ મુલાકાત અનુસૂચિ

# પરિશિષ્ટ-૧
# તળપદા પટેલ જ્ઞાતિનું બંધારણ

**ઠરાવ નં.૧. સગપણ અને ચાંદલો કરવા બાબત**

૧. સગપણ કરવાનું હોય ત્યારે બન્ને પક્ષના વડીલોની સંમતિથી નક્કી કરવું.

૨. સમય પ્રમાણે દિકરી-દિકરાની ઈચ્છા પ્રમાણે થાય તે વડીલોએ પુર આપવી.

૩. સગપણ નક્કી કરવા જવા માટે પાંચ (૫) માણસોએ જવું.

૪. સગપણમાં રૂપિયો અને નાળીયેર વડીલોની રૂબરૂમાં લેવું.

૫. કુંવારી કન્યાનું સગપણ તોડતી વખતે કોઈપણ જાતની પૈસાની લેવડ-દેવડ કરવી નહીં.

**ઠરાવ નં.૨ હારડા બાબત**

૧. હારડાની પ્રથા સદંતર બંધ કરેલ છે.

**ઠરાવ નં. ૩ ગોરોની ચુંદડી બાબત**

૧. ગોરો ઉપર ચુંદડીની અન્ય પ્રથા સદંતર બંધ કરેલ છે.

**ઠરાવ નં.૪ સગપણ બાબત**

૧. ચુંદડી-૧ ૨. શ્રીફળ-૧ ૩. ૫૦૦ સાકર ૪. ૫ રૂપિયા ૫. કંકુ ૫૦ ગ્રામ

**ઠરાવ નં.૫ વસંત ચડાવવા બાબત**

૧. વસંત ચડાવવાનો રિવાજ સદંતર બંધ કરેલ છે.

**ઠરાવ નં.૬ બળેલ બાબત**

૧. બળેવની પ્રથા સદંતર બંધ કરેલ છે.

**ઠરાવ નં.૭ લગ્ન બાબત**

૧. લગ્ન લઈને બ્રાહ્મણને મોકલવા અને લગ્ન નિમિત્તે વરપક્ષ બ્રાહ્મણને ૫૧ રૂા. આપવા (એસ.ટી. ભાડુ અલગ)

૨. લગ્ન લઈ આપે ક્યારે રસોડું બનાવવું નહીં. કુટુંબ જમાડવું નહીં.

**ઠરાવ નં.૮ માંડવો નાખવા બાબત**

૧. માંડવામાં સિગારેટ બંધ ૨. માંડવામાં અફીણ કે ડોડવા બંધ.

૩. લ્હાણી વ્હેંચવાની બંધ ૪. ધાણાદાળ - વરીયાળી - સોપારી સાદીમીઠી વાપરવાની છુટ છે. તેમજ ચા-પાણી-કોફીની છૂટ છે.

૫. માંડવો નાખવાના બ્રાહ્મણને રૂા.૨૧ આપવા

**ઠરાવ નં.૯ ફુલેકા બાબત (વરઘોડો)**

૧. વરઘોડો ફેરવવો. વાંજીત્રો સગવડતા પ્રમાણે લાવવાની છે.

૨. સિગારેટ વાપરવાની બંધ

૩. ફટાકડા ફોડવાનું બંધ

૪. વરઘોડામાં લ્હાણી વહેંચવાની બંધ

૫. ચા-કોફી-પાણી ધાણાદાળ-વરીયાળી-સોપારી વાપરવાની છૂટ તેમજ સાદી મીઠી વાપરવાની છૂટ છે.

**ઠરાવ નં.૧૦ જાન**

૧. જાનમાં ૬૧ માણસોની લઈ જવાની જરૂર છે. જેમાં પુરૂષ સ્ત્રીનો સમાવેશ થાય છે.

૨. ફટાકડા ફોડવાનું બંધ છે.

૩. સિગારેટ બંધ છે.

**ઠરાવ નં.૧૧ પાણી પીવાનો રીવાજ સદંતર બંધ કરેલ છે.**

**ઠરાવ નં.૧૨ સામૈયુ (તોરણ)**

૧. સામૈયું કરવાનું છે.

૨. સામૈયામાં રૂા.૫ આપવાના છે.

૩. મીઠું નીમવાની રિવાજ બંધ કરેલ છે.

**ઠરાવ નં.૧૩ છાબ બાબત**

૧. મોડિયો તથા એક જોડી કપડાં વરપક્ષે લેવાના રહેશે.

૨. કાનની વાળી સોનાની નંગ ૭ ૧ા તોલાની

૩. કાનના કાંપ સોનાના જોડી-૧ ૦ાા તોલાના

૪. નાકની ચૂની(સોનાની) ૧ લેવાની છે.

૫. બેડ્યું ચાંદીની ૨૫૦ ગ્રામ જોડી-૧

૬. છડા ચાંદીના ૨૫૦ ગ્રામ જોડી-૧

ઉપર જણાવેલ જણસ સિવાય વરપક્ષે બીજી જણસ લેવાની નથી.

૭. મા-માટલાનો રેજો-૧ ૧ મીટર મીંઢળ-મીડી-વરમાળા

**ઠરાવ નં.૧૪ માયરા - ચોરીફેરા (મંગળફેરા)**

૧. સૌભાગ્યવતી વખતે પાંચ પતાસા આપવા પ્યાલા કે સજવા જામી(વાસણ)ની પ્રથા બંધ કરેલ છે.

૨. માયરામાં અંગુઠો પકડવાનું તથા છેડો પકડવાનું બંધ કરેલ છે.

૩. વરઘોડીયાને તેડવાની પ્રથા બંધ કરેલ છે.

૪. માયરા - લગ્ન વખતે ફરાણા ગીતો ગાવા નહીં

૫. ગણેશ આગળ પગે લાગવા જવાનું છે. પરંતુ બારણા વાળવાનો રિવાજ બંધ કરેલ છે. લગાવ લેવાનો બારણાનો બંધ કરેલ છે.

**ઠરાવ નં.૧૫ પુરત અને મહેરામણી બાબત**

૧. પુરત એક વખત લેવું. તેમાં ૧. બેડુ-૧ તાંબાનું અથવા પિત્તળનું

૨. થાળી-૧ કાંસાની ૩. લોટો-૧ તાંબાનો

૩. તાસ-૧ ૫. પાઘડી-૧ ૬. સાલ્લો-૧ ૭. બનાન-૧

નોંધ : મા માટલામાં (સાસુભાણુ) સવા બશેર મીઠાઈ ભરવી.

**ઠરાવ નં.૧૬ દહેજની લેવા બાબત**

૧. દહેજ લેવાની પ્રથા બંધ કરેલ છે.

૨. કંકુ કન્યા કરવી. પરંતુ ધારા-ધોરણથી વધારે ઘરેણા લેવા નહીં.

૩. વરપક્ષ પાસેથી કોઈ ખાનગીમાં નાણાં લઈ શકાશે નહીં.

૪. વરપક્ષ પોતાની ઈચ્છાથી વધારે ઘરેણા લઈ શકશે નહીં.

૫. ધારાધોરણથી વધારે માણસો લઈ જઈ શકાશે નહીં.

૬. ફટાકડા ફોડવાનો રિવાજ બંધ કરેલ છે.

**ઠરાવ નં.૧૭** જમણવાર કન્યાપક્ષ પોતાને અનુકૂળતા પ્રમાણે બનાવે પરંતુ જાનૈયા ૬૧થી વધારે લઈ જવા નહીં. ભાણું તાણવાનો રિવાજ બંધ કરેલ છે. ચાંદલાનો રિવાજ બંધ કરેલ છે. વાળંદનો રિવાજ બંધ કરેલ છે.

**ઠરાવ નં.૧૮ પિરસણા બાબત**

માંડવે નોતરૂ આપેલ વ્યક્તિ સિવાય બીજી વ્યક્તિએ જમવા બેસવું નહીં. નોતરૂ આપેલ વ્યક્તિ જમવા ના આવે ઘરે પિરસણું(જમવાનું) લઈ જવાનું સદંતર બંધ કરેલ છે. વહવાયાને પણ માંડવી આવીને જમી જવું પણ ઘરે લઈ જવા માટે પિરસણાનો રિવાજ સદંતર બંધ કરેલ છે.

**ઠરાવ નં.૧૯ ચાંદલા રીવાજ**

૧. ચાંદલાનો રિવાજ પોતાની રીતે વ્યવહાર પ્રમાણે કરે. કોઈ નિયમ નથી.

૨. વાસણ કે ભેટ આપવાનો રિવાજ બંધ કરેલ છે. રોકડમાં ચાંલ્લો કરવો.

**ઠરાવ નં.૨૦ દિવાળી**

૧. લગ્ન સાથે દિવાળી કરે તો ત્રણ જોડી કપડા લેવાના છે.

૨. દિવાળી આણાના કપડાં ત્રણ જોડી, કોમનો સિલાઈ રૂ.૨૦૧ દરજીના આપવાના છે.

૩. દિવાળીના કરે તો ૧ જોડી કપડા લેવાના છે અને સિલાઈના રૂ.૭૫ આપવાના છે.

૪. દિવાળી ઉપર ૨ માણસોથી વધારે તેડવા જવાનું નથી.

૫. દિવાળી ઉપર કોઈ લાગ લગાવ આપવાના નથી.

૬. દિવાળીનું આણું સામે કરે તો પાઘડી-૧, ગોદડું-૧, ઓશીકું-૧, જોપડા-૪ આપવાના છે.

**ઠરાવ નં.૨૧ લગ્ન-માયરા વખતના લગાવ (મોદમાં આપવા)**

૧. લગ્ન માયરા લગાવ રાત્રે આપવાના નથી.

૨. ગોરભા રૂ.૧૫૧ ૩. દરજી રૂ.૨૦૧

૪. વાળંદ રૂ.૨૫૧ ૫. ઢોલી રૂ.૧૦૧

૬. નાયક રૂ.૫૧ ૭. સારથીવાનો રિવાજ બંધ કરેલ છે.

**ઠરાવ નં.૨૨ ઝાંપાના લગાવ બાબત**

૧. ખાંડ ફાકવાનું બંધ (થાળીમાં ખાંડ લઈને વેચી દેવાની છે.)

૨. વરપક્ષ કે કન્યાપક્ષને ગાડું ઉતરામણ બંધ લગાવ આપવાનો નથી.

૩. માંડવા બંધાવાના પણ લગાવ આપવાના નથી.

૧. નિશાળ રૂ.૫૧ ૨. બોર્ડીંગ રૂ.૫૧ ૩. સમાજના રૂ.૫૧

૪. મહાદેવ રૂ.૧૧ ૫. મંદિર રૂ.૧૧ ૬. પરબ રૂ.૧૧

૭. કુંભાર રૂ.૧૧ ૮. ગોરભા રૂ.૧૧

નોંધ : ખાનગીમાં કોઈ લેવડ-દેવડ કરવી નહીં. બીજા લગાવ આપવા નહીં. વધારે પૈસા ઉડાવવા નહીં. માથું ગુંજવાના રીવાજ બંધ કરેલ છે.

**ઠરાવ નં.૨૩ કંકોત્રી કન્યાપક્ષે વરપક્ષને લખવાની નથી**

**ઠરાવ નં.૨૪ મામેરૂ**

૧. પૂછવા માટે મામેરામાં ૨(બે) વ્યક્તિએ જવાનું છે.

૨. મામેરૂ બેડું મૂકવાનું છે. કોઈ લાગ લગાવ આપવાના નથી.

૩. મામેરામાં વાસણ આપવાનો રીવાજ સદંતર બંધ કરેલ છે. તેના બદલે રોકડમાં ચાંદલા કરવાના છે.

૪. મામેરામાં ૫૧ માણસોએ જવાનું છે. વધારે જવાનું નથી.

૫. મામેરામાં કુટુંબ પહેરામણી બંધ કરેલ છે.

૬. પોતાના ભાઈ કે બાપ દિકરીને મામેરામાં વાસણ, કબાટ, તિજોરી કે ઘરેણાં આપવાની છૂટ છે.

**ઠરાવ નં.૨૫ શ્રીમંત**

૧. શ્રીમંતનું પૂછવા જવા માટે ૫ માણસોએ જવાનું છે.

૨. શ્રીમંતમાં વાસણ આપવાની રિવાજ બંધ કરેલ છે.

૩. શ્રીમંત વખતે નિવેદ લઈને ૨ માણસોએ જવાનું છે.

૪. શ્રીમંત વખતે કોઈ લાગ-લગાવ આપવાના નથી.

૫. શ્રીમંત વખતે કુટુંબ વ્યવહાર બંધ કરેલ છે.

**ઠરાવ નં.૨૬ રમાડવાનો રિવાજ**

૧. રમાડવા માટે ફક્ત ૫(પાંચ) માણસોએ જવાનું છે.

**ઠરાવ નં.૨૭ મરણ બાબત**

૧. બારમાની પ્રથા સદંતર બંધ કરેલ છે.

૨. કાણ મોકાણમાં રાંધવાની પ્રથા બંધ કરેલ છે.

૩. કાણ મોકાણમાં અફીણ-ડોડવા બંધ કરેલ છે.

૪. ધરોની પ્રથા બંધ કરેલ છે.

૫. રાવણું એકજ દિવસે રાખવાનું છે.

૬. રાવણામાં મોં ઢાંકવું, પરબ પર બેસવું બધીજ ક્રિયા એકજ દિવસે પતાવી દેવાની છે.

**ઠરાવ નં.૨૮ ઘી-આણું**

૧. ઘી આણામાં ફક્ત ૫ માણસોએ જવાનું છે.

૨. ઘી આણામાં કોઈ લાગ-લગાવ આપવાના નથી.

૩. ઘી આણામાં કોઈ કુટુંબનું વ્યવહાર રાખવાનું બંધ રાખેલ છે.

૪. ઘી આણામાં મા-બાપ યથાશક્તિ પ્રમાણે લઈ શકશે.

**ઠરાવ નં.૨૯ નાતરૂ**

૧. નાતરામાં ૩૧ માણસોએ જવાનું છે.

૨. ઘરેણાં લગ્ન પ્રમાણે કરેલા છે તે પ્રમાણે લઈ જવાના છે.

૩. કોઈ દહેજની પ્રથા કે ધરોના પૈસા લેવાના નથી.

૪. મોદના વ્યવહાર લગ્ન પ્રમાણે કરવાના છે.

૫. બંધારણની તારીખ પહેલા જે લખણાં થયા હોય તેઓશ્રી જેટલામાં લખણું જાય હોય તેટલામાં જ ઓલાવી શકશે. ધેરાના વધારે પૈસા ખાનગીમાં કે જાહેરમાં લઈ શકશે નહીં.

૬. બંધારણ પછી નવા લખણાં ફારગની હવે પછી સમાજે કરશે કમિટિ અને કારોબારી કરશે.

**ઠરાવ નં.૩૦ રાવેલા બાબત**

૧. સવેલી કન્યા લાવનાર સમાજની ગુનેગાર રહેશે.

૨. સવેલી કન્યા સમાજને પાછી સોંપવી પડશે.

૩. સવેલી કન્યા લઈ જનારને સાથ આપનારને રાવેલા કન્યા લઈ જનાર જેટલી જ ગુનેગાર ગણી શિક્ષાને પાત્ર ઠરશે.

૪. રાવેલ કન્યા લઈ જનારને સમાજ નક્કી કરે તે દંડ ભોગવવાની રહેશે.

૫. કોઈ કાળે સમાજ કહે તે પ્રમાણે નહીં કરે તો તેની સમાજમાંથી બહિષ્કાર કરવામાં આવશે.

**ઠરાવ નં.૩૧ ફારગતી**

૧. સમાજમાં લેખિત અરજી કરવાની છે.

૨. સમાજ જે સ્થળે મળે ત્યાં બન્ને પક્ષોએ હાજર રહેવાનું છે.

૩. સમાજ બન્ને પક્ષોને સાંભળ્યા બાદ નિર્ણય લેશે.

૪. ખર્ચ પેટે સમાજ જે નક્કી કરે તે બન્ને પક્ષે આપવાનું છે.

૫. વરપક્ષની કન્યા જોઈતા હોય રૂ.૧૨ આપવા કન્યા પાસેથી ઘરેલા લેવાના નથી.

૬. કન્યા રહેવાની ના પાડે તો ઘરેણા તમામ વરપક્ષને પરત આપવાના છે. ગળામાં એકપણ ઘરેણું આપવાનું નથી.

**ઠરાવ નં.૩૩ વિધવા (પુનઃલગ્ન)**

૧. વિધવા થયેલ પત્ની ફરી પરણવું હોય તો કોઈપણ જાતની રકમ લીધા સિવાય સાસરી પક્ષે આપવાના રહેશે.

૨. દિકરીને તેના મા-બાપે બીજે આપે તો અગાઉના ઘરેણા લીધેલા પરત આપવાના અને બીજે તેટલાજ ઘરેણા લઈને વળાવવી. લગ્ન મુજબ અને ૩૧ માણસોથી વધારે લેવા જવાનું નથી.

**નોંધ :** વરપક્ષ ફારગતી ના આપે તો સમાજની લેખિત મંજૂરી લઈને બીજે અપાવી શકશે. સમાજનો નિર્ણય સર્વમાન્ય ગણાશે.

**ઠરાવ નં.૩૩ બંધારણ ધારાધોરણનો ભંગ કરવા બાબત**

બંધારણનો ભંગ કરનાર પાસેથી સમાજ મળી રૂ.૧૧,૦૦૦ દંડ લેશે. તેની સાથે કન્યા લેવા દેવાની રિવાજ બંધ કરવામાં આવશે.

# પરિશિષ્ઠ - ૨

## મુલાકાત અનુસૂચિ

(૧) સામાન્ય માહિતી :

૧.૧ ઉત્તરદાતાનું નામ :

૧.૨ ઉત્તરદાતાના પિતા/પતિનું નામ :

૧.૩ ઉંમર :

૧.૪ વૈવાહિક દરજ્જો : પરિણીત/અપરિણીત/વિધવા/ત્યક્તા

૧.૫ જ્ઞાતિ :

૧.૬ શિક્ષણ

| | | |
|---|---|---|
| ૧. અભણ | ૪. માધ્યમિક | ૫. ઉચ્ચત્તર માધ્યમિક |
| ૨. લખી-વાંચી શકે | ૬. સ્નાતક | |
| ૩. પ્રાથમિક | ૭. અન્ય | |

૧.૭ કુટુંબનો મુખ્ય વ્યવસાય :

૧.૮ કુટુંબની કુલ વાર્ષિક આવક :

૧.૯ તમે કોઈ મરજીયાત સંસ્થાના સભ્ય છો? હા/ના

૧.૧૦ તમે નીચે જણાવેલ કોઈ સંસ્થા કે સંગઠનના સભ્ય છો? હા/ના

જો 'હા' તો કઈ અને તેમાં કોઈ હોદ્દો ધરાવો છો તે જણાવો.

| ક્રમ | સંગઠન | હોદ્દો | ક્રમ | સંગઠન | હોદ્દો |
|---|---|---|---|---|---|
| (૧) | કામદારોનું સંગઠન | | (૫) | રાજકીય સંગઠન | |
| (૨) | વ્યાવસાયિક સંગઠન | | (૬) | સહકારી મંડળી | |
| (૩) | ધાર્મિક સંગઠન | | (૭) | મહિલા સ્વસહાય જૂથ | |
| (૪) | સામાજીક સંગઠન | | (૮) | અન્ય | |

### (૨) કુટુંબ સાથે રહેતા અન્ય સભ્યોની વિગત :

| ક્રમ | કુટુંબના સભ્યોનું નામ | કુટુંબના વડા સાથેનો સંબંધ | જાતિ | ઉંમર | વૈવાહિક દરજ્જો | લગ્ન ઉંમર | શૈક્ષણિક દરજ્જો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | | | | | | | |
| ૨. | | | | | | | |
| ૩. | | | | | | | |
| ૪. | | | | | | | |
| ૫. | | | | | | | |
| ૬. | | | | | | | |
| ૭. | | | | | | | |
| ૮. | | | | | | | |
| ૯. | | | | | | | |
| ૧૦. | | | | | | | |

(૩) આર્થિક વિગતો :

૩.૧ તમે કોઈ વ્યવસાયમાં રોકાયેલા છો? હા/ના

| જો, 'હા' તો કયા વ્યવસાયમાં છો? | કેટલા સમયથી? |
|---|---|
| ૧. ખેતી | ૧. ૧ થી ૫ વર્ષ |
| ૨. ખેતમજૂરી | ૨. ૬ થી ૧૦ વર્ષ |
| ૩. ઈંટના ભઠ્ઠામાં | ૩. ૧૧ થી વધુ વર્ષથી |
| ૪. નોકરી | |
| ૫. પશુપાલન | |
| ૬. અન્ય | |

૩.૨ તમારી પોતાની કહી શકાય તેવી કુલ માસિક આવક કેટલી છે?

૩.૩ તમારા નામે કોઈ મિલકત છે. હા/ના

(અ) જો 'હા' તો કયા પ્રકારની મિલકત છે?

૧. ખેતીલાયક જમીન　　૨. મકાન　　૫. અન્ય

૩. બેંક બેલેન્સ　　૪. દાગીના

૩.૪ કુટુંબની કમાણી કોની પાસે રહે છે.

૧. મોટા પુત્ર પાસે　　૨. વડીલ સ્ત્રી પાસે　　૫. અન્ય

૩. વડીલ પુરૂષ　　૪. તમારી પાસે

૩.૫ કુટુંબની કમાણીમાંથી તમો પોતે ઈચ્છા મુજબ ખર્ચ કરી શકો છો? હા/ના

૩.૬ એક ગૃહિણી તરીકેના તમારા કામની ગણતરી કુટુંબીજનો કરે એવું તમે ઈચ્છો છો? હા/ના

જો 'હા' તો કયા સ્વરૂપે?

૧. સારી ગૃહિણી

૨. કુટુંબના સભ્યો સારો વર્તનવ્યવહાર અમારા તરફ રાખે

૩. અમારા વખાણ કરી અમને જશ આપે - મારે નહીં

૪. મહત્વના નિર્ણયોમાં ભાગીદારી મળે

૫. અન્ય

૩.૭ તમારી જરૂરિયાતની વસ્તુઓ ખરીદવા માટે તમારે કોઈને પૂછવું પડે છે? હા/ના

૧. પતિ　　૨. સસરા　　૩. સાસુ　　૪. જેઠ-જેઠાણી　　૫. અન્ય

૩.૮ તમારા કામમાં પુરૂષો તમને મદદ કરે છે? હા/ના

જો 'હા' તો શું મદદ કરે છે.

૧. બાળકોને સાચવવા　　૨. રસોઈકામમાં　　૩. સાફ સફાઈ

## (૪) શિક્ષણ

૪.૧ તમારા કુટુંબના બાળકો છે તો તેને તમે ભણાવો છો? હા/ના

૪.૨ બાળકોને સામાન્ય રીતે કઈ ઉંમરે ભણાવવા મોકલો છો.

૧. ૪ વર્ષે   ૨. ૫ વર્ષે   ૩. ૬ વર્ષે

૪.૩ જો ભણાવતા ન હોય તો શા માટે બાળકોને ભણાવતા નથી?

૧. ગામમાં શાળા નથી

૨. નાના બાળકોને સાચવવાના હોવાથી

૩. ખેતી/ઘરકામમાં મદદની જરૂર હોવાથી

૪. છોકરીઓને ભણાવવાનું જરૂરી નથી

૫. બાળકને ભણાવવું જરૂરી લાગતું નથી.

૬. અન્ય

૪.૪ છોકરીઓને ભણાવો છો? હા/ના

૪.૫ જો 'હા' તો શા માટે?

૧. ભણાવવાથી તેનો વિકાસ થશે / તે જાગૃત બનશે

૨. લગ્ન કરવામાં મુશ્કેલી નહીં પડે

૩. સમાજમાં બધા જ ભણાવતા હોવાથી

૪. અન્ય

૪.૬ જો 'ના' તો શા માટે નહી?

૧. છોકરીઓને ભણાવવી ન જોઈએ તેવું સમાજ કહે છે માટે

૨. તમે માનો છો છોકરીઓને ન ભણાવવી જોઈએ

૩. તમારા વડીલો માને છે કે છોકરીઓને ન ભણાવાય

૪. ભણાવવાથી છોકરીઓ બગડી જાય છે

૫. લગ્નમાં મુશ્કેલી પડે છે

૬. અન્ય

૪.૭ પોતાના બાળકોને પોતાની મરજીથી ભણવા મોકલી શકો છો કે નહી? હા/ના

૪.૭.૧ ના, તો કોની મરજી ચાલે છે

૧. ઘરના વડીલની  ૨. ઘરના વડીલ પુરૂષની  ૩. પિતાની/પતિ  ૪. અન્ય

૪.૮ તમને તક મળે તો ભણવું છે? હા/ના

૪.૯ ભણવાથી શું ફાયદો થાય છે એ તમે જાણો છો?

૧. નોકરી/આર્થિક ઉપાર્જન સરળ બને છે

૨. ભણવાથી સમાજમાં દરજ્જા / આબરૂ વધે છે.

૩. ભણવાથી સમજદારી વધે છે.

૪. ભણાવવાથી પોતાને થતાં અન્યાય સામે લડી શકાય

૫. અન્ય

**(૫) સંચારમાધ્યમો :**

૫.૧ તમારે ત્યાં છાપુ આવે છે? હા/ના

જો 'હા' તો તમે ક્યારે વાંચો છો?

૧. નિયમિત ૨. ક્યારેક ૩. કદી નહી

૫.૨ શું તમે રેડિયો સાંભળો છો? હા/ના

૫.૩ શું તમે ટેલીવિઝનના કાર્યક્રમ જુઓ છો? હા/ના

૫.૪ જો 'હા' તો કયા?

૧. સમાચાર
૨. ગીતો
૩. રોમેન્ટીક ફિલ્મ
૪. જાસુસી ફિલ્મો
૫. સામાજિક કાર્યક્રમો
૬. ઐતિહાસિક કાર્યક્રમો
૭. ધાર્મિક કાર્યક્રમો

૫.૫ તમે બહારગામ મુખ્ય કયા કારણોસર જાવ છો?

૧. તીર્થસ્થળોના દર્શન માટે

૨. જોવાલાયક સ્થળોમાં ફરવા માટે

૩. સંબંધીને મળવા/લગ્ન પ્રસંગોમાં

૪. ખરીદી માટે

૫.૬ તમારા વ્યાવસાયિક કામ અને તમારા કૌટુંબિક કામ સિવાય કઈ પ્રવૃત્તિ છે જે તમને ખૂબ ગમે છે અને જેમાં તમે ફુરસદનો સમય પસાર કરો છો?

૫.૭ તમે સામયિકો વાંચો છો? હા/ના

જો 'હા' તો કેવા સામયિકો વાંચો છો?

૧. ધાર્મિક
૨. સ્ત્રીઓને લગતા
૩. વાર્તાઓ
૪. અન્ય

૫.૮ જો તમારી પાસે ફુરસદનો સમય અને તક વધારે હોય તો તમે કઈ પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેવાનું પસંદ કરો છો?

૧. રાજકીય
૨. આર્થિક ઉપાર્જન
૩. ચેરીટેબલ અને કલ્યાણકારી પ્રવૃત્તિ
૪. ધાર્મિક સંગઠન
૫. સામાજીક પ્રવૃત્તિઓ
૬. સર્જનાત્મક પ્રવૃત્તિઓ
૭. મુસાફરી / પ્રવાસ
૮. વાંચન, ટી.વી., રેડિયો વગેરે
૯. નવી પ્રવૃત્તિઓમાં રસ નથી.
૧૦. કશામાં નહી

૫.૯ તમારી દષ્ટિએ રેડિયો, ટેલીવિઝન, ફિલ્મ અને સમાચારપત્રોમાંથી સ્રીઓને સ્પર્શતા પ્રશ્નોની રજુઆત કયા સાધન દ્વારા થાય છે?

| | |
|---|---|
| ૧. રેડિયો | ૪. છાપેલ સાહિત્ય |
| ૨. ટેલિવિઝન | ૫. સંસ્થા અને સામાજિક કાર્યકરો દ્વારા |
| ૩. ફિલ્મ | ૬. અન્ય |

૫.૧૦. તમારા ઘરના સામાજીક કે ધાર્મિક પ્રસંગોમાં ફોટા પડાવો છો? હા/ના

૫.૧૧ તમારા ઘરના સામાજીક કે ધાર્મિક પ્રસંગોમાં વિડીયો શુટીંગ કરાવો છો? હા/ના

**(૬) સામાજીક અને આરોગ્ય વિષયક રીતરિવાજો :**

૬.૧ તમે કયા તહેવારો ઉજવો છો?

૬.૨ તમે તહેવારો કઈ રીતે ઉજવો છો?

સારા કપડાં પહેરી / નવું ખાવાનું કરીને / માતાજીની સ્થાપના કરીને

૬.૩ ધાર્મિક તહેવારોમાં કયા કયા દેવોની - માતાની પૂજા કરો છો?

૬.૪ તમારા કુળદેવી છે? હા/ના

'હા' તો કયા?

૬.૫ તમારા ગામના ભુવા છે? હા/ના

૬.૫.૧ જો 'હા' તો કયા કામ માટે ભુવા પાસે જાવ છો?

૬.૬ માતાજી ભોગ ધરાવો છો? હા/ના

૬.૭ જો 'હા' તો શા માટે?

૬.૮ ધાર્મિક તહેવારો દરમિયાન પશુઓનો ભોગ ચઢાવો છો? જો ચઢાવતાં હોતો શા માટે?

૬.૯ ભૂત-પ્રેતમાં માનો છો?

૬.૧૦ તમો જયારે માસિક ધર્મમાં હોવ ત્યારે કોઈ પ્રતિબંધ હોય છે? હા/ના

૧. રસોડામાં ન જઈ શકાય

૨. વાવણી/કાપણી જેવા કામ ન થઈ શકે

૩. દેવપૂજા, ધાર્મિકકાર્ય ન થઈ શકે

૪. કોઈપણ શુભકાર્યમાં ભાગીદારી ન થઈ શકાય

૫. અન્ય

૬.૧૧ આ પ્રતિબંધ તમને યોગ્ય લાગે છે? હા/ના

'હા' તો શા માટે?

'ના' તો શા માટે?

૬.૧૨ સ્રીને ગર્ભ રહ્યા બાદ પ્રસુતિ થાય ત્યાં સુધીમાં કઈ ધાર્મિક ક્રિયાઓ કરો છો?

સીમંતની વિધિ / માતા માંડવા / ગણેશપુજા

૬.૧૩ સીમંતમાં કેવી વિધિ કરો છો?

૬.૧૪ આ સીમંતની વિધિ ન થાય તો શું શું થાય છે તે અંગેના તમારી માન્યતા જણાવો

૬.૧૫ ગર્ભવતી સ્ત્રીઓને કેવા પ્રકારનો ખોરાક આપો છો?

૬.૧૬ ગર્ભાવસ્થા દરમિયાન સ્થાનિક સરકારી નર્સ પાસે કે ખાનગી દવાખાનામાં જઈને સારવાર લો છો? હા/ના

જો 'હા' તો કઈ કઈ

૧. ધનુરના ઈંજેક્શન ૩. આયર્નની ગોળી/ફોલીક એસિડની ગોળીઓ

૨. નિયમિત તપાસ ૪. અન્ય

૬.૧૭ પ્રસુતિ ક્યાં અને કોની પાસે કરાવો છો?

૧. દાયણ પાસે ૪. દવાખાનામાં

૨. ડૉક્ટર પાસે ૫. અન્ય

૩. કુટુંબના સ્ત્રીસભ્યો દ્વારા ઘરમાં

૬.૧૮ તમારી જ્ઞાતિમાં પરિણીત સ્ત્રીની પહેલી સુવાવડ ક્યાં કરો છો અને પછીની સુવાવડ ક્યાં કરો છો?

૬.૧૯ સુવાવડ બાદ કેટલા દિવસ સુતક પાળો છો?

૬.૨૦ બાળકના જન્મ પછી કઈ કઈ ધાર્મિક ક્રિયાઓ કરો છો?

છઠ્ઠીની વિધિ / બારસની વિધિ

૬.૨૧ પુત્ર જન્મ હોય તો શું વિધિ કરો છો?

૬.૨૨ પુત્રી જન્મી હોય તો શું વિધિ કરો છો?

૬.૨૩ નામકરણની વિધિમાં કોની હાજરી હોય છે અને કેવી વિધિ કરો છો?

**૭. લગ્ન અંગેના ખ્યાલો :**

૭.૧ છોકરા-છોકરીઓ માટે યોગ્ય પાત્ર કોણ શોધવા જાય છે?

૭.૨ તમે લગ્ન કરનાર વર-કન્યાની વચ્ચે ઉંમરમાં કેટલો તફાવત હોય છે?

૭.૩ લગ્ન વખતે કેટલો ખર્ચ કરવામાં આવે છે?

૭.૪ છોકરા-છોકરીઓ માટે કેટલા જોડી કપડાં લો છો અને એની અંદાજીત કિંમત કેટલી હોય છે?

૭.૫ પરણ્યા બાદ છોકરીને ક્યારે સાસરે વળાવો છો?

૭.૬ પરણાવતી વખતે દીકરીને કેટલું સોનું-ચાંદી આપો છો?

૭.૭ પરણાવતી વખતે વહુને કેટલી પહેરામણી કરો છો?

૭.૮ લગ્નમાં મોસાળપક્ષ કે સાસરીપક્ષમાં પહેરામણી કરવાનો રિવાજ છે?

૭.૯ જો 'હા' તો કેવા પ્રકારની પહેરામણી?

૭.૧૦ તમારી જ્ઞાતિમાં છોકરી-બીજી જ્ઞાતિમાં લગ્ન સરળતાથી કરી શકે છે?

૭.૧૧ તમારી જ્ઞાતિમાં પુરૂષ કેટલીવાર લગ્ન કરી શકે છે?

૭.૧૨ તમે તમારા દિકરી-દીકરાની સગાઈમાં કઈ બાબતોને પ્રથમ પસંદગી આપશો. (અગ્રતાક્રમ આપવો)

| છોકરાની પસંદગી | છોકરીની પસંદગી |
|---|---|
| ૧. ભણેલો હોય | ૧. ઘરના કામકાજથી સારી જાણકાર હોય |
| ૨. પૈસાદાર હોય | ૨. ભણેલી હોય |
| ૩. સારી નોકરી કરતો હોય | ૩. દેખાવડી હોય |

૭.૧૩ તમારી જ્ઞાતિમાં પતિ-પત્નીના ઝઘડાનો ઉકેલ કેવી રીતે લાવો છો?

| | |
|---|---|
| ૧. જાતે | ૪. જ્ઞાતિપંચ દ્વારા |
| ૨. કુટુંબના વડીલો મારફત | ૫. સમાજીક સંસ્થા દ્વારા |
| ૩. કોર્ટ દ્વારા | ૬. અન્ય |

૭.૧૪ તમારી કોમમાં સ્ત્રી પોતાના પતિને છોડી પોતાની સ્વેચ્છાથી બીજે ઘર માંડી શકે છે? હા/ના

૭.૧૫ તમારી જ્ઞાતિમાં સ્ત્રીને પોતાના પતિ ન ગમતો હોય તો તે સમાજની રોક ટોક વિના છુટાછેડા લઈ શકે છે?

૭.૧૬ તમારા બાળકોને તેની મરજી મુજબ સગાઈની પસંદગીની તક આપી હતી?હા/ના

'હા' તો શા માટે?

'ના' તો શા માટે?

૭.૧૭ તમારા સમાજમાં સ્ત્રીને છૂટાછેડા મળી શકે છે? હા/ના

૭.૧૮ છૂટાછેડા લેવા સ્ત્રી પોતે પહેલ કરે તો સમાજ માન્ય રાખે છે?

૭.૧૯ તમારામાં કૌટુંબિક ઝઘડા, છૂટાછેડા અન્ય સમસ્યાનો ઉકેલ કઈ રીતે થાય છે?

| | |
|---|---|
| ૧. સામસામા નાણાં આપીને | ૪. સામાજીક સંસ્થાની મદદથી |
| ૨. સમાજ વડીલો દ્વારા | ૫. કોર્ટ દ્વારા |
| ૩. પંચ દ્વારા | |

૭.૨૦ પરિણીત પુરુષ પોતાની પરિણીત સ્ત્રીને કયા સંજોગોમાં છૂટાછેડા આપે છે?

| | |
|---|---|
| ૧. શંકા કે વહેમથી | ૪. શિક્ષણને કારણે |
| ૨. ગમતી નથી | ૫. જાતીયતા સંબંધીત |
| ૩. આર્થિક સ્થિતિને કારણે | ૬. અન્ય |

૭.૨૧ તમારા સમાજમાં વિધવા સ્ત્રીનું સ્થાન કેવું છે?

૭.૨૨ વિધવા સ્ત્રીની ધાર્મિક-સામાજીક પ્રસંગોમાં હાજરીને કેવી માનવામાં આવે છે.

| | |
|---|---|
| ૧. શુભ | ૩. કોઈ ફરક નથી પડતો |
| ૨. અશુભ | ૪. અન્ય |

૭.૨૩ વિધવા થયેલ સ્ત્રી પોતાના મરનાર પતિના મોટાભાઈ સાથે લગ્ન કરી શકે છે?હા/ના

૭.૨૪ વિધવા થયેલ સ્ત્રી પોતાના મરનાર પતિની નાનાભાઈ સાથે લગ્ન કરી શકે છે?હા/ના

૭.૨૫ તમારામાં પુરૂષ કેટલી વખત લગ્ન કરી શકે છે?

૭.૨૬ સ્ત્રી ફરીથી લગ્ન કરે તો તેના આગલા પતિથી થયેલ બાળકોને ક્યાં રાખે છે?

| | |
|---|---|
| ૧. સાથે લઈ જાય છે. | ૨. આશ્રમમાં મૂકે છે. |
| ૨. પિયરમાં મૂકીને જાય છે. | ૪. અન્ય |

૭.૨૭ તમારા પરિવારની કોઈ છોકરી/છોકરો બીજી જ્ઞાતિમાં લગ્ન કરે તો તમે શું પ્રત્યાઘાત કરો?

| | | |
|---|---|---|
| ૧. કૌટુંબિક બહિષ્કાર | ૩. પ્રશંસા | ૫. કંઈ નહી |
| ૨. વિરોધ | ૪. ઉત્સાહ આપવો | ૬. અન્ય |

૭.૨૮ તમારામાં સામાન્ય રીતે છોકરા-છોકરીના લગ્ન કેટલી ઉંમરે થાય છે?

| | |
|---|---|
| ૧. ૧૧ થી ૧૩ વર્ષ | ૩. ૫ થી ૧૭ વર્ષ |
| ૨. ૧૩ થી ૧૫ વર્ષ | ૪. ૧૭ થી ૨૦ વર્ષ કે તેથી વધુ |

૭.૨૯ લગ્ન વખતે છોકરાવાળા તરફથી કેટલા નાણાં લેવાય છે?

૭.૩૦ લગ્ન વખતે જાનમાં કેટલા માણસો જાય છે?

૭.૩૧ લગ્નબાદ છોકરીનું આણું કેટલુંક અને કેટલા આણા થાય છે?

૭.૩૨ અન્ય સમાજ કરતા તમારા સમાજમાં કન્યાના લગ્ન વહેલા કરી દેવામાં આવે છે એ માટે સમાજ અગ્રણી તરફથી કોઈ બંધીકાર થયો છે? હા/ના

જો 'હા' તો કેવો?

જો 'ના' તો કેમ નહીં?

૭.૩૩ તમારા સમાજમાં મોટાભાગે લગ્ન કઈ રીતે થાય છે?

૧. મા-બાપની પસંદગીથી

૨. છોકરા-છોકરીઓની પસંદગીથી

૩. ભાગીને

૪. અન્ય સગાઓની પસંદગીથી

૫. અન્ય

૭.૩૪ તમારામાં સગોત્ર લગ્ન થઈ શકે છે?

૭.૩૫ તમારી જ્ઞાતિમાં છોકરાના લગ્નમાં કેટલા નાણાં ખર્ચવામાં આવે છે? અંદાજીત

૧. ૨૦ હજારથી ઓછા　　　　૩. ૩૧ થી ૪૦ હજાર

૨. ૨૧ થી ૩૦ હજાર　　　　૪. ૪૦ હજારથી વધુ

૭.૩૬ તમારા મત પ્રમાણે કન્યાવિક્રય પ્રથા ઉચિત છે?

હા/ના ખોટી પ્રથા છે / કહેવુ મુશ્કેલ છે.

૭.૩૭ લગ્નજીવનમાં પતિ-પત્નીના મોભા અને સ્થાન વિષે આપ શું માનો છો?

૧. પતિનો મોભો વધુ ઉંચો છે　　૩. બંને સમાજમાં....સમાન મોભો ધરાવે છે.

૨. પત્નીનો મોભો વધુ ઉંચો છે.　　૪. ખબર પડતી નથી　　૫. અન્ય

૭.૩૮ તમારી દૃષ્ટિએ કુટુંબજીવનના મુખ્ય હેતુઓ કયા કયા કહી શકાય?

૧. વૈવાહિક દરજ્જો

૨. પ્રજોત્ત્પત્તિ

૩. સમાજમાં સામાજીક-આર્થિક કાર્યો પરિપૂર્ણ કરવા

૪. કુટુંબના સભ્યોનો વ્યક્તિગત આનંદ

૫. અન્ય (સ્પષ્ટ દર્શાવો)

૭.૩૯ વિધવા વિવાહ અંગે તમારી શું માન્યતા છે?

૧. થવા જોઈએ　　૨. ન થવા જોઈએ　３. અન્ય

## (૮) જ્ઞાતિના કાયદા તેમજ બંધારણીય કાયદા અંગેની માહિતી

૮.૧ તમારા ઘરના ઝઘડાઓ થાય તો તેનો ઉકેલ કેમ કરો છો?

૧. આપમેળે　　　૩. જ્ઞાતિપંચ દ્વારા

૨. કોર્ટ કચેરી દ્વારા　૪. કુટુંબના સભ્યોથી

૫. અન્ય

૮.૨ તમારી જ્ઞાતિનું જ્ઞાતિપંચ છે? હા/ના

૮.૩ જ્ઞાતિપંચ છે તો પંચના કાર્યો જણાવો?

૧. જ્ઞાતિનું બંધારણ બનાવવું અને પળાવવું

૨. કૌટુંબિક ઝઘડાઓ હલ કરવા

૩. સામાજીક કુરિવાજો બંધ કરાવવા

૪. જ્ઞાતિના વિકાસ માટે પ્રયત્ન કરવા

૫. અન્ય

૮.૪ પંચે બનાવેલ નિયમોનો ભંગ થાય તો પંચ શા પગલા લે છે?

૧. નાણાકીય દંડ ૩. અન્ય

૨. જ્ઞાતિ બહાર મૂકવા

૮.૫ તમારે મતે જ્ઞાતિપંચ અને પંચાયત બન્ને વચ્ચે શો તફાવત છે?

૮.૬ જ્ઞાતિપંચ દ્વારા ઝઘડાનો ઉકેલ ન આવે તો તમે શું કરો છો?

૧. ગામના અગ્રણી પાસે ૩. કોર્ટ/પોલીસ દ્વારા

૨. સગાસંબંધી પાસે ૪. અન્ય

૮.૭ તમારું ગામ કયા પોલીસ સ્ટેશનની હદમાં આવે છે?

૧. સાણંદ ૨. બાવળા

તમે ક્યારેય પોલીસ સ્ટેશન ગયા છો? હા/ના

૮.૮ તમારા સાસરીયામાં કૌટુંબિક ઝઘડા માટે સૌથી વધુ કોને દોષિત ગણવામાં આવે છે?

૧. પત્ની તરીકે સ્ત્રીને ૪. બાળકોને ૭. અન્ય

૨. સાસુ તરીકે સ્ત્રીને ૫. વૃદ્ધોને

૩. પુરુષોને ૬. સગાઓને

૮.૯ તમારી જ્ઞાતિમાં પુરૂષો એક કરતાં વધુ પત્નીઓ રાખી શકે છે? હા/ના

૮.૧૦ કુટુંબના મહત્ત્વના નિર્ણયો લેતી વખતે તમને પુછવામાં આવે છે ખરું? હા/ના

૮.૧૧ જો 'હા' તો કેવા નિર્ણયો લેતી વખતે

૧. નવી મિલ્કત ખરીદતી વખતે

૨. છોકરા-છોકરીઓની સગાઈ વખતે

૩. ધાર્મિક વિધિઓ વખતે

૮.૧૨ કરીયાવર ન લાવનાર સ્ત્રી પ્રત્યે તેમના સાસરાપક્ષના કુટુંબીજનોનો કેવો વ્યવહાર હોય છે?

૧. સારો ૩. ઘણો જ સારો

૨. મધ્યમ ૪. ખરાબ

૮.૧૩ તમારી જ્ઞાતિમાં વિધવા-વિવાહની છૂટ છે? હા/ના

૮.૧૪ લગ્ન વખતે છોકરા-છોકરી બેમાંથી કોઈપણ પક્ષે સામ-સામે પૈસાની લેવડદેવડ કરી શકે છે? હા/ના

૮.૧૫ જો નાણાકીય લેવડદેવડ કરે તો તે કાયદાનો ભંગ કરે છે અને ગુનો છે એવું તમે માનો છો? હા/ના

૮.૧૬ દહેજ લેવાથી પોલીસ સ્ટેશનમાં જઈને ફરિયાદ કરી શકાય?

૮.૧૭ દહેજ લેનાર કે આપનાર સજાને પાત્ર છે તો તેને કોર્ટ દ્વારા સજા કરાવી શકે છે? હા/ના

૮.૧૮ તમારી જ્ઞાતિમાં કાયદાની લગ્નવય મર્યાદા મુજબ લગ્ન કરવામાં આવે છે?હા/ના

૮.૧૯ એ નક્કી કરેલી વયમર્યાદા મુજબ લગ્ન કરીએ કે કરાવતાં પકડાઈ જઈએ તો કોઈ ગુનો બને એવું તમે જાણો છો? હા/ના

૮.૨૦ એ ગુનો કોને કોને લાગુ પડે?

૮.૨૧ આ ગુનાની સજા શું થઈ શકે?

૮.૨૨ સજા કોને થઈ શકે?

૧. મા-બાપ
૨. ગોર
૩. લગ્નમાં આવનાર જાનૈયા-માંડવીયાને
૪. કુટુંબના વડીલને(વર-વધુના)
૫. અન્ય

૮.૨૩ તમારી કોમમાં સ્ત્રી ફરીથી લગ્ન કરી શકે છે? હા/ના

૮.૨૪ જો ‘હા’ તો કઈ સ્ત્રી અને કેટલીવાર કરી શકે?

વિધવા, ત્યક્તા

૮.૨૫ જો ‘ના’ તો કેમ?

૮.૨૬ પોલીસ સ્ટેશન ગયા છો? ‘હા’ તો તેનું કારણ

૧. કૌટુંબિક ઝઘડામાં
૨. ગામના ઝઘડામાં
૩. પોતાને માટે
૪. ફરિયાદી તરીકે
૫. અપરાધી તરીકે

૮.૨૭ કોર્ટ શી કામગીરી કરે છે તે તમે જાણો છો?

૧. ઝઘડાનું નિવારણ
૨. ગુનેગારને સજા
૩. સમાજમાં કાયદો ને વ્યવસ્થા જાળવવા
૪. નવા કાયદા બનાવવા
૫. ખબર નથી
૬. અન્ય

૮.૨૮ દહેજ આપવું કે લેવુ એ ગુનો છે? હા/ના

૮.૩૧.૧ લગ્નમાં નાણાંકીય કે સ્થાવર મિલકત આપવી કે લેવી ગુનો છે? હા/ના

૮.૨૯ તમારા જ્ઞાતિપંચ સિવાય કોર્ટ દ્વારા છૂટાછેડા લઈ શકાય છે? હા/ના

૮.૩૦ છૂટાછેડા લીધેલ સ્ત્રીઓને કોર્ટ ભરણપોષણ કોની પાસેથી અપાવે છે?

૮.૩૧ ભરણપોષણ કેટલું મળી શકે છે?

૮.૩૨ ભરણપોષણ મેળવવા માટે કઈ કોર્ટમાં અરજી કરી શકે છે?

૮.૩૩ ભરણપોષણ કોને મળી શકે છે?

૮.૩૪ કોર્ટમાં લીગલ એડ સેન્ટર હોય તો તેની તમને માહિતી છે? હા/ના

૮.૩૫ જો 'હા' તો તેમાં કોને મફત સહાય મળે છે?

૮.૩૬ તમારા સમાજમાં જ્ઞાતિપંચ વિરુદ્ધ કોઈ સ્ત્રી પુરૂષને પુખ્ત ઉંમરે લગ્ન કરવા હોય તો તે કોર્ટનો આશરો લઈ શકે છે? હા/ના

૮.૩૭ સ્ત્રી ગુનેગારને પુરૂષ પોલીસ પકડીને લઈ શકે? હા/ના

૮.૩૮ રાત્રિ દરમિયાન સ્ત્રીની ધરપકડ થઈ શકે?

૮.૩૯ પરિણીત સ્ત્રી પોતાની ઈચ્છા મુજબ ગર્ભ રાખી શકે છે? હા/ના

૮.૪૦ ગર્ભપાત અંગે પરિણીત સ્ત્રીના સાસરીયાઓ તેના પર કોઈ દાબદબાણ કરી શકે છે? હા/ના

૮.૪૧ પરિણીત સ્ત્રીને તેના પતિના મૃત્યુબાદ પતિની મિલ્કતમાંથી વારસાઈ હક્ક મળી શકે છે? હા/ના

૮.૪૨ પતિ કે પિતાની મિલ્કતમાંથી સ્ત્રીને કાયદાકીય રીતે ભાગ મળી શકે કે નહી? હા/ના

૮.૪૩ તમારી મરજી વિરુધ્ધ જાતીય સંબંધ બંધાય તો તે ગુનો બને છે? હા/ના

## (૯) પંચાયત રાજકારણમાં સ્ત્રીની ભાગીદારી અંગેના મંતવ્યો

૯.૧ તમે માનો છો કે સ્ત્રીઓએ(પંચાયત) રાજકારણમાં ભાગ લેવો જોઈએ?

૧. હા　　૨. ના　　૩. કહેવું મુશ્કેલ છે.

૯.૨ જો 'હા' તો કઈ રીતે?

૧. મત આપીને　　૩. ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવીને

૨. પ્રચાર કરીને　　૪. અન્ય

૯.૩ જો 'હા' તો કયા કારણસર

૧. સ્ત્રીઓ મતદાતા છે માટે ભાગ લેવો જોઈએ?

૯.૪ રાજકારણમાં (પંચાયતોમાં) ક્ષેત્રમાં સ્ત્રીઓની ભાગીદારી પુરૂષોની તુલનામાં બહુ ઓછી છે એવું કેમ બને છે?

૧. સ્ત્રીઓની અસમાન સ્થિતિ

૨. મહિલાઓ પોતે રાજકારણમાં ભાગ લેતી નથી

૩. ભારતની સમાજવ્યવસ્થા

૪. વ્યવસાય(ઘરની) જવાબદારી

૫. અન્ય

૯.૫ તમે પંચાયતની ચુંટણીમાં ભાગ લીધો છે? હા/ના

હા' તો કઈ રીતે?

૧. ઉમેદવારી નોંધાવીને સરપંચ તરીકે / ઉપ સરપંચ તરીકે / સભ્ય તરીકે

૨. પ્રચાર કરીને

૩. નિષ્ક્રિય રહે છે.

૪. અન્ય (સ્પષ્ટ દર્શાવવું)

૯.૬ ગ્રામપંચાયત કે તાલુકા પંચાયત કે જીલ્લા પંચાયતમાં સ્ત્રીઓ માટે અનામત જગ્યાઓ રાખવામાં આવી છે તે વિશે તમે જાણો છો?

૧. હા　　૨. ના　　૩. સાંભળ્યુ છે પણ ખ્યાલ નથી

૯.૭ તમે રાજકારણ વિશે ચર્ચા કરો છો?

| | |
|---|---|
| ૧. વારંવાર | ૩. કોઈપણ નોંધપાત્ર બનાવ બને ત્યારે |
| ૨. ભાગ્યે જ | ૪. કદી નહી |

૯.૮ તમે પંચાયત(રાજકારણ) વિશે સૌથી વધુ ચર્ચા કોની સાથે કરો છો?

| | | |
|---|---|---|
| ૧. કુટુંબના સભ્યો | ૪. પાડોશીઓ | ૭. અન્ય |
| ૨. સગાસંબંધીઓ | ૫. રાજકીય કાર્યકરો | |
| ૩. મિત્રો | ૬. કોઈ સાથે નહી | |

૯.૯ તમને પંચાયતની ચૂંટણીમાં ઉમેદવાર નોંધવાની તક મળે તો તમે કોનો ટેકો લેશો?

| | |
|---|---|
| ૧. કોઈ પક્ષનો | ૩. જ્ઞાતિનો |
| ૨. કોઈ સ્વૈચ્છિક સંસ્થાનો | ૪. અન્ય |

૯.૧૦ નીચેની પંચાયતોમાં ચૂંટણી કેટલા સમયે યોજાતી હોય છે.

| પંચાયત સ્તર | વર્ષ | | | | |
|---|---|---|---|---|---|
| ૧. ગ્રામ પંચાયત | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨. તાલુકા પંચાયત | | | | | |
| ૩. જિલ્લા પંચાયત | | | | | |

૯.૧૧ આપણા દેશમાં કોઈ સ્ત્રી વડાપ્રધાન થયા હોય એવું તમે જાણો છો? હા/ના

૯.૧૨ જો 'હા' તો કોણ?

# સંદર્ભ સૂચિ

## સંદર્ભસૂચિ


૧. ઠાકર, બેલા.

૧૯૯૬ નોકરિયાત આદિવાસી મહિલાઓ : પ્રજાતીય ઓળખ અને પરિવર્તનનાં પડકારો, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

૨. દેસાઈ, અક્ષયકુમાર ર.

૧૯૬૨ સમાજ ખંડ-૧,૨,૩(મેક આઈવર અને પેજકૃત 'Society'નો અનુવાદ) ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

૩. દેસાઈ, હરિભાઈ.

૧૯૭૮ સામાજિક સંશોધન પધ્ધતિઓ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

૪. નકશામાં ગુજરાત,

૧૯૭૩ અને ૧૯૯૧ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

૫. પરીખ, રસિકલાલ છોટાલાલ અને શાસ્ત્રી, હરિપ્રસાદ ગંગાશંકર

૧૯૭૨ ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ઈતિહાસની પૂર્વભૂમિકા, ગ્રંથ-૧-૨, ભો.જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન, અમદાવાદ.

૬. ભટ્ટી, આર.એમ. અને પંડ્યા એન.બી.

૧૯૬૭ સામાજિક સંશોધનની પધ્ધતિઓ, અનડાબુક ડીપો, ગાંધીમાર્ગ, અમદાવાદ.

૭. રાવલ, ગાર્ગી,

૨૦૦૦ મહિલાઓને સ્વનિર્ભર કરવા માટેની ચળવળ-સેવા, મહાદેવ દેસાઈ સમાજ સેવા મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. (અપ્રકાશિત, વિદ્યાવાચસ્પતિ મહાનિબંધ)

૮. શાહ, એ.જી. અને દવે જગદીશ.

૧૯૮૫ સંશોધન પધ્ધતિઓ, અનડા પ્રકાશન, અમદાવાદ.

૯. પ્રો.હિરવે ઈન્દીરા, ડૉ.મહાદેવીયા દર્શીની

૨૦૦૪ ગુજરાત માનવ વિકાસ અહેવાલ મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન, અમદાવાદ

૧૦. કાઠીયાવાડ સર્વસંગ્રહ

૧૧. લલ્લુભાઇ મકનજી (સંપાદક)
૧૯૬૭ — સ્ત્રીઓ અને સ્ત્રી જીવનની સમસ્યાઓ, નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ

૧૨. શ્રીનિવાસ એમ. એન.
૧૯૬૯ — આધુનિક ભારતમાં જ્ઞાતિ અને બીજા લેખો, ભાષાંતર નિધિ ટ્રસ્ટ, ભાવનગર

૧૩. જોટે રત્નમણિરાવ ભીમરાવ
પુનઃ મુદ્રણ ૧૯૬૮ — ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ

૧૪. ભાસીન કમલા
૧૯૯૫ — પિતૃસત્તા એટલે શું ?, ઓળખ, વડોદરા

૧૫. શ્રમ શકિત,
૧૯૮૯ — (સ્વાશ્રયી મહિલા રાષ્ટ્રીય આયોગના અહેવાલનો ટૂંકસાર) સેવા, અમદાવાદ

૧૬. ભાસીન કમલા, નિધત સૈઇદખાન
૧૯૮૬ — નારીવાદ યહ આખીર હૈ કયા ?, જાગોરી, નઇ દિલ્હી

૧૭. ભટ્ટ રાધા — હિમાલય વિકાસ ઔર મહિલાએ, સોસાયટી ફોર ઇન્ટીગ્રેટેડ ડેવલપમેન્ટ ઓફ હિમાલિયન, મસુરી

૧૮. દાદા ધર્માધિકારી
પુન : મુદ્રણ ૧૯૯૭ — સ્ત્રી-પુરૂષ સહજીવન, યજ્ઞ પ્રકાશન સમિતિ, વડોદરા

૧૯. સૌરાષ્ટ્ર પછાત વર્ગ બોર્ડ — સૌરાષ્ટ્રની પછાત કોમો

1. Aggrawal, P.C., 1983, Halfway to Equality, Manohar, New Delhi.
2. Ahmed Intiaz and Helmut Reifeld, 2002 ed., Middle Class Values in India & Western Europe, Social Science Press, New Delhi.
3. Ahmed, B. amd H. Blaugh, 1973, The Practice of Manpower Forecasting, New Delhi : Elservier Scientific Publishing Company.
4. Ahooja - Patel Krishna, 1999, Gender Equity in the third millenium, Gujarat Vidyapith, Ahmedabad.
5. Aiyappan, A, 1965, Social Revolution in a Kerala Village : A Study in Cultural Change, Asia Publishing House, Bombay.
6. Alam, Javeed, 1994, Caste, Class and Social Conciousness : Reflections on Contemporary Indian Situation, in K.I. Sharma, ed., Caste amd Class in India, Rawat Publications, New Delhi.
7. Augustine, P.A., 1991, Social Equality in Indian Society, The Elusive Goal, Concept Publications, New Delhi.
8. Banerji, A. and Sen, K. Raj, 2000, Women and Economic Development, New Delhi : Deep & Deep Publications Pvt. Ltd.
9. Bendix and Lipset, 1966, Class, Status and Power : Social Stratification in Contemporary Perspective, Routhledge and Kegan Paul, London.
10. Betellic, Andre, 1971, Caste Class and Power : Changing Pattern of Social Stratification in a Tanjore Village, University of California Press, Berkely.
11. Bhuyan, B.C., 1989, The Tribal Women, New Delhi : Omsons Publications.
12. Bose, N.K. 1964, Change in Tribal Cultures Before and After Independence, Man in India.
13. Bottomore, T.B., 1964, Elites and Society, Penguin Books, London.
14. Bottomore, T.B., 1971, Elites and Society, Harmandsworth, Penguin.
15. Broom and Selznick, 1970, Principles of Sociology, Harper and Row, New York.

16. Census of India, 1971, Modernization and Elites in Arunachal Pradesh, S.N. Dubey, Controller of Publications, 1984.
17. Chaki-Sirkar, Manjusri, 1984, Feminism in Traditional Society: Women of the Manipur Valley, New Delhi: Bhakti Books.
18. Channa, v.C. 1979, Caste : Identify and Continuity, B.R. Publishing Corporation, Delhi.
19. Crompton, Rosemary and Jon Gubbay, 1978, Economy and Class Structure, St. Martin's Press, New York.
20. Dahistrom, E., 1967, The Changing Role of Men and Women, London: Gerald Duckworth.
21. Dahrendorf, 1959, Class and Class Conflict in Industrial Society, Routledge and Kegan Paul, London.
22. Damle Y.B. and K.S. Nair, 1982, Protective Discrimination - A Sociological Perspective, Social Change, December, Vol.12 (4), pp.6-12.
23. Das Veena, Dipankar Gupta and Patricia Oberai, 1999, Tradition, Pluralism and Identify, in honour of TN Madan, Sage Publication, New Delhi.
24. Desai, A.R., 1984, Social Background of Indian Nationalism, Popular Prakashan, Bombay.
25. Deshpande, Satish, 2003, Contemporary India : A Sociological View, Penguin Books Delhi.
26. Dube, S.C. 1963, "Men and Women's Role in India" in Barbara E. Ward(ed.), Women in New Asia, Paris : UNESCO.
27. Dubey, S.M., 1975, Social Mobility among Professions, Popular Prakashan, Bombay.
28. Dumont Louis, 1980, Homo Hierarchicus : The Caste System and Its Implications, Oxford University Press, Delhi.
29. Encyclopedia of Social Work in India, 1987, 'Volume Two - Ministry of Welfare; Government of India

30. Ghurye, G.S., 1969, Caste and Race in India, Popular Prakashan, Bombay.
31. Gillin, J.L., 1963, Social Problems, New Delhi : Prentice Hall.
32. Gore (ed.), Third Survey of Research in Sociology and Social Anthropology(Vol.I) New Delhi : ICSSR and Manak Publications.
33. Gore, M.S. 1993, The Social Context of an Ideology : Ambedkar's Political and Social Thought, Sage, New Delhi.
34. Gupta, Das, M., 1993, Stauts of Tribal Women in Tripura, New Delhi : Vikas Publishing House.
35. Gupta, Dipankar, 1991, ed., Social Stratification, Oxford University Press, Delhi.
36. Hate, C.A., 1930, The Socio-Economic Conditions of Educated Women in Bombay City : Study prepared in the University School of Economy and Society, Bombay.
37. Heer David, M., 1958, Dominance and the Working Wife, Social Forces, Vol.6. May.
38. Horam, M., 1975, Nagar Polity, Delhi : B.R. Publishing Company.
39. Joseph, Sara, 1993, Identify, Culture and Community, Economic and Political Weekly, April 24, Pp.807-809.
40. Kapadia, K.M., Sept., 1953, The Family in Transition, Sociological Bulletin, Vol.8
41. Karanth, G.K. 1997, "Caste in Contemporary Rural India", in ed., M.N. Srinivas, Caste. Its Twentieth Century Avatar, Penguin Books, New Delhi.
42. Kerr, ct al, 1960, "The Logic of Industrialism" in Industrialism and Industrial Man : The Problems of Labor and Management in Economic Growth, Harvard University Press, Cambridge.
43. Khan, Mumtaz, A. 1982, Status of Rural Women in India, New Delhi : Uppal Publishing House.

44. Lal, Shoo Kumar, 1995, Approaches to the identification of Elites in Social Inequality Mobility, Rawat Publications, Jaipur.
45. Levin Jack, 1997, Elementry Statistics in Social Research (Seventh Edi.) Longman, New York.
46. Levy, Marion J. Jr., 1949, The Family Relation in Modern China, Cambridge: Harvard University Press.
47. Lieberman, S., 1956, The Effect of Change in the Roles on the Attitudes of Role Occupants, Human Relations, Vol.9, No.4
48. Linton, Ralph, 1976, The study of Man: An introduction, New York : Appleton.
49. Magill, Frank N., 1995, International Encyclopedic of Sociology (Vol.2), London: Fitrox Deaborn Publishers.
50. Majumdar, D.N., 1950, Race Realities in Cultural Gujarat, Bombay.
51. Malinowski Bronislaw, 1944, A Scientific theory of cultural change, New York.
52. Matto, Anita, 1991, Reform Movement and Social Transformation in India, Reliance Publishing House, New Delhi.
53. Mishra, Kiran, 1970, Women in a Tribal Community, New Delhi: Vikas Publishing House.
54. Misra, B.B. 1961, The Indian Middle Classes : Their Growth in Modern Times, OUP, London.
55. Mosca, 1933, The Ruling Class, New York, McGraw Hill.
56. Murty, S., 2001, Women and Empowerment, Jaipur : RBSA Publishers.
57. Myrdal, A. and Klein, V., 1962, Women's Two Roles: Home and Work, London: Routledge and Kegan Paul.
58. Navalkha, Suren, 1989, Elite and Social Change : A study of Elite Formation in India Sage, Delhi.

59. Oommen, T.K., 1977, 'Sociological Issues in the analysis of Social movement in independent India' Sociological Bulletin, 26(1).
60. Pandey, R and N Upadhaya, 1990, Women in India, Past and Present, Allahabad, India : Chugh Publications.
61. Prasad, Bhagwan, 1968, Socio-Economic study of Urban Middle Classes, Sterling Publishers (p) Ltd., Delhi.
62. Pushpendra, 1999, Dalit Assertion through Electoral Politics, Economic and Political Weekly, Vol.34 (36), Pp.2609-2618.
63. Radclife Brown, A.R., 1953, 'Structure and Functions in Primitive Society, chone & West, London.
64. Rajgopal, T.S., 1936, Indian Women in the New Age, Mysore.
65. Ram Ahuja, 2001, Research Methods, Rawat Publication, New Delhi.
66. Rama. M., 1970, The Western Educated Hindu Women, Bombay : Asia Publishing House.
67. Rana, K., 1998, Modern Working Women and the Development Debate, New Delhi : Kanishka Publishers and Distributors.
68. Rani, Kala, 1976, Role and Conflict in Working Women, New Delhi : Chetena Publications.
69. Rao M.S.A., 1972, Tradition, Rationality and Change : Essay in Sociology of Economic Development and Social Change, Popular Prakashan, Bombay.
70. Rao, M.S.A., 1969, 'Urbanization and Social change, Orient Longmana Ltd., Poona.
71. Rao, Ranga, A.V.P., 1989, Urbanization, Occupational Mobility and Social Integration : A Study of Scheduled Caste. Deep and Deep Publications, New Delhi.
72. Rardhan, A.B., 1994, Caste-Class Situation in India in K.L. Sharma, ed. Caste and Class in India, Rawat Publications, Delhi.

73. Remmers, H.H., 1954, Introduction to Opinion and Attitude Measurement, New York : Harper and Brothers.
74. Roy, Shibani, 1983, Koli Culture, Cosmo Pub., New Delhi, India.
75. Saavala, Minna, 2001, "Low caste but middle-class : Some religious strategies for middle-class identification in Hyderabad", Contributions to Indian Sociology, Vol, 35(3).
76. Sanyu, Visier, 1996, A History of Nagas and Nagaland, New Delhi : Common Wealth Publishers.
77. Sau Ranjit, 1986, Economy Class, Society, University Press, Madrass.
78. Scott William P., 1999, Dictionary of Sociology (Indian Edition), Delhi : Goyal Saab.
79. Shah, Ghanshyam, 1990, Social Movements in India : A Review of Literature, Sage Publications, New Delhi.
80. Shah, Girl R., 1995, The Encyclopedia of Women Studies, New Delhi : Gyan Publishing House.
81. Sharma, K.N., 1986, Dynamics of Structuration : A Note, in SC Malik, ed., Determinants of Social Status in India, Indian Institute of Advanced Studies, Shimla.
82. Sharma, S.K., 1985, Social Movements and Social Change, BR Publishing House, Delhi.
83. Sharma, S.K., 1991, Social Mobility and Growing Resistance : A Study of Social Development and Ethnic Conflicts in India. Social Action, January-March 1991 : vol. 41 No.1 pp-64-77.
84. Singh Baljit, 1995, Urban Middle Class Climbers, JK institute of Sociology and Human Relations.
85. Singh Gurchain, 1985, The New Middle Class in India : A Sociological Analysis, Rawat Publications, Jaipur.

86. Singh Yogendra, 1986, Modernisation of Indian Tradition, Rawat Publications, Jaipur.
87. Singh, Yogendra, 1970, Modernisation of Indian Tradition, Thomson Press(Ind.) Ltd. Delhi.
88. Sood, R., 1991, Changing Status and Adjustment of Women, Delhi : Manak Publications Pvt. Ltd.
89. Srinivas M.N., 1966, Social Change in Modern India, Orient Longman, Delhi.
90. Srinivas, M.N. & Rao, M.S.A. & Shah A.M. (ed), 1973, A survey of Research in Sociology and social Anthropology, Vol. I, II, III, Popular Prakashan, Bombay.
91. Stub, Holger R., 1975, The Sociology of Education, Illinois : The Dorsey Press.
92. Sudha, D.K., 2000, Gender Roles, New Delhi : A.P.H. Publishing Corporation.
93. Thara, Bhai, L., 2000, Women’s Studies in India, New Delhi : A.P.H. Publishing Corporation.
94. Van Dijk TA., 1998, Ideology : A Multidisciplinary Approach, Sage, London.
95. Whyte W.H. Jr. 1957, The Organization Man, Doubleday Anchor Books, New York.


ગ્રામ સ્વરાજયની સંસ્થાઓમાં સ્ત્રી અનામત વિષયક
ઉત્તરદાતાઓની જાણકારી દર્શાવતો આલેખ
૧૧૭
૬૨
૨૧
હા
ના
સાંભળ્યુ છે પણ ખ્યાલ નથી



સ્ત્રીઓના પ્રશ્નોને વાચા કયા સંચારમાધ્યમો દ્વારા મળે છે તેની વિગત દર્શાવતો આલેખ
૨
૧
૨
૬૮
૧૨૭
રેડીયો
ટેલિવિઝન
ફિલ્મ
સમાચારપત્રો અને પત્રીકાઓ
સંસ્થા દ્વારા સામાજિક કાર્યકર દ્વારા


કૌટુંબિક સમસ્યાનો ઉકેલની વિગત દર્શાવતો આલેખ
૨૫૦
૨૦૦
૧૫૦
૧૦૦
૫૦
૦
૧૪૭
૧૫૯
૧૯૬
૫
૧૨
કુટુંબના વડીલો દ્વારા સામસામા નાણા આપીને
સમાજના વડીલો દ્વારા
પંચ દ્વારા
સામાજિક સંસ્થાની મધ્યસ્થી
કોર્ટ દ્વારા


ઉત્તરદાતા પોલીસ સ્ટેશનમાં કયા કારણોસર ગયા છે તેની વિગત દર્શાવતો આલેખ
૧૨૦
૨૭
૩૮
૧૩
૨
પોલીસ સ્ટેશન કદી ગયા નથી
કૌટુંબિક ઝઘડામાં
ગામના ઝઘડામાં
પોતાને માટે ફરીયાદી તરીકે
અપરાધી તરીકે



રાજકારણમાં (પંચાયતમાં)માં સ્ત્રીઓની અલ્પભાગીદારી વિષેના કારણો દર્શાવતો આલેખ
૧૬૦
૧૪૦
૧૨૦
૧૦૦
૮૦
૬૦
૪૦
૨૦
૦
સંખ્યા
૧૧૧
૧૧૮
૧૧૦
૧૩૭
સ્ત્રીઓની અસમાન સ્થિતિ
મહિલા પોતે રાજકારણમાં ભાગ લેતી નથી
ભારતની સમાજ વ્યવસ્થા
વ્યવસાય (ઘરની) જવાબદારી
વિગત

## ઉત્તરદાતાની ચુંટણીમાં ભાગીદારી દર્શાવતો આલેખ





ઉત્તરદાતાની મિલ્કતનો પ્રકાર દર્શાવતો આલેખ
૧૪૦
૧૨૦
૧૦૦
૮૦
૬૦
૪૦
૨૦
૦
સંખ્યા
૧૨૪
૨૦
૪૪
૧૨
૩૬
મિલ્કત ધરાવતા નથી
ખેતી લાયક જમીન
મકાન
બેંક બેલેન્સ
દાગીના
વિગત



પ્રસુતિની વિગત દર્શાવતો આલેખ
૮૦
૭૦
૬૦
૫૦
૪૦
૩૦
૨૦
૧૦
૦
સંખ્યા
૬૨
૫૬
૭૫
૬૭
દાયણ પાસે
ડૉક્ટર પાસે (ઘરમાં)
કુટુંબની સ્ત્રી સભ્ય પાસે ઘરમાં
દવાખાનામાં
વિગત


જ્ઞાતિપંચનાં કાર્યો દર્શાવતો આલેખ
૧૩૫
૧૩૦
૧૨૫
૧૨૦
૧૧૫
૧૧૦
સંખ્યા
૧૧૮
૧૩૧
૧૨૧
૧૧૯
જ્ઞાતિનું બંધારણ બનાવવું અને પળાવવી
કૌટુંબિક ઝઘડાઓ હલ કરવા
સામાજિક કુરિવાજો બંધ કરવા
જ્ઞાતિના વિકાસ માટે પ્રયત્ન કરવા
વિગત


ઉત્તરદાતા રાજકારણ વિષે ચર્ચા કરે છે તે દર્શાવતો આલેખ
૨૮
૫૨
૯
૧૧૧
વારંવાર
ભાગ્યેજ
કોઈપણ નોંધપાત્ર બનાવ બને ત્યારે
કદી નહી


ઉત્તરદાતા(પંચાયત) રાજકારણ વિશે સૌથી વધુ ચર્ચા કોની સાથે કરે છે તે દર્શાવતો આલેખ
૧૨૦
૧૦૦
૮૦
૬૦
૪૦
૨૦
૦
૧૮
૧૦૧
૯૧
૬૩
૫૭
૮
કુટુંબના સભ્યો
સગા-સંબંધીઓ
મિત્રો
પાડોશીઓ
રાજકીય કાર્યકરો
અન્ય